ઈસાલે સવાબની અત્યાર સુધીની સમૃદ્ધ કિતાબ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# نُصُرَۃُ الۡاَصۡحَابِ بِاَقۡسَامِ اِیۡصَالِ الثَّوَابِ

٤ ٥ ٣ ٥١

ایصال ثواب اور اس کے اقسام

# ઈસાલે સવાબ

## અને તેના પ્રકારો


લેખક

ખલીફાએ આ'લા હઝરત, મલિકુલ ઉલમા હઝરત અલ્લામા

**મુફ્તી મુહમ્મદ ઝફરુદ્દીન બિહારી** رحمۃ اللہ علیہ

સંપાદક

**મુફ્તી મુહમ્મદ અબ્દુર્રહીમ નશ્ર ફારૂકી**

*(તંત્રી : જામિઅતુર્રઝા–બરેલી શરીફ)*

અનુવાદક

**આલિમા અનીસા આપા–હલદરવા**



પ્રકાશક

GRWB/059/Bharuch/02

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦,

તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www. barkatekhwaja.net | Email :anjuman2006@hotmail.com

Mo. 9427464411 (PhonePe/Paytm/Google Pay)

Bank Details

Bank of Baroda (Dayadra branch)

A/c. No. 34620100000303, Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

પ્રકાશન નં.: ૨૫૨ આવૃત્તિ–૧ પ્રત: ૨૫૦૦ હદિયો ₹100/-

૧૨ રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૪૧ મે–૨૦૨૦

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ✦ **પ્રકાશકના બે બોલ..** *અઝ : પટેલ શબ્બીર અલી રઝવી* | 004 |
| ✦ **બે બોલ...** *અઝ : હઝરત મૌલાના નસરુલ્લાહ રઝવી* | 005 |
| ✦ **લેખકની ઓળખ** | 008 |
| ✦ ઓલમાએ કિરામના અભિપ્રાય | 016 |
| ✦ (૦૧) મગફેરતની દુઆ કરવી | 031 |
| ✦ (૦૨) મા બાપ માટે અલ્લાહ તઆલાથી રહમો કરમ ઈચ્છવું | 038 |
| ✦ (૦૩) મૈયત માટે જનાઝાની નમાઝ પઢવી | 040 |
| ✦ (૦૪) મુસલમાન મુડદાની કબ્ર પર જવું અને તે સ્થળે રોકાવું અને તેની ઝિયારત કરવી | 044 |
| ✦ બીજા સવાલનો જવાબ | 058 |
| ✦ **પ્રથમ તરીકો** : સૂરએ યાસીન શરીફ પઢવું, જેને પઢવું સકરાતના સમયથી જ સાબિત છે | 058 |
| ✦ **બીજો તરીકો** : મૈયતને ચૂમવું અને બોસો આપવો | 059 |
| ✦ **ત્રીજો તરીકો** : કોઈ બુઝુર્ગોના પહેરેલ બરકતવાળાં કપડાંમાં કફન આપવું છે | 069 |
| ✦ **ચોથો તરીકો** : મૈયતના કફન પર કોઈ આયતે કરીમા, કલમએ તૈયબા અથવા અહદનામા કે કોઈ દુઆ લખવી | 077 |
| ✦ **પાંચમો તરીકો** : જનાઝાને જોઈને પ્રશંસા કરવી અને મૈયતની સારી વાતોને બયાન કરવી | 082 |
| ✦ **છઠ્ઠો તરીકો** : નમાઝે જનાઝા પઢવી અને પઢનારાઓની અધિકતા કરવું | 084 |
| ✦ **સાતમો તરીકો** : પવિત્ર સ્થળ તથા સાલેહીનના પાડોશમાં દફન કરવું | 086 |
| ✦ **આઠમો તરીકો** : કબ્ર તૈયાર થાય તો થોડીવાર એ કબ્રમાં કોઈ બુઝુર્ગ બેસે કે સૂએ | 091 |
| ✦ **નવમો તરીકો** : કબ્ર પર પાણી છાંટવુ | 095 |
| ✦ **દસમો તરીકો** : દફનવિધિ બાદ મૈયતને તલ્કીન કરવી | 098 |
| ✦ **અગ્યારમો તરીકો** : ષાબિત કદમી (અડગતા)ની દુઆ કરવી | 103 |

✦ **બારમો તરીકો** : દફનવિધિ બાદ કબ્ર પર અઝાન આપવી 105
✦ **તેરમો તરીકો** : કબ્ર પર ખજૂરની ડાળ અથવા કોઈ લાકડી અથવા કોઈ લીલી ચીજ વગેરે મૂકવું 111
✦ વનસ્પતિ જ્યાં સુધી લીલી રહે છે ખુદાની તસ્બીહ કર્યા કરે છે 124
✦ મઝારો પર ફૂલ ચઢાવવાં જાઈઝ છે 125
✦ **ચૌદમો તરીકો** : દફન બાદ માથા તરફ સૂરએ બકરહની પ્રાથમિક આયતો અને પગો તરફ સૂરએ બકરહની અંતિમ આયતો પઢવી 128
✦ **પંદરમો તરીકો** : કબ્રની પાસે એટલા સમય સુધી રોકાવું કે ઊંટ ઝુબહ કરીને તેનું માંસ વહેંચી આપવામાં આવે 130
✦ **સોળમો તરીકો** : કબ્રની ઝિયારતથી કબરવાળાને હુંફ મળે છે 132
✦ **સત્તરમો તરીકો** : પાછલા પહોરે કબ્રસ્તાન જઈને મુડદાંઓ માટે દુઆ કરવી 135
✦ **અઢારમો તરીકો** : જુમ્આ, જુમેરાતના દિવસે ખાસ કરીને મા બાપની કબ્રોની ઝિયારત કરવી 139
✦ **ઓગણીસમો તરીકો** : દર વરસે કબ્રોની ઝિયારત માટે જવું 142
✦ **વીસમો તરીકો** : સિત્તેર હજારવાર, પ્રથમ કલમો પઢીને તેનો સવાબ મુડદાને બખ્શવો જેનાથી મગફેરતની ઉમ્મીદ છે 146
✦ **એકવીસમો તરીકો** : કુર્આન શરીફ પઢીને બખ્શવું 149
✦ **બાવીસમો તરીકો** : મૈયતના માટે નમાઝ પઢવી તથા રોઝા રાખવા 155
✦ **ત્રેવીસમો તરીકો** : કૂવો ખોદીને મુડદા તરફથી વકફ કરી દેવું 157
✦ **ચોવીસમો તરીકો** : મુડદા તરફથી સદકો કરવો 159
✦ **પચીસમો તરીકો** : મૈયત તરફથી કુર્બાની કરવી 165
✦ ત્રીજા સવાલનો જવાબ 169
✦ ચોથા સવાલનો જવાબ 183
✦ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વસિય્યત 183
✦ ઈસાલે સવાબનો તરીકો 183
✦ ઈસાલે સવાબનો ઈન્કાર મોઅતઝિલા કરે છે 185

## અહલે સુન્નતના સર્વ મામૂલાત કુર્આન હદીષથી સાબિત

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ  نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

આપના હાથોમાંની આ કિતાબ એક અણમોલ ઈલ્મી રૂહાની કિતાબ છે જેના લેખક આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના **પ્રિય શાગિર્દ** તથા **ખલીફા મલિકુલ ઉલમા હઝરત અલ્લામા મુફ્તી ઝફરુદ્દીન બિહારી** رحمۃ اللہ علیہ છે.

اَلْحَمْدُ لِلّٰہِ આ કિતાબમાં મૈયત તથા કફન દફન તથા ક઼બ્રોની ઝિયારત સંબંધી જે પણ મામૂલાત અહલે સુન્નત વ જમાઅતના છે તે સર્વ કુર્આન હદીષથી સાબિત છે. સુન્નીઓના સર્વ મામૂલાતો પર વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદો વગેરે શિર્ક તથા બિદઅતના ફત્વા લગાડતી રહે છે તેનો મુંહતોડ જવાબ તથા સુન્નીઓને સહીહ માર્ગદર્શન આ કિતાબમાં છે. મર્હૂમોને ઈસાલે સવાબ પહોંચાડવાના પચીસ તરીક઼ા આ કિતાબમાં શરીઅતની સાબિતી સાથે દર્શાવ્યા છે. હદીષે પાકમાં છે : ''મારી ઉમ્મત ઉમ્મતે મર્હૂમા છે જેના પર અનહદ રહમ કરવામાં આવેલ છે કે લોકો પોતાની ક઼બરોમાં પોતાના ગુનાહોની સાથે દાખલ થશે અને જ્યારે ક઼બ્રોએથી નીકળશે તો એક ગુનાહનો બોજ પણ તેમના પર હશે નહીં, આવું એ કારણે થશે કે તેમના બાદ દુનિયામાં જીવતા મો'મિનો તેમના માટે દુઆએ મગફેરત કરતા રહેશે.'' *(શરહુસ્સુદૂર, પેજ : ૧૨૮ વગેરે)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! તમારાં મર્હૂમો માટે ઈસાલે સવાબ કર્યા કરો અને તમારી ઔલાદ પાસે પણ કરાવો જેથી એમને પણ આદત બને તો મૃત્યુ બાદ તમને યાદ રાખીને ઈસાલે સવાબ કર્યા કરે તો હદીષમાં બતાવ્યા મુજબની બશારતના આપણે પણ હક્ક઼દાર બની શકીએ, હુઝૂર ﷺના સદક઼ામાં આપણી પણ મગફેરત થઈ જાય. ઈન્શા અલ્લાહ !

લેખક અનુવાદક તથા આ કામમાં સહાયકર્તા સર્વેને અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં બંને જહાનમાં બદલો આપે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી**

૨૬–ઝી ક઼અદહ્, હિ.સ. ૧૪૪૧, અંગ્રેજી તા. ૧૮–૦૭–૨૦૨૦, શનિવાર

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِيۡمِ

# બે બોલ...

અઝ : હઝરત મૌલાના નસરુલ્લાહ રઝવી

માનવી જ્યારે જિંદગીના કારખાનાથી પસાર થઈને આલમે બરઝખમાં પહોંચે છે, તો હર ઘડી હર ક્ષણે પોતાનાં સગાં વહાલાં તથા દોસ્તોની મદદનો એવી રીતે જ લાચાર અને આરઝૂમંદ રહે છે જેમ કે તે દુનિયવી જિંદગીમાં હતો. આ બીજા આલમમાં મુડદાંઓને નેક અમલોના સિલસિલામાં પહેલા જમાનાથી લઈને આપણા રોશન યુગ સુધી વિવિધ તરીકાઓનાં નામ આવે છે. મર્હૂમ, સગાં કે દોસ્તના નામ પર મસ્જિદ બનાવી આપી તો તેનો ષવાબ તે સમય સુધી એ મુડદાને મળતો રહેશે, જ્યાં સુધી કે તે મસ્જિદનું નામ તથા નિશાન બાકી રહેશે. મકાન બનાવી આપ્યું જેથી રસ્તે ચાલતા મુસાફર તેમાં ઘડીવાર આરામ કરે, તો આ રાહત પહોંચાડવાનો અજર તે ઝાતને તે સમય સુધી પહોંચતો રહેશે જ્યાં સુધી તે મુસાફરખાનામાં મુસાફર રાહત અને સુકૂન હાંસલ કરતા રહેશે. જો રસ્તા પર કૂવો ખોદવામાં આવે તો પશુ પક્ષીઓ પણ પોતાની તરસ દૂર કરી શકે, તો રબ તઆલા મખ્લૂકની તૃષા છિપાવવાના ફાયદાઓનો બદલો તે મુડદાને એવો જ આપશે જેવો કે તેના સગાંએ કૂવો ખોદાવીને અલ્લાહના બંદાઓને ફાયદો પહોંચાડયો.

આ તો મુડદાને ફાયદો પહોંચાડવાના તે તરીકાઓ છે જેના લાભદાયક હોવામાં કોઈનો વિરોધ નથી. પરંતુ ઈસાલે સવાબનાં કેટલાક તરીક઼ા એવા પણ છે જેનો રિવાજ ઉપર જણાવેલ તરીક઼ાઓથી વધુ છે, અને હદીષો તથા આષારમાં જેનો પુરાવો પણ વધુ પ્રમાણમાં વર્ણવેલ છે. પરંતુ ઈસ્લામ અને ઈસ્લામી રસમો તથા રિવાજ પર અન્ય ધર્મોએ જેવી રીતે ખૂબ હુમલા કર્યા છે તેવી જ રીતે ફાતેહા તથા ન્યાઝના પબ્લિકના

સ્વીકાર્ય ગતિશીલ તરીક઼ાને લાનતનું નિશાન બનાવ્યો અને કહ્યું કે ફાતેહાનું ખાવુ હરામ તથા શિર્ક થઈ જાય છે. અને તેના માટે તેમણે ઈસ્લામ ધર્મના ફરઝંદોને કામનું સાધન બનાવ્યું. અને તેમની જબાન તથા કલમ દ્વારા પૂર્વજોથી અત્યાર સુધીનો મુત્તફિક઼ અલયહ (સંમતિવાળા) નેક કામ કરનારાઓને કાફિર તથા મુશ્રિક કહેવડાવ્યા અને લખાવ્યા. તેઓમાં કેટલાક એવા પણ થયા જેમણે ફાતેહા તથા ન્યાઝોને કુફ્ર અને શિર્ક તો નથી કહ્યું, પરંતુ આ વિષયમાં તેમને શંકા જરૂર રહી. તે જ લોકોમાં બિહારની પ્રખ્યાત ખાનકાહ અમ્માદિયા મુજીબિયા ફૂલવારી શરીફના સાહિબે ઈલ્મ શખ્સ મૌલાના મોહયુદ્દીન તમન્ના અમ્માદી મુજીબી પણ છે. તે બુઝુર્ગની હાલતથી જોનારા "ખિલાફતે મુઆવિયા વ યઝીદ"ની પ્રસિધ્ધિ પછીથી ખૂબ પરિચિત છે. સન હિ. ૧૩૫૪માં બિહારની અસરોનાં કારણે ઈસાલે સવાબ નેક કાર્ય હોવાના મસ્અલા અને તેના પર પૂર્વજોની વિચારધારામાં શંકામાં પડી ગયા.

જેથી તેમણે શંકા દૂર કરવા માટે જામિઆ ઈસ્લામિયા શમ્સુલ હૂદા પટનાના ઉસ્તાદોની ખિદમતમાં એક ફત્વો પૂછયો. તે ઉસ્તાદોમાં વધુ પ્રમાણમાં ફાતેહા તથા ન્યાઝના ન માનવાવાળા ઈષ્નાઈલી ગ્રુપની હતી. પોતાના ધર્મ વિરૂધ્ધ પ્રશ્ન જોઈને ગભરાઈ ગયા કે જો જવાબ હા માં લખવામાં આવે તો મૌલાના તમન્ના અમ્માદી આપણી દેવબંદિયતનો ઢાંચો ઉડાવી દેશે અને જો ચૂપકીદી અને ખામોશી ઈખ્તિયાર કરીએ છીએ તો આપણુ ઈલ્મ તેમની ટીકા ટીપ્પણની સખતાઈનું નિશાન બની જશે. એટલે તેમના માટે આના સિવાય કોઈ માર્ગ જ ન હતો કે તેઓ નાદિરએ રોઝગાર, ફાઝિલ, નાઝિશે સરઝમીને વતન, ફખ્રે મુસ્લિમ, બુખારીએ ઝમન, ઈમામુલ અસ્ર હઝરત મલિકુલ ઉલમા, તાજુલ ઈરફાં, મૌલાના સૈયદ ઝફરૂદ્દીન ક઼ાદરી રઝવી ફાઝિલે બિહારી قُدِّسَ سِرَّہُ الْعَزِیْز ની તરફ રજૂ કરતા. જે તે જ મદ્રસામાં ભૂગોળ તથા હદીષના માનનીય ઉસ્તાદ હતા અને ત્યારબાદ પ્રિન્સિપાલ બન્યા.

જેથી તે સૌએ ફતવાના જવાબનું કામ હઝરત સૈયદના મલકુલ ઉલમા قُدِّسَ سِرَّہُ الْعَزِیْز ને સુપ્રત કર્યુ. હઝરત જે ઉલૂમ (જ્ઞાનો) તથા કળાઓમાં

જમાનાના નિષ્ણાત હતા, તેમણે થોડા દિવસમાં "નુસ્રતિલ અસ્હાબિ બિ અક્સામિ ઈસાલિષ્ષવાબિ"ના નામથી એક પૂરી કિતાબ લખી જેમાં ઈસાલે સવાબનાં મસ્અલાના પચ્ચીસ તરીક્આઓને જે નબ્વી યુગથી આપણા યુગ સુધી ચાલતા આવ્યા છે, આષાર તથા સુન્નત અને પૂર્વજ બુઝુર્ગોનાં મંતવ્ય થકી ફક્ત ઈલ્મી ઢંગમાં સાબિત ફર્માવ્યા. જેનું વિરોધી અને સંમત બંને પક્ષોના ઉલમાએ સમર્થન કરીને તમન્ના અમ્માદીને પહોંચાડી. આ રીતે તેમની ટીકા ટીપ્પણનું નિશાન બનવાથી બચી શકયા. સમયના ચમત્કારિક બનાવોએ ફરી બુઝુર્ગોથી અકીદતમંદી તોડવા અને મોઢું ફેરવવા પર લોકોને ઉત્તેજીત કર્યા છે અને લોકોએ ફરી આ જ પ્રકારના વાંધાઓ શરૂ કરી દીધા છે કે કબર પર ફૂલ ચઢાવવું, મઝારોની ઝિયારત, ક્બરોની ઝિયારત, કબરોને ચૂમવું, ફાતેહા તથા ન્યાઝ અને ઉર્સની રસમોને કુફ્ર તથા શિર્ક કહી અને તેના કરવાવાળાઓને મુશ્રિક !

હદ થઈ ગઈ ! બદબખ્તો બેલગામીની કે ગૈર મુસ્લિમોની સમાધિઓ પર કુર્આનની તિલાવત કરવી, અને મુશ્રિકોની રસમોમાં હાજરીને વાસ્તવમાં જાઈઝ રાખવામાં આવી, પરંતુ અફસોસ ! કે જો તેમને ત્યાં નાજાઈઝ છે તો બસ ! અલ્લાહવાળાઓની બારગાહોમાં હાજરી અને નઝરો ન્યાઝ !

આ સૌ ખૂદ પરસ્ત લોકોની પેદાશ છે. સમયના આ મહાન ફિત્નાને ફના કરવા માટે ઈદારા (સંસ્થા) અહસનુલ મઆરિફે આ કિતાબની પ્રસિધ્ધિ જરૂરી સમજી અને બીજીવાર છાપકામની વ્યવસ્થા કરી. ત્રીજીવાર "અલ્ મજમઉલ ઈલ્મી"એ પ્રસિધ્ધ કરી અને હવે સંસ્થા "અલ મજમઉલ ઈસ્લામી" મુબારકપૂરે તેની છાપકામની વ્યવસ્થા કરી.

ઈદારા અલ મજમઉલ ઈસ્લામીએ તેની આવૃત્તિમાં કિતાબની ખૂબીઓને ઉમદાથી ઉમદા કરવાનો પ્રયત્ન કર્યો છે. જે હઝરાત પાસે પ્રથમ આવૃત્તિ હશે તે આ ચોથી આવૃત્તિની ખૂબીઓને સારી રીતે જાણશે. વિષયોની અનુક્રમણિકા પણ આવૃત્તિમાં સામેલ કરવામાં આવી છે જેથી જરૂરી વિષયની શોધમાં સમય ન લાગે.

## લેખકની ઓળખ

❀ રજૂકર્તા ❀
*હઝરત મૌલાના મુહમ્મદ*
*અબ્દુલ મુબીન નોઅમાની*
(અલમજમઉલ ઈસ્લામી–મુબારકપુર)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

મલિકુલ ઉલમા ફાઝિલે બિહાર હઝરત મૌલાના ઝફરૂદ્દીન બિહારી કાદરી રઝવી મીજરવી ભારતના તે માનનીય અને વિશ્વાસપાત્ર ઉલમામાં હતા જેમના પર ખરેખર ગર્વ કરી શકાય છે. આવા ઉલમા જલ્દી પૈદા નથી થતા. ઈલ્મ તથા ફઝ્લ અને ફિક્ક તથા ફન (કળા)માં આપ અજોડ હતા. ઈલ્મે હદીષમાં આપને વિશિષ્ટતાનો દરજ્જો પ્રાપ્ત હતો. ફિક્હમાં પણ સાહિબે કમાલ હતા. અને ભૂગોળશાસ્ત્ર તથા તૌકીતમાં તો એકલા અને અજોડ હતા ! આપના બાદ આપ જેવો નિષ્ણાત બીજો જોવામાં ન આવ્યો. આ કળામાં આપ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મોહદ્દિષે બરેલ્વી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ના સાચા નાયબ અને વારસ હતા કે પોતે આ'લા હઝરતને આપ પર ગર્વ હતો !

આપ મુહદ્દિષ પણ હતા, મુફતી પણ, વૈજ્ઞાનિક પણ હતા, મુનાઝિર પણ, હોશિયાર અને દિલ મોહી લેનાર ખતીબ પણ હતા અને શાનદાર લેખક પણ. અને સર્વથી વધુ એ કે એક માહિર કાબિલ ઉલૂમ તથા ફુનૂન (વિદ્યાઓ)ના ગેહવારા અને ગર્વને પાત્ર મુદર્રિસ પણ હતા.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمة الله عليه ના શાગિર્દો તથા ખલીફાઓમાં ઉચ્ચ દરજ્જાના માલિક હતા. આ'લા હઝરતે અલ ઈસ્તિમદાદ (મન્ઝૂમ)માં જ્યાં પોતાના શાગિર્દો તથા ખલીફાઓનું વર્ણન કર્યું છે ત્યાં આપને ત્રીજા નંબર પર રાખ્યા છે. સૌ પ્રથમ હુજ્જતુલ

ઈસ્લામ મૌલાના હામિદ રઝાખાં આપના મોટા સાહબઝાદા, બીજા નંબર પર ઈદુલ ઈસ્લામ મૌલાના અબ્દુસ્સલામ સિદ્દીક઼ી જબલપૂરીને અને ત્રીજા નંબર પર મલિકુલ ઉલમાને રાખ્યા છે, તેમાં ફર્માવે છે :

*મેરે ઝફરકો અપની ઝફર દે—ઉસસે શિકસ્તેં ખાતે યે હેં*

આ'લા હઝરતે પોતાના એક લખાણમાં આ ખૂબીઓને બયાન કરી છે :

સુન્ની નિખાલસ, ખૂબ સહીહ અક઼ીદો ધરાવનાર, હિદાયત પામેલ, હિદાયત દેનાર, દરેક દર્સ (સબક઼)માં અલ્લાહના ફઝલથી લાચાર નથી. મુફતી છે, લેખક છે, જમાનાના આલિમોમાં ઈલ્મે તૌક઼ીતને એકલા જાણકાર છે ! (ખલીફા તાજુદ્દીનના નામે પત્ર હવાલા હયાતે આ'લા હઝરત, ભાગ—૧, પેજ નં. ૨૨૪ આવૃત્તિ—બરેલી)

**જન્મ** : મલિકુલ ઉલમા મૌલાના ઝફરૂદ્દીન રઝવીની પૈદાઈશ મુ. રસૂલપૂર મીજરા જિલ્લા પટના (હવે જિલ્લા નાલંદા) રાજ્ય બિહાર, ૧૦ મુહર્રમુલ હરામ સ. હિ. ૧૩૦૩, ૧૯ ઓકટોબર ઈ.સ. ૧૮૮૦એ સવારના સમયે થઈ. આપના વાલિદ ''મલિક અબ્દુર્રઝ્ઝાક અશરફી'' હતા, અને દાદા મલિક કરામત હુસૈન અને પરદાદા મલેક અહમદ અલી હતા. આપના સૌથી મોટા બુઝુર્ગ સૈયદ ઈબ્રાહીમ બિન સૈયદ અબૂબક્ર ગઝનવી છે. જેમનું નસબનામુ સાતમી પેઢીમાં હઝરત મેહબૂબે સુબ્હાની કુત્બે રબ્બાની શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہ સુધી પહોંચે છે. ચાર વર્ષની વયના હતા ત્યારે વાલિદે પોતાના પીરો મુર્શિદ શાહ ચાંદ બૈકવીથી આપની તા'લીમની શરૂઆત કરાવી. શરૂની તા'લીમ ઘરે જ રહીને હાંસલ કરી, ત્યારબાદ બયન સ્થળના મદ્રસા ગ઼ૌષિયહ્ હનફિયહ્માં દાખલો લીધો. ત્યાં તફસીરે જલાલૈન વગેરે સુધીની તા'લીમ બાદ મદ્રસા હનફિયહ્ એહલે સુન્નત લોદી કટરા—પટના સીટીમાં મુહદ્દિષે સૂરતી મૌલાના વસી અહમદથી ઉલૂમ પ્રાપ્ત કર્યા. પછી જ્યારે મોહદ્દિષે સૂરતી પટના છોડીને પીલીભીત ગયા તો આપ પણ ત્યાં જઈને તા'લીમ હાંસલ કરવા લાગ્યા. આ દરમ્યાન થોડો સમય કાનપૂરમાં પસાર કર્યો અને ત્યાં મૌલાના ક઼ાઝી

અબ્દુર્રઝ્ઝાક કાનપૂરી, મૌલાના અહમદ હસન કાનપૂરી અને મૌલાના ઉબૈદુલ્લાહ પંજાબીથી પણ ઈલ્મનો ફાયદો હાંસલ કર્યો.

પીલીભીતથી બરેલી શરીફ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہની બારગાહમાં આવ્યા અને તમામ ઉલૂમ તથા કલાવિધાઓનો કમાલ હાંસલ કર્યો. આ'લા હઝરતના ત્યાં જો કે મદ્રસો ન હતો. એટલા માટે સૌ પ્રથમ મદ્રસા મિસ્બાહુત તહ્ઝીબમાં ચાલ્યા ગયા પછી જ્યારે ત્યાં માહોલ સ્વચ્છ ન જોયો તો આ'લા હઝરતને ત્યાં ગયા અને થોડો સમય ગુજારીને પોતાની કોશિશથી મદ્રસા મન્ઝરે ઈસ્લામના બાંધકામનો રસ્તો સાફ કર્યો. જ્યારે મદ્રસો કાયમ થઈ ગયો તો આપે પઢીને ત્યાં થોડા દિવસો પઢાવ્યું પછી દેશના વિવિધ મદ્રસાઓમાં રહીને પઢાવવાની ફરજો પૂરી કરી. જેમાં નીચે પ્રમાણે મદ્રસાઓ પ્રખ્યાત છે :

મદ્રસા મન્ઝેર ઈસ્લામ બરેલી, મદ્રસા હનફિયહ્ આરા બિહાર, મદ્રસા શમ્સુલ હુદા–પટના, મદ્રસા ખાનકાહે કબીરિયા સહસરામ, મદ્રસા લતીફિયહ કટીહાર.

હઝરત મલિકુલ ઉલમા عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانْની અમુક મહાન ઉત્તમ વિશિષ્ટતાઓ અને ખિદમતો છે કે આખી જમાઅત એહલે સુન્નત તેમના એહસાનની નીચે દબાએલી છે, તેમાં પ્રથમ ક્રમે મદ્રસા મન્ઝરે ઈસ્લામ બરેલીનો પાયો છે. જાણો કે એહલે સુન્નતના કેન્દ્રની મર્કઝી દર્સગાહના બાની (કાયમ કરનાર) અને ધ્યાનિત કરનાર આપ જ છે. બીજા ક્રમે સહીહુલ બિહારી મઅરૂફ બિહ્ જામિઉર્રઝવી છે જે ફિકહે હનફિયહ્માં હદીષોનો એક વિશ્વાસપાત્ર ખજાનો છે. અને ત્રીજા ક્રમે હયાતે આ'લા હઝરતનું સંપાદન છે. જે આજે આ'લા હઝરત પર લખવામાં આવતી સૌ સવાનેહની (જીવન ચરિત્ર)ની કિતાબોની અસલ જડ છે.

આપના ઉસ્તાદોમાં હઝરત મુહદ્દિષે સૂરતી મૌલાના વસી અહમદ رحمۃاللہعلیہ તથા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃاللہعلیہને વિશિષ્ટતાનો દરજ્જો પ્રાપ્ત છે. આપે આ'લા હઝરતથી બુખારીનો દર્સ

લીધો અને ફતવા લખવાનું શીખ્યું, હઝરત મુહદ્દિષે સૂરતીથી દરમ્યાની તથા છેલ્લી કિતાબોનો દર્સ લીધો. આપની બારગાહમાં મલિકુલ ઉલમા બે વાર ગયા. પહેલાં પટનામાં જ દર્સ લીધો જ્યારે મુહદ્દિષે સૂરતી મદ્રસા હનફિયહ્ એહલે સુન્નતમાં મુદર્રિસ હતા, પછી કાનપૂર તશરીફ લઈ ગયા ત્યાં ઘણા મદ્રસામાં કેટલાક મુદર્રિસોથી ફાયદો હાંસલ કર્યો, પરંતુ તરસ ન મટી તો પછી હઝરત મુહદ્દિષે સૂરતી رحمۃ اللہ علیہની બારગાહમાં પીલીભીત હાજર થયા. જ્યારે તે પટનાથી બદલી કરીને મદ્રસતુલ હદીષ પીલીભીતમાં આવી ચૂક્યા હતા.

હઝરત મલિકુલ ઉલમા અને સૈયદ અબ્દુર્રશીદ અઝીમા બાદી رحمۃ اللہ علیہની વિશિષ્ટતાઓમાં આ પણ છે કે આપ બંને હઝરાતની દસ્તારબંદી શાબાન મહીનામાં હિ.સ. ૧૩૨૫ની કોઈ તારીખે ઉલમાએ કિરામની એક મોટી મેહફિલમાં આ'લા હઝરતની સૂચના પર ચિશ્તી સિલસિલાના પ્રખ્યાત બુઝુર્ગ શૈખુલ આલમ મખદૂમ અબ્દુલ હક્ક઼ રુદોલ્વી قُدِّسَ سِرَّہُ الْعَزِیْزની દરગાહના સજ્જાદાનશીન હઝરત મખદૂમ શાહ ઈલ્તેફાત અહમદ قُدِّسَ سِرَّہُ الْعَزِیْزના મુક઼દ્દસ હાથોથી અમલમાં આવી. આ'લા હઝરતે તે જ વર્ષે એટલે હિ.સ. ૧૩૨૫માં સિલસિલા આલિયાની સનદે ઈજાઝત તથા ખિલાફત પણ અતા ફર્માવી અને ફાઝિલે બિહારનો લક઼બ અતા ફર્માવ્યો. સદ ઈત્તેફાક઼ કે ફાઝિલે બિહારથી જ મલિકુલ ઉલમાની વફાતની તારીખ પણ નીકળી આવી.

ઉમ્રના આખરી ભાગમાં મદ્રસા શમ્સુલહુદા પટનાના પ્રિન્સિપાલ થયા (ઈ.સ. ૧૯૪૮ થી ૧૯૫૦ સુધી) ત્યાંથી રિટાયર્ડ થયા બાદ ઝફર મંઝિલ પટનામાં રહ્યા. તે જ દરમ્યાન શાહ શાહિદ હુસૈન દરગાહી મિયાં સજ્જાદાનશીન બારગાહે ઈશ્કે મતીન ઘાટ પટનાની સૂચના પર કટિહાર તશરીફ લઈ ગયા જ્યાં મદ્રસા લતીફીયહ્ બેહરુલ ઉલૂમની ખિદમતોમાં મશ્ગૂલ રહ્યા આ જમાનો હિ.સ. ૧૩૭૧ થી ૧૩૮૦નો છે. પછી સ.હિ. ૧૩૮૦માં ઝફર મંઝિલ પટના પરત આવ્યા તો આખરી ઉમર સુધી ત્યાં જ રહ્યા. અને ૧૯ જમાદીઉલ આખરમાં હિ.સ. ૧૩૮૨, ૧૮ નવેમ્બર ઈ.સ.

૧૯૬૨માં ઝિક્ર બિલ જહર કરતા કરતા માલિકે હક઼ીક઼ી સાથે જઈ મળ્યા.

શાહ મુહમ્મદ અય્યૂબ શાહિદી રશીદી સજ્જાદાનશીન ખાનકાહે ઈસ્લામપૂર પટનાએ નમાઝે જનાઝા પઢાવી જેમનાથી મલિકુલ ઉલમાને ઈજાઝત તથા ખિલાફત પણ હાંસલ હતી. આપની મઝાર દરગાહ શાહ અરઝાં સુલતાન ગંજ પટનાના ક઼બ્રસ્તાનમાં છે. થોડા વર્ષોથી જણાવેલ તારીખમાં વિસાલનો દિવસ મનાવવાની પણ વ્યવસ્થા થાય છે.

આપની કિતાબોની સંખ્યા ૭૦ થી વધુ છે. અમુક કિતાબો અરબી ભાષામાં છે, પરંતુ વધુ પડતી ઉર્દૂમાં છે જે ઘણા ફનો (કળાઓ)થી લગતી છે. દા.ત. હદીષ, ઉસૂલે હદીષે, ફિક઼્હ, ઉસૂલે ફિક઼્હ, તારીખ તથા સીરત, મનાક઼િબ, અખ્લાક઼ સર્ફ તથા નહ્‌વ મન્તિક તથા ફલસફા, કલામ, ભૂગોળ તથા સમયચક્ર અને મુનાઝરા વગેરે, તેમાં વધુ પ્રમાણમાં છપાયેલ નથી, અને લખેલી અમુક જ કિતાબો છપાઈ શકી છો. ૭૦ કિતાબોની યાદી ટૂંકી ઓળખ તથા સહી કૈફિયત સાથે ડો. મુહમ્મદ મુખ્તારુદ્દીન અહમદ આરઝૂ, મલિકુલ ઉલમાના પુત્રે પોતાની કિતાબ "હયાતે મલિકુલ ઉલમા"માં આપી દીધી છે. અમુક ખાસ કિતાબોનાં નામ આ પ્રમાણે છે :

**૦૧.** સહીહુલ બિહારી મઅરૂફ બિહ જામિઉર્રઝવી (હદીષ)

**૦૨.** શરહે કિતાબુશ્ – શિફા બિહુકૂક઼િલ મુસ્તફા (સીરત)

**૦૩.** અત્તઅલીફ અલલ કુદૂરી (ફિક઼્હ)

**૦૪.** બદરૂલ અન્વારિલ મીકાતિ કુલ્લુસ સલાતિ–વસ સિયામ (તૌકીત)

**૦૫.** તૌઝીહુલ અફલાક (ભૂગોળ)

**૦૬.** નાફિઉલ્ બશર ફી ફતાવા ઝફર (ફિક઼્હ)

**૦૭.** હયાતે આ'લા હઝરત (જીવન ચરિત્ર)

**૦૮.** અન્નૂરૂ વુઝ્ ઝિયાઉ ફી સલાસિલિલ ઔલિયા (તસવ્વુફ)

**૦૯.** મવાહિબુલ્ અરવાહિલ્ કુદ્દસિ લિકશ્ફિ હુકમિલ્ ઉર્સ (ફિક઼્હ)

**૧૦.** અલ મુજમલુલ મુઅદદ લિતાલિફાતિલ મુજદ્દિદ (ઈતિહાસ)

૧૧. અલ જવાહિર વલ યવાકીતુ ફી ઈલ્મિ્તૌકીતિ મસરૂફ બિહ તૌઝીહુત્તૌકીત (સમયચક્ર)

૧૨. જવાહિરૂલ બયાનિ તર્જુમા : અલ્ ખૈરાતુલ હસ્સાન (જીવન ચરિત્ર)

૧૩. સુરૂરુલ કુલ્બિલ મહઝૂન ફીસ સબૂરિ અન નૂરિલ ઉયૂન તર્જુમા : શરહુસ્સુદૂર (વાઈઝ)

૧૪. તન્વીરૂલ મિસ્બાહી લિલ કયામિ ઈન્દ દુય્ય અલલ ફલાહ (ફિક્હ)

૧૫. નુસરતુલ અસ્હાબિ બિઅકસામિ ઈસાલિષ્ષવાબિ. (ફિક્હ)

નજર સમક્ષ કિતાબ **નુસરતુલ અસ્હાબિ બિ ઈક્સામિ ઈસા લિષ્ષાબ** ઉર્ફે **ઈસાલે ષવાબના શરઈ તરીકા** મલિકુલ ઉલમા ફાઝિલે બિહાર رحمۃ اللہ علیہની એક ઈલ્મી તથા તેહકીકી કિતાબ છે. જેમાં આપે ઈસાલે ષવાબના રિવાજ પામેલ તરીકાઓને દલીલોથી સાબિત કર્યા છે. આ કિતાબ બિહારના એક મશ્હૂર આલિમ મૌલાના તમન્ના અમ્માદી મુજીબી ફલવારીના ચાર સવાલોના જવાબમાં લખી. આ સવાલોના જવાબમાં હઝરત મલિકુલ ઉલમાએ સંશોધનના દરિયા વહાવી દીધા છે. પ્રશ્નમાં સૂચના કરવામાં આવી કે દરેક લખાણ સંપૂર્ણ હવાલાની સાથે લખવામાં આવે, તો હઝરત મલિકુલ ઉલમાએ દરેક લખાણને હવાલાઓથી બાંધી દીધું, પેજ નં. પણ લખી દીધા, અરબી લખાણનો તર્જુમો પણ કરી દીધો. અલબત્ત ફારસી ઈબારતોનો તર્જુમો નથી કર્યો. કદાચ તે સમયે તેની જરૂર નહીં અનુભવી હોય. આ કિતાબ પ્રથમ પટનાથી હિ.સ. ૧૩૫૪માં લેખકની હયાતીમાં જ પ્રસિધ્ધ થઈ. તેની બીજી આવૃત્તિ અહસનુલ મઆરિફ કાનપૂરની સંસ્થા થકી મૌલાના મુહમ્મદ ઈદરીસ રિફાકતીના આયોજન હેઠળ હિ.સ. ૧૩૮૫માં પ્રસિધ્ધ થઈ. આ આવૃત્તિમાં ફારસી લખાણોનો તર્જુમો પણ મૌલાના મુહમ્મદ યૂસુફ અઝીમાબાદી મુદર્રિસ મદ્રસા અહસનુલ મદારિસ કાનપૂરે કરી દીધો છે. પછી આ બીજી આવૃત્તિની નકલ અલમજમઉલ ઈલ્મી મંદઈ કલાં હઝારી બાગથી પ્રસિધ્ધ થઈ. લગભગ એની બે વાર પ્રસિધ્ધિ થઈ. આ સંસ્થા અલ

જામિઅતુલ અશરફિયા મુબારકપુરમાં પઢનારા વિદ્યાર્થીઓની કાયમ કરેલ છે. જેના થકી આ કિતાબ સિવાય અન્ય કેટલીક કિતાબોની પ્રસિધ્ધિ પણ અમલમાં આવી છે. આના સિવાય પાકિસ્તાનથી પણ નુસરતુલ અસ્હાબની એક આવૃત્તિ છપાઈ છે પરંતુ મારી નજરમાં તેનો કોઈ નુસ્ખો નથી ગુજર્યો.

આ કિતાબના સંપાદન સમયે હઝરત મલિકુલ ઉલમા, મદ્રસા ઈસ્લામિયા શમ્સુલ હુદા પટનામાં પ્રિન્સિપાલના હોદ્દા પર બિરાજમાન હતા. એટલા માટે આ કિતાબ પર ત્યાંના ઉસ્તાદોની તસ્દીકી (સમર્થન કરતી) સહીઓ પણ લગાડેલ છે જે કિતાબમાં સામેલ છે.

હવે આ નજર સમક્ષની આવૃત્તિ અલ મજમઉલ ઈસ્લામી મુબારકપુર આઝમગઢની તરફથી મૌલાના નસરુલ્લાહ રઝવી મિસ્બાહી ઉસ્તાદ મદ્રસા અરબિયા ફૈઝુલ ઉલૂમ, મુહમ્મદાબાદ, ગોહના–મઉ તથા મેમ્બર અલ મજમઉલ ઈસ્લામી મુબારકપુર નવી તરતીબની સાથે પ્રસિધ્ધ થઈ રહી છે.

ઉમ્મીદ છે કે એહલે ઈલ્મ અને આમ મુસલમાન બંનેવ ગૃપમાં આ કિતાબ મક્બૂલ થશે. અને જે લોકોને પણ ઈસાલે ષવાબ તથા ફાતેહા વિશે કોઈ શંકા હશે તો જરૂર દૂર થઈ જશે. (ઈન્શા અલ્લાહ તઆલા)

સંપૂર્ણ કિતાબ ઈસાલે ષવાબના પચ્ચીસ તરીકાઓ પર સામેલ છે અને ઈસાલે ષવાબના દરેક તરીકા દલીલોથી ભરપુર છે અને દરેક પ્રશ્નનો જવાબ લેખકે ઘણી તેહકીકથી લખ્યો છે. છેવટમાં એ સાબિત કર્યું છે કે **ઈસાલે સવાબનો ઈન્કાર મોઅતઝલાનો મઝહબ છે જે જૂના જમાનાનો એક ગુમરાહ ફિર્કો છે.** હમણા તેનું અસ્તિત્વ નથી અને ન કોઈ પોતાને મોઅતઝલી કહેવડાવવું પસંદ કરે છે, પરંતુ મોઅતઝલીઓના તરીકા પર ચાલવાવાળા આજે પણ ઘણા મળી આવે છે, જેમ કે પ્રશ્નકર્તાના પ્રશ્નથી જાહેર છે.

જાણી લો કે કિતાબનું નામ ઐતિહાસિક છે. લેખક કિતાબના અંતમાં

પર પોતે ફર્માવે છે, ઈરાદો હતો કે આ ચારેવ સવાલોના ટૂંકમાં જવાબો લખીને રવાના કરી દેવામાં આવે, પરંતુ જવાબે એક કિતાબની શકલ ધારણ કરી લીધી તો યોગ્ય જણાયું કે તેનું ઐતિહાસિક નામ "નુસરતુલ અસ્હાબિ બિઅક્સામિ ઈસાલિષ્ ષવાબિ" (હિ.સ. ૧૩૫૪) રાખવામાં આવે. ખુદાવંદા ! આ કિતાબને મારી અન્ય કિતાબોની માફક ક્બૂલ ફર્માવ અને મને અને મારા સર્વ દીની ભાઈઓને આનાથી લાભ પહોંચાડ. (આમીન) *(નુસરતુલ અસ્હાબિ, પેજ નં. ૧૭૬, કાનપુર)*

જરૂરત છે કે આ મુબારક કિતાબને આમ કરવામાં આવે અને ઘરે ઘેર પહોંચાડવામાં આવે જેથી ઈસાલે ષવાબના ઈન્કાર કરનારાઓનું મોઢુ બંધ થઈ શકે. અને આના પર અમલ કરનાર ઈસ્લામી ભાઈઓને દલીલો જોઈને સંપૂર્ણ રીતે તસલ્લી પણ થાય કે અમે જે ફાતેહા તથા ઈસાલે ષવાબ પર અમલ કરીએ છીએ એ બિલકુલ હક્ક્ તથા સત્ય અને કુર્આનપાક તથા અહાદીષે મુબારકા અને અઈમ્મએ કિરામનાં કથનો તથા પૂર્વજ બુઝુર્ગોના ઈર્શાદોથી સાબિત છે. દુઆ છે કે અલ્લાહ આપણને હક સ્વીકારવા, હક પર ચાલવા અને હક વાતની તબ્લીગ કરવા તથા તેને આમ કરવાની તૌફીક્ અતા ફર્માવે. આમીન.

**મુહમ્મદ અબ્દુલ મુબીન નોઅમાની ક઼ાદરી**

*(અલ્ મજમઉલ્ ઈસ્લામી, મિલ્લતનગર, મુબારકપુર, આઝમગઢ–યૂ.પી.)*

૨૫ રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૨૯

## ઓલમાએ કિરામના અભિપ્રાય

(૧)

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ○ نَحْمَدُہٗ وَ نُصَلِّیْ عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

કિતાબની કોશિશ સો વાર પ્રશંસાને પાત્ર છે કે તેમણે ઈસાલે સવાબના તરીકાઓ તથા નેક કામના ફાયદાના પ્રકારોને એક સ્થળે એકત્ર કરી દીધા છે.

હું ઉમ્મીદ કરું છું કે મોહતરમ જનાબ અમ્માદી સાહબ પોતાનાં સવાલોના જવાબોનું સંપૂણપણે વાંચન કરશે.

*અબ્દુસ સુબ્હાન અફી અન્હૂ. ૧૫, નવેમ્બર, ઈ.સ. ૧૯૩૫*

(૨)

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ○ نَحْمَدُہٗ وَ نُصَلِّیْ عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

હું મૌલાના મુહમ્મદ ઝફરૂદ્દીન સાહબનો ખૂબ જ શુક્રગુઝાર છું કે પૂછાયેલ મસ્અલામાં જેટલી દલીલોનું જમા કરી લેવું શક્ય હતું મૌલાનાએ જમા ફર્માવી દીધી અને જવાબ એનાયત ફર્માવ્યો. કદીમ જનાબ મૌલવી અમ્માદીથી ઉમ્મીદ છે કે કોઈ એક દલીલ તેમના માટે તસલ્લીરૂપ ન હોય તો અન્ય ઘણી દલીલો તસલ્લીરૂપ અનુભવશે અને ઈસાલે સવાબના આટલા બધા તરીકાઓમાંથી કોઈ એકને ઈખ્તિયાર ફર્માવીને પોતાના વડવાઓ, તથા મૃતક રિશ્તેદારો બલ્કે આમ મૃતક મુસલમાનોને ફાયદો પહોંચાડવાનો પ્રયત્ન કરશે.

દરેકને એક ન એક દિવસ મૌત આવવાની છે. એટલા માટે જો એ તમન્ના હોય અને હોવી જોઈએ કે મારા બાદ લોકો મને નેક નામ અને નેક દુઆથી યાદ રાખે તો જરૂરી છે કે જે લોકો ગુઝરી ચૂક્યા છે તેમને ભૂલવા ન જોઈએ.

*ફક્ત ઉબેદુલ્લાહ ૮, શવ્વાલ હિ.સ. ૧૩૮૪*

(૩)

بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○ نَحۡمَدُہٗ وَ نُصَلِّیۡ عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

મેં આ કિતાબનું ધ્યાનથી સંપૂર્ણ વાંચન કર્યું. મૃતકોને ઈસાલે સવાબ કરવું અસંખ્ય તરીક઼ાઓથી પહેલા જમાનાથી લઈને આ જમાના સુધી આમ મુસલમાનોમાં ચાલુ છે. અને કુર્આને કરીમ તથા અહાદિષે શરીફ઼ અને ફ઼િક઼્હની વિશ્વાસપાત્ર કિતાબોથી સાબિત છે. ફ઼ાઝિલ મુજીબ (જવાબ લખનાર) દામ મઝ્દહુમએ અત્યંત ઉમદાપણાથી કુર્આનની આયતો તથા નબી ﷺની હદીષો તથા અઈમ્મએ કિરામનાં કથનો અને ઓલમાએ એઝામની તસરીહો (ખુલાસાઓ) થકી ઈસાલે સવાબના તરીક઼ાનો જેવો હક઼ હતો તે અદા કર્યો અને પૂર્વજોના મામૂલથી તેનું સમર્થન અને મજબૂતાઈ કરી છે, અને આપણા જમાનામાં જે ઈસાલે સવાબનો તરીક઼ો મુસલમાનોમાં ચાલે છે તેને પણ વર્ણનમાં શ્રેષ્ઠ રીતે દલીલબધ્ધ રીતે રજૂ કર્યો છે.

મૌલાના તમન્ના અમ્માદી સાહબના ચારેવ પ્રશ્નોના ઉત્તરો ઉપરાંત સાથે અન્ય મસ્અલાઓ જેમને પ્રશ્નોથી ખાસ લગાવ અને સંબંધ છે તેનો પણ ખૂબ સ્પષ્ટતાથી ફ઼ાયદો પહોંચાડયો છે. આટલી પૂર્ણતા સાથે કદાચ બીજી કિતાબ હજી સુધી પ્રસિધ્ધ નથી થઈ.

"અમારા મુકર્રમ તથા મોહતરમ મૌલાના તમન્ના સાહબ અમ્માદી જે પોતે પણ અરબી ઉલૂમના જાણકાર છે અને એવા બરકતવંત ખાનદાનથી સંબંધ ધરાવે છે જે શરીઅત તથા તરીક઼તમાં લાંબી મુદ્દતથી મુમતાઝ છે અને જ્યાં વર્ષમાં કેટલીયેવાર બુઝુર્ગાને દીન અને મુસલમાન મુડદાઓને ઈસાલે ષવાબ કરવામાં આવે છે. પછી તેમનું આ વિષયમાં પ્રશ્ન કરવું ખૂબ જ અચંબા તથા આશ્ચર્યનો મકામ છે. હવે જ્યારે એમને વાસ્તવિકતા જાણવી છે તો સત્યતા અને દીનદારીની દષ્ટિથી આ અજોડ કિતાબને પ્રથમથી છેવટ સુધી નિહાળે અને પોતાને તસલ્લી આપીને પૂર્વજ બુઝુર્ગોનું અનુસરણ કરે.

*સૈયદ દિયાનત હુસૈન ૧૦, શવ્વાલુલ મુક઼ર્રમ હિ.સ. ૧૩૫૪*

(૪)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○ نَحۡمَدُہٗ وَ نُصَلِّیۡ عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

ફક઼ીર હકીર મુહમ્મદ અબ્દુર્રશીદ ક઼ાદરી અઝીમાબાદી ગુફિરલહૂએ આ બરકતવંત કિતાબ, હક઼ તથા બાતિલને સ્પષ્ટ કરનાર, શંકા દૂર કરનાર ''નુસરતુલ અસ્હાબિ બિ અક઼સામિ ઈસાલિષ્ ષવાબ'' (હિ. ૧૩૫૪) સંપાદનકર્તા આલિમે બા અમલ મહાન ફાઝિલ મલિકુલ ઉલમા, ફાઝિલે બિહારી, જનાબ મૌલાના મોલ્વી મુહમ્મદ ઝફરૂદ્દીન સાહબ ક઼ાદરી, બરકાતી, રઝવી, સિનિયર મુદર્રિસ મદ્રસા ઈસ્લામિયહ શમ્સુલ હુદા પટનાને પ્રથમથી છેવટ સુધી ધ્યાનપૂર્વક સંપૂર્ણ જોઈ, જ્યારે કે આનાથી પહેલા ઈસાલે ષવાબના મસ્અલા વિશે અસંખ્ય કિતાબો પ્રસિધ્ધ થઈ ચૂકી છે પરંતુ જે પરિપૂર્ણતાથી આ કિતાબ લખવામાં આવી છે, આવી કોઈ અન્ય કિતાબ મારી નજરથી નથી ગુજરી. ખૂબ જાણકાર લેખકે વિશ્વસનીય તથા દલીલબધ્ધ કિતાબ થકી લખાણના પેજ નંબરના હવાલા નકલ કરીને અને ઉર્દૂ જાણનાર આમ સાથીઓ માટે તરજુમો કરીને ઈસાલે ષવાબના મસ્અલા પર ઉમદા રીતે રોશની નાખી છે કે ન્યાય પસંદ લોકો માટે સ્વીકારવા સિવાય કોઈ ચારો નથી. જમાનાની મક્કારી ખૂબ જ આશ્ચર્યજનક છે કે મસ્અલાના મહાન ઉલમાએ કિરામ સામૂહિક રીતે લખે અને આ જમાનામાં આલિમ હઝરાત તેમાં શંકા કરે અને શંકાને માર્ગ આપે !

અલ્લામા શૈખ સદરુદ્દીન અબૂ અબ્દુલ્લાહ મશ્કી પોતાની કિતાબ રહમતુલ ઉમ્મતિ ફી ઈખ્તિલાફિલ અઈમ્મામાં લખે છે.

આ હુકમ પર ઉલમાની એકમતિ છે કે બખ્શિશ માગવી અને દુઆ તથા સદકો તથા હજ તથા ગુલામ આઝાદ કરવા (એ સૌ ચીજો) મુડદાને લાભ પહોંચાડે છે અને તેનો ષવાબ મુડદાને પહોંચે છે.

શૈખ મુહક્કિક઼ અલ્લામા ઈસ્માઈલ હક્કી઼ રૂહુલ બયાનમાં લખે છે :

શૈખ તક઼ીયુદ્દીન અબુલ અબ્બાસે ફર્માવ્યું કે જેની એ માન્યતા હોય કે માનવી પોતાના અમલ સિવાય અન્યના અમલથી ફાયદો નથી ઉઠાવતો, તેણે ઈજમાઅને તોડયો.

હવે રહ્યું ઈસાલે ષવાબ માટે કોઈ દિવસ કોઈ તારીખને ખાસ કરવી તો સારા અને મસ્નૂન કામો માટે ટાઈમ નિયુક્ત કરવો શરીઅતમાં ઘણી જગાએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી સાબિત છે.

સહીહ બુખારી શરીફમાં છે :

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે સ્ત્રીઓએ હુઝૂર અક઼દસ صلی اللہ علیہ وسلمને અરજ કરી કે યા રસૂલલ્લાહ ! જે રીતે મર્દોને હિદાયત તથા નસીહતનો મોકો મળે છે અમને સ્ત્રીઓને નથી મળતો. તો અમારા વાઅઝ માટે એક દિવસ નિયુક્ત ફર્માવી દીધો.

તદ્ઉપરાત બુખારીમાં છે :–

"અબૂ વાઈલ رضی اللہ عنہ દર જુમેરાતના દિવસે લોકોને વાએઝ ફર્માવ્યા કરતા હતા. આનાથી સ્પષ્ટ જણાયું કે સહાબાએ કિરામ વાએઝ તથા નસીહત માટે ખાસ દિવસો નિયુક્ત કરતા હતા.

હવે રહ્યું મીઠી વસ્તુ અથવા ખાણુ સામે મૂકીને દુઆ કરવી, તેના પર ફાતેહા પઢવા અને તેને લોકોમાં વહેંચવું, તો આ ત્રણેવ વસ્તુઓ પણ હદીષોથી સાબિત છે.

સહીહ બુખારી શરીફ તથા મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہથી એક લાંબી હદીષ મરવી છે, જેમાં હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہનું રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامના ચેહરા મુબારકથી ભૂખ અનુભવવી. હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہ પાસે આવીને તેનો ઉલ્લેખ કરવો અને અનસ رضی اللہ عنہને બોલાવવા માટે મોકલવા. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું પોતાના સાથીઓને ફર્માવવું કે ચાલો ! સર્વ લોકોનું હઝરત અબૂ તલ્હાના ત્યાં આવવું, હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہનું કહેવું اللہ ورسولہ اعلم પછી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું ફર્માવવું, هلمی یا ام سلیم ما عندك! વર્ણવેલ છે.

તેમાં જ છે :–

فا قت بذالك الخبز۔ فقال فعل رسول اللہ صلی اللہ علیہ وسلم ما شاء اللہ ان یقول۔ الحدیث

"આનાથી સ્પષ્ટ જણાય છે કે રોટલી અને ઘીનો મલીદો બનાવીને હુઝૂરે તેના પર દુઆ પઢી. આ પ્રકારની હદીષો બુખારી, મુસ્લિમ, તિર્મિઝી વગેરેમાં ઘણી છે. જેમાં ખાવાની વસ્તુને આગળ મૂકીને દુઆ કરવી સાબિત છે. રહ્યું બરકતની દુઆના બદલે બુઝુર્ગોના ફાતેહામાં સૂરએ ફાતેહા પઢવું જે રિવાજ છે, તેનું કારણ પણ હુઝૂર ﷺના ફર્માન થકી જે સૂરએ ફાતેહાની ફઝીલતોમાં વર્ણવેલ છે, સારી રીતે સ્પષ્ટ છે. જેનું વિગતવાર વર્ણન હઝરત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہની તફસીર ફતહુલ અઝીઝમાં છે.

રહ્યું જે શીરીની અથવા ખાણા પર ફાતેહાની દુઆ પઢવામાં આવી છે તેનું લોકોમાં વહેંચવું, તેના સબૂત માટે તિર્મિઝીની હદીષ પૂરતી છે. જેમાં વર્ણવેલ છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં કેટલીક ખારેકો લાવ્યા. હુઝૂરે તેના પર દુઆ પઢી. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ મુસાફરીના સામાનમાં મૂકી અને તેમાંથી પોતે પણ ખાતા હતા અને લોકોને વહેંચતા હતા. મતલબ કે ઈસાલે ષવાબમાં જેટલી અસલ વાતો છે તે સૌ એક એક કરીને કૌલી તથા ફેઅલી હદીષો અને વિશ્વસનીય, દલીલબધ્ધ કિતાબોનાં લખાણો થકી સાબિત છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

મસ્અલો મોકલનાર મૌલવી સૈયદ મોહયુદ્દીન સાહબ તમન્ના અમ્માદી ફૂલવારવી.

પ્રિન્સિપાલ મદ્‌રસા ઈસ્લામિયહ શમ્સુલ હુદા પટના થકી.

ઉલ્માએ મિલ્લતે ઈસ્લામિયહ નીચે જણાવેલ પ્રશ્નોના ખુલાસાવાર જવાબો આપે :–

૦૧. મુડદાઓ માટે ઈસાલે સવાબનો કોઈ તરીકો કુર્આને પાકમાં બતાવવામાં આવ્યો છે કે નહીં ? જો બતાવવામાં આવ્યો છે તો તે શું છે ? આયતોની નકલ સાથે જવાબ આપશો.

૦૨. રસૂલુલ્લાહ ﷺ અને ખુલફાએ રાશિદીન رِضۡوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَના જમાના મુબારકમાં મુડદાઓ માટે ઈસાલે સવાબનો કોઈ મામૂલ દસ્તૂર મુજબ હતો કે નહીં ? જો હતો તો તે કયો હતો ? સાથે રિવાયતોની નકલ તથા કિતાબનો હવાલો તથા પેજ નંબર અને પ્રસિધ્ધ કરનાર સંસ્થાનું નામ થકી જવાબ આપશો.

૦૩. રસૂલુલ્લાહ ﷺના જમાના મુબારકમાં અહલે બૈત તથા સહાબામાંથી જે લોકો વફાત પામી ગયા દા.ત. હઝરત ખદીજતુલ કુબ્રા ઝવજુન્નબી ﷺ ઉમ્મમુલ મો'મિનીન رضی اللہ عنہا અને હઝરત રુકૈયા رضی اللہ عنہا, હઝરત ઉમ્મે કુલષૂમ رضی اللہ عنہا. રસૂલુલ્લાહ ﷺની પુત્રીઓ رضی اللہ تعالٰی عنہن તથા હઝરત ખુબૈબ, હઝરત હમ્ઝા અને હઝરત

જા'ફર તૈયાર તથા અન્ય શોહદાએ જંગે બદ્ર તથા ઓહદ તથા ખૈબર તથા હુનૈન તથા તબૂક વગેરે رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ તેમના માટે રસૂલુલ્લાહ ﷺએ પોતે ફર્માવ્યું કે આપના હુકમ મુબારકથી અને સહાબા અથવા એહલે બૈતે કદી ઈસાલે સવાબ કર્યો કે નહીં ? અગર કર્યો તો કયા તરીક઼ાથી ?! અને એક વાર કર્યો કે વારંવાર કરતા રહ્યા ? અને રસૂલુલ્લાહ ﷺની વફાત પછી ખાસ હુઝૂર ﷺ માટે અથવા પહેલાં કે પોતાના સમયનાં મુડદાઓ તથા શહીદો માટે ખુલફાએ રાશેદીન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને કદી ઈસાલે સવાબ કર્યો કે નહીં ? જો કર્યો તો કયા તરીકાથી કયો ? અને એકવાર કર્યો કે વારંવાર કરતા હતા ? સહી જવાબ સાથે રિવાયતોની નકલ તથા કિતાબો અને પેજ નંબરનો હવાલો તથા પ્રસિધ્ધ કરનાર સંસ્થાનું નામ લખશો.

૦૪. ફિક઼્હે હનફીમાં કોઈ તરીકો ઈસાલે સવાબનો લખ્યો છે કે નહીં ? અગર લખ્યો છે તો તે કયો છે ? અને પોતે હઝરત ઈમામે આ'ઝમ તથા સાહિબૈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَથી કોઈ રિવાયત તેની નકલ થયેલ છે કે નહીં ? સાથે કિતાબોનો હવાલો તથા પેજ નંબર પૂરી ઈબારત (લખાણ) લખશો.

ઉમ્મીદ છે કે આ સવાલોનાં તફસીલવાર જવાબો વહેલી તકે આપશો. મારા મોટાભાઈ મૌલાના ઉબૈદુલ્લાહ સાહબ અમજહરી مدظلہ العالی હબ્બીલ અકરમ મૌલાના ઝફરૂદ્દીન સાહબ, હુબ્બીલ અકરમ મૌલાના અસગર હુસૈન સાહબ, હુબ્બીલ અકરમ મૌલાના અબ્દુસ્સુબ્હાન સાહબ, હુબ્બીલ અકરમ મૌલાના દિયાનત હુસૈન સાહબ અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહિ વ બરકાતુહ.

ખાસ કરીને આ સવાલો તરફ ધ્યાન કરે અને તેમના સિવાય દરેક મદ્રસાના દરેક મુદર્રિસથી અદબની સાથે અપીલ છે. بینوا تجروا

**પૂછનાર**

તમન્ના અમ્માદી મુજીબી ફૂલવારવી, ફૂલવારી શરીફ,

જિલ્લા પટના, ૨૦, ઓગષ્ટ, ઈ.સ. ૧૯૩૫

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

الجواب اللّٰهم هداية الحق و الصواب

## :: જવાબો ::

મુકર્રમી ! અકરમકુમુલ્લાહુ તઆલા વ અલૈકુમુસ્સલામ વ રહમતુલ્લાહિ વ બરકાતુહુ.

પ્રશ્નો મળ્યા. જોઈને ખુદાનો શુક્ર અદા કર્યો કે જનાબને ઈસાલે સવાબના મસ્અલામાં વાંધો નથી. હા ! તેના તરીક઼ા સંબંધે સવાલ છે કે કયા તરીક઼ાથી થવો જોઈએ ? કુર્આન તથા હદીષોથી શું સાબિત છે ? હુઝૂરે અક઼દસ ﷺ તથા સહાબાનો મામૂલ તથા તરીકો શું હતો ?

કેટલાક ઉચ્ચ દરજ્જા ધરાવનાર હઝરાત તો ખુદ ઈસાલે સવાબ માં જ વાંધો ઉઠાવે છે. તેમનો ખયાલ છે કે મુડદાઓને સવાબ પહોંચતો જ નથી ! મારા મળવાવાળામાં એક સાહબ આ જ ખયાલના છે. એક દિવસ કહેવા લાગ્યા કે લોકો આ કુર્આન શરીફ વગેરે પઢીને મુડદાઓને બખ્શે છે તેનો સવાબ તેમને નથી પહોંચતો. મેં કહ્યું કે જનાબને કોણે કહી દીધું? કે પોતે જઈને આલમે બરઝખમાં જોઈ આવ્યા છો કે મુસલમાનોનાં કયા અમલ બેકાર જાય છે ? જેને મોકલવામાં આવે છે ત્યાં નથી પહોંચતા ? શું રસ્તામાં ડાકૂ રહે છે કે રસ્તામાં જ લૂટી લે છે, ત્યાં પહોંચવા નથી દેતા ? બોલ્યા, શું આપની પાસે પહોંચવાનું કોઈ સબૂત છે ?

મેં કહ્યું નિઃશંક ! નબી કરીમ ﷺનાં ફર્માનો, ઉલમાએ કિરામનાં સ્પષ્ટિકરણો, જે લોકોએ મોકલ્યાં તેમનાં મુશાહેદો (ગવાહી), જેમના માટે મોકલવામાં આવ્યાં તેમનાં સમર્થનો જુઓ :–

"عن انس ان رجلا سال رسول اللّٰہ صلی اللّٰہ علیہ وسلم فقال یا رسول اللّٰہ انا نتصدق عن موتانا و نحج عنھم و ند عولھم فھل یصل الیھم ذالك فقال نعم انه یصل الیھم و یفرحون کما یفرح احد کم بالطبق اذا اھدی الیه، ر واہ ابو حفص الکبیر.

**અર્થાત** : "ઈમામ અબૂ હફસ કબીર હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરે છે. એક શખ્સે રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે યા રસૂલલ્લાહ ! અમે મય્યત તરફથી સદકો દઈએ, હજ કરીએ, દુઆ કરીએ છીએ તો શું આ સૌ ચીજો તેમને પહોંચે છે ? ફર્માવ્યું કે હા ! અને તેમને જરૂર પહોંચે છે અને તેનાથી તેઓ ખુશ થાય છે જેવી રીતે તમારાથી એક આદમી ખુશ થાય છે જ્યારે તેની પાસે હદિયાનો થાળ આપવામાં આવે છે.

*(અયની શરહે હિદાયા, ભાગ–૨, કિશ્વરી પેજ નં. ૬૧૨)*

મુલ્લા અલી કારી રહમતુલ્લાહિ અલૈહ મિર્કાત શરહે મિશ્કાત ભાગ–૨, મિસરી, પેજ–૨૮૬માં ફર્માવે છે :–

"اخرج القاضی ابو بکر بن عبدالباقی الانصاری رحمه اللّٰہ فی مشیخته عن سلمة بن عبید قال قال حماد المکی خرجت لیلة الیٰ مقابرمکة فوضعت رأسی علیٰ قبرفنمت فرایت اھل المقابر حلقة حلقة فقلت قامت القیامة ؟قالو الاولکن رجل من اخواننا قرء قل ھو اللّٰہ احد و جعل ثوابھا لنا فنحن نقسمه منذ سنة.

**અર્થાત** : "કાઝી અબૂબક બિન અબ્દુલ બાકી અન્સારી رضی اللہ عنہ પોતાના મશાઈખમાં સલમા બિન ઉબૈદથી રિવાયત કરે છે કે તેમણે કહ્યું, હમ્માદ મક્કીએ ફર્માવ્યું કે હું એક રાત્રી મક્કાના કબ્રસ્તાનમાં ગયો. એક કબર પર માથુ મૂકીને સૂઈ ગયો તો કબ્રસ્તાનવાળાઓને જોયા કે ટોળી ટોળી કરીને બેઠા છે. મેં કહ્યું કે : કયામત કાયમ થઈ ગઈ ? તે લોકોએ કહ્યું કે ના ! પરંતુ અમારા ભાઈઓમાંથી એક શખ્સે કુલ હુવલ્લાહુ અહદ

પઢીને તેનો સવાબ અમો લોકોને બખ્શયો છે, તો તેને એક વર્ષથી અમે લોકો વહેંચી રહ્યા છીએ.

જો સવાબ પહોંચતો જ નથી તો કઈ વસ્તુને વહેંચી રહ્યા હતા ? તેમાં જ પેજ નં. ૨૮૧માં છે :

" قال النووی فی الاذکار: قال محمد بن احمد المروزی سمعت احمد بن حنبل یقول اذاد خلتم المقابر فاقرؤا فاتحة الکتاب و المعوذتین و قل هوالله احد و اجعلو اثواب ذلك لاهل المقابر فانه یصل الیهم.

**અર્થાત** : ઈમામ નવવી શાફઈ કિતાબુલ અઝકારમાં લખે છે કે મુહમ્મદ બિન અહમદ મરૂઝી (ફરબરીના શાર્ગિદ વફાત સ.હિ. ૩૭૧)એ કહ્યું કે ઈમામ અહમદ બિન હંબલથી સાંભળ્યું કે ફર્માવે છે કે જ્યારે તમે કબ્રસ્તાન જાવ તો સૂરએ ફાતેહા અને કુલ અઊઝુબિરબ્બિલ ફલક઼ અને કુલ અઊઝુ બિરબ્બિન્નાસ તથા કુલ હુવલ્લાહુ અહ઼દ પઢો અને તેનો સવાબ તે ક઼બ્રસ્તાનવાળાઓને બખ્શો કે તે તેઓને પહોંચે છે.

ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہની મકતૂબાત જિલ્દ નં–૨, પેજ નં. ૫૯, મકતૂબ ૩૬માં છે :–

**અર્થાત** : આનાથી થોડા વર્ષો અગાઉ ફક઼ીર (મુજદ્દિદે અલ્ફેષાની)નો તરીક઼ો એ હતો કે જો ખાણુ પકાવતો હતો તો પવિત્ર રૂહો આલે અબા સાથે ખાસ કરતો હતો, અને હુઝૂર ﷺ સાથે હઝરત અમીરૂલ મો'મિનીન અલી અને હઝરત ફાતેમા અને હઝરાત ઈમામૈન (ઈમામ હસન તથા ઈમામ હુસૈન)ને સામેલ કરતો હતો. (અલૈહિમુસ્સલાતુ વત્તસ્લીમાત) એક રાત્રે બંદો (મુજદ્દિદે અલ્ફેષાની) સ્વપ્નમાં જુએ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام તશરીફ ફરમા છે. ફક઼ીર આપ પર સલામ પેશ કરે છે (પરંતુ) ફક઼ીરની તરફ ધ્યાનિત નથી થતા અને ચેહરએ અક઼દસ બીજી તરફ ફેરવેલ છે. આ જ દરમ્યાન ફક઼ીરને ફર્માવે છે. કે હું ભોજન આઈશાના ઘરમાં ખાઉં

છું (رضی اللہ عنہا) જે મને ભોજન મોકલે આઈશાના ઘરે મોકલે. તે સમયે ફકીરે સમજ્યું કે હુઝૂરના ધ્યાનિત ન થવાનું કારણ એ હતુ કે ફકીર હઝરત આઈશા رضی اللہ عنہاને તે ખાણામાં શરીક ન કરતો હતો. ત્યાર પછીથી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاને બલ્કે સર્વે પવિત્ર પત્નીઓને رضی اللہ تعالیٰ عنہن કે સર્વે એહલે બૈત છે તેમને શરીક કરતો હતો અને સર્વે એહલે બૈતની સાથે તવસ્સુલ કરતો (વસીલો લેતો) હતો.

મૌલાના શાહ વલીયુલ્લાહ સાહબ દહેલ્વી જેમની શાને જલાલત દરેક નાના મોટા પર જાહેર છે તે અદ્દુર્રુષ્ષમીન ફી મુબશ્શિરાતિન્નબિય્યિલ અમીન, પેજ નં. ૮માં લખે છે :–

"الحديث الثانی والعشرون اخبرنی السیّدالوالد قال کنت اصنع طعاما صلة بالنبی صلی الله تعالیٰ علیه وسلم فلم یفتح لی سنة من السنین شیء اصنع به طعاما فلم اجد الا حمصا مقلیافقسمته بین الناس فراء یته صلی الله تعالیٰ علیه وسلم و بین ید یه هذا الحمص متبهجاً بشاشاً.

**અર્થાત** : બાવીસ હદીષ મને મારા સરદાર વાલિદ માજિદે ખબર આપી કે હું દર વરસે નબી ﷺના ઈસાલે સવાબ માટે ખાણુ પકાવતો હતો. એકવાર કાંઈ મયસ્સર ન થયું કે હું ખાવા પકાવી શકું તો મેં શેકેલા ચણા મંગાવ્યા અને તેને લોકોમાં વહેંચ્યા, તો હુઝૂર ﷺની ઝિયારતથી મશર્રફ થયો. જોયું કે હુઝૂરની સામે ચણા રાખેલા છે અને આપ ખૂબ જ ખુશખુશાલ છે." જાણવા મળ્યું કે સવાબ બદની (દુઆ, હજ, સદકો) હોય જેમ કે પહેલા બે પ્રસંગોમાં છે. અથવા માલી હોય જેમ કે હઝરત મુજદ્દિદ અને શાહ અબ્દુર્રહીમ સાહબનાં વાક્યોમાં છે. અથવા બંનેનો ખજાનો જેમ કે હદીષ શરીફના ઉદાહરણથી સ્પષ્ટ સૌ મુડદાને પહોંચે છે. અને એ પણ જાણવા મળ્યું કે જે વસ્તુ ઈસાલે સવાબ માટે રાંધવામાં આવે અને વહેંચવામાં આવે છે તે જ પહોંચે છે.

ખૈર આ તો એક ક઼ાનૂની વાત હતી જવાબ લખતા પહેલાં જો શબ્દ સવાબ અને ઈસાલની તેહક઼ીક઼ કરી લેવામાં આવે તો બેહતર છે.

સવાબ તે અમલ નથી જેની માત્રા નક્કી હોય અને દરેક કામ કરનારને મળે, ઘણા કામ કરનારા છે.

જેમના માટે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَ قَدِمْنَاۤ اِلٰى مَا عَمِلُوْا مِنْ عَمَلٍ فَجَعَلْنٰهُ هَبَآءً مَّنْثُوْرًا

"અને ઈરાદો કર્યો અમે એની તરફ જે તેમણે અમલ કર્યો, તો તેને અમે તબાહ તથા બર્બાદ કરી દીધા." *(સૂરએ ફુર્કાન, ૨૫/૨૩)*

જેમના માટે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

عَامِلَةٌ نَّاصِبَةٌ ۙ﴿۳﴾ تَصْلٰى نَارًا حَامِيَةً ۙ﴿۴﴾ "કામ કરે તકલીફ વેઠે, જાય ભડકતી આગમાં." *(સૂરએ ગાશિયહ, ૮૮/૩,૪)*

બલ્કે તે સવાબ એ મકબૂલ અમલનો છે જે અલ્લાહ તઆલા પોતાના કોઈ બંદાને પોતાના ફઝલો કરમથી અતા ફર્માવે, એટલા માટે તેની કોઈ સીમા નથી. નેક નિય્યત અને નિખાલસ અમલ પર દસથી લઈને સાતસો ઘણો બલ્કે તેનાથી પણ અધિક જેના માટે ખુદા ચાહે મળે છે.

અલ્લાહ ફર્માવે છે :–

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِىْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِىْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَ اللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ ؕ

**અર્થાત** : "તે લોકોનું દૃષ્ટાંત જેઓ અલ્લાહની રાહમાં પોતાના માલોને ખર્ચ કરે છે તે એક દાણા જેમ છે જેનાથી સાત કંતીઓ ઉગી. દરેક કંતીમાં સો દાણા છે (કુલ ૭૦૦ થયા) અને અલ્લાહ તઆલા જેના માટે ચાહે ઔર અધિક કરે." *(સૂરએ બક઼રહ, ૨/૨૬૧)*

આયતે કરીમા ભલે માલ સંબંધે વર્ણન થએલ છે પરંતુ આ તેની સાથે ખાસ નથી, અલ્લાહ તઆલા જે અમલ પર જેને ઈચ્છે સવાબ અતા ફર્માવે. કોઈને કોઈ અમલ પર બેહદ સવાબ આપે તો ખુદાને કોઈ રોકનાર

નથી. હવે રહ્યું ઈસાલ, આ ખુદાને વકીલ કરવું નથી કે આ કામનો સવાબ મારા નામએ આ'માલમાં ન લખવામાં આવે, બલ્કે ફલાણા શખ્સના નામએ આમાલમાં લખવામાં આવે અને તેને આપવામાં આવે, એટલા માટે કે વકીલ બનાવવું તેમાં સહી છે જે કામ માનવી પોતે કરી શકે છે.

હિદાયા જિલ્દ નં–૩, પેજ નં. ૧૭૫ માં છે.

"كل عقد جازان يعقد ه الا نسان بنفسه جازان يو كل غيره.

**અર્થાત** : જે કામને માનવી ખૂદ કરી શકે છે તેમાં બીજાને વકીલ બનાવવો જાઈઝ છે.

અને સ્પષ્ટ છે કે સવાબ આ શખ્સ ન પોતે લઈ શકે છે, ન કોઈ અન્યને દઈ શકે છે તો તેમાં કોઈ બીજાને વકીલ પણ નથી બનાવી શકતો, બલ્કે ઈસાલે સવાબ ખુદાવંદ આલમથી દુઆ છે કે ખુદાવંદ ! મેં આ નેક કામ તારા માટે કર્યું છે, તેનો સવાબ મને અને મારી સાથે ફલાણી, ફલાણી વ્યક્તિઓને પણ પોતાના ફઝલો કરમથી અતા ફર્માવ.

મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી સિરાતે મુસ્તક઼ીમ પેજ નં–૫૫માં લખે છે :–

**અર્થાત** : જે ઈબાદત મુસલમાનથી અદા થાય તેનો સવાબ પોતાના ગુજરેલામાંથી કોઈની રૂહને પહોંચાડે અને તે સવાબને પહોંચાડવાનો તરીકો બારગાહે ઈલાહીમાં સારી દુઆ કરવી છે. તો આ ખુદ અલ્બત્ત શ્રેષ્ઠ અને પસંદીદા છે. અને જો તે શખ્સ કે જેની રૂહને સવાબ પહોંચાડે છે તેનાં હકકોવાળાથી છે તો તેના હક઼ની માત્રા મુજબ તે સવાબને પહોંચાડવાની ખૂબી (ભલાઈ) ખૂબ વધુ હશે. અને તે કામો જે મૈયતના માટે રિવાજ પામેલ છે જેમ કે ફાતેહા અને ઉર્સો તથા નઝરો નિયાઝનાં આ સર્વની ભલાઈમાં શંકા નથી.

તેના જ પેજ નં. ૬૪ માં છે :–

**અર્થાત** : "જે સમયે કોઈને મૈયતને નફો પહોંચાડવું મંજૂર હોય તો

જોઈએ કે તે એ નફાને ખાવા ખવડાવવા પર મુલતવી ન રાખે, અગર સમય પર ખાવા મયસ્સર થઈ જાય તો બેહતર છે નહિતર ફક્ત સૂરએ ફાતેહા, ઈખ્લાસનો સવાબ જ શ્રેષ્ઠ ષવાબ છે.

એટલા માટે ઉલમાએ કિરામ સ્પષ્ટિકરણ ફર્માવે છે કે કોઈ શખ્સ એક આયત અથવા એક સૂરત પઢીને દા.ત. દસ વ્યક્તિને તેનો સવાબ બખ્શે તો દસેવને પૂરે પૂરો સવાબ તે આયત અથવા સૂરતનો મળશે.

અલ્લામા શામી જિલ્દ નં. ૧, રદ્દુલ મુહ્તાર પેજ નં. ૮૪૫માં ફર્માવે છે :

"سئل ابن حجر المكى عمالو قراء لاهل المقبرة الفاتحه ،هل

تقسم الثواب بينهم اويصل لكل منهم مثل ثواب ذلك كاملا ؟

فاجاب بانه افتىٰ جمع بالثانى وهو اللائق بسعة الفضل.

**અર્થાત** : અલ્લામા ઈબ્ને હજર મક્કીને સવાલ થયો કે કોઈ શખ્સ કબ્રસ્તાનવાળાઓને ફાતેહા પઢીને બખ્શે તો શું સૂરએ ફાતેહાનો સવાબ તેમને વહેંચીને મળશે કે સૌને પૂરેપૂરો સવાબ સૂરએ ફાતેહાનો પહોંચશે ? તો તેમણે જવાબ આપ્યો કે એક જમાઅતનો ફતવો એ છે કે સૌને પૂરે પૂરો સવાબ મળશે. અને આ જ અલ્લાહ તઆલાના વિશાળ ફઝલના લાયક છે.

મકતૂબાત ઈમામ રબ્બાની, જિલ્દ સુવમ, મકતૂબ નં. ૨૮, પેજ નં–૫૪ માં છે :–

**અર્થાત** : જો એકની રૂહાનિયત માટે સદકો કરીને સર્વ મો'મિનોને શરીક કરી લે તો સર્વેને સવાબ બરાબર પહોંચશે. અને જેની નિય્યતથી સદકો દેવામાં આવ્યો તેમાં કાંઈ કમી નહી થશે. બેશક તારો રબ વિશાળ મગફેરતવાળો છે.

સાથે એ પણ ખયાલ રાખવો જોઈએ કે ઈસાલે સવાબ જે રીતે મુડદાઓ માટે થાય છે જીવંત લોકો માટે પણ થઈ શકે છે. સવાબ પહોંચાડવા માટે મૃત્યુ પામેલ હોવું કાંઈ જરૂરી નથી. આ કેવળ આમ

ખયાલ છે. તે લોકો સમજે છે કે સવાબ મુડદાને જ બખ્શી શકાય છે, જીવંત લોકોને માટે ઈસાલે સવાબ સાંભળીને તેમને ખૂબ જ આશ્ચર્ય થાય છે.

શામી જિલ્દ નં.–૨, પેજ નં. ૨૪૨ માં છે :–

قوله بغيره ای الاحياء والا موات بحرعن البدائع તેમનું કહેવું છે કે : તેનો સવાબ કોઈ અન્ય મુડદા કે જીવંતને બખ્શયો તો જાઈઝ છે. એટલે માતિને જે કહ્યું કે الاصل ان كل من اتى بعبادة ماله جعل ثوابها لخيره એટલે આ વિષયમાં ક઼ાનૂન એ છે કે જે શખ્સ કોઈ ઈબાદત કરે તેને હક છે કે તેનો સવાબ અન્યને આપે, ચાહે તે જીવંત હોય કે મુડદુ બન્નેને સવાબ પહોંચાડી શકે છે.

શામી જિલ્દ અવ્વલ પેજ નં. ૮૪૪ માં છે :–

"وفى البحر من صام اوصلىٰ اوتصدق وجعل ثوابه لغيره من الاموات والاحياء جازو يصل ثوابها اليهم عنداهل السنة و الجماعة كذافى البدائع ثم قال وبهذ اعلم انه لافرق بين ان يكون المجعول له ميتااو حياوالظاهرانه لافرق بين ان ينوى به عند الفعل للغيراويفعله لنفسه ثم بعد ذلك يجعل ثوابه لغيره لاطلاق كلامهم وانه لا فرق بين الفرض والنفل ا

**અર્થાત** : બહરુર્રાઈકમાં છે : કોઈએ રોઝો રાખ્યો અથવા નમાઝ પઢી કે સદક઼ો દીધો અને તેનો સવાબ કોઈ મુડદા અથવા જીવંતને બખ્શયો તો જાઈઝ છે. અને એહલે સુન્નતની નઝદીક તેનો સવાબ તે લોકોને પહોંચશે. આ જ પ્રમાણે બદાઈઅમાં છે. પછી કહ્યું, આનાથી માલૂમ થયું કે આ બાબતમાં કોઈ ફરક નથી કે જેને સવાબ બખ્શે તે મુડદો હોય કે જીવંત, અને ન એમાં ફરક છે કે કામ કરતી વખતે તે ગૈરની નિય્યતથી કરવામાં આવે કે પોતાના માટે કરે અને ત્યારબાદ તેનો સવાબ અન્યને બખ્શે. એટલા માટે કે તેમનું કથન મુત્લક છે. અને આ વિષયમાં ફર્ઝ

અને નફલમાં પણ કોઈ તફાવત નથી.

ઈસાલે સવાબ કોઈ નેક અમલ, ફર્ઝ, વાજિબ, સુન્નત, મુસ્તહબ, મુબાહ, મજાઝે શરઈ બદની અથવા માલી કે બંનેના સમૂહને કોઈના આખેરતના લાભની નિય્યતથી કરવો અથવા અન્યની નિય્યત વગર પોતાના માટે કરે તે સમયે અથવા ત્યારબાદ, ઝબાનથી કે ફક્ત દિલથી અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરવુ છે કે તેનો સવાબ ફલાણી વ્યક્તિ અથવા વ્યક્તિઓ મુડદા કે જીવંતને પહોંચે. હવે આ તમામ પ્રસ્તાવનાઓ પછી અસલ સવાલોના જવાબ તરફ ધ્યાનિત થાઉં છું. فأقول وبالله التوفيق

કુર્આન શરીફમાં મુડદાઓ માટે ઈસાલે સવાબના વિવિધ તરીકાઓ બતાવવામાં આવ્યા છે. તેમાંથી જે તરીકા પર અમલ કરશે મુડદાને સવાબ મળશે અને જો કોઈ શખ્સ સર્વ તરીક઼ા પર અમલ કરે તો વધુ બેહતર છે.

## (૦૧) મગફેરતની દુઆ કરવી

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَالَّذِيْنَ جَآءُوْ مِنْۢ بَعْدِهِمْ يَقُوْلُوْنَ رَبَّنَا اغْفِرْ لَنَا وَلِاِخْوَانِنَا الَّذِيْنَ سَبَقُوْنَا بِالْاِيْمَانِ

"તે લોકો જેઓ એમનાથી પછી ઈમાન લાવ્યા, કહે છે : ખુદાવંદા ! અમારા ગુનાહો બખ્શી આપ અને અમારા ભાઈઓની મગફેરત કર, જેઓ અમારાથી પહેલાં ઈમાન લાવ્યા." *(સૂરએ હશ્ર,૫૯/૧૦)*

તફસીરે ક઼બીર, જિલ્દ ૮, પેજ નં. ૧૭૯માં આ આયતે કરીમા હેઠળ છે :–

"اعلم ان قوله والذين جاؤامن بعد هم عطف ايضاعلىٰ المهاجرين
وهم الذين هاجروامن بعد و قيل التابعون باحسان و هم الذين
يحبيئون بعد المها جرين و الانصار الىٰ يوم القيمة و ذكر تعالى
انهم يدعوْن لانفسهم و لمن سبقهم بالايمان وهوقوله يقولون

ربـنـا اغفرلنا ولاخواننا الاية واعلم ان هذه الايات قداستوعبت جـميـع المومنين لانهم اماالمهاجرون اوالانصارا والذين جاء و امـن بعد هم و بين ان شان من جاء بعد المهاجرين والانصار ان يذكرالسابقين وهم المهاجرون والانصار بالدعاء والرحمة فمن لـم يـكن كذالك بل ذكرهـم بسوء كان خارجامن جملة اقسام المومنين بحسب نص هذه الآية.

**અર્થાત** : અલ્લાહ તઆલાનું ફર્માન والذين جاؤ امن بعدهم અત્ફ છે المهاجرين પર, અને તે જ તે લોકો છે જેમણે બાદમાં હિજરત કરી. અને અમુકે કહ્યુ કે જે લોકો ભલાઈની સાથે તેમના તાબે થયા અને તેનાથી તે લોકો મુરાદ છે જે તેમના બાદ કયામત સુધી આવશે. અલ્લાહ તઆલાએ વર્ણન ફર્માવ્યું કે તેમની હાલત એ છે કે તે લોકો પોતાના માટે દુઆ કરે છે અને તે લોકો માટે જે ઈમાનવાળામાં તેમનાથી પહેલ કરનારા થયા. અને તે અલ્લાહ તઆલાનું ફર્માન : يَقُوْلُوْنَ رَبَّنَا اغْفِرْ لَنَا ---الاية છે. અને જાણી લો કે આ આયતોએ મુસલમાનોના સૌ પ્રકારોને ઘેરી લીધા, એટલા માટે કે મો'મિન અથવા મુહાજિરીન છે અથવા અન્સાર અથવા જે લોકો તેમના બાદ થયા. અને બયાન ફર્માવ્યું કે મુહાજિરીન અને અન્સારની પછી જે લોકો થયા તેમની શાન એ હોવી જોઈએ કે આગલા લોકો એટલે મુહાજિરીન અને અન્સારને નેક દુઆ અને રહેમતની સાથે યાદ કરે. અને જે શખ્સ એવો નથી બલ્કે તેમને બુરાઈની સાથે યાદ કરે તો તે આયતે કરીમાના હુકમથી મુસલમાનોના તમામ પ્રકારોથી બહાર છે.

જુમલ હાશિયા તફસીરે જલાલૈન મિસ્રી જિલ્દને ૪ પેજ નં. ૩૧૭માં છે :–

" قـوله الذين سبقونا بالايمان كل واحد من القائلين لهٰذاالقول ان يـقـصد بمن سبقه من انتقل قبله من غيرفاضل وينتهى الىٰ عصر النبى صلى الله تعالىٰ عليه وسلم فيدخل فى اخوانه الذين سبقوه بـالايـمان جميع من تقدمه من المسلمين ولايقصد بالذين سبقوه خـصوص الهاجرين والانصارلقصوره وان كان اصل سبب النزول اه شيـخنا يعنى الذين سبقونا بالايمان. **الذين سبقونا بالايمان**

**અર્થાત** : سَبَقُوْنَا بِالْاِیْمَانِથી મુરાદ એ છે કે દરેક કહેનાર. આ કૌલના من سبقهથી તેમને મુરાદ લે જે લોકો તેના જમાનાથી રસૂલુલ્લાહ ﷺના જમાના સુધી વફાત પામી ચૂક્યા છે. તો આ સ્થિતિમાં તેના "સાબિકીન બિલ્ ઈમાન"માં સંપૂર્ણ રીતે તે સૌ મુસલમાન દાખલ થશે જે તેનાથી પહેલાં મૃત્યુ પામી ચૂક્યા છે. અને આનાથી કેવળ મુહાજિરીન તથા અન્સાર મુરાદ ન લે કેમ કે તેમાં તંગી અને કમી છે, ભલે તે જ લોકો આ આયતના નુઝૂલના અસલ કારણ છે.

આ જ રીતે સાવી હાશિયા તફસીરે જલાલૈન, જિલ્દ નં-૪, પેજ નં. ૧૯૬ માં છે :

"وعبـارتـه هـكذالذين سبقونا بالايمان اى بالموت عليه فيبنغى لكل واحد من القائلين لهٰذا القول ان يقصد بمن سبقه من انتقل قبـله من زمنه الىٰ عصرالنبى صلى الله تعالىٰ عليه وسلم فيدخل جميع من تقدمه من المسلمين

**અર્થાત** : જયારે મુસલમાન દુઆ કરે અને તેમાં اغْفِرْ لَنَا وَلِاِخْوَانِنَا الَّذِيْنَ سَبَقُوْنَا بِالْاِیْمَانِ કહે તો તેનાથી આ ઈરાદો કરે કે જે લોકો અમારાથી પહેલા ઈમાનમાં પહેલ કરનારા થયા છે. એટલે જે લોકો તેના જમાનાથી રસૂલુલ્લાહ ﷺના મુબારક જમાના સુધી મૃત્યુ

પામી ચૂક્યા છે. તો તેમાં સૌ ગુજરેલા મુસલમાન દાખલ થઈ જશે.

હાશિયતુલ્ ફૂનવી હાશિયા તફસીરે બૈઝાવી મિસ્રી, ભાગ : ૭, પેજ : ૧૫૬માં છે :–

" قوله يقولون الاية وفيه ترغيب للخلف اللدعا اللسلف لا سيما العلما الاقدمين فانهم ابآء تعليم الذين وان الدعاء بالمغفرة اهم.

**અર્થાત** : આ આયતે કરીમામાં પૂર્વજો માટે દુઆ કરવા તરફ પાછળ વાળાઓનું ધ્યાન દોરવું છે. વિશેષતઃ પૂર્વજ ઉલમા માટે કેમ કે તેઓ દીની તા'લીમના બાપ છે. અને એ મગફેરતની દુઆ સૌથી ઉત્તમ છે.

હાશિયા શિહાબ ખફફાજી અલલ્ બૈઝાવી મિસ્રી, ભાગ : ૮, પેજ : ૧૮૦ માં છે :–

"وجملة يقولون حالية والمراد بدعاء اللاحق للسابق والخلف السلف انهم متبعون لهم اوهو تعليم لهم بان يدعولمن قبلهم ويذكروهم بالخير.

**અર્થાત** : આ આયતે કરીમામાં વાક્ય يقولون الاية જુમલએ હાલિયા (વર્તમાનકાળ) છે. અને ભૂતકાળ માટે લાગુ અને પૂર્વજો માટે પાછલાઓની દુઆનો, અથવા તો એ અર્થ છે કે તેઓ તેમના અનુયાયી છે, અને તેમના નકશે કદમ પર ચાલે છે. અથવા તેનો એ અર્થ છે કે આ તાલીમ છે કે પાછળનાઓને જોઈએ કે પૂર્વજો માટે દુઆ કર્યા કરે અને તેમને ભલાઈની સાથે યાદ કર્યા કરે.

તફસીરે રૂહુલ બયાન મિસરી ભાગ : ૬, પેજ : ૨૧૦માં છે :

"وفى الآية دليل علىٰ ان الترحم والاستغفارواجب علىٰ المومنين الآخرين للسابقين منهم لاسيما لابائهم و معلميهم امور الدين.

**અર્થાત** : આયતે કરીમા رَبَّنَا اغْفِرْ لَنَا માં આ વાત પર દલીલ છે કે ગુજરેલા મુસલમાનો માટે રહમતની દુઆ કરવી અને મગફેરત માગવી

પાછલા મુસલમાનો પર વાજિબ છે. ખાસ કરીને પોતાના બાપદાદા અને દીની ઉલૂમના અસાતેઝાએ કિરામ (ઉસ્તાઝો) માટે.

કુવ્વતુલ કુલૂબ હઝરત અબૂ તાલિબ મક્કી ભાગ : ૨, પેજ : ૨૪૮માં છે :–

"قال بعض العلما لولم يكن فى اتخاذ الاخوان الا ان احد هم يبلغه موت اخيه فيترحم عليه و يدعو له فلعله يغفر له بحسن نيته ويقال من بلغه موت اخيه فترحم عليه واستغفرله كان شهد جنازة وصلى عليه وقدروينا عن رسول الله صلى الله عليه وسلم مثل الميت فى قبره مثل الغريق يتعلق بكل شىء ينتظر دعوة من ولداووالداواخ وانه ليدخل علىٰ قبورالاموات من دعاء الاحياء من الانوارامثال الجبال ويقال الدعاء للاموات بمنزلة الهداياللاحياء فى الدنيا قال فيدخل الملك علىٰ الميت معه طبق من نور عليه منديل من نور فيقول هذٰه هدية من عنداخيك فلان من عند قريتك فلان قال يفرح بذٰلك كمايفرح الحى بالهدية.

**અર્થાત** : અમુક ઉલમા કહે છે કે જો ભાઈ બનાવવામાં બીજો કોઈ ફાયદો ન હોય તો એ શું ઓછુ છે કે કોઈ શખ્સને તેના દીની ભાઈના મૃત્યુની ખબર પહોંચે છે તેના પર રહમ કરે, તેના માટે દુઆ કરે છે તો કદાચ ! દુઆ કરનારાની નેક નિય્યતથી તે મૈયતની બખ્શિશ કરી આપવામાં આવે. અને કહેવામાં આવે છે કે જે શખ્સને તેના ભાઈના મૃત્યુની ખબર પહોંચે તો તેણે તેના પર રહમ કર્યો અને મગફેરતની દુઆ કરી તો જાણે તેના જનાઝામાં હાજર થયો. અને જનાઝાની નમાઝ પઢી અને અમને રસૂલુલ્લાહ ﷺથી રિવાયત પહોંચી છે કે મૈયતનું ઉદાહરણ કબરમાં એવું છે જેમ કે કોઈ ડૂબતો દરેક ચીજનો સહારો ઢુંઢે

છે. તે દુઆના ઈન્તેજારમાં છે કે છોકરા દુઆ કરે અથવા બાપ કે ભાઈ. અને નિઃશંક ! જીવંતોની દુઆની બરકતથી મુડદાઓની કબરોમાં પહાડની જેમ અન્વાર દાખલ થાય છે. અને કહેવામાં આવે છે કે મુડદાઓ માટે દુઆ કરવી એવી છે જેમ દુનિયામાં ઝિંદાઓને તોહફો આપવો. કહ્યું કે ફરિશ્તા મૈયતની પાસે જાય છે, તેમની સાથે નૂરના તબાક હોય છે જે નૂરના રૂમાલથી ઢાંકેલ હોય છે, અને કહે છે કે આ તોહફો તારા ફલાણા ભાઈનો છે જે ફલાણી જગ્યાનો રહેવાસી છે. તો તે મુડદો આ જોઈને ખુશ થાય છે જે રીતે જીવંત તોહફો પામીને ખુશ થાય છે.

અલ્લામા સૈયદ મુર્તઝા ઝુબૈદી શરહે અહયાઉલ ઉલૂમ મિસરી ભાગ: ૧૦ પેજ : ૩૬૭માં ફર્માવે છે :

”عن ابن عباس عن النبی صلی اللہ تعالیٰ علیہ وسلم ماالمیت فی قبـره الاشبـه الغریق المتغوث تنتظردعوۃ من اب اوام اوصدیق ثقة فـاذ الـحـقته کان احب الیه من الدنیا وما فیها لان اللّٰہ عزوجل لیـد خـل علیٰ اهل القبور من دعاء اهل الدنیا امثال الجبال و ان هدیة الاحیاء للاموات الاستغفار لهم والصدقة عنهم (رواهالدیلمی فـی مسـند الفردوس ورواه البیهقی فی شعب الایمان)

**અર્થાત** : દૈલમી મુસ્નદુલ ફિરદૌસમાં અને બૈહકી શોઅબુલ ઈમાનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરફૂઅન રિવાયત કરી કે નથી મુડદો પોતાની કબરમાં પરંતુ ડૂબતાની જેમ સિફારશીનો ઉમ્મીદવાર છે. રાહ જોઈ રહ્યો છે. બાપ અથવા મા અથવા વિશ્વાસપાત્ર દોસ્તની દુઆની. તો જ્યારે દુઆ તેને પહોંચે છે તો તેને દુનિયા અને જે કાંઈ તેમાં છે તે સૌથી અધિક મેહબૂબ (પ્યારી) હોય છે. એટલા માટે કે અલ્લાહ તઆલા દુનિયાવાળાઓની દુઆથી કબરવાળાઓ પર પહાડ જેવી નેકી અને બરકતો તથા અન્વાર દાખલ કરે છે. અને બેશક ! મુડદાઓ માટે ઝિંદાઓનો તોહફો તેમની મગફેરત માગવી અને

તેમના તરફથી સદકો આપવું છે.

હઝરત શૈખ મુજદ્દિદ ઘણી માતમપુર્સીના પત્રોમાં આ જ હદીષનો હવાલો આપતા, દુઆ તથા સદકાની હિદાયત ફર્માવતા હતા.

મકતૂબાત જિલ્દ અવ્વલ પેજ : ૧૧૦, મકતૂબ ૮૯ માં છે :–

**અર્થાત** : (તમારા મર્હૂમ મૈયત) બહુ એહસાન કરવાવાળા હતા હવે તમારા પર લાઝિમ (અનિવાર્ય) છે કે ઉપકારનો બદલો ઉપકારથી આપો અને દુઆ તથા સદકાથી દરેક ક્ષણે તેમની મદદ કરતા રહો. એટલા માટે કે મુડદુ ડૂબતાની જેમ છે. રાહ જુએ છે, પોતાનાં સ્વજનો બાપ અથવા મા કે ભાઈ કે દોસ્તની દુઆઓની જે તેને પહોંચે છે.)

અને મકતૂબાત જિલ્દ અવ્વલ મકતૂબ ૧૦૪ પેજ–૧૨૧ માં છે :

قال رسول اللّٰہصلی الله تعالیٰ
علیہ وسلم ما المیت فی القبرالاکالغریق المتغوث ینتظر دعوۃ
تلحقہ من اب اوام اوصدیق الٰی قولہ وان ھدیتہ الاحیاء الیٰ
الاموات الاستغفار لھم

**અર્થાત** : મુસીબત જવા પર નથી, બલ્કે દોસ્તની તરફ જવાવાળાના હાલ પર છે. અહીંયા સુધી કે (તે આતૂર રહે છે કે જોઈએ મારા દોસ્તની સાથે) લોકો કેવી રીતે વર્તાવ કરે છે. (એટલા માટે) દુઆ અને ઈસ્તિગફાર તથા સદકાના ઝરીએ મદદ કરવી જોઈએ (જેમ કે) રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મૈયત કબરમાં દુઆઓની રાહ જુએ છે જે પહોંચે છે તેને બાપ અથવા મા અથવા દોસ્તની તરફથી. બેશક ! ઝિંદાઓના તોહફા હદિયા મુડદાઓની તરફ તે (મુડદાઓ) માટે ઈસ્તિગફાર કરવું છે.

કુર્આન શરીફની આયત, તફસીરોની ઈબારત, ઉલમાએ કિરામના સ્પષ્ટિકરણ, અહાદીષની દલીલોએ મુડદાઓ માટે ઈસાલે સવાબના તરીકાને ખૂબ સ્પષ્ટ રીતે જાહેર કરી દીધો કે મુસલમાનો પર ન કેવળ મુસ્તહબ બલ્કે હઝરત અલ્લામા હક્કીનાં કથનુસાર વાજિબ છે કે ગુજરેલા

મુસલમાનો વિશેષતઃ પોતાના બાપ દાદા તથા ઉલમાએ કિરામ અને મશાઈખે એઝામના ઈસાલે સવાબ માટે તેમની મગફેરતની દુઆ કર્યા કરે નહિતર ઈમામ રાઝીની તસ્રીહ મુજબ.

## (૦૨) મા બાપ માટે અલ્લાહ તઆલાથી રહમો કરમ ઈચ્છવું

રબ તઆલા ફર્માવે છે : قُلْ رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا

**અર્થાત** : "અને અર્ઝ કરો કે હે મારા રબ ! તું તે બંનેવ પર રહમ કર જેવો એ બંનેવે મને બચપનમાં ઉછેર્યો." *(સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૨૪)*

તફસીરે રૂહુલ મઆની મિસરી ભાગ–૩, પેજ : ૫૦૮માં છે.

"والظاهر ان الامر للوجوب فيجب علىٰ الولدان يدعو لوالديه بالرحمة.

**અર્થાત** : આ આયતથી એ વાત સ્પષ્ટ છે કે ઔલાદ પર વાજિબ છે કે વાલિદૈન માટે રહમતની દુઆ કર્યા કરે. એટલા માટે કે હુકમ વાજિબ કરવા માટે આવે છે.

જુમલ મિસરી હાશિયા તફસીરે જલાલૈન જિલ્દ દુવમ પેજ : ૬૨૨માં છે :

''قوله وقل رب ارحمهما اى ادع لهما ولو خمس مرات فى اليوم والليلة

(એવું જ સાવી ભાગ–૨, પેજ : ૨૭૧માં છે)

**અર્થાત** : આયતે કરીમા وقل رب ارحمهماનો એ અર્થ છે કે મા બાપ માટે રહમતની દુઆ કર્યા કરે. જો વધારે નહીં તો ઓછામાં ઓછું દિવસ રાતમાં ફક્ત પાંચ જ વાર પણ.

તફસીરે રૂહુલ બયાન, ભાગ–૫, પેજ : ૧૪૮ માં છે :–

"وقل رب ارحمهما وادع الله ان يرحمهما برحمته الباقية ولا تكتف برحمتك الفانية.

**અર્થાત** : અલ્લાહ તઆલાથી દુઆ કરો કે તે પોતાની રહમતે બાક઼ીની સાથે તેમના પર રહમ કરે. તમે માત્ર પોતાની રહમતે ફાની પર બસ ન કરો કે જ્યાં સુધી થઈ શકે તેમની સાથે (સદ્) વર્તાવ કરો.

તેમાં જ છે :

"سئل ابن عيينه عن الصدقة عن الميت فقال كل ذلك واصل اليه ولاشئ انفع له من الاستغفار ولوكان شئى افضل منه لامرت به فى الابوين و يعضد ه قوله عليه السلام ان الله ليرفع درجة العبد فى الجنة فيقول باستغفار ولدك وفى الحديث من سار قبر ابويه اواحد هما فى كل جمعة كان باراً.

**અર્થાત** : ઈબ્ને ઓયૈનાને સવાલ થયો કે મુડદા તરફથી સદક઼ો કરવો કેવું છે ? અને એ પહોંચે છે કે નહીં ? તેમણે જવાબ આપ્યો કે જે કાંઈ તેના માટે કરવામાં આવશે બધુ તેને પહોંચશે. અને કોઈ વસ્તુ ઈસ્તિગફારથી વધીને નથી. એટલા માટે કે જો કોઈ વસ્તુ ઈસ્તિગફારથી શ્રેષ્ઠ હોત તો વાલિદૈનના હક઼્ક઼માં તેનો જ હુકમ હોત. અને તેનું સમર્થન હુઝૂરે અક઼દસ ﷺના આ ઈર્શાદથી થાય છે જે આપે ફર્માવ્યું કે અલ્લાહ તઆલા જન્નતમાં પોતાના બંદાનો દરજ્જો બુલંદ ફર્માવશે. તે બંદો કહેશે, મારા મૌલા ! આ દરજ્જો મને કેવી રીતે મળ્યો ? ઈર્શાદ થશે કે તારા પુત્રના ઈસ્તિગફારના કારણે. અને હદીષ શરીફમાં છે કે જે શખ્સ દર જુમ્આના દિવસે મા બાપ અથવા તેમનામાંથી કોઈ એકની ક઼બરની ઝિયારત કર્યા કરે તે અલ્લાહ તઆલાની નજદીક બાર એટલે નેકોકાર ગણવામાં આવશે.

તફસીરે અબૂ મસ‌ઊદ અલા હામિશ તફસીરે કબીર, ભાગ : ૫, પેજ : ૫૭૨માં છે :

"ولا تكتف برحمتك الفانية بل ادع اللهلهما برحمته الواسعة الباقية وقل رب ارحمهما برحمتك الدنيوية والاخروية التى من

جـملتها الهداية الیٰ الاسلام فلاینافی ذٰلك كفرهما.

**અર્થાત** : વાલિદૈનના હકમાં ફક્ત પોતાની ફાની રહમત પર બસ ન કર બલ્કે તે બંને માટે અલ્લાહ તઆલાથી તેની વિશાળ બાકી (કદી ફના ન થનાર) રહમત માટે દુઆ કર. અને આ પ્રમાણે કહે કે ખુદાવંદ ! તે બંને પર પોતાની દુન્યવી તથા ઉખરવી રહમતની સાથે રહમ ફર્માવ ! અને ઉખરવી રહમત ઉપરાંત ઈસ્લામ તરફ માર્ગદર્શન પણ છે. તો જો કોઈનાં મા બાપ કાફિર હોય, તો પણ આ દુઆ (કરવામાં) વાંધો નથી. એટલા માટે કે કુફ્ર આ દુઆને રોકનાર નથી.

## (03) મૈયત માટે જનાઝાની નમાઝ પઢવી

રબ તઆલા ફર્માવે છે : وَصَلِّ عَلَيْهِمْ ؕ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ ؕ

અર્થાત : "તેમના મૃત્યુ બાદ તેમની જનાઝાની નમાઝ પઢો, એટલા માટે કે તમારું તેમના પર નમાઝે જનાઝા પઢવું તેમના માટે સુકૂન તથા વકાર છે." *(સૂરએ તૌબા, ૯/૧૦૩)*

આ આયતે કરીમાની તફસીરમાં બે કથનો છે :–

(૧) મગફેરતની દુઆ કરવી. આ અર્થથી આ પહેલા તરીકાની દલીલ થશે. અને અમુક ઉલમાએ આ આયતની તફસીર નમાઝે જનાઝાથી કરી છે. ત્યારે આ આયત ત્રીજી સ્થિતિની દલીલ થશે.

તફસીરુલ બહરુલ્ મુહીત, ભાગ : ૫, પેજ : ૯૫ માં છે :–

"قال فی الكافی الصلوٰة علیٰ المیت مشروعة لقوله تعالیٰ وصل علیهم ان صلوتك سكن لهم.

કાફીમાં છે : જનાઝાની નમાઝ મશરૂઅ છે અને તેની દલીલ રબ તઆલાનો આ ઈર્શાદ وَصَلِّ عَلَيْهِمْ ؕ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ ؕ છે.

તફસીરે રૂહુલ મઆની ભાગ : ૩, પેજ : ૩૨૫ માં છે :

"والحمل علىٰ صلاة الميت بعيد وأن روى عن ابن عباس رضى الله عنهما.

**અર્થાત** : આયતે કરીમા وَصَلِّ عَلَيْهِمْથી નમાઝે જનાઝા મુરાદ લેવી દૂર છે. જ્યારે કે આ તફસીર હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે.

આ ઈબારતે (લખાણે) આટલી ખબર આપી કે صَلِّ عَلَيْهِمْથી નમાઝે જનાઝા મુરાદ લેવી ન કેવળ સાહિબે બહરુલ મુહીત અને સાહિબે કાફીનો જાતી મશ્વરો છે, બલ્કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી પણ આ તફસીર મરવી તથા નક્લ થયેલ છે. રહ્યું અલ્લામા આલૂસી બગદાદી રૂહુલ્ મઆનીના સંપાદકનું હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماની રિવાયત છતાં તેને દૂર બતાવવું બુદ્ધિ તથા ઈલ્મથી દૂર છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની ઈલ્મી શાનની જલાલત અને તે પણ ખાસ તફસીરના ફનમાં, તેનાથી સ્પષ્ટ કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ તેમના માટે દુઆ اللّٰهم علّمه الكتاب ફર્માવી.

તે આ આયતે કરીમાની તફસીર ફર્માવે છે અને કુર્આનના શબ્દો તેને ઈચ્છનાર ઉલમાએ કિરામ નમાઝે જનાઝાના સબૂત અને દલીલ ક્રાયમ કરવામાં આ આયતને પેશ કરે છે. રૂહુલ બયાનવાળા તેને નક્લ કરીને મુક્રર્રર રાખે છે. આ સૌ વાતો છતાં અલ્લામા આલૂસી તેને દૂર કહે છે. હદીષથી સાબિત થતા સહાબાએ કિરામના કથનને કુર્આનની તફસીરમાં દૂર બતાવવું ગલત હિમ્મત અને ઈલ્મ તથા બુદ્ધિની શાનથી ખૂબ જ દૂર છે.

ઈમામ જલાલુદ્દીન સિયૂતિ તફસીરે દુર્રે મન્થૂર, ભાગ : ૩, પેજ : ૨૭૫માં આ આયતની તફસીરમાં સર્વ હદીષોમાંથી એક આ હદીષ લખે છે :–

"واخرج ابن ابی شیبة عن خارجة بن زید عن عمه یزیدبن ثابت

وکان اکبر من زید قال خرجنامع رسول الله صلی الله علیه و

سلم فلما وردنا البقیع اذاهو بقبر جد ید فسأل عنه فقالو افلانة

فعرفها قال افلا اذ نتمو نی بها فقا لو اکنت قائلا فکر هنا ان

نوذیك فقال لا تفعلو امامات منکم میت مادمت بین اظهرکم

الا اذنتمونی فان صلاتی علیه رحمة.

ઈબ્ને અબી શૈબાએ હઝરત યઝીદ બિન ષાબિતથી રિવાયત કરી કે અમે હુઝૂરે અક્દસ ﷺની સાથે ચાલ્યા તો જ્યારે જન્નતુલ બક્રીઅ પહોંચ્યા તો હુઝૂર ﷺએ એક નવી ક્બ્ર જોઈ. આપે પૂછયું, તો લોકોએ કહ્યું કે ફલાણી સ્ત્રીની ક્બ્ર છે ! તો આપે તેને ઓળખી લીધી. ઈર્શાદ થયો કે તમે લોકોએ મને ખબર કેમ ન આપી ? લોકોએ કહ્યું, હુઝૂર કૈલૂલા (બપોરે જમ્યા બાદ થોડીવાર સૂઈ જવું) ફર્માવી રહ્યા હતા તો અમે નાપસંદ કર્યું કે હુઝૂરને તકલીફ દઈએ. ફર્માવ્યું, આવું ન કર્યા કરો, જ્યાં સુધી હું તમારામાં છું તો ન મૃત્યુ પામે તમારામાંથી કોઈ શખ્સ, પરંતુ મને જરૂર ખબર આપ્યા કરો, એટલા માટે કે મારું નમાઝ પઢવું મૈયત માટે રહ્મત છે.

والحدیث رواه بن ماجة فی سننه و ابن حبان فی صحیحه و

الحاکم فی المستدرک فی الفضائل وسکت عنه و روی نحوه

البخاری ومسلم ص

આ મસ્અલાનું સમર્થન આ આયતે કરીમાથી પણ થાય છે જે અલ્લાહ તબારક વ તઆલાએ મુનાફિક્રીનના બારામાં ઈર્શાદ ફર્માવી :-

لَا تُصَلِّ عَلٰۤی اَحَدٍ مِّنۡهُمۡ مَّاتَ اَبَدًا "મુનાફિક્રોમાં જે શખ્સ મરી જાય તેની જનાઝાની નમાઝ આપ ન પઢો." *(સૂરએ તૌબા, ૯/૮૩)*

તફસીરે બૈઝાવી શરીફમાં આ આયતે કરીમા હેઠળ છે :

" والـمـرادمن الصلاة الدعاء للميت والاستغفار له وهو ممنوع فـى حق الكافر.

**અર્થાત :** સલાતથી મુરાદ મૈયત માટે **દુઆ તથા તેની મગફેરત માગવી** છે અને **કાફિર માટે આ મના** છે.

હાશિયા ખફફાઝી અલલ્ બૈઝાવી, ભાગ : ૪, પેજ : ૩૫૨માં છે :

" ان الـمـراد بالصلاة عليه صلاة الميت المعروفة وانما منع منها عـليـه لان صلاة الميت دعاء واستغفار واستشفاع له وقد منع من الـدعاء لميتهم فيماتقدم فى هذه السورة لقوله تعالىٰ سواء عليهم استغفرت لهم اولـم تستغفر لهم لن يغفرالله لهم و قوله تعالىٰ ان تستغفر لهم سبعين مرة فلن يغفر الله لهم.

આ આયતમાં સલાતથી મુરાદ નમાઝે જનાઝા મઅરુફા છે. અને મુનાફિકીન માટે મનાઈનું કારણ એ છે કે મૈયત પર નમાઝ પઢવું, દુઆ અને મગફેરત માગવી અને શફાઅત કરવું છે. અને મુનાફિક મુડદાંઓ માટે દુઆ કરવી પ્રથમ લાભ વિનાનુ અને મનાઈ થઈ ચૂક્યું છે.

سَوَآءٌ عَلَيۡهِمۡ اَسۡتَغۡفَرۡتَ لَهُمۡ اَمۡ لَمۡ تَسۡتَغۡفِرۡ لَهُمۡ ط

**અર્થાત :** "તેમના માટે સરખુ જ છે તમે તેમની માફી ચાહો કે ન ચાહો." *(સૂ. મુનાફિકૂન, ૬૩/૬)*

اِنۡ تَسۡتَغۡفِرۡ لَهُمۡ سَبۡعِيۡنَ مَرَّةً فَلَنۡ يَّغۡفِرَ اللّٰهُ لَهُمۡ ط

**અર્થાત :** "જો તમે ૭૦ વાર તેમની માફી ચાહશો તો અલ્લાહ કદાપિ તેમને બખ્શશે નહીં" *(સૂ. તૌબા, ૯/૮૦)*

આ આયતોથી માલૂમ થાય છે કે જ્યારે મુનાફિન માટે ઈસ્તિગફાર, દુઆ, નમાઝે જનાઝા મના છે. તો અનિવાર્ય છે કે મુસલમાનો માટે આ સર્વે વાતો ન કેવળ જાઈઝ બલ્કે વાજિબ અને શરીઅત મુજબ હોવી જોઈએ, નહીંતર તેની (મુનાફિકની) બેઈજ્જતી કેવી રીતે થશે ?

ઈમામ રાઝી તફસીરે કબીર, ભાગ : ૪, પેજ : ૭૦૯મા આ આયતે કરીમા હેઠળ ઈર્શાદ ફર્માવે છે :–

" اعلم انه تعالیٰ امر رسوله بان یسعیٰ فی تخذ یلهم و اهانتهم و اذلالهم فالذی سبق ذکره فی الآیة الاولی وهومنعهم من الخروج معه الیٰ الغزوات سبب قوی من اسباب اذلالهم واهانتهم وهذا الذی ذکره فی هذه الآیة وهومنع الرسول من ان یصلی علیٰ من مات منهم سبب اٰخر قوی فی اذلالهم و تخذیلهم.

**અર્થાત** : અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના રસૂલને હુકમ આપ્યો કે, મુનાફિક઼ોને રુસ્વા કરવા, બેઈજ્જત કરવા, ઝલીલ કરવાની કોશિશ કરે. તો ગુજરેલ આયતમાં રસૂલુલ્લાહ ﷺનુ સાથે યુદ્ધોમાં જવાની મનાઈ કરવી એક મજબૂત કારણ તેઓની ઝિલ્લત તથા બેઈજ્જતીનું છે. અને જે આ આયતમાં વર્ણવેલ છે એટલે નબી ﷺને તેમની જનાઝાની નમાઝથી રોકવું, તેમને ઝલીલ કરવા અને બેઈજ્જત કરવાનું બીજુ મજબૂત કારણ છે.

## (૦૪) મુસલમાન મુડદાની ક઼બ્ર પર જવું અને તે સ્થળે રોકાવું અને તેની ઝિયારત કરવી

وَّلَا تَقُمْ عَلٰى قَبْرِهٖ "અને ન તેમની ક઼બ્ર પર ઉભા રહેશો."

*(સૂરએ તૌબા, ૯/૮૪)*

તફસીરે બૈઝાવીમાં છે :– "ولاتقف عند قبره للدفن اوللزيارة ـ"

હાશિયા કનવા અલલ્ બૈઝાવી, ભાગ : ૪, પેજ : ૭૧માં છે :–

" أی النهی عن القیام نهی عن الوقوف.مطلقا کنایة اومجازأو کان صلی الله تعالیٰ علیه وسلم یقوم علیٰ قبورالمنافقین ویدعولهم ثم نهی عن ذلك حین مات رئیس المنافقین.

**અર્થાત** : ક્યામથી મના કરવું મુતલકન રોકાવાથી કિનાયતન્ અથવા મજાઝન્ મનાઈ છે. અને હુઝૂરે અક્દસ ﷺ પહેલાં મુનાફિક઼ોની ક઼બ્ર પર પણ રોકાતા અને તેમના માટે દુઆ કરતા હતા. જયારે મુનાફિક઼ોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈય મર્યો તો તેનાથી મનાઈ થઈ ગઈ.

તફસીરે કબીર, ભાગ : ૪, પેજ : ૭૧૦માં છે :–

"ثم قال و لا تقم علىٰ قبره وفيه وجهان،الاول قالَ الزجاج كان رسول اللّٰهصلى الله تعالىٰ عليه وسلم اذادفن الميت وقف علىٰ قبره و دعا له فمنع ههنا منه الثانى قال الكلبى لا تقم باصلاح مهمات قبره.

**અર્થાત** : આયતે કરીમા وَلَا تَقُمْ عَلٰى قَبْرِهٖ ની બે તફસીરો છે : (૧) ઝુજાજે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺની આદતે કરીમા એ હતી કે જ્યારે કોઈ મુડદાને દફન કરતા અને તેની ક઼બ્ર પર રોકાતા અને તેના માટે દુઆ કરતા તો તેનાથી રોકી દેવામાં આવ્યા અને (૨) તફસીર એ છે કે એનાથી મના કરી દેવામાં આવ્યા કે ક઼બ્રની મુશ્કેલીઓમાં આસાની માટે આપ મુનાફિક઼ોની ક઼બ્ર પર ન રોકાવ.

તફસીરે અબી સઊદ, ભાગ : ૪, પેજ : ૭૦૨માં છે :–

"اى لا تقف عليه للدفن اوللزيارة اوللدعاء.

**અર્થાત** : ''મુનાફિક઼ની ક઼બ્ર પર આપ ઉભા ન રહો, ન દફન માટે, ન ઝિયારત માટે, ન દુઆ માટે.''

તફસીરે રૂહુલ બયાન, ભાગ : ૨, પેજ : ૫૫૯માં છે :–

"ولا تقم علىٰ قبره أى لاتقف عند قبره للدفن اوللزيارة والدعاء وكان النبى صلى اللّٰه تعالىٰ عليه وسلم اذادفن الميت وقف

علیٰ قبرہ و دعا لہ انھم کفر و اباللّٰہ و رسولہ تعلیل للنھی علیٰ
ان الا ستغفار للمیت و الوقوف علیٰ قبرہ انمایکون لاستصلا
حہ وذلك مستحیل فی حقھم لانھم استمر واعلیٰ الکفر باللّٰہ و
برسولہ مدۃ حیاتھم قال الحافظ ؎

આયતે કરીમા وَلَا تَقُمْ عَلٰی قَبْرِهٖ નો આ અર્થ છે કે આપ મુનાફિક઼ની ક઼બ્ર પર ન રોકાવ, દફન કે ઝિયારત તથા દુઆ માટે. અને હુઝૂરે અક઼દસ ﷺની આદત હતી કે જ્યારે મુડદો દફન કરવામાં આવતો તો તેની ક઼બ્ર પર રોકાતા અને તેના માટે દુઆ કરતા. અલ્લાહ તબારક વ તઆલાનો આ ઈર્શાદ : اِنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ આ "નહી" (જેનાથી રોકવામાં આવ્યા)થી ઈલ્લત છે. એટલા માટે મુડદા માટે મગફેરતની દુઆ કરવી અને તેની ક઼બ્ર પર રોકાવું તેના ફાયદા માટે હોય છે. અને આ મુનાફિક઼ોના હક્ક઼માં અશક્ય છે. કેમ કે તેઓ જિંદગીભર અલ્લાહ તથા રસૂલની સાથે કુફ્ર પર ક઼ાયમ રહ્યા.

જેમ કે હઝરત હાફેઝ શિરાઝી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

بہ آب کوثر و زمزم سفید نتواں کرد ۔ گلیم بخت کسے را کہ بافتند سیاہ

**અર્થાત** : "જેના નસીબાની કમલીની બનાવટ જ કાળી હોય, તેને કૌષર તથા ઝમઝમનું પાણી પણ સફેદ નથી કરી શકતું."

આ આયતે કરીમાથી જણાયું કે તે બદ્નસીબોના હુકમમાં તેમના કુફ્રના કારણે લાભ ન હોવાના લીધે જ્યારે ક઼બ્ર પર રોકાવું મના કરી આપવામાં આવ્યું તો મુસલમાનો માટે તે હુકમ રીતસર બાકી રહ્યો, કેમ કે તેમના (મો'મિનો) માટે લાભદાયક છે.

કુર્આન શરીફની આ આયતોથી ઈસાલે સવાબના ચાર તરીક઼ા સાબિત થયા : (૧) મગફેરતની દુઆ (૨) રહ્મતની દુઆ (૩) જનાઝાની નમાઝ (૪) ક઼બ્ર પર રોકાવું અને દુઆ કરવી.

આમાં નમાઝે જનાઝાની પદ્ધતિ તો સ્પષ્ટ તરીક઼ાથી ફિક઼્હની કિતાબોમાં વર્ણવેલ છે. રહ્યું મગફેરતની દુઆ અને રહ્મતની દુઆ તથા ક઼બ્ર પર રોકાવું તો કુર્આન શરીફમાં તેનું સ્પષ્ટ બયાન વર્ણવેલ નથી કે કેવી રીતે દુઆ કરવી જોઈએ ? અને તેના આદાબ તથા શરતો શું છે ? પરંતુ ઈલ્મવાળા અને સમજદાર પર છુપુ નથી કે જ્યારે આ દુઆ છે તો જે આદાબ તથા શરતો દુઆની પોતાની જગ્યાએ લખેલ છે આ દુઆ માટે પણ તેનો લેહાઝ જરૂરી છે.

તે ઘણા હુકમો છે, જેનું લંબાણપૂર્વક વર્ણન હઝરત મૌલાના મૌલ્વી મુહમ્મદ નક઼ી અલીખાં رحمۃ اللہ علیہની સંપૂર્ણ કિતાબ ''અહસનુલ વુઆ લિ આદાબિદુઆ'' અને આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન સૈયદી મુર્શિદી મૌલાના શાહ અહમદ રઝાખાં ક઼ાદરી બરકાતી બરેલ્વી કુદસ સિર્રહુલ્ કવીના નામના હાશિયા ''ઝીલુલ મુદઆ લિ અહસનિલ વુઆ''માં વર્ણવેલ છે. જો બધા હુકમોનો ખયાલ ન કરી શકે તો કમસે કમ બે ત્રણ વાતનો ખયાલ કરવો જરૂરી છે. જેથી જે દુઆ કરો ક઼બૂલ થવાની મજબૂત ઉમ્મીદ હોય.

**પ્રથમ** : કુર્આન શરીફની અમુક સૂરતો કે આયતો પઢો કે કુર્આન શરીફ પછી દુઆ ક઼બૂલ થાય છે.

કન્ઝુલ ઉમ્માલ, ભાગ : ૧, પેજ : ૧૨૯માં છે :–

"عن جابررضی اللّٰہ عنہ قال قال رسول اللّٰہ صلی اللہ تعالیٰ علیہ
وسلم ان لقاری القرآن دعوۃ مستجابۃ فان شاء صاحبہا عجلہا
فی الدنیا و ان شاء اخرہا الیٰ الآخرۃ (رواہ بن امردویہ)

**અર્થાત** : કુર્આન શરીફ પઢનારની દુઆ ક઼બૂલ થાય છે તો જો ઈચ્છે તો દુનિયામાં જલ્દી લઈ લે અને જો ઈચ્છે તો આખેરત માટે મોડુ કરે.

તેમાં પેજ–૧૩૨માં છે : –

”عن ابی امامة رضی اللّٰہ عنه قال قال رسول اللّٰہصلی الله تعالیٰ علیه وسلم خیرکم من قرء القران واقراهٔ لحامل القرآن دعوة مستجابة یدعو بهافیستجاب له (رواه البیهقی فی شعب الایمان)

**અર્થાત** : તમારામાં શ્રેષ્ઠ તે શખ્સ છે જે કુર્આન શરીફ પઢે અને કુર્આન શરીફ પઢાવે. અને કુર્આનના હાફિઝની દુઆ મક઼બૂલ થાય છે, જે દુઆ કરે છે, ક઼બૂલ કરવામાં આવે છે.

તેમાં પેજ–૧૩૩માં છે : –

”عن عمران ابن حصین قال قال رسول اللّٰہصلی الله تعالیٰ علیه وسلم من قرء القرآن فلیسال اللّٰہ به فانه سیاتی اقوام یقرؤن القرآن ویسألون به الناس(رواه ابن ابی شیبة والطبراتی فی الکبیر و البیهقی فی شعب الایمان)

**અર્થાત** : જે શખ્સ કુર્આન પઢે તેને જોઈએ કે અલ્લાહ તબારક વ તઆલાથી તેના વસીલા દ્વારા માગે, એટલા માટે કે એક ક઼ૌમ એવી આવશે જે કુર્આન પઢશે અને લોકો પાસે તેના ઝરીયે માગશે.

હવે રહી એ વાત કે કઈ કઈ સૂરતો પઢે ? કઈ કઈ આયતો પઢે ? તેમાં અધિકાર છે કોઈ ખાસ સૂરત જરૂરી નથી. હા ! જે જે સૂરતોનો સવાબ વિશેષતા સાથે વર્ણવેલ છે. જેમ કે સૂરએ ફાતિહા અથવા સૂરએ બક઼રહ્‌ની શરૂ અને છેવટની આયતો, આયતુલ કુર્સી, સૂરએ યાસીન, ઈન્ના અઅ્‌તયના, કુલ યા ઐયુહલ્ કાફિરૂન, કુલ હુવલ્લાહુ અહદ, મુઅવ્વ્ઝતૈન, સૂરએ નાસ, સૂરએ ફલક વગેરે તેમનું પઢવું અફઝલ તથા શ્રેષ્ઠ છે.

કન્ઝુલ ઉમ્માલ, ભાગ : ૧, પેજ : ૧૩૯માં છે :–

"عن ابی رضی اللّٰہ عنہ قال قال رسول اللّٰہصلی اللہ تعالیٰ علیہ وسلم ماانزل اللّٰہ فی التوریة والانجیل مثل ام القران وھی السبع المثانی (روداہ الترمذی والنسائی)

**અર્થાત :** તૌરાત તથા ઈન્જીલમાં કોઈ સૂરત અલ્લાહ તબારક વ તઆલાએ સૂરએ ફાતિહા જેવી નથી નાઝિલ ફર્માવી અને આ સબ્એ મષાની છે.

તેમાં જ પેજ–૧૩૯માં છે :–

"عن ابی الدرداء قال قال رسول اللّٰہصلی اللّٰہ تعالیٰ علیہ وسلم فاتحة الکتاب تجزی مالا تجزی شیء من القرآن ولوان فاتحة الکتاب جعلت فی کفة المیزان وجعل القرآن فی الکفة الاخریٰ لفضلت فاتحة الکتاب علیٰ القران سبع مرات (رواہ الدیلمی مسند الفردوس)

**અર્થાત :** "સૂરએ ફાતિહા એ કામમાં કિફાયત કરે છે કે કોઈ ચીજ કુર્આનથી કિફાયત નથી કરતી. અને જો સૂરએ ફાતિહા એક પલ્લામાં રાખવામાં આવે અને બાકીનું કુર્આન બીજા પલ્લામાં તો સૂરએ ફાતિહા એનાથી સાત ઘણી વધુ થશે."

એને દયલમીએ મુસ્નદુલ ફિરદોસમાં રિવાયત કરી છે :–

وعن انس قال قال رسول اللّٰہ صلی اللّٰہ تعالیٰ علیہ وسلم افضل القرآن الحمد اللہ رب العٰلمین

**અર્થાત :** "સૂરએ ફાતિહા કુર્આન શરીફમાં સૌથી અફઝલ છે."

એમાં જ છે :–

"عن ابی امامة رضی اللہ عنہ قال قال رسول اللہ صلی اللہ تعالیٰ علیہ وسلم اربع انزلت من کنز تحت العرش ام الکتاب وآیة

الـكرسى وخواتيم البقرة والكوثر (رواه الطبرانى فى الكبير وابو الشيــخ وا الـضيـاء)

**અર્થાત** : "ચાર સૂરતો છે જે એ ખજાનાથી નાઝિલ કરવામાં આવી જે અર્શની નીચે છે. સૂરએ ફાતિહા, આયતુલ કુર્સી, સૂરએ બક્રહની અંતિમ આયતો તથા સૂરએ કૌષર."

એમાં જ પેજ ૧૪૦માં છે :–

"عن ابى هر يرة قال قال رسول الله عليه وسلم لكل شىء سنام وان سـنام القرآن سورة البقرة وفيها اية هى سيده اى القرآن آية الـكرسى (رواه الترمذى)

**અર્થાત** : "દરેક ચીજના માટે એક ટોચ છે અને કુર્આન શરીફની ટોચ સૂરએ બક્રહ છે. અને એમાં એક આયત છે જે કુર્આન શરીફની સર્વ આયતોની સરદાર છે એટલે આયતુલ કુર્સી. *(તિર્મિઝી)*

એમાં જ છે પેજ ૧૪૦માં છે :–

"عن ابى هريرة رضى الله عنه قال قال رسول الله صلى الله تعالىٰ عليه وسلم سورة البقرة فيها اية سيده اى القران لا تقرء فى بيت وفيه شيبطان الاخرج منه اية الكرسى.

**અર્થાત** : "સૂરએ બક્રહમાં એક આયત છે જે કુર્આનની સર્વ આયતોની સરદાર છે. ન પઢવામાં આવશે એ આયત કોઈ એવા ઘરમાં જેમાં શૈતાન હોય, પણ તેની બરકતથી શયતાન દૂર થઈ જશે, અને તે આયતુલ કુર્સી છે." એમાં જ પેજ નં. ૧૪૪ પર છે :–

"عـن انـس قـال قـال رسول الله صلى الله تعالىٰ عليه وسلم ان لـكـل شىء قلب وقلب القرآن يٰس، من قراء يٰس كتب له بقرأته قـرأ ة القران عشر مرات.

**અર્થાત** : દરેક ચીજના માટે દિલ હોય છે અને કુર્આન શરીફનું દિલ સૂરએ યાસીન છે. જે શખ્સ સૂરએ યાસીન પઢે તેના માટે તેને પઢવાનો સવાબ દસ વાર કુર્આન શરીફ પઢવાના બરાબર લખવામાં આવશે.''

એમાં જ પેજ–૧૪૪ પર છે :

” من قرء یٰس ابتغاء وجه اللّٰه غفرالله له ماتقدم من ذنبه فاقرؤها عـند موتاكم (رواه البيهقى فى شعب الايمان عن معقل بن يسار)

**અર્થાત** : ''જે શખ્સ અલ્લાહ તઆલાને રાજી કરવાના માટે સૂરએ યાસીન પઢે, અલ્લાહ તઆલા તેના આગલા ગુનાહ બખ્શી દેશે. જેથી આ સૂરતને તમારાં મુડદાં પાસે પઢયા કરો.'' એમાં જ છે :–

”عـن ابـن عمر رضى اللّٰه تعالىٰ عنهما قال قال رسول اللّٰه صلى الـلـه تعالىٰ عليه وسلم قل ياايهاالكفرون تعدل ربع القرآن (رواه الـطبـرانـى فى الكبير والحاكم)

قُلْ يَاۤاَيُّهَا الْكٰفِرُوْنَ ચોથાઈ કુર્આનના બરાબર છે.

અને قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ નું તો શું કહેવું ! કે એના ફઝાઈલ ચમકતા સૂરજ જેમ જાહેર છે. કન્ઝુલ ઉમ્માલ, ૧/૧૪૫માં છે :–

”عن ابى سعيد الخدرى رضى اللّٰه عنه قال قال رسول اللّٰه صلى الـلـه تـعـالىٰ عليه وسلم قل هوالله احد تعدل ثلث القران (رواه الامـام مالك والامام احمد والبخارى وابو داؤد الترمذى ورواه مسلم عن ابى الدرداء و رواه الترمذى وا بن ماجة عن ابى هريرة و رواه النسائى عن ابى ايوب ورواه الامام احمد وابن ماجة عن ابـى مسـعـود الانـصارى و رواه الطبرانى عن ابن مسعود ورواه البزارعن جابروابى عبيدة عن ابن عباس رضى اللّٰه عنهم اجمعين)

**અર્થાત** : "અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ત્રીજા ભાગના કુર્આન બરાબર છે. તેને ઈમામ માલિક, અબૂ દાઊદ તથા તિર્મિઝીએ રિવાયત કરી છે. અને ઈમામ મુસ્લિમે અબૂ દરદાથી રિવાયત કરી છે. અને રિવાયત કરી તેને તિર્મિઝી તથા ઈબ્ને માજહએ અબૂ હુરૈરહથી. અને રિવાયત કરી તેને નિસાઈએ અબૂ ઐયૂબથી, અને રિવાયત કરી ઈમામ અહમદ તથા ઈબ્ને માજહએ અબૂ મસઊદ અન્સારીથી. અને રિવાયત તેને તિબ્રાનીએ ઈબ્ને મસઊદથી, તેને બઝ્ઝારે જાબિર તથા અબૂ ઓબૈદાથી અને તેમણે ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَથી."

એમાં જ છે :

"عن عقبة بن عامر قال قال رسول اللّٰه صلى الله تعالىٰ عليه و سلم انزل على اٰيات لم ير مثلهن قط قل اعوذبرب الفلق و قل اعوذبرب الناس (رواه الامام احمد و الترمذى والنسائى) و فى رواية اقرء المعوذتين فانك لن تقرء مثلها(رواه الطبرانى عنه ) و فى رواية ياعقبة الاعلمك خيرسورتين قرء تاقل اعوذبرب الفلق وقل اعوذبرب الناس ياعقبة اقرء بهماكلمانمت وقمت ماسئال سائل ولا استعاذ مستعيذ بمثلهما(رواه الامام احمد وا لنسائى والحاكم عن عقبت بن عامر)

**અર્થાત** : "મારા પર કેટલીક આયતો નાઝિલ થઈ કે એના જેવી કદી કોઈ ચીજ નથી જોવામાં આવી. તે قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ તથા قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ છે. મુઅવ્વઝતૈન (આ બે સૂરતો) પઢયા કરો, એટલા માટે કે તમો કદાપિ એના સમાન પઢશો નહીં, મતલબ એ છે કે આ બંનેવ સૂરતો અજોડ છે. એક રિવાયતમાં છે : હે ઉક્બા ! શું હું તમને બે

બેહતરીન સૂરતો ન બતાવું ?! قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ અને قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ. હે ઉકબા ! એ બંનેવ સૂરતોને પઢો જ્યારે સૂઓ અને જ્યારે ઉભા થાવ. નથી સવાલ કર્યો કોઈ કરવાવાળાએ અને ન પનાહ પકડી કોઈ પનાહ પકડવાવાળાએ કોઈ ચીજની સાથે જે આ બે સૂરતોની જેમ હોય. એટલે કે આ બંનેવ દરેક ચીજથી બેહતર છે.

**૨.** શરૂ તથા અંતમાં દુરૂદ શરીફ પઢે કે દુઆ આસ્માન તથા જમીન વચ્ચે અધ્ધર રહે છે જ્યાં સુધી રસૂલુલ્લાહ ﷺ અને તેમની આલ પર દુરૂદ શરીફ ન પઢવામાં આવે.

કન્ઝુલ ઉમ્માલ, ૧/૧૨૩માં છે :–

"عن علی کرم اللّٰہ وجهه کل دعاء محجوب حتیٰ یصلی علیٰ النبی صلی اللہ تعالیٰ علیه وسلم(رواه البیهقی فی شعب الایمان ورواه الدیلمی فی مسند الفردوس عن انس رضی اللّٰہ تعالیٰ عنه)

**અર્થાત** :બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરે છે, દરેક દુઆ અલ્લાહ તઆલાને ત્યાં કબૂલ થવાથી રોકાયેલી હોય છે જ્યાં સુધી રસૂલુલ્લાહ ﷺ પર દુરૂદ શરીફ ન પઢે."

એમાં જ પેજ–૨૧૩માં છે :–

"عن سعید بن المسیب عن عمر بن الخطاب رضی اللّٰہ عنهما قال ان الدعاء موقوف بین السماء والارض ولا یصعد منه شئی حتیٰ تصلی علیٰ نبیك صلی اللّٰہ علیه و سلم، رواه الترمذی قال الحافظ العراقی فی شرحه وهوان کان موقوفاعلیه فمثله لایقال من قبل الرائی وانماهوا مر تو قیفی فحکمه حکم المرفوع کما صرح به جماعة من الائمة اهل الحدیث والاصول.

**અર્થાત** :"હઝરત સઈદ બિન મુસૈયિબ, હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ

رضی اللہ عنہاથી રિવાયત કરે છે. તેમણે કહ્યું કે દુઆ આસ્માન તથા જમીનમાં રોકાયેલી રહે છે, તે ઉપર ઊંચે નથી જતી જ્યાં સુધી રસૂલુલ્લાહ ﷺ પર દુરૂદ શરીફ ન મોકલવામાં આવે. એને તિર્મિઝીએ રિવાયત કરી. હાફિઝ ઈરાકી એની શરહમાં ફર્માવે છે કે આ હદીષ જો કે મૌકૂફ છે પણ આવી વાત પોતાની બુધ્ધિથી કોઈ નથી કહી શકતો. એ તો શારેઅ (હુઝૂર)ની તરફથી જ માલૂમ થઈ શકે છે, એટલા માટે એનો હુકમ મરફૂઅ હદીષનો છે. જેમ કે હદીષના ઈમામો તથા ઉસૂલના ઉલમા એ સ્પષ્ટતા કરી.''

"عن عمر قال ذكرلي ان الدعاء يكون بين السماء والارض لا يصعد منه شيء حتى يصلى علىٰ النبى صلى الله عليه وسلم رواه ابن راهويه بسند صحيح.

**અર્થાત** : ''મુહદ્દિષ ઈબ્ને રાહૂવિયાએ સહીહ સનદની સાથે હઝરત અમીરુલ મો'મિનીન ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત કરી. મને વર્ણવવામાં આવ્યું કે દુઆ આસ્માન તથા જમીનની દરમિયાન રહે છે, ઊંચી નથી થતી જ્યાં સુધી રસૂલુલ્લાહ ﷺ પર દુરૂદ શરીફ ન પઢવામાં આવે.''

"عن عمرقال رسول الله صلى الله عليه وسلم اذادعا الداعى فان الدعاء موقوف بين السماء والارض فاذاصلىٰ علىٰ النبى صلى الله عليه واله وسلم رفع رواه الديلمى وعبد القادر الرهاوى فى الاربعين وقال وروى عن عمر موقوفا من قوله وهوا صح من المرفوع.

**અર્થાત** : ''હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે : તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે દુઆ કરનાર દુઆ કરે છે તો તેની દુઆ આસ્માન તથા જમીન વચ્ચે રોકાય રહે છે. જ્યારે નબી ﷺ પર

દુરૂદ પઢે છે ત્યારે તે બુલંદ (ઊંચી) થાય છે. આ હદીષને દયલમી તથા અબ્દુલક઼ાદિર રહાવીએ અર્બઈનમાં રિવાયત કરી અને કહ્યું કે આ હદીષ હઝરત ઉમરથી મૌકૂફન પણ મરવી છે. અને એ સનદના એતબારથી મરફૂઅથી અસ્સહ છે.

એમાં જ પેજ–૨૧૪માં છે :–

"عن علی رضی اللّٰه عنه قال کل دعا محجوب عن السماء حتیٰ یصلی علیٰ محمد و علیٰ ال محمد رواه عبید الله بن ابی حفص العیشی فی حدیثه و عبدالقادر الرهاوی فی الاربعین والطبرانی فی الکبیر و البیهقی فی شعب الایمان.

**અર્થાત** : "કોઈ દુઆ આસ્માન સુધી નથી જતી જ્યાં સુધી મુહમ્મદે અરબી ﷺ તથા તેમની આલ પર દુરૂદ શરીફ ન પઢવામાં આવે."

આ હદીષમાં "અલા મુહમ્મદ" પછી "વ અલા આલિ મુહમ્મદ" અધિક છે. એના માટે બેહતર એ જ છે કે દુરૂદ શરીફ કામિલ પઢે જેમાં "આલિહી વ અસ્હાબિહી" સૌનું વર્ણન હોય.

૩. દુઆથી પહેલાં કોઈ નેક અમલ કરે કે ખુદાવંદે આલમની રહમત તેના પ્રતિ ધ્યાનિત થાય. ખાસ કરીને સદક઼ો કે આ બારામાં સંપૂર્ણ અસર ધરાવે છે.

રબ તઆલા ફર્માવે છે :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا نَاجَيْتُمُ الرَّسُوْلَ فَقَدِّمُوْا بَيْنَ يَدَىْ نَجْوٰكُمْ صَدَقَةً

**અર્થાત** : "મુસલમાનો ! જ્યારે રસૂલે ખુદાથી મુનાજાત (દુઆ) કરવા ચાહો તો મુનાજાત પહેલાં સદક઼ો આપી લો."

*(સૂ. મુજાદિલહ, રુકૂઅ–૨)*

તફસીરે ખાઝિન, ૪/૨૪૧ માં છે :–

"يعنى اذا اردتم مناجاة رسول الله صلى الله عليه وسلم فان الانسان اذا وجد الشئى بمشقة استعظمه وان وجده بسهولة استحقره ونفع كثير من الفقراء بتلك الصدقة المقدمة قبل المناجاة و مثله فى التفسير الكبير جلد ٨ ص ١٦٦

**અર્થાત :** "આ આયતે કરીમાનો મતલબ એ છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ સાથે મુનાજાતનો ઈરાદો કરો તો સરગોશી (ધીમી વાતચીત) કરતા પહેલાં સદકો આપો અને એ સદકો આપવાનો ફાયદો રસૂલુલ્લાહ ﷺથી મુનાજાતની તાઝીમ છે. એટલા માટે કે **માણસ જ્યારે કોઈ ચીજને તકલીફ ઉઠાવ્યા પછી હાંસલ કરે છે તો તેની ક઼દર હોય છે અને જે ચીજ કશીય માથાકૂટ વિના મળી જાય છે તેની ક઼દર નથી થતી.** બીજો ફાયદો આ સદક઼ાનો એ કે ઘણા ફ઼ક઼ીરોને લાભ પહોંચાડે છે."

વિચારવાની વાત છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺની સાથે મુનાજાતની આ ક઼દર છે તો ખુદાથી મુનાજાત તથા હાજતો અરજ કરવાના મહત્વનો તક઼ાઝો એના પરથી જાહેર થાય છે. એ માન્યું કે હવે એ હુકમ ફરજ રૂપે લાગુ નથી રહ્યો, પણ એની સાથોસાથ મુસ્તહબ તથા અફ઼ઝલ હોવામાં કાંઈ કહેવાપણુ નથી અને ગરીબોને એનાથી નફ઼ો પહોંચવાનો તો દરેક શખ્સ પોતાની આંખો વડે અનુભવ કરે જ છે.

ફકીર (લેખક) ગુફિરલહૂ કહે છે : આ જ આયત મુસલમાનોના આ દસ્તૂર તથા મામૂલની મૂળભૂત દલીલ છે કે જ્યારે બુઝુર્ગોના મઝાર પર ફાતિહા તથા ઝિયારત માટે જાય છે તો શીરીની વગેરે કોઈ ચીજ ગરીબોમાં વહેંચવા માટે લઈ જતા હોય છે.

હવે આ આયતો તથા હદીષોને સામાન્યપણે જમા કર્યા બાદ ઈસાલે સવાબની બેહતરીન સ્થિતિ એ સાબિત થઈ કે જ્યારે કોઈ મોટા અથવા નાના, ઉસ્તાદ અથવા મશાઈખની મૈયત માટે ઈસાલે સવાબ કરવા ચાહે

તો કબર પર તેની જાય અને શીરીની વગેરે વહેંચવા માટે લાવે, પછી કુર્આન શરીફની સૂરતો કે આયતો પઢે પછી શરૂમાં તથા છેવટમાં દુરૂદ શરીફ પઢીને એ મૈયતના માટે રહમત તથા મગફેરતની દુઆ કરે કે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી કબૂલિયતની ઉમ્મીદ છે. અને આ જ તરીકો આગલા પાછલા મુસલમાનોમાં ઈસાલે સવાબનો પ્રસિધ્ધિ પામેલ તથા રિવાજ પામેલો છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## બીજા સવાલનો જવાબ

રસૂલુલ્લાહ ﷺ અને ખુલફાએ રાશિદીન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના મુબારક યુગમાં મુડદાંના ઈસાલે સવાબ માટેના વિવિધ તરીક઼ાઓ હતા, જેમાંથી વિચારણાના અંતે અત્યારે ફક઼ીર (લેખક)ના ખયાલમાં ૨૫ તરીક઼ા કૌલી તથા ફેઅલી હદીષો તથા ઉલમાએ કિરામના સ્પષ્ટ કથનોથી સાબિત થાય છે. તેમજ અત્યારના ઉલમા તથા મશાઈખના સતત અમલથી તેનું સમર્થન થાય છે.

فاقول وباللّٰه التوفيق وبه الوصول الىٰ ذرىٰ التحقيق:

**(પ્રથમ તરીક઼ો)**

## સૂરએ યાસીન શરીફ પઢવું, જેને પઢવું સકરાતના સમયથી જ સાબિત છે

સુનને અબૂ દાઊદ, ૨/૮૯માં હઝરત મઅક઼લ બિન યસાર رضی اللہ عنہથી મરવી છે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

" اقـرء وايس علىٰ موتاكم (ورواه ابن ماجة والنسائى واعله ابن القطان و صححه ابن حبان)

"તમારાં મુડદાંઓ પર સૂરએ યાસીન પઢો."

મિર્ક઼ાત શરહે મિશ્કાત, ૨/૨૮૨માં છે :–

"قـال القرطبى حديث اقرء واعلىٰ موتا كم يٰس هذا يحتمل ان تـكـون عـنـد قبره كذاذ كره السيوطى فى شرح الصدور

**અર્થાત :** "કુર્તબી ફર્માવે છે કે اقراء واعلى موتاكم يٰس આ હદીષના બે અર્થ છે : પ્રથમ એ કે મરનારની પાસે તેની હયાતમાં પઢવામાં આવે,

અને બીજો એ કે તેની કબર પર પઢવામાં આવે. એ જ પ્રમાણે અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ "શરહુસ્સુદૂર ફી અહવાલિલ્મૌતા વલ્કુબૂર"માં વર્ણવ્યું છે."

"وعن معقل بن يسار قال قال رسول اللّٰه صلى الله عليه وسلم من قرء يٰس ابتغاء وجه اللّٰه غفرالله له ماتقدم من ذنبه فاقرؤها عند موتاكم(ورواه البيهقى فى شعب الايمان ،كنز العمال جلد اول ص ١٤٤)

**અર્થાત** : "જે શખ્સ અલ્લાહ તઆલાની રઝાના માટે સૂરએ યાસીન પઢે અલ્લાહ તેના સર્વ પાછલા ગુનાહ માફ કરી આપે. તો તમે એને મુડદાંઓની પાસે પઢયા કરો."

મિર્કાત શરહે મિશ્કાત, ૨/૬૦૬માં લખે છે :–

"(فاقرؤها عند موتاكم) اى مشرفى الموت اوعند قبور امواتكم فانهم احوج الىٰ المغفرة.

**અર્થાત** : મુડદાથી મુરાદ તે છે જે મૃત્યુની નજીક છે, અથવા એ મતલબ છે કે મુડદાંની કબરની પાસે સૂરએ યાસીન પઢો, એટલા માટે કે એ લોકો મગફિરતના માટે અધિકતર મોહતાજ છે."

### *(બીજો તરીકો)*

## મૈયતને ચૂમવું અને બોસો આપવો

"عن ام المومنين الصديقة رضى اللّٰه عنها قالت ان رسول اللّٰه صلى الله عليه وسلم قبل عثمان بن مظعون وهو ميت وهويبكى حتى سال دموع النبى صلى الله عليه وسلم علىٰ وجه عثمان (رواه ابو داؤدا لترمذى وا بن ماجة ورواه ابوداؤد الطيالسى الىٰ ص٢٠١ قوله وهو ميت)

**અર્થાત :** "હુઝૂરે અક઼દસ ﷺએ હઝરત ઉષ્માન બિન મઅઝૂન رضی اللہ عنہનો બોસો આપ્યો જ્યારે કે તે મુર્દા આંસુ હઝરત ઉષ્માનના ચહેરા પર વહ્યાં."

"وعنها قالت اقبل ابو بكر رضى الله عنه علىٰ فرسه من مسكنه بالسخ حتى نزل فدخل المسجد فلم يكلم الناس حتى دخل علىٰ عائشه رضى الله عنها فتيمم النبى صلى الله عليه وسلم وهو مسجى ببرد جرة فكشف عن وجهه ثم اكب عليه فقبله فبكى الحديث(رواه البخارى وروى الترمذى وابن ماجة وابو دائود الطيالسى ص ٢٣٧) و مثله مختصر اولفظ ابى دائود فقبل جبهته و عنها ان ابابكر قبل بين عينى النبى صلى الله عليه وسلم وهوميت (رواه النسائى فى باب تقبيل الميت واين يقبل منه)

**અર્થાત :** "હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રિવાયત છે કે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ પોતાના ઘોડા પર પોતાના મકાનથી જે સખમાં આવેલ હતું ત્યાંથી આવ્યા. ત્યાં સુધી કે ઘોડાથી ઉતર્યા, મસ્જિદમાં દાખલ થયા તો કોઈનાથી વાત ન કરી ત્યાં સુધી કે આઈશા رضی اللہ عنہاના ત્યાં તશરીફ લાવ્યા તો હુઝૂર ﷺની પાસે જવાનો ઈરાદો કર્યો અને આપને યમની ચાદર ઓઢાડી દેવામાં આવેલ હતી. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ આપનો ચેહરો મુબારક ખોલ્યો અને આપની તરફ ઝુકયા. પછી આપને બોસો આપ્યો અને રડયા. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે કે હઝરત અબૂબક્ર સિદ્દીકે રસૂલુલ્લાહ ﷺની બંનેવ આંખોની વચ્ચે બોસો આપ્યો એ હાલમાં કે આપ વિસાલ ફર્માવી ચૂકયા હતા."

અલ્લામા અયની ઉમ્દતુલ ક઼ારી શરહે બુખારી, ૪/૧૬માં લખે છે :

"فیہ جواز تقبیل المیت بفعل ابی بکررضی اللہ عنہ و کان ابو بکر فی تقبیلہ النبی صلی اللہ تعالیٰ علیہ وسلم لم یفعلہ الا قدوۃ بہ علیہ الصلوۃ والسلام لمار وی الترمذی مصححا ان رسول اللہ صلی اللہ تعالیٰ علیہ وسلم دخل علیٰ عثمان بن مظعون وھو میت فاکب علیہ وقبلہ ثم بکی بحتی رایت الدموع تسیل علیٰ وجنتیہ.

**અર્થાત :** "આ હદીષથી જાણવા મળ્યું કે **મૈયતને બોસો આપવો જાઈઝ છે** અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના અમલના કારણે. અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ એને નથી કર્યું પણ હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمના જ અનુસરણથી. જેવું કે તિર્મિઝીએ રિવાયત કર્યું અને એ હદીષ સહીહ બતાવી કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمહઝરત ઉષ્માન ઈબ્ને મઝઊનની પાસે તેમના ઈન્તેકાલ બાદ તશરીફ લઈ ગયા અને એમના પર ઝુકયા અને બોસો આપ્યો, ત્યાં સુધી કે મેં જોયું કે હુઝૂરનાં આંસૂ બંનેવ ગાલો પર વહી રહ્યાં છે."

ફકીર ગુફિરલહુલ્મૌલુલ્કદીર (લેખક) કહે છે : "કદાચ મુસલમાનોમાં કબ્રને બોસાનો રિવાજ આ જ હદીષ પરથી થયો કે મુલાકાતીની દિલી ખ્વાહિશ તો એ હોય છે કે સાહિબે મઝાર (મઝારવાળા)ને બોસો આપે, પરંતું જ્યારે એના માટે તો લાચાર છે તો ઉપરથી જ બોસો આપી લેવું પૂરતુ સમજે છે. અને જેવી રીતે કબરની માટી મુડદાના જોવા તથા મુલાકાતીની વાત સાંભળવામાં આડરૂપ નથી એ જ પ્રમાણે બોસો આપવામાં પણ આડરૂપ નથી, એટલા માટે કે કબરની માટી એ લોકો માટે કાચના સ્થાને છે.

અલ્લામા મુર્તઝા ઝુબૈદી શરહે અહયાઉલ ઉલૂમ, ૧૦/૩૬૭માં ફર્માવે છે :–

"قال الحافظ ابن رجب انبانی علی بن عبدالصمد بن احمد البغدادی عن ابیه قال اخبرنی قسطنطین بن عبدالله الرومی سمعت اسد بن موسیٰ یقول کان لی صدیق فمات فرائیته فی المنام وهو یقول سبحان الله جئت الیٰ قبر فلان صد یقك قرأت عنده و ترحمت علیه و انا ماجئت الی ولا قربتنی قلت له و ماید ریك قال لماجئت الیٰ قبر صدیقك فلان رایتك قلت کیف رائیتنی و التراب علیك قال مارایت الماء اذا کان فی الزجاج مایبین قلت بلیٰ قال فکذالك نحن نریٰ من یزورنا.

**અર્થાત** : "હાફિઝ ઈબ્ને રજબ પોતાની સનદની સાથે અસદ બિન મૂસાથી રિવાયત કરે છે. તે કહેતા હતા કે મારા એક દોસ્તનો ઈન્તેકાલ થઈ ગયો તેને ખ્વાબમાં જોયો કે કહે છે, સુબ્હાનલ્લાહ ! તમે ફલાણા દોસ્તની કબ્રની પાસે તેની ઝિયારતના માટે આવ્યા અને કુર્આન શરીફ પઢયું અને રહમતની દુઆ કરી, અને ન મારી પાસે આવ્યા અને ન નજીક થયા ? મેં તેમને પૂછયું, તમને શું ખબર ? તેણે કહ્યું કે જયારે તમારા ફલાણા દોસ્તની પાસે આવ્યા તો મેં તમને જોયા. મેં કહ્યું, તમે મને કેવી રીતે જોયો તમારા પર તો માટીનો ઢગલો હતો ?! કહ્યું કે તમે ન જોયું કે પાણી જયારે કાચમાં હોય છે તો નથી જાહેર થતું ?! મેં કહ્યું, કેમ નહીં ! કહ્યું કે એ જ પ્રમાણે અમે તેને જોઈએ છીએ જે અમારી ઝિયારત માટે આવે."

આ કબ્રના બોસાનું દષ્ટાંત એવું જ છે કે સામાન્યતઃ મુસલમાન કુર્આન શરીફને ગિલાફ તથા જુઝદાનની સાથે બોસો આપે છે તો એ બોસો ગિલાફ તથા જુઝદાનના કપડાને કોઈ નથી સમજતુ બલ્કે કુર્આન શરીફને બોસો આપવાનું સમજવામાં આવે છે. એ જ પ્રમાણે કબ્રની ઉપર બોસો એ બુઝુર્ગને આપવું ખયાલ કરવામાં આવે છે. ولنعم من قال

اگر بوسہ بر قبر مرداں زنی ۔ بمردی کہ پیش آیت روشنی

તદ્ ઉપરાંત સહાબીઓના અમલોથી પણ ક઼બ્રના બોસાની અસલિયત માલૂમ થાય છે.

ઈબ્ને અસાકિર, ઝયદ અબૂ દરદા رضی اللہ عنہની સનદથી રિવાયત કરે છે :

"لمارحل عمر بن الخطاب رضى الله عنه من فتح بيت المقدس فصارالى جابية سأله بلا ل ان يقره بالشام ففعل وذكرقصة نزوله بـد اريا قال ثم ان بلا لا رائى النبى صلى الله تعالىٰ عليه وسلم و هـو يـقـول ماهٰذه الجفوة يابلال! اماآن لك ان تزورنى يابلال ا فانتبه حزينا و جلا خائفا فركب را حلته وقصد المدينة واتىٰ قبر النبى صلى الله تعالىٰ عليه وسلم فجعل يبكى عنده ويمرغ وجهه عليه فاقبل الحسن والحسين رضى الله عنهما فجعل يضمهما و يقبلهما الخ.

**અર્થાત** : "જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ બયતુલ મુક઼દ્દસ ફતહ કરીને પરત થયા અને જાબિયહ પહોંચ્યા તો હઝરત બિલાલે કહ્યું કે એમને શામમાં મુક઼ર્રર કરે. અમીરુલ મો'મિનીને એવું જ કર્યું. ત્યારબાદ રાવીએ તેમના ત્યાં પહોંચવાનો અને નદીમાં ઉતરવાનો બનાવ વર્ણવ્યો અને કહ્યું કે, પછી હઝરત બિલાલ رضی اللہ عنہએ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمને ખ્વાબમાં જોયા કે ફર્માવે છે કે હે બિલાલ ! આ શું જુલ્મ છે ? તારા માટે એ સમય નથી આવ્યો કે તું મારી ઝિયારતના માટે આવે ?! આ ખ્વાબને જોઈને તે ખૂબ જ પરેશાન, ભયભીત થઈને જાગ્યા અને રાહિલા પર સવાર થયા અને મદીના તયબહની વાટ પકડી. જ્યારે મદીના પહોંચ્યા તો રોઝએ મુતહ્હરા પર હાજર થયા. ક઼બ્ર શરીફ પાસે પહોંચીને રડવા લાગ્યા અને પોતાનો ચહેરો ક઼બર પર રગડવા લાગ્યા. એટલામાં ઈમામ હસન તથા ઈમામ હુસૈન رضی اللہ عنہما તશરીફ લાવ્યા, તો હઝરત

બિલાલ તે બંનેવને લપેટવા લાગ્યા તથા ચૂમવા લાગ્યા.

*(વફાઉલ વફા બ અખ્બારે દારુલ મુસ્તફા, ૨/૪૦૮)*

જો ક઼બ્રનો બોસો મુત્લક઼ન નાજાઈઝ હોત તો હઝરત બિલાલ رضی اللہ عنہના يمرغ وجهه عليهનો શો અર્થ થશે ? એ થશે કે એ તો આનાથી પણ વધીને છે. એમાં જ છે :–

" قال العزفى كتاب العلل والسوالات لعبدالله بن احمد بن حنبل عن ابيه رواية على بن الصوف عنه قال عبدالله سألت ابى عن الرجل يمس منبر رسول الله صلى الله تعالىٰ عليه وسلم ويتبرك به ويقبله ويفعل بالقبر مثل ذلك رجاء ثواب الله تعالىٰ قال لا باس به.

**અર્થાત** : અબ્દુલ્લાહ કહે છે કે મેં મારા વાલિદ બુઝુર્ગવાર હઝરત ઈમામ અહમદ બિન હંબલને પૂછયું : તે શખ્સ વિશે જે રસૂલુલ્લાહ ﷺના મિમ્બરને હાથ લગાડે અને તેને બોસો આપે છે. અને ક઼બર મુબારકની સાથે પણ આવું જ કરતો એટલે બોસો આપતો અને હાથ લગાડતો. અને તેમાં અલ્લાહ તઆલાથી સવાબની અપેક્ષા રાખે છે. આપે ફર્માવ્યું કે તેમાં વાંધો નથી.

વફાઉલ વફા ભાગ–૨, પેજ : ૪૪૩માં છે : અબુલ હુસૈન યહ્યા બિન હુસૈન અખબારે મદીનામાં લખે છે :–

" اقبل مروان بن الحكم فاذار جل ملتزم القبر فاخذ مروان برقبته ثم قال هل تدرى ماتصنع؟ فاقبل عليه فقاله نعم انى لم آت الحجر ولم آت اللبن انماجئت رسول الله صلى الله عليه وسلم لاتبكوا علىٰ الدين اذاوليه اهله ولكن ابكوا عليه اذاوليه غيراهله قال الحنطب و ذلك الرجل ابوايوب الانصارى.

**અર્થાત** : "મરવાન બિન હકમ રોઝએ અક઼દસ પર હાજર થયો. જોયું કે એક શખ્સ કબર મુબારક સાથે લપેટાએલો છે. મરવાને તેની ગરદન પકડી અને પૂછયું, તમે જાણો છો કે શું કરી રહ્યા છો ? તે શખ્સ તેની તરફ ધ્યાનિત થયો અને ફર્માવ્યું કે હા ! હું પથ્થર પાસે નથી આવ્યો અને ન ઈંટ પાસે આવ્યું છું ! હું તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની પાસે આવ્યો છું. ન રડો દીન પર જ્યારે તેના લીડર, લીડરને પાત્ર હોય, પરંતુ તે સમયે રડો જ્યારે અપાત્ર લીડર હોય. મુત્તલિબ બિન અબ્દુલ્લાહ બિન હન્તબ હદીષના રાવી વર્ણન કરે છે કે તે શખ્સ જે ક઼બર મુબારક સાથે લપેટાયેલા હતા હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ હતા."

વફાઉલ વફા ભાગ–૨, પેજ : ૪૪૩માં છે : હઝરત અમીરૂલ મો'મિનીન અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે :–

"لمار مس رسول اللّٰہ صلی اللہ علیہ وسلم جاء ت فاطمة رضی اللہ تعالیٰ عنها فوقفت علیٰ قبرہ صلی اللہ علیہ وسلم واخذت قبضة من تراب القبرو وضعت علیٰ عینیها و بکت وانشاء ت تقول: ـــہ

ماذا علیٰ من شم تربة احمد　　ان لا یشم مدی الزمان غوالیا

صبت علی مصائبٌ لو انها　　صبت علیٰ الا یام صرن لیا لیا

**અર્થાત** : જ્યારે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمનો વિસાલ થયો તો હઝરત ફાતેમા ઝોહરા رضی اللہ عنہا હાજર થયાં. ક઼બર મુબારકની પાસે ઉભાં થયાં. અને સાહિબે લૌલાક صلی اللہ علیہ وسلمની ક઼બર મુબારકથી થોડીક માટી લઈને પોતાની આંખોમાં લગાવી અને રડયાં અને આ બે પંક્તિ પઢી :

જે શખ્સે રોજ એ અક઼દસની પવિત્ર માટી સુંઘવાનો શરફ હાંસલ કર્યો હોય જો મુદ્દત સુધી કોઈ ખુશ્બુ ન સુંઘે તો કોઈ વાંધો નથી. મારા પર એવી મુસીબતો પડી કે જો દિવસો પર તે મુસીબતો પડત તો દુઃખના માર્યા દિવસ રાત થઈ જાત.

વફાઉલ્ વફા ભાગ–૨, પેજ : ૪૪૪ તેમાં જ છે :

" وذكر الخطيب ابن حملة ان ابن عمر رضى الله عنهما كان يضع يده اليمنىٰ علىٰ القبر الشريف وان بلالا رضى الله عنه وضع خديه عليه ايضا.

**અર્થાત** : ખતીબ બિન હમલાએ વર્ણન કર્યું કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર પોતાનો જમણો હાથ કબર શરીફ પર મૂકતા હતા. અને હઝરત બિલાલ رضی اللہ عنہ એ તેમના બંને ગાલોને પણ કબર મુબારક પર મૂકયા.

વફાઉલ વફા ભાગ–૨, પેજ : ૪૪૪ એમાં છે :–

" قال الحافظ ابن حجرا ستنبط بعضهم من مشروعية تقبيل الحجرالاسود جواز تقبيل كل من يستحق التعظيم من آدمى وغيره فاماتقبيل يدآدمى فسبق فى الادب واما غيره فنقل عن احمد انه سئل عن تقبيل منبر النبى صلى الله عليه وسلم و قبره فلم يربه باساً واستبعد بعض اتبا عه صحته عنه ونقل عن ابن ابى الصيف اليمانى احد علماء مكة من الشافعية جوازتقبيل الصحف واجزاء الحديث و قبورالصالحين وانشد: ؎

امر على الد يار د يار ليلىٰ — اقبل ذاالجدار و ذا الجدار
وما حب الديار شغفن قلبى — ولكن حب من سكن الديار

و نعم من قال: ؎

અને કોઈએ શું ખૂબ કહ્યું છે :–

چوں بگزری اے باد بصحر اے مدینہ ۔ یاد آراز یں عاشق شیدائے مدینہ
کن عرض سلامم بہ نیاز یکہ تو داری ۔ بر کوچہ و بازار و مکا نہا ئے مدینہ

હાફિઝ બિન હજરે હજરે અસ્વદનો બોસો દેવો જાઈઝ હોવાથી

પ્રત્યેક તે વસ્તુના બોસાનું જાઈઝ હોવું સાબિત કર્યું છે જે તા'ઝીમને પાત્ર છે. ચાહે આદમી હોય કે આદમી ન હોય પરંતુ આદમીના હાથને ચુમવું અદબ ગણાયું પણ માનવી સિવાયનો બોસો તો ઈમામ અહમદથી મનકૂલ છે કે તેમને મિમ્બર શરીફ તથા કબર મુબારકના બોસા વિશે પ્રશ્ન થયો તો આપે ફર્માવ્યું કે વાંધો નથી. પરંતુ અમુક ઈમામ અહમદના અનુયાયીઓએ તેનો ઈન્કાર કર્યો. ઈબ્ને અબીસ સયફ યમાની શાફઈ આલિમથી નકલ થયેલ છે કે આપે કુર્આન શરીફને ચૂમવું, હદીષના ટુકડાને ચુમવું તથા સાલેહીનની કબરનો બોસો જાઈઝ રાખ્યો. અને તૈયબ નાશિરીએ મુહિબ્બ તબરીથી નકલ કર્યું કે કબરને બોસો દેવો અને તેને હાથ લગાડવો જાઈઝ છે. અને કહ્યું કે આના પર જ ઉલમાએ સાલેહીનનો અમલ છે. અને આ પંક્તિ પઢી :

હું પસાર થાઉં છુ ઘરો પાસેથી એટલે લૈલાના ઘરો પાસે તો બોસો દઉં છું આ દિવાલને અને તે દિવાલને અને એ ઘરોની મહબ્બત મારા દિલમાં નથી પ્રવેશી પરંતુ તેની મહબ્બત જે તે ઘરોમાં રહે છે.

અલ્લામા ઐની શરહે બુખારી ભાગ : ૪ પેજ : ૬૦૭માં ફર્માવે છે :

"واماتقبيل الا ماكن الشريفة علىٰ قصدالتبرك و كذلك تقبيل ايدى الصالحين وارجلهم نهو حسنٌ محمود باعتبار القصد وا لنية وقدسأل ابوهريرة رضى الله عنه ان يكشف له المكان الذى قبله رسول الله صلى الله عليه وسلم وهو سرته فقبله تبركاباثاره وذريته صلى الله عليه وسلم وقد كان ثابت البنانى لايدع يده انس رضى الله عنه حتى يقبلها و يقول: يد مست يدرسول الله صلى الله عليه وسلم و قال ايضاو اخبرنى الحافظ ابو سعيد بن العلائى قال رايت فى كلام احمد بن حنبل فى جزء قديم عليه خط بن ناصر و غيره من الحفاظ ان الامام احمد سئل عن تقبيل

قبر النبی صلی الله علیه وسلم و تقبیل منبره قال لا باس به قال فاریناه للشیخ تقی الدین ابن تیمیه فصار یتعجب من ذلك و یقول عجبت احمد عندی جلیل یقوله هذ کلامه اومعنی کلامه وقال وای عجب فی ذلك وقدروینا عن الا مام احمد انه غسل قمیصا للشا فعی و شرب الما ء الذی غسله به واذا کان هذا تعظیمه لاهل العلم فکیف بمقادیرالصحابة و کیف بآثارالا نبیاء علیهم الصلوة والسلام'.

અમારા શૈખ ઝયનુદ્દીને ફર્માવ્યું કે બરકતવંત સ્થળોને તબર્રુકની નિય્યતથી બોસો દેવો અને એ જ રીતે બુઝુર્ગોના હાથ પગને ચૂમવા શ્રેષ્ઠ અને પસંદીદા છે, ઈરાદા અને નિય્યત સાથે. અને હઝરત અબૂ હુરૈરા رضی اللہ عنہએ હઝરત ઈમામ હસન رضی اللہ عنہને કહ્યું કે આપ તે જગ્યાને ખોલો જ્યાં રસૂલુલ્લાહ ﷺએ બોસો દીધો હતો અને તે જગ્યા ડૂંટી છે. પછી હઝરત અબૂ હુરૈરહએ તે જગ્યાએ હુઝૂર અક્દસ ﷺના આષાર અને ઔલાદની સાથે બરકત લેવા માટે બોસો દીધો. અને સાબિત બુનાની હઝરત અનસ رضی اللہ عنہના હાથ ન છોડતા, અહીયાં સુધી કે તેના પર બોસો દેતા. અને કહેતા કે આ તે હાથ છે જેણે રસૂલુલ્લાહ ﷺના હાથ પકડયા છે. અને ફર્માવ્યું કે : મને હાફિઝ અબૂ સઈદ ઈબ્ને અલાઈએ ખબર આપી કે મેં ઈમામ અહમદ બિન હંબલનું કલામ એક પુરાણા પ્રતમાં જોયું જેના પર અલ્લામા ઈબ્ને નાસિર વગેરે હુફ્ફાઝનું લખાણ છે કે ઈમામ અહમદ બિન હંબલને કોઈએ હુઝૂરે અક્દસ ﷺની ક્બર મુબારક અને મિમ્બર શરીફને બોસો આપવા અંગે પ્રશ્ન કર્યો. આપે ફર્માવ્યું કે તેમાં વાંધો નથી. તે કહે છે કે અમે શૈખ તકીયુદ્દીન ઈબ્ને તૈમિયાને દેખાડયું તો તે આશ્ચર્ય કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે આશ્ચર્ય છે ! ઈમામ અહમદ બિન હંબલ મારા બુઝુર્ગ છે તે આવી વાત કહે છે ? આ કહ્યું અથવા આની જેમ કહ્યું. મારા શૈખે ફર્માવ્યું કે આમાં આશ્ચર્યની શું

વાત છે ? અમને ઈમામ અહમદ બિન હંબલથી રિવાયત પહોંચી છે કે તેમણે ઈમામ શાફઈનો ઝબ્બો ધોયો અને તેનું ધોવાણનું પી ગયા. તો જ્યારે તે ઈલ્મવાળાની આટલી હદે ઈજ્જત અને સન્માન કરે છે તો સહાબાની તા'ઝીમની કદર કોણ બતાવી શકે છે ? પછી અંબિયાએ કિરામના આષારનું શું કહેવું !

*(ત્રીજો તરીકો)*

## કોઈ બુઝુર્ગોના પહેરેલ બરકતવાળાં કપડાંમાં કફન આપવું છે

"عن ام عطية الانصارية رضى الله عنهاقالت دخل علينا رسول الله صلى الله عليه وسلم حين توفيت ابنته فقال اغسلنها ثلاثا او خمسا او اكثر من ذلك ان رائيتن ذلك بماء وسدر واجعلن فى الآخرة كافورا او شيئا من كافور فاذا فرغتن فاذ ننى فلما فرغنا اذناه فاعطانا حقوه فقال اشعرنها اياه تعنى ازاره.

**અર્થાત :** હઝરત ઉમ્મે અતિયા અન્સારિયા رضی اللہ عنہاથી રિવાયત છે. તેમણે કહ્યું, જે સમયે હુઝૂર ﷺની સાહબઝાદીનો ઈન્તિકાલ થયો ત્યારે આપ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે ફક્ત પાણી અથવા બોરડીનાં પાન ઉકાળેલા પાણીથી ત્રણ અથવા પાંચ વાર ગુસલ દો. અને જો જરૂરત જુઓ તો તેથી વધુવાર અને છેવટમાં કાફૂર (કપુર) લગાવો. અને જ્યારે ગુસલ દઈને ફારિગ થાઓ તો મને ખબર આપો. તેણી કહે છે કે જ્યારે અમે ગુસ્લ દઈને ફારિગ થયાં તો હુઝૂરને ખબર આપી. હુઝૂરે પોતાનો તેહબંદ મુબારક અર્પણ કર્યો કે આને શરીરથી લાગેલ રાખો. (આને રિવાયત કરી બુખારીમાં ભાગ–૧, પેજ : ૧૩૯ તથા મુસ્લિમ તથા અબૂ દાઉદ તથા તિર્મિઝી તથા નિસાઈએ)

અલ્લામા ઐની શરહ બુખારી ભાગ–૪, પેજ : ૪૬માં ફર્માવે છે :

"والحکمة فیه التبرك باثاره الشریفة وانمااخره الیٰ فراغهن من الغسل ولم ینا ولهن ایاه اولا لیکون قریب العهد من جسده الشریف حتی لایکون بین انتقاله من جسده الیٰ جسدها فاصل وهوا صل فی التبرك بآثار الصالحین.

**અર્થાત** : આમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના આષાર શરીફા સાથે બરકત પ્રાપ્ત કરવાની છે. અને હુઝૂરે તે સ્ત્રીઓના ગુસલથી ફારિગ થવા સુધી તેને મોડુ કર્યું અને પ્રથમથી જ અતા ન ફર્માવ્યો જેથી આપના જિસ્મ મુબારકથી નજીકના સમયમાં શરીર મુબારકથી હોય, ત્યાં સુધી કે હુઝૂરના જિસ્મ મુબારકથી કાઢવા અને હઝરત સાહબઝાદીના પહેરવામાં કોઈ આડ ન રહે. આ હદીષ સાલેહીનના આષારની સાથે બરકત હાંસલ કરવાની અસલ તથા દલીલ છે.

અલ્લામા કસ્તલાની શરહે બુખારી ભાગ–૨ પેજ નં. : ૨૧૫માં ફર્માવે છે : "انما فعل ذلك لینا لها برکة ثوبه.

**અર્થાત** : અને હુઝૂરે અકદસ ﷺએ આ એટલા માટે જ કર્યું જેથી આપના લિબાસ મુબારકની બરકત તેમને પહોંચે.

ઈમામ નવવી શરહે મુસ્લિમ ભાગ :૧, પેજ : ૨૦૫માં આ હદીષ હેઠળ ફર્માવે છે :–

"والحکمة فی اشعار هابه تبریکها به ففیه التبرك بآثار الصالحین ولباسهم.

**અર્થાત** : હઝરત ઝયનબ رضی اللہ عنہا તેહબંદ મુબારક પહેરાવવામાં હિકમત આ લિબાસના સબબે બરકત દેવું છે. તો આ હદીષમાં સાલેહીનના આષાર અને તેમના લિબાસ દ્વારા બરકત લેવાની દલીલ છે.

બુખારી શરીફ ભાગ : ૧, પેજ : ૧૪૧માં હઝરત સહલ رضی اللہ عنہથી રિવાયત છે :–

જેમાં એક સ્ત્રીએ ચાદર ભેટ આપવા અને હુઝૂર અક્દસ ﷺના પહેરવા, પછી એક સહાબીના માગવા, કૌમના વાંધો ઉઠાવવાનું વર્ણન છે. ત્યારબાદ તે સહાબી رضی اللہ عنہનો જવાબ વર્ણવેલ છે.

”قال انی واللہ ماسئا لتہ لالبسہ انما سئا لتہ لتکون کفنی قال سہل فکانت کفنہ.

**અર્થાત** : માગનાર (સહાબી)એ કહ્યું કે ખુદાની કસમ ! મેં જિંદગીમાં પહેરવા માટે તેને નથી માગી પરંતુ એટલા માટે માગી કે આ બરકતવંત કપડુ હુઝૂર ﷺનુ પહેરેલ કપડુ મારુ કફન હોય. હઝરત સહલ ફર્માવે છે કે ખરેખર તે ચાદર તેમના કફનમાં આપવામાં આવી.

અલ્લામા ઐની ભાગ–૪, પેજ : ૧૭૦ પર તેની સ્પષ્ટતામાં આ હદીષના ફાયદાઓ વર્ણન કરતા લખે છે :

”وفیہ التبرك باثار الصالحین وفیہ برکۃ مالبسہ مما یلی جسدہ.

**અર્થાત** : આ હદીષમાં સાલેહીનના આષાર (અવશેષો)થી બરકત લેવું છે તદ્ઉપરાંત તેમાં તે કપડાનું બરકતવંત હોવું છે જે હુઝૂરના જિસ્મ મુબારકથી નજીક થયું છે.

”وزوی ابن عبدالبر عن ابن عباس قال لماماتت فاطمۃ ام علی بن ابی طالب البسہا رسول اللہ صلی اللہ علیہ وسلم قمیصہ و اضطجع معہافی قبرہا فقالوامارائناك صنعت ما صنعت بہذہ فقال انہ لم یکن احد بعد ابی طالب ابرلی منہا انما البستہا قمیصی لتکسی من حلل الجنۃ واضطجعت معہالیہون علیہا (وفاء الوفا جلد ۲ ص ۸۸)

**અર્થાત** : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે જ્યારે હઝરત અલીની માતા હઝરત ફાતેમા બિન્તે અસદનો ઈન્તેકાલ થયો તો રસૂલુલ્લાહ ﷺએ પોતાનો કુરતો મુબારક તેમને

પહેરાવ્યો. અને તેમની સાથે કબરમાં સૂતા. તો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ હુઝૂરે આજે તે વાત કરી જે કદી કરી ન હતી ? ઈર્શાદ થયો કે અબૂ તાલિબ બાદ મારી સાથે ઉપકાર અને ભલાઈ કરવાવાળું તેમનાથી વધીને કોઈ ન હતું. મેં તેમને પોતાનો કુરતો એટલા માટે પહેરાવ્યો કે આ જન્નતનો જોડો પહેરે અને હું તેમની સાથે એટલા માટે સૂતો કે કબરનું દબાવવું આસાન થાય (વફાઉલ વફા, ૨/૮૮) બીજી રિવાયતમાં છે :

" ثم نزع قميصه فامران تكفن فيه ثم صلى عليهاعند قبرها فكبر تسعـاوقال ماعفى احد من ضغطة القبرالافاطمة بنت اسد قيل يـارسول الله ولاالقاسمه قال ولاابراهيم وكان ابراهيم اصغرهما.

**અર્થાત** : હુઝૂરે પોતાનો કુરતો મુબારક ઉતારીને હુકમ આપ્યો કે આમાં તેણીને કફનાવો પછી તેમની કબર પાસે તેમના જનાઝાની નમાઝ પઢી અને તેમાં (૯) તકબીરો કહી. અને ઈર્શાદ ફર્માવ્યો કે કબરના દબાવવાથી કોઈ નથી મુક્તિ પામ્યું સિવાય ફાતિમા બિન્તે અસદના. સહાબાએ પૂછયું : કે યા રસૂલલલાહ ! ﷺ હુઝૂરના સાહબઝાદા હઝરત કાસિમ ?! ઈર્શાદ થયો કે ઈબ્રાહીમ પણ નહીં. અને આ હઝરત કાસિમથી નાના હતા. *(વફાઉલ વફા ભાગ–૨, પેજ : ૮૮)*

અલ્લામા ઈબ્ને અબ્દુલ બર્ર ઈસ્તિઆબ, ભાગ–૧, પેજ નં. ૨૬૨, માં હઝરત અમીરે મુઆવિયહ رضی اللہ عنہ ની બીમારીની હાલત વર્ણવતાં લખે છે :–

" فافاق معاوية قال يابنى انى صحبت رسول الله صلى الله عليه وسـلـم فـخـرج لحاجته فاتبعته باداوة فكسانى احدثوبيه الذى كـان عـلـى جسده فخبأته لهذااليوم واخذ رسول الله صلى الله عليه وسلم من اظفاره وشعره ذات يوم فاخذ ته وخباته لهذاليوم

فاذاانا مت فاجعل ذٰلك القميص دون كفنى مما يلى جلدى و خذ ذٰلك الشعروالاظفار فاجعله فى فمى وعلىٰ عينى و مواضع السجود منى فان نفع شئ فذك والّا فان الله غفور رحيم.

**અર્થાત :** પછી હઝરત મુઆવિયહએ ભાન આવ્યું તો કહ્યું, હે મારા પુત્ર ! હું રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં રહ્યો, હુઝૂર કુદરતી હાજત પૂરી કરવા માટે બહાર તશરીફ લઈ ગયા તો હું હુઝૂરની પાછળ પાણીનું પાત્ર લઈને ગયો. હુઝૂર અક્દસ ﷺ ખુશ થયા તો મને પોતાનાં બે કપડામાંથી જે જિસ્મ મુબારક પર હતાં એક અર્પણ કર્યું તો તેને મેં આજના દિવસ માટે સંતાડીને રાખ્યું છે. અને રસૂલુલ્લાહ ﷺએ નખ મુબારક અને વાળ મુબારક કપાવ્યા તો તેને પણ મેં લઈ લીધા અને આજના દિવસ માટે છુપાવીને રાખ્યા છે. તો હું જ્યારે મૃત્યુ પામું તો તે કુરતાને મારા કફનની નીચે શરીરથી મળેલ રાખજે અને નખ મુબારક તથા વાળ મુબારકને મારા મોઢા અને મારી આંખો અને સજદાની જગ્યાએ રાખજે તો અગર કોઈ વસ્તુ લાભદાયક હશે તો આ હશે, નહિતર અલ્લાહ તઆલા ગફૂરો રહીમ છે.''

ઈમામ ફખરૂદ્દીન રાઝી رضی اللہ عنہ તફસીરે કબીર, ભાગ–૪, પેજ : ૭૦૯માં આયતે કરીમા وَلَا تُصَلِّ عَلٰٓى اَحَدٍ مِّنْهُمْ ۔۔الاٰیۃ ના શાને નુઝૂલમાં લખે છે : –

”عن ابن عباس رضى الله عنهما انه لما اشتكى عبدالله ابن ابى ابن سلول عاده رسول الله صلى الله عليه وسلم فطلب منه ان يصلى عليه اذامات ويقوم علىٰ قبره ثم انه ارسل الىٰ الرسول عليه السلام يطلب منه قميصه ليكفن فيه فارسل اليه القمنيص الفوقانى فرده و طلب الذى يلى جلده ليكفن فيه.

**અર્થાત :** હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત

છે કે જ્યારે અબ્દુલ્લાહ બિન ઉબૈય બિન અબી સલૂલ બીમાર પડયો રસૂલુલ્લાહ ﷺ તેમની બીમારપુર્સી માટે તશરીફ લઈ ગયા. તેણે હુઝૂરથી ઈચ્છા વ્યક્ત કરી કે જ્યારે તે મૃત્યુ પામે તો હુઝૂર તેના જનાઝાની નમાઝ પઢે, તેની કબર પર રોકાય. પછી તેમણે રસૂલુલ્લાહ ﷺની પાસે કુરતા માટે આદમી મોકલ્યો જેથી તે જ કુરતામાં કફન દેવામાં આવે. રસૂલુલ્લાહ ﷺએ ઉપરવાળી ખમીસ મોકલી દીધી તે પરત કરી દીધી અને જે ખમીસ મુબારક જિસ્મ અક્દસથી લાગેલ છે તેને કફન માટે તલબ કરી."

અલ્લામા ઐની શરહે સહીહ બુખારી ભાગ–૨, પેજ : ૬૦, لما توفى હેઠળ લખે છે કે અબ્દુલ્લાહ બિન ઉબૈયના શવ્વાલમાં બીમાર થયો. વીસ દિવસ બીમાર રહેવા, ઝીલ કઅદા હિ.સ. ૯માં તેમના મૃત્યુના વિષયમાં, હુઝૂરનું બીમારપુર્સી માટે તશરીફ લઈ જવું, અને તેને નસીહત કરવાનો પ્રસંગ વર્ણન કરીને લખે છે :

"ثم قال يا رسول الله !اليس هذا بحين عتاب هوالموت فان مت
فاحضر غسلى وا اعطنى قميصك الذى يلى جسدك فكفنى فيه
وصل علىٰ واستغفر لى ففعل ذلك به رسول الله صلى الله عليه
وسلم وقال الحاكم كان علىٰ النبى صلى الله عليه وسلم قميصان
فقال عبدالله واعطنى قميصك الذى يلى جسد ك فاعطاه اياه.

**અર્થાત** : અબ્દુલ્લાહ બિન ઉબૈયએ કહ્યું કે યા રસૂલલ્લાહ ! આ મૃત્યુનો સમય છે, ધમકીનો નથી. જ્યારે હું મૃત્યુ પામુ તો હુઝૂર મારા ગુસલ વેળા તશરીફ લાવે અને મને પોતાની ખમીસ મુબારક જે જિસ્મે અક્દસથી લાગેલ છે તે અર્પણ ફર્માવે અને તેમાં જ મને કફનાવે. અને મારા જનાઝાની નમાઝ પઢે અને મારી મગફેરતની દુઆ કરે. તો હુઝૂરે એ પ્રમાણે કર્યું.

હાકિમ કહે છે કે રસૂલુલ્લાહ ﷺ તે સમયે બે ખમીસ પહેરેલ

હતા તો અબ્દુલ્લાહે કહ્યું કે મને તે ખમીસ મુબારક અતા ફર્માવે જે જિસ્મ મુબારકથી લાગેલ છે.

વિચારવાનો મકામ છે કે અબ્દુલ્લાહ બિન ઉબૈય જેવો મુનાફિક અને ન કેવળ મુનાફિક બલ્કે મુનાફિકોનો સરદાર હુઝૂરે અક્દસ ﷺની ખમીસ મુબારકથી બરકત ઈચ્છે છે અને તેમાં કફન દેવામાં આવે તેવી તમન્ના કરે. તેને મૃત્યુ બાદ સવાબ તથા મગફેરતનો વસીલો બનાવે છે. હાય અફસોસ ! તે નામના મુસલમાન પર જેના દિલમાં રસૂલુલ્લાહ ﷺની ઈજ્જત તથા અઝમત અને તેમના લિબાસ મુબારક તથા આષારે શરીફાની મહત્વતા અને ઈજ્જત તે મુનાફિકના દિલ જેટલી પણ નહીં હોય !

او کفر از اسلام دارد شرم "તેના ઈસ્લામ પર કુફ્ર શરમ કરે છે !"

માન્યું કે તેનું ખમીસ મુબારક કફન માટે માગવું, હુઝૂરે અક્દસ ﷺનું અતા ફર્માવવું, તેમાં કફન દેવામાં આવવું, તેની મુક્તિનો ઝરીયો ન થયો.

ખુદ હુઝૂરે અક્દસ ﷺ ફર્માવે છે :

"ان قمیصی لا یغنی عنه من الله شیئا۔" પરંતુ આ કેમ કરીને કહી શકાય છે કે તેનો આ અકીદો અને ખમીસ મુબારક તલબ કરવું હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું ખમીસ મુબારક પહેરાવવું બિલ્કુલ બેઅસર રહ્યું ? ના ! ના ! કદાપિ નહી ! તેની બરકતથી તેની કૌમમાંથી હજાર માણસો સંપૂર્ણ મો'મિન થઈ ગયા.

તફસીરે કબીર, ભાગ : ૪, પેજ : ૭૦૯માં છે :–

"وکان المنافقون لایفارقون عبدالله بن ابی فلماراوه یطلب هذا القمیص ویرجواان ینفعهااسلم منهم یومئذالف."

મુનાફિકો કદી અબ્દુલ્લાહ બિન ઉબૈયને છોડતા ન હતા જ્યારે કે તે લોકોએ જોયું કે તે ખમીસ મુબારક માગે છે અને તેના નફાનો ઉમ્મેદવાર

છે, તો તે લોકોમાંથી હજાર વ્યક્તિ તે જ દિવસે મુસલમાન થઈ ગયા.

શૈખ મુહક્કિક મૌલાના અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી અશિઅતુલ્ લમ્આત શરહે મિશ્કાત ફારસી, ભાગ : ૧, પેજ : ૭૧૬માં ઉમ્મે અતિયા અન્સારીયા رضی اللہ عنہاની હદીષ હેઠળ ફર્માવે છે :–

در نیجا استحباب تبرک ست بلباس صالحین وآ ثار ایشاں بعد از موت در قبر چنا نک قبل موت نیز ہم چنیں بودہ

અહીંયાથી જાણવા મળ્યું કે મૃત્યુ બાદ કબ્રમાં પણ બુઝુર્ગોના લિબાસ અને તેમના આષારથી બરકત લેવું મુસ્તહબ છે જે પ્રમાણે મૃત્યુ પહેલાં પણ આવું જ છે. *(નૂન રઝવી)*

શૈખ મુહક્કિક લમ્આતમાં ફર્માવે છે :–

" هذا الحديث اصل فی التبرك بآثار الصالحين ولباسهم كما بفعل بعض مريدى المشائخ من ليس اقمصتهم فى القبر.

**અર્થાત** : આ હદીષ સાલેહીનના આષાર અને તેમના લિબાસથી બરકત પ્રાપ્ત કરવાની અસલ છે, જે પ્રમાણે અમુક મુરીદોને મશાઈખની ખમીસો પહેરાવીને દફન કરવામાં આવે છે.

શૈખ ઈસ્માઈલ હક્કી તફસીરે રૂહુલ બયાન, ભાગ : ૨, પેજ : ૫૯૯માં લખે છે :–

" قال فی الاسرا رالمحمدية لووضع شعر رسول الله صل الله عليه وسلم اوعصاه اوسوطه علىٰ قبر عاص لنجا ذلك العاصى ببركات تلك الذخيره من العذاب وان كان فی دارانسان اوبلدة لايصيب سكانها بلاء ببركته وان لم يشعرو ابه ومن هذاالقبيل ماء زمزم والكفن المبلول به و بطبانة استار الكعبة والتكفن بها وكتابة القرآن علىٰ القراطيس والوضع فی ايدیٰ الموتیٰ.

**અર્થાત :** અસ્રારે મુહમ્મદિયહ્‌માં છે કે જો રસૂલુલ્લાહ ﷺના વાળ મુબારક અથવા અસા મુબારક (લાકડી) અથવા હુઝૂર ﷺનો કોરડો, કોઈ ગુનેહગારની ક઼બ્ર પર મૂકવામાં આવે તો આ તબર્રુકોની બરકતથી તે ગુનેહગાર અઝાબથી છૂટકારો પામે. અને જો કોઈ આદમીના ઘર કે કોઈ શહેરમાં હોય તો ત્યાંના રહેવાવાળાઓને તેની બરકતથી કોઈ મુસીબત નહીં પહોંચશે, ભલે તેને ન સમજે. અને આ જ પ્રકારથી ઝમઝમનું પાણી અને તેમાં ભીંજવેલું કફન છે. અને ખાનએ કા'બાનો ગિલાફ શરીફ અને તેમાં કફન આપવું છે, અને કુર્આન શરીફનું કાગળ પર લખવું અને તેને મુડદાના હાથોમાં આપવું છે.

***(ચોથો તરીક઼ો)***

## મૈયતના કફન પર કોઈ આયતે કરીમા, કલમએ તૈયબા અથવા અહદનામા કે કોઈ દુઆ લખવી

મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼ અને તેમના તરીક઼ાથી મુઅજમે તિબ્રાની પછી હિલયહ અબૂ નુઐમમાં છે :–

" اخبـر نـا معمر عن عبدالله بن محمد بن عقيل ان فاطمة رضى الله عنهالما حضرتهاالوفاة امرت عليافوضع لهاغسلا فاغتسلت و تـطهرت ودعت بثياب اكفا نها فلبستها ومست من الحنوط ثـم امـرت عليا ان لاتكشف اذا هى قبضت وان تدر ج كماهى فـى اكـفـانها فقلت له هل علمت احداء فعل نحوذلك قال نعم كثيربن عباس و كتب فى اطراف اكفانه يشهد كثيرين عباس ان لا الــه الا الـلـه .

**અર્થાત :** હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہاનો મૃત્યુનો સમય આવ્યો

તો હઝરત અલી رضی اللہ عنہ ને કહ્યું કે તેમના ગુસ્લનું પાણી મૂકે. પછી તેણીયે ગુસ્લ કર્યું અને કફન મગાવીને પહેર્યું અને અને ખુશ્બુ લગાડયું પછી હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ કહ્યું કે મારા ઈન્તેક઼ાલ બાદ કોઈ મોં ન ખોલે, આ જ કફનમાં દફન કરવામાં આવે. મેં પૂછયું કે કોઈ અન્યએ પણ આવુ કર્યું ?! કહ્યું, હા ! કષીર બિન અબ્બાસ رضی اللہ عنہما એ, અને તેમણે પોતાના કફનના છેડાઓ પર લખ્યું હતું કુષીર બિન અબ્બાસ સાક્ષી આપે છે : لا اله الا اللّٰه

ઈમામ તિર્મિઝી મઆસિર ઈમામ બુખારીએ નવાદિરુલ ઉસૂલમાં રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺ એ ફર્માવ્યું :–

"من كتب هذا الدعاء وجعله بين صدر الميت و كفنه فى رقعة لم ينله عذاب القبر و لايرى منكر او نكير او هو هٰذا .

**અર્થાત** : જે શખ્સ આ દુઆ કોઈ પરચા પર લખીને મૈયતની છાતી પર કફનની નીચે મૂકે તેને ક઼બ્રનો અઝાબ ન થાય અને ન મુન્કર નકીર દેખાય અને તે દુઆ છે :–

لااله الا الله و الله اكبر لااله الا الله و حده لاشريک له لا اله الا الله له لملک وله الحمد لا الا الله ولا حول و لا قوة الا بالله العلى العظيم

**અર્થાત** : આ જ હકીમ તિર્મિઝી સૈયદના સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ થી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ દરેક નમાઝ પછી આ દુઆ પઢે :–

"اللهم فاطر السموات والارض عالم الغيب و الشهادة الرحمٰن الرحيم انى اعهد اليك فى هذه الحياة الدنيا بانك انت الله لااله الا انت وحدك لاشريك لك وان محمد اعبدك ورسولك فلا تكلنى الىٰ نفسى فانك ان تكلنى الىٰ نفسى تقربنى من السوء

تبـاعـدبـی من الخير وانی لااثق الابرحمتك فاجعل رحمتك لی

عهـد ا عـنـدك توديه الیٰ يوم القيمة انك لاتخلف المعياد.

**અર્થાત** : ફરિશ્તા આને લખીને મોહર (સિક્કો) લગાડીને કયામત માટે સલામત રાખશે. જ્યારે અલ્લાહ તબારક વ તઆલા તે બંદાને કબ્રથી ઉઠાવશે, ફરિશ્તા તે લખાણ સાથે લાવશે અને નિદા કરવામાં આવશે, અહદવાળા ક્યાં છે ? તેમને તે અહદનામુ આપવામાં આવશે.

ઈમામે તેને રિવાયત કરીને ફર્માવ્યું :–

"وعن طاؤس انه امربهٰذه الكلمات فكتبت فی كفنه.

ઈમામ તાઉસની વસિયતથી આ અહદનામુ તેમના કફનમાં લખવામાં આવ્યું.

ઈમામ ફકીહ બિન ઉજૈલે આ જ દુઆએ અહદનામા સંબંધે ફર્માવ્યું :

" اذا كتـب هـذا الـدعـاء وجعل مع الميت فی قبره وقاه الله فتنة

الـقبـرو عذابه .

**અર્થાત** : જ્યારે આ દુઆ લખીને મૈયતની સાથે કબ્રમાં મૂકવામાં આવે તો અલ્લાહ તબારક વ તઆલા તેને મુન્કર નકીરના સવાલથી અને કબ્રના અઝાબથી મુક્તિ આપે છે.

દુર્રે મુખ્તાર, પેજ : ૧૨૬માં છે :–

" كتـب علیٰ جبهة الميت اوعمامته او كفنه عهد نامه يرجی ان

يـغـفرالله للميت اوصی بعضهم ان يكتب فی جبهته وصدره بسم

الـلـه الـرحـمٰن الرحيم ففعل ثم رئيی فی المنام فسئل فقال لماو

ضـعـت فـی الـقبر جاء تنی ملئكة العذاب فلما راؤامكتوبا علیٰ

جبهتـی بسم الله الرحمٰن الرحيم قالوا امنت من عذاب الله.

**અર્થાત** : મુડદાની પેશાની (કપાળ) અથવા અમામા અથવા કફન પર અહદનામા લખવાથી તેના માટે બખ્શિશની ઉમ્મીદ છે. કોઈ સાહબે વસિયત કરી હતી કે તેમની પેશાની પર અને સીના પર بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ લખી દે, લખી આપવામાં આવ્યું. પછી સ્વપ્નમાં દેખાયા, ખબર પૂછવા પર ફર્માવ્યું, જ્યારે હું કબ્રમાં રાખવામાં આવ્યો, અઝાબના ફરિશ્તા આવ્યા અને જયારે મારી પેશાની પર بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ લખેલ જોયું તો કહ્યું, તને અલ્લાહના અઝાબથી અમાન છે.

અલ્લામા સૈયદ અહમદ તહતાવી દુર્રે મુખ્તારના હાશિયામાં ફર્માવે છે :

" قوله كتب علىٰ جبهة الميت اخذمن ذلك جواز الكتابة ولو بالقران ولم يعتبروا كون ماله الىٰ التنجيس بما يسيل من الميت.

**અર્થાત** : "લેખકનો કૌલ (كتب)થી લખવાનું જાઈઝ હોવું સાબિત થાય છે. ભલે કુર્આનની આયત જ હોય અને તેના માલનો કોઈ એતબાર ન કરવામાં આવ્યો કે તે લખાણવાળા મુડદાના શરીરથી પરૂ કે લોહી વહીને નાપાક કરી દેશે."

આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત જનાબ મૌલાના અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ આ વિષયમાં એક પૂરી કિતાબ ઐતિહાસિક નામવાળી "અલ્હરફુલ હસન ફિલ્ કિતાબિહી અલલ કફન" લખી. આ રિવાયતો તેનાથી લીધેલ છે.

ફકીર ગુફિરલહૂ (લેખક) કહે છે કે આ હદીષો અને ઉલમાએ કિરામની નસો (જે આયતો થકી દલીલ કાયમ કરી) આ મા'મૂલની દલીલ છે કે મુરીદોની કબ્રમાં મશાઈખે કિરામના શજરા મૂકવામાં આવે છે કે : الاسم عين المسمى كما صرح به فى كتب القائد

અને નામની મુસમ્મા પર દલાલત (દલીલ પૂરી પાડવું) કાતરેલ નખની દલાલતથી વધુ છે. તો કેવળ નામો જ એક તબર્રુક અને વસીલાનો

ઝરીયો બનતાં, ન કે ઈસ્લામી સિલસિલાનાં નામો, કેમ કે સનદો તથા નિસ્બતો અલ્લાહના મહબૂબ ﷺ તથા અલ્લાહ ﷻ સાથે છે. અને મહબૂબ તથા ઔલિયાના બુઝુર્ગીવાળા સિલસિલામાં જોડવાની સનદ તો શજરએ તૈયબાથી વધીને બીજો કયો વસીલાનો ઝરીયો જોઈએ.

આ જગ્યાએ એક શંકા થઈ શકે છે કે તેમાં બુઝુર્ગાને દીનના નામોની બેઅદબી છે એટલા માટે કે મુડદાના શરીરથી લોહી, પરૂ વગેરેથી ખરડવાનો ડર છે, પરંતુ ડર તથા વહેમ મનાઈનો સબબ નથી બનતો. હદીષ શરીફમાં છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ઝકાતના જાનવરો પર નાપાકીની શક્યતા છતાંય "જયસેફી સબીલિલ્લાહ" લખાવ્યું હતું, આના સિવાય નાપાકી સાથે મળી જવાની શંકા પણ કાઢી નાખવા જેવી નથી, એટલા માટે કે હદીષોથી સાબિત છે કે દસ વ્યક્તિઓનું શરીર કબ્રમાં સલામત રહે છે : (૧) અંબિયા (૨) ઔલિયા (૩) ઉલમાએ દીન (૪) શહીદો (૫) હાફિઝો (૬) મુઅઝ્ઝિન્ જે લિલ્લાહ અઝાન કહ્યા કરતો હોય (૭) ઈસ્લામની સરહદ પર મુસલમાન શહેરની હિફાઝત માટે પડાવ નાખનારો (૮) જે પ્લેગથી સબ્ર કરે અને મરી જાય(૯) ખૂબ વધુ પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર કરનાર (૧૦) બેગુનાહ બંદો. તો જો તે શખ્સ જેની કબ્રમાં શજરો મૂકીએ આમાંથી કોઈ એક છે ત્યારે તો જાહેર છે કે નાપાક નહીં થાય, નહિતર શક્ય છે કે આ શજરા શરીફની બરકતથી અલ્લાહ તબારક વ તઆલા આ ઈજ્જત તેને અતા ફર્માવે. તો પણ શજરા માટે કાંઈ જરૂરી નથી કે કફનમાં જ મૂકે બલ્કે કબ્રમાં કિબ્લા તરફ ચાહે સિરહાના તરફ તાખલો બનાવીને મૂકે.

જનાબ મૌલાના શાહ અબ્દુલ અઝીઝ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાના ફતાવામાં ફર્માવે છે :–

**(ફારસીનો અનુવાદ)** : કબ્રમાં શજરો મૂકવો બુઝુર્ગાને દીનનો રિવાજ છે. પરંતુ તેના બે તરીકા છે. (પ્રથમ તરીકો) : એ છે કે મુડદાના સીના પર કફનની અંદર અથવા ઉપર મૂકે. આ તરીકાને ફુકહાએ કિરામ

મના ફર્માવે છે અને કહે છે કે મુડદાના શરીરથી લોહી, પરૂ વગેરે વહેશે અને બુઝુર્ગોના નામોની બેઅદબીનો સબબ બનશે. (બીજા તરીક઼ો) : એ છે કે મુડદાના માથા તરફ કબ્રમાં તાખલો બનાવે અને તેની અંદર શજરાનો કાગળ મૂકી આપે.

### *(પાંચમો તરીક઼ો)*

## જનાઝાને જોઈને પ્રશંસા કરવી અને મૈયતની સારી વાતોને બયાન કરવી

" عن انس قال مروا بجنازة فاثنوا عليها خيرافقال النبى صلى الله عليه وسلم و جبت ثم مروا باخرى فاثنوا عليها شرافقال وجبت فـقـال عمرماوجبت فقال هذا اثنيتم عليه خير افوجبت له الجنه وهذا اثنيتم عليه شرا فوجبت له النار انتم شهداء الله فى الارض (رواه البخارى ومسلم والترمذى والنسائى وابن ماجة وابوداؤد الـطيالسى ص ٢٧٥)

**અર્થાત** : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે : એક જનાઝો લઈને લોકો પસાર થયા, સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ તેની પ્રશંસા કરી. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, વાજિબ થઈ ગઈ પછી બીજો જનાઝો લઈને ગુજર્યા. લોકોએ બુરાઈ બયાન કરી, હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કે વાજિબ થઈ ગઈ. હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, શું વાજિબ થયું ?! ઈર્શાદ થયો, પ્રથમ જનાઝાવાળાની તમે લોકોએ પ્રશંસા કરી તો તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ. અને બીજાની તમો લોકોએ બુરાઈ કરી તો તેના માટે જહન્નમની આગ વાજિબ થઈ ગઈ. તમે લોકો જમીનમાં અલ્લાહના ગવાહ છો.

અને કોઈએ શું ખૂબ કહ્યું છે :–

*ભલા કહે જિસે ખલ્કત ઉસે ભલા સમઝો*
*ઝબાને ખલ્કકો નક્કારએ ખુદા સમઝો*

(તેને રિવાયત કરી બુખારી અને મુસ્લિમ તથા તિર્મિઝી તથા નસાઈ તથા ઈબ્ને માજા તથા અબૂ દાઊદ તથા તિયાલિસીએ, પેજ નં. ૨૭૫)

"و عن ابی الاسود قال قدمت المدينة فجلست الیٰ عمر بن الخطاب رضی الله عنه فمرت بهم جنازة فاثنوا علیٰ صاحبها خير افقال عمر رضی الله عنه وجبت ثم مر وابا خرىٰ فاثنوا علیٰ صاحبها خير افقال عمر وجبت ثم بالثالثة فاثنیٰ علیٰ صاحبهاشراًفقال عمر وجبت فقال ابوالاسود فقلت وماوجبت يا امير المومنين! قال قلت كما قال النبی صلی الله عليه وسلم ايما مسلم شهد له اربعة بخيرادخله الله الجنة قلنا و ثلثة قال و ثليثة قلنا واثنان قال واثنان ثم لم نسئله عن واحد(دواه البخاری والنسائی)

**અર્થાત :** અબૂ અસવદ કહે છે કે હું મદીના તૈયબા પહોંચ્યો. હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہની પાસે બેઠો હતો. એક જનાઝો પસાર થયો તો લોકોએ તેની પ્રશંસા કરી. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું વાજિબ થઈ ગઈ. પછી બીજો જનાઝો પસાર થયો તો લોકોએ તેની પણ પ્રશંસા કરી. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, વાજિબ થઈ. પછી ત્રીજો જનાઝો પસાર તો લોકોએ બુરાઈ કરી. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, વાજિબ થઈ ગઈ. અબૂ અસ્વદ કહે છે, મેં કહ્યું, શું વાજિબ થઈ ગયું ?! યા અમીરુલ મો'મિનીન ! ફર્માવ્યું, હું તે વાત કહું છું જે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવી કે **જે મુસલમાન માટે ચાર મુસલમાન સારા હોવાની સાક્ષી આપે અલ્લાહ તબારક વ તઆલા તેને જન્નતમાં દાખલ કરશે.** મેં કહ્યું, અને ત્રણ શખ્સ ? ઈર્શાદ થયો ત્રણ શખ્સ ! પછી અમે લોકોએ

કહ્યું કે અને બે વ્યક્તિ ? ઈર્શાદ થયો કે બે આદમી ! પછી અમે એક વ્યક્તિ વિશે ન પૂછયું. (આને બુખારી તથા નસાઈએ રિવાયત કરી.)

"وعن ابی هريرة رضی الله عنه عن النبی صلی الله عليه وسلم يرويه عن ربه عزوجل مامن عبد مسلم يموت فيشهد له ثلاثة ابيات من جيرانه الادنين بخيرالاقال الله عزوجل قد قبلت شهادة عبادی علیٰ ماعلموا وغفرت لهم مااعلم(رواه الامام احمد وروی ابويعلی وابن حبان فی صحيحه۔ ولفظهما اربعة اهل ابيات من جيرانه)

**અર્થાત :** અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ હુઝૂરે અક્દસ ﷺથી રિવાયત કરે છે અને નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام રબ્બુલ ઈઝ્ઝત جل جلالہ થી કે **જ્યારે કોઈ મુસલમાન બંદો મૃત્યુ પામે અને તેના માટે ત્રણ નજીક ઘરવાળા પાડોશી ભલાઈની ગવાહી આપે તો અલ્લાહ عزوجل ફર્માવશે કે મેં પોતાના બંદાની ગવાહી આ બારામાં જે તેમની જાણમાં છે ક્બૂલ કરી અને જે ભૂલચૂક તેની હું જાણું છું તેને બખ્શી દીધી.**

અબૂ યઅ્લા અને ઈબ્ને હવ્વાને આ હદીષને રિવાયત કરી અને તેમાં ત્રણ ઘરની જગ્યાએ ચાર ઘરનો શબ્દ છે.

***(છઠ્ઠો તરીકો)***

## નમાઝે જનાઝા પઢવી અને પઢનારાઓની અધિકતા કરવું

જનાઝાની નમાઝ પઢવું છે અને નમાઝીઓનું વધારે હોવું પસંદીદા છે એટલા માટે કે દરેક નમાઝી તે મૈયતનો સિફારશી છે અને સિફારશનું વધુ પ્રમાણમાં હોવું મહત્વતાની દલીલ છે.

" عن کریب عن ابن عباس من انه مات له ابن بقدید او بغسفان فقال یا کریب انظر ما اجتمع له من الناس قال فخرجت فاذ انـاس قداجتمعو اله فاخبرته فقال تقول هم اربعون قال نعم قال اخرجوه فانی سمعت رسول الله صلی الله علیه وسلم یقول مامن رجل مسلم یموت فیقوم علیٰ جنازه اربعون رجلالایشرکون بالله شئیا الّا شفعهم الله فیه (رواه الامام احمد مسلم وابو داؤد ابن ماجة)

**અર્થાત :** કુરૈબથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ના સાહબઝાદાનો ઈન્તેક઼ાલ ક઼દીદ અથવા ગ઼ુસ્ફાનમાં થયો તો આપે ફ઼ર્માવ્યું, જુઓ કેટલા વ્યક્તિઓ એકઠા થયા છે ? કુરૈબ કહે છે કે, હું નીકળ્યો તો જોયું કે લોકો જમા છે અને મેં તેમને ખબર આપી. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસે પૂછયું કે ચાલીસ વ્યક્તિઓ હશે ? કહ્યું, હા ! ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે હવે મૈયતને બહાર લાવો. કેમ કે **મેં રસૂલુલ્લાહ** صلی اللہ علیہ وسلم **થી સાંભળ્યું કે આપ ફ઼ર્માવે છે કે જે મુસલમાન મર્દ ઈન્તેક઼ાલ કરે અને તેના જનાઝાની નમાઝ એવા ચાલીસ વ્યક્તિ પઢે છે જે અલ્લાહની સાથે કોઈને ભાગીદાર ન કરાવતા હોય તો અલ્લાહ તઆલા તે લોકોની શફ઼ાઅત તે મૈયતના હક઼્ક઼માં ક઼બૂલ ફ઼ર્માવશે.**

" وعن عائشة رضی الله عنها قالت قال رسول الله صلی الله علیه وسلم مامن میت یصلی علیه امة من المسلمین یبلغون مائة کلهم یشفعون الا شفعو افیه (رواه مسلم ص ۳۰۸ والترمذی وقال حدیث حسن صحیح ورواه النسائی ولفظه مائة فما فوقها)

**અર્થાત :** જે મુસલમાન મૈયતની જનાઝાની નમાઝ મુસલમાનોની એક જમાઅત પઢે જેની સંખ્યા સો સુધી પહોંચી હોય અને તે સૌ તેની શફ઼ાઅત કરે તો **તે લોકોની શફ઼ાઅત તે મૈયતના હક઼્ક઼માં ક઼બૂલ થશે.**

**અર્થાત** : નસાઈની રિવાયત છે કે સો અથવા વધુ વ્યક્તિઓ તેની સિફારિશ કરે તો અલ્લાહ તેની શફાઅત કૂબૂલ ફર્માવશે.

"و عن مالك بن هبيرة قال قال رسول الله صلى الله عليه وسلم ما من ميت يموت يصلى عليه ثلاثه صفوف من المسلمين الا اوجب قال فكان مالك اذاا ستقل اهل الجنازة جزا هم ثلثة صفوف للحديث (رواه ابو داؤد جلد٢ ص٩٥/ورواه الترمذى وحسنه وصححه الحاكم و فى رواية له الا غفرله)

**અર્થાત** : જે મુડદાની નમાઝે જનાઝા મુસલમાનોની ત્રણ સફો પઢે, અલ્લાહ તઆલા તેના માટે જન્નત વાજિબ કરી આપશે. રાવી કહે છે કે માલિક બિન હુબેરાની આદત હતી કે જ્યારે વ્યક્તિઓ થોડા હોતા તો પણ આ હદીષના કારણે તેમને ત્રણ સફ કરી આપતા હતા.

### *(સાતમો તરીકો)*

## પવિત્ર સ્થળ તથા સાલેહીનના પાડોશમાં દફન કરવું

"عن ابى هريرةقال ارسل ملك الموت الىٰ موسىٰ عليه الصلاة و السلام فلماجاء ه صكه فرجع الىٰ ربه، فقال ارسلتنى الىٰ عبد لا يريد الموت فرد الله عينه فقال ارجع فقل له يضع يده علىٰ متن ثور فله بكل ما غطت يده بكل شعرة سنة قال اى رب ثم ماذا؟ قال ثم الموت قال فالان فسال الله تعالى ان يدنيه من الارض المقدسة رمية بحجر قال قال رسول الله صلى الله عليه وسلم فلوكنت ثم لا ريتكم قبره الىٰ جانب الطورعند الكثيب الاحمر (رواه البخارى و مسلم والنسائى)

**અર્થાત** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, કહ્યું કે મલકુલ મૌત હઝરત મૂસા علیہ السلامની પાસે મોકલવામાં આવ્યા. તેમણે એક તમાચો માર્યો, જેનાથી એક આંખ જતી રહી. પછી ખુદાવંદે આલમની પાસે પરત ગયા અને કહ્યું કે, ખુદાવંદ ! તેં મને એવા બંદા પાસે મોકલ્યો જે મૃત્યુ પામવા નથી ઈચ્છતો. તો અલ્લાહ તબારક વ તઆલાએ તેમની આંખ પરત આપી અને ફર્માવ્યું કે જાવ અને મૂસાને કહો કે પોતાનો હાથ બળદની પીઠ પર મૂકો તો હાથની નીચે જેટલા વાળ આવશે વાળોના બદલામાં એક એક વર્ષની ઉમર તેમની વધારી આપવામાં આવશે. હઝરત મૂસા علیہ السلامએ પૂછયું, ત્યાર બાદ શું થશે ? ફર્માવ્યું, મૌત ! ત્યારે મૂસા علیہ السلامએ પૂછયું, તો પછી હમણા ! પછી અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ માગી કે મને બયતુલ મુકૃદસની નજીક કરી આપે એક પથ્થર ફેંકવાની દૂરી પર. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જો હું ત્યાં હોત તો જરૂર તમને તેમની કૃબ્ર દેખાડતે તૂરની પાસે, લાલ ટીલા (ભેખડ)ની નજીક.

અલ્લામા ઐની શરહે બુખારી, ભાગ : ૪, પેજ : ૧૬૫માં ફર્માવે છે :–

" اذسأل الله تعالى الدنومن بيت المقدس ليد فن فيه دنواًلورمىٰ رامى الحجر من ذلك الموضع الذى هوالآن موضع قبره لو صل الىٰ بيت المقدس وانماسئال ذلك لفضل من دفن فى الارض المقدسة من الانبياء والصالحين فاستحب مجاورتهم فى الممات كمافى الحيٰوة ولان الناس يقصدون المواضع الفاضلة ويزورون قبورهاويدعون لاهلها.

**અર્થાત** : અલ્લાહ તબારક વ તઆલાથી બયતુલ્ મુકૃદસથી નિકટતાની માગ કરી જેથી ત્યાં દફન થાય. એટલી હદે નજીક કે જો કોઈ પથ્થર ફેંકનાર તે જગ્યાએથી જે હવે હઝરત મૂસા علیہ السلامની કૃબ્રની જગ્યા

છે ત્યાં પથ્થર ફેંકે તો જરૂર તે પથ્થર બયતુલ્ મુક્દસ સુધી પહોંચે અને આ માગ એટલા માટે કરી કે જે લોકો અંબિયા તથા સાલેહીનમાંથી બયતુલ મુક્દસમાં દફન છે તેમની બુઝુર્ગીના કારણે તેમની નિકટતાને મૃત્યુ બાદ પસંદ કરી, જેવી રીતે સારા લોકોની નિકટતા જિંદગીમાં પસંદ કરવામાં આવે છે. અને એટલા માટે કે લોકો બરકતવંત સ્થળોનો સફર કરે છે અને ત્યાંની ક્બ્રોની ઝિયારત કરે છે અને ક્બ્રવાળાઓ માટે નેક દુઆ કરે છે.

તેમાં જ છે :–

"وفيه استحباب الدفن فی المواضع الفاضلة و القرب من مدافن الصالحين.

**અર્થાત** : આ હદીષથી આ મસ્અલો સાબિત થાય છે કે બરકતવંત સ્થળોમાં દફન કરવું મુસ્તહબ છે. અને સાલેહીનના ક્બ્રસ્તાનની નિકટતા શ્રેષ્ઠ છે.

" عن عمر بن ميمون الازدی قال رايت عمر بن الخطاب رضی الله عنه قال يا عبدالله! اذهب الیٰ ام المومنين عائشة رضی الله عنهافقل يقرء عمر بن الخطاب عليك السلام، سلها ان ادفن مع صاحبی قالت كنت اريده نفسی فلاوثرنه اليوم علیٰ نفسی فلما اقبل قال له مالديك؟ قال اذنت لك ياامير المومنين! قال ما كان شئی اهم الی من ذلك المضجع.

**અર્થાત** : અમ્ર બિન મૈમૂન અઝદીથી રિવાયત છે કે મેં ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہને જોયા કે તેમણે તેમના સાહબઝાદા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہને ફર્માવ્યું કે તમે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا પાસે જાવ અને સવાલ કરો કે, હું હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم અને હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہની સાથે દફન કરવામાં આવું. હઝરત

આઈશા رضی اللہ عنہا એ કહ્યું, મેં તે જગ્યાને પોતાના માટે રાખી હતી, પરંતુ હવે હું પોતાની જાત પર હઝરત ઉમરને પ્રાધાન્ય આપુ છું. પછી જ્યારે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર પરત આવ્યા તો અમીરુલ મો'મિનીને પૂછયું, શું ખબર છે ? અર્ઝ કરી કે હઝરત આઈશા رضی اللہ عنہا એ ઈજાઝત આપી. ફર્માવ્યું, **કોઈ વસ્તુ મને તે જગ્યાએ દફન થવાથી અધિક પ્યારી ન હતી.**

અલ્લામા ઐની શરહે બુખારી, ભાગ : ૪, પેજ : ૨૫૫માં ફર્માવે છે :

" فيه الحرص على مجاورة الصالحين فى القبورطمعافى اصابة الرحمة اذادنزلت عليهم و فى دعاء من يزور هم من اهل الخير.

**અર્થાત :** આ હદીષમાં સારા લોકોના પાડોશમાં દફન થવામાં એ લાલચ છે કે જ્યારે તેમના પર રહ્‌મત નાઝિલ થાય તો ક઼બ્રવાળાને પણ પહોંચે અને જે ભલા લોકો તે લોકોની ક઼બ્રની ઝિયારત કરે તેઓ આ ક઼બ્રવાળા માટે પણ દુઆ કરે.

મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ મિર્ક઼ાત શરહે મિશ્ક઼ાતમાં, ભાગ : ૨, પેજ : ૩૭૫ પર છે. હદીષ حدیث ردوا القتلیٰ الیٰ مضاجعھم હેઠળ આ વિષયમાં કે મુડદાને એક શહેરથી લઈ જઈને બીજા શહેરમાં દફન કરવું જાઈઝ છે કે નહીં ? લખે છે :–

" قال صاهب الهد اية و ذكران من مات فى بلدة يكره نقله الىٰ اخرىٰ لانه اشتغال بمالايفيد بما فيه تاخير دفنه و كفىٰ بذلك كراهة قلت فاذاكان يترتب عليه فائدة من نقله الىٰ احد الحرمين اوالى قريب احد من الانبياء والاولياء اوليزوره اقاربه من ذلك البلد وغيره ذلك فلاكراهة الامانص عليه من شهد اء احد اومن فى معناهم من مطلق الشهداء .

**અર્થાત :** સાહિબે હિદાયાએ ફર્માવ્યું કે જે શખ્સ કોઈ શહેરમાં

મૃત્યુ પામે તેને બીજા શહેરમાં દફન માટે લઈ જવું મકરૂહ છે. એટલા માટે કે વ્યર્થ કામમાં વ્યસ્ત થવું છે અને તેમાં દફનવિધિનું મોડુ કરવું પણ છે જે મકરૂહ હોવાના માટે પૂરતુ છે.

હું કહું છું કે જ્યારે તેના પર કોઈ લાભ હોય જેમ કે મક્કા મુકર્રમા અથવા મદીના મુનવ્વરા લઈ જવું અથવા કોઈ નબી કે વલીના મઝાર પાસે દફન કરવું અથવા તે શહેરના તેના સ્વજનો તેની ઝિયારત કર્યા કરે વગેરે, તો એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં કરાહત નથી. હા ! જ્યાં મનાઈ સાબિત હોય જેમ કે શોહદાએ ઓહદ અથવા અન્ય શોહદાએ કિરામ તો તેમને બીજા સ્થળે લઈ જવું મકરૂહ થશે.

ઈમામ જલાલુદ્દીન સિયૂતિ શરહુસ્સુદૂર ફી અહવાલિલ્ મૌતા વલ્ કુબૂરમાં લખે છે :–

" واخرج ابونعيم عن ابى هريرة قال قال رسول الله صلى الله عليه وسلم ادفنوا موتكم وسط قوم صالحين فان الميت يتاذى بجار السوء.

**અર્થાત** : અબૂ નુઐમ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પોતાના મુડદાંઓને સારા લોકોના દરમ્યાન દફન કરો, એટલા માટે કે મુડદા પડોશીથી તકલીફ પામે છે.

તેમાં જ છે :–

"واخرج ابن عساكر عن ابن عباس عن النبى صلى الله عليه وسلم قال اذامات احدكم الميت فاحسنوا كفنه وعجلوا انجاز وصيته واعمقوا له من قبره وحنبوه جار السوء قيل يارسول الله وهل ينفع الجار الصالح فى الآخرة قال هل نفع فى الدنيا قال نعم قال كذلك نفع فى الآخرة.

**અર્થાત** : ઈબ્ને અસાકિરે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ

رضی اللہ عنہاથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જયારે તમારામાંથી કોઈ મૃત્યુ પામે તો તેનું કફન સારુ આપો અને તેની વસિયત પર અમલ કરવામાં જલ્દી કરો અને તેની કબર ઊંડી ખોદો અને તેને બુરા પડોશીથી બચાવો. પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ શું સારો પડોશી આખેરતમાં કાંઈ લાભ પહોંચાડે છે ? ઈર્શાદ થયો કે દુનિયામાં ફાયદો પહોંચાડે છે ? કહ્યું, હા ! ફર્માવ્યું, એ જ પ્રમાણે આખેરતમાં પણ ફાયદો પહોંચાડે છે.

" واخرج ا بن ابی الدنیا عن عبد الله بن نافع المزنی قال مات رجل بالمدینة فد فن بهافراه رجل كانه من اهل النارفاغتم لذلك ثم اريه بعد سابعة وثامنة كانه من اهل الجنة فسالہ قال دفن معنا رجل من الصالحين فشفع فی اربعين من جيرانه فكنت فيهم.

**અર્થાત** : ઈબ્ને અબીદુન્યાએ અબ્દુલ્લાહ બિન નાફેઅ મુઝનીથી રિવાયત કરી કે એક વ્યક્તિ મદીના તૈયબામાં મૃત્યુ પામ્યો તો ત્યાં જ દફન કરવામાં આવ્યો. કોઈ શખ્સે તેને સ્વપ્નમાં જોયો કે જાણે તે જહન્નમી છે, પછી સાત, આઠ રાતો પછી સ્વપ્નમાં જોવામાં આવ્યો કે તે જન્નતી છે. તો તે વ્યક્તિએ પૂછયું, તેણે જવાબ આપ્યો કે સાલેહીનમાંથી એક શખ્સ અમારી સાથે દફન કરવામાં આવ્યો. તેણે પોતાના પડોશીઓમાંથી ચાલીસ વ્યક્તિઓની શફાઅત કરી. તો હું પણ તે જ ચાલીસ વ્યક્તિઓમાંથી છું. એટલે કે અલ્લાહ તબારક વ ત આલાએ તે સાલેહ મુડદાના પડોશની બરકતથી મને જન્નતી બનાવ્યો.

***(આઠમો તરીક઼ો)***

## ક઼બ્ર તૈયાર થાય તો થોડીવાર એ ક઼બ્રમાં કોઈ બુઝુર્ગ બેસે કે સૂએ

જયારે ક઼બ્ર તૈયાર થાય તો થોડીવાર તે ક઼બ્રમાં કોઈ બુઝુર્ગ બેસે અથવા

સૂએ અને કોઈ દુઆ તથા કુર્આન શરીફની કોઈ સૂરત અથવા આયત પઢે, ત્યાર બાદ મુડદાંને દફન કરે

તિબ્રાની મોઅજમે કબીર તથા અવસતમાં અને ઈબ્ને હબ્બાન તથા હાકિમ બઈફાદા તસ્હીહ હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી રિવાયત કરી :–

”قال لماماتت فاطمة بنت اسد دخل عليهارسو ل الله صلى الله عليه و سلم فجلس عندرا سها فقال رحمك الله يا امى بعد امى وذكرثناء ه عليهاوتكفينهاببرده ثم قال دعا رسول الله صلى الله عليه وسلم اسامة بن زيد واباايوب الانصارى وعمربن الخطاب وغلاما اسود يحفرون فحفر واقبر ها فلما بلغوا اللحد حفره رسول الله صلى الله عليه وسلم بيده واخرج ترابه بيده فلما فرغ دخل رسول الله صلى الله عليه وسلم فاضطجع فيه ثه قال الله الذى يحيى ويميت وهوحى لايموت اغفر لا مى فاطمة بنت اسد ووسع عليها مد خلها بحق نبيك والانبياء الذين من قبلى فانك ارحم الرحمين.

**અર્થાત** : જ્યારે હઝરત ફાતિમા બિન્તે અસદનો ઈન્તેકાલ થયો તો હુઝૂર અકદસ ﷺ તેણીની પાસે તશરીફ લઈ ગયા અને સિરહાને બેઠા પછી ફર્માવ્યું, અલ્લાહ તબારક વ તઆલા તમારા પર રહમ ફર્માવે, હે મારી માના ઈન્તેકાલ બાદ મારી મા ! હદીષના રાવી હઝરત અનસ رضی اللہ عنہએ રસૂલુલ્લાહ ﷺનું તેણીની પ્રશંસા કરવું અને પોતાની ચાદર મુબારકમાં તેણીને કફન આપવું, વર્ણન કરીને પછી કહ્યું કે હુઝૂરે ઓસામા બિન ઝૈદ, અબૂ ઐયૂબ અન્સારી, હઝરત ઉમર બિન ખત્તાબ અને એક શ્યામ ગુલામને બોલાવ્યા. કેમ કે આ લોકો કબર ખોદતા હતા તો તે

લોકોએ હઝરત ફાતિમા બિન્તે અસદની ક઼બ્ર ખોદી. જ્યારે લહદ સુધી પહોંચ્યા તો હુઝૂરે અક઼દસ ﷺએ પોતે પોતાના હાથ મુબારકથી ક઼બર ખોદી અને ક઼બરની માટી કાઢી. જ્યારે તેનાથી ફારિગ થયા તો હુઝૂરે અક઼દસ ﷺ ક઼બ્રમાં સૂતા અને આ દુઆ પઢી : અલ્લાહ તે છે જે જીવંત કરે છે અને મારે છે અને તે જીવંત છે, કદી મૃત્યુ પામશે નહીં. હે અલ્લાહ! મારી મા હઝરત ફાતિમા બિન્તે અસદની બખ્શિશ ફર્માવ અને તેણીની ક઼બ્ર વિશાળ કર ! પોતાના નબી તથા સૌ નબીઓની બરકતથી જે મારી અગાઉ થયા, નિઃશંક ! તું રહમ કરવાવાળાઓમાં સૌથી અધિક રહમ કરનાર છે.

વફાઉલ વફા, ભાગ : ૨, પેજ : ૮૯માં છે :–

"وفـی روایة عـلی بن ابی طالب فلما فرغ منه نزل فاضطجع فی اللحد وقرء فیه القرآن.

**અર્થાત** : જ્યારે ક઼બ્ર તૈયાર થઈ તો રસૂલુલ્લાહ ﷺ તે ક઼બ્રમાં ઉતર્યા અને તેમાં કુર્આન શરીફ પઢ્યું.

"واخر ج ابن شیبة عن جابر رضی الله عنه قال بیننا نحن جلوس مع رسول الله صلی الله علیه وسلم اذاتاه آت فقال یا رسول الله ام علی و جعفر و عقیل قد ماتت فقال رسول الله صلی الله علیه وسـلـم قوموا الیٰ امی فقمنا و کان علیٰ رؤس من معه الطیر فلما انتهینا الیٰ الباب نزع قمیصه فقال اذاغسلتمو ها فا شعروها ایاه تـحـت اکـفا نها فلماخرجوابها جعل رسول الله صلی الله علیه وسلم مرة یحمل و مرة یتقد م ومرة یتاخر حتی اانتهینا الیٰ القبر فتـمـعك فی اللحدثم خرج فقال ادخلوها باسم الله وعلیٰ اسم الـلـه فلما ان دفنو هاقام قائما فقال جزاك الله من ام ور بیبة خیرا

قنعم الام ونعم الربيبة كنت لى قال فقلنا له اوقيل له يارسول الله لقد صنعت شيئين مارأيناصنعت مثلهماقط قال وماهوقلنانزعك قميصك وتمعكك فى اللحد؟قال اماقميصى فاريد ان لايمسها النـارابدا ان شاء الله تعالىٰ واماتمعكى فى اللحدفاردت ان يوسع الله عليها قبرها.

**અર્થાત :** હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે અમે લોકો હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પાસે બેઠા હતા કે એટલામાં એક શખ્સ આવ્યો અને કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અલી, જાફર, અકીલની માએ ઈન્તેક઼ાલ કર્યો. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ચાલો મારી માના કફન, દફન માટે. તો અમે લોકો ઉભા થઈ ગયા અને જે લોકો હુઝૂર علیہ الصلوٰۃ والسلامની સાથે ચાલ્યા સૌ ચૂપ, અદબપૂર્વક હતા જાણે તેમના માથા પર પક્ષીઓ છે. જ્યારે અમે લોકો દરવાજા પર પહોંચ્યા તો હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ ખમીસ મુબારક ઉતારીને અતા ફર્માવી અને ઈર્શાદ ફર્માવ્યો કે જ્યારે તમે લોકો ગુસલ આપી દો તો એને શરીર સાથે લાગેલ કફનની નીચે રાખજો. પછી જ્યારે જનાઝો લઈ ચાલ્યા તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ક્યારેક જનાઝો ઉઠાવતા, કદી આગળ આગળ ચાલતા અને કદી જનાઝાની પાછળ ચાલતા, અહીંયા સુધી કે અમે લોકો ક઼બ્ર સુધી પહોંચ્યા તો હુઝૂર صلی اللہ علیہ وسلم ક઼બ્રમાં સૂતા, પછી બહાર તશરીફ લાવ્યા. પછી ફર્માવ્યું, ખુદા તમને શ્રેષ્ઠ બદલો આપે હે મારી મા ! અને પાલનપોષણ કરવાવાળી ! કેટલી સારી તમે મારી મા ! અને પરવરિશ કરવાળાં હતાં ! પછી અમે લોકોએ પૂછયું અથવા હુઝૂર صلی اللہ علیہ وسلمને પૂછવામાં આવ્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ બે વાતો એવી કરી જે કદી ન કરતા હતા. ફર્માવ્યું, તે કઈ કઈ વાતો છે ? અમે લોકોએ કહ્યું, એક તો ખમીસ મુબારક ઉતારીને કફન માટે આપવું અને બીજી વાત ક઼બ્રમાં સૂવું. ઈર્શાદ થયો કે ખમીસ ઉતારીને એટલા માટે આપી કે તેની બરકતથી ઈન્શા અલ્લાહ તઆલા આગ તેણીને કદી નહીં અડશે અને ક઼બ્રમાં એટલા માટે સૂતો કે અલ્લાહ તબારક વ તઆલા તેણીની ક઼બ્ર વિશાળ અને પહોળી કરી આપે.

**(નવમો તરીક઼ો)**

## ક઼બ્ર પર પાણી છાંટવું

" عن جابرقال ورش قبر النبی صلی الله علیه وسلم و کان الذی رش الـماء علیٰ قبره هلال بن رباح بقربة بد أمن قبل را سه حتی انتهیٰ الیٰ رجلیه رواه البیهقی فی دلائل النبوة.

**અર્થાત** : હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ની ક઼બ્ર મુબારક પર પાણી છાંટવામાં આવ્યું અને જેણે ક઼બ્ર મુબારક પર પાણી છાંટયું તે બિલાલ બિન રબાહ છે. મશકથી પાણી છાંટયું, સિરહાના તરફથી શરૂ કર્યું અને પગો તરફ ખતમ કર્યું. *(મિશ્ક઼ાત શરીફ, પેજ : ૧૪૯)*

મુલ્લા અલી ક઼ારી, મિર્ક઼ાત શરહે મિશ્ક઼ાત, ભાગ : ૨, પેજ : ૨૭૮માં લખે છે :–

" قـال الـطيبی لـعل ذلك اشارة الـیٰ استـنـزال الرحمة الالٰهية و العواطف الربانية كما ورد فی الدعا اللهم اغسل خطا ياه بالماء والثـلـج والبـردوقـا لـواسقیٰ الله ثراه و برد مضجعه اوالیٰ الدعا بـالـطراوة وعدم الدروس قال ميرك ولعل الحكمة فيه ان القبراذ ارش بـالماء كان اكثر قاء وابعد من التناثر والاندارس قلت هذا امـرظـاهر حسی لا يحتاج الیٰ نقل وهو ماخوذ من العبارة اماما ذكـره الطيبی من الاشارة فهوفی غاية اللطافة و نها ية الشرافة و نـظيـره ان احـدامـن الـمريدين بنیٰ بيتا ثم ضيف شيخه فقال له الشيـخ لأیّ شـئـی فتـحـت الطاقة قال لدخول الهواء وشمول الـضيـاء فقال هذاامر ظاهر حاصل لا محالة لكن كان ينبغی ان تـقصدبالاصالة سماع الاذان ويكون الباقی تبعالهٗ

**અર્થાત** : અલ્લામા તૈયબીએ ફર્માવ્યું કે પાણીનું છાંટવું અલ્લાહની રહ્‌મત અને રબની મહેરબાની નાઝિલ થવા તરફ સંકેત છે જેમ કે દુઆમાં મૌજૂદ છે, ખુદાવંદ ! ધોઈ નાખ તેના ગુનાહોને પાણી, બરફ અને ''કરા''ની એટલે બરફના નાના ટુકડાની વર્ષાથી. અને લોકો દુઆના સમયે કહ્યા કરે છે : شقی اللہ ثراہ وبرد مضجعه અલ્લામા મીરક કહે છે કે આમાં એ હિક્‌મત છે કે ક્‌બ્ર પર જ્યારે પાણી છાંટી આપવામાં આવે છે તો તે ક્‌બ્ર વધુ સમય સુધી બાકી રહે છે અને માટી ફેલાય જવા અને નષ્ટ થવાથી દૂર રહે છે. મુલ્લા અલી ક્‌ારી ફર્માવે છે, હું કહું છું કે આ તો જાહેર અનુભવેલ છે તેની દલીલની જરૂર નથી અને આ તો લખાણથી જ જાહેર છે. અને અલ્લામા તૈયબીએ જે સંકેતનો ઉલ્લેખ કર્યો તે અતિશય લતીફ અને ખૂબ જ સરસ છે તેનું ઉદાહરણ આ વાક્‌યો છે કે કોઈ મુરીદે એક ઘર બનાવ્યું અને પોતાના શેખ (પીર)ની દા'વત કરી. શૈખે પૂછયું, આમાં બારી કેમ રાખી છે ? મુરીદે કહ્યું, હવા અને ઉજાસ માટે. શૈખે કહ્યું, એ તો જાહેર છે, નિઃશંક ! હોવી જ જોઈએ, પરંતુ યોગ્ય એ હતુ કે મૂળ હેતુ અઝાનનો અવાજ આવવો હોત બાકી હવા તથા રોશની તો સ્વભાવિક જ આવત.

અને કોઈએ શું ખૂબ સરસ કહ્યું છે :

سرمہ کہ برائے نور چشم ست ۔ زیبائش چشم او طفیل شت

**અર્થાત** : ''સુરમો આંખની રોશની માટે છે, આંખની શોભા એના તુફેલ હોય જ છે.''

”وعن ابی رافع قال سلّ رسول الله علیه وسلم سعد اورش علیٰ

قبره ماء (رواه ابن ماجة)

**અર્થાત** :ઈબ્ને માજા હઝરત અબૂ રાફેઅથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ (કોઈ જરૂર અથવા જાઈઝ હોવું બયાન કરવા માટે) હઝરત સઅદને માથા તરફથી દાખલ કર્યા અને તેમની ક્‌બ્ર પર પાણી છાંટવાનો આદેશ આપ્યો.

"وعن جعفر بن محمد عن ابيه مرسلا ان النبی صلی الله علیه و سلم حثیٰ علیٰ المیت ثلاث حثیات بیدیه جمیعا وانه رش علیٰ قبر ابنه ابراهیم ووضع علیه حصباء (رواه فی شرح السنة وروی الشافعی من قوله رش)

**અર્થાત :** અલ્લામા બગવી શરહુસ્સુન્નહમાં ઈમામ જાફર સાદિક઼થી તેમણે પોતાના વાલિદ માજિદ ઈમામ મુહમ્મદ બાક઼િરથી મુરસલન રિવાયત કરી. નબી કરીમ ﷺએ મૈયત પર બંને હાથોથી ત્રણ ખોબા માટી નાખી અને આપના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ رضی الله عنهની ક઼બ્ર પર પાણી છાંટયું અને ક઼બ્ર પર પથ્થર મૂક્યા. આ હદીષને ઈમામ શાફઈ رضی الله عنهએ પણ રિવાયત કરી, પરંતુ ફકત وَرَشَّથી.

મિર્ક઼ાત શરહે મિશ્ક઼ાત, ભાગ : ૨, પેજ નં. ૩૭૭માં છે :–

" قال ابن الملك ولیسن حیث لامطررش القبر بماء بار دطاهر مطهور تفاولابان الله یبردمضجعه.

**અર્થાત :** ઈબ્ને માલિકે કહ્યું કે જ્યારે વરસાદ ન થાય તો ક઼બ્ર પર ઠંડુ પાક પવિત્ર પાણી છાંટવું સુન્નત છે. આ વાતના શગુન માટે કે અલ્લાહ તબારક વ તઆલા તેની ક઼બ્રને ઠંડી કરે.

તેમાં જ પેજ નં. ૩૭૮માં છે :–

"وروی البزاز انه امر بالرش فی قبر عثمان بن مظعون.

**અર્થાત :** બઝ્ઝારે રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઉષ્માન બિન મજઊનની ક઼બ્ર પર પાણી છાંટવાનો હુકમ આપ્યો.

શૈખ મુહક્કિ઼ક઼ મૌલાના અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمة الله علیه લમ્આત હાશિયા મિશ્ક઼ાત, પેજ નં. ૧૪૯માં જાબિર رضی الله عنهની હદીષ હેઠળ લખે છે :–

"وذلك لمصلحة رأ هااصحاب رسول الله صلى الله عليه وسلم والعلةفى رش قبر غير ه صلى الله عليه وسلم التفاؤل باستنزال ا لـرحـمةو غسل الخطايا وتطهير الذنوب وعلل ايضابان يمسك تـراب الـقبـر عـن الانتشار ويمنع عن الدروس.

**અર્થાત** : સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعین એ જે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની કબ્ર પર પાણી છાંટયું તો કોઈ જરૂરતના કારણે હશે જે તે લોકોએ સમજ્યું હશે. રહ્યું, હુઝૂર સિવાય અન્યોની કબ્ર પર પાણી છાંટવાનું કારણ તો રહમત નાઝિલ થવા અને ભૂલચૂક ધોવા તથા ગુનાહોથી પાક સાફ થવાનું નેક શગુન છે. અને કબ્રની માટી ફેલાવવાથી બચાવવું અને કબ્રને નષ્ટ થવાથી સુરક્ષિત રાખવું પણ તેનું કારણ બયાન કરવામાં આવે છે.

અલ્લામા શામી રદુલ મુહ્તાર, ભાગ : ૧, પેજ : ૮૩૭માં લખે છે :

"قـول ولاباس برش الماء عليه بل ينبغى ان يندب لانه صلى الله عليه وسلم فعله بقبرسعد كما رواه ابن ماجة وبقبر ولده ابراهيم كـما رواه ابوداؤد فى مرا سيله وامر به فى قبر عثمان بن مظعون كمارواه البزار

**અર્થાત** : કબ્ર પર પાણી છાંટવું મુસ્તહબ છે એટલા માટે કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم એ હઝરત સઅદ رضی اللہ عنہ ની કબ્ર પર પાણી છાંટયું. જેમ કે ઈબ્ને માજામાં છે. અને પોતાના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ની કબ્ર પર પાણી છાંટવાનો આદેશ આપ્યો. જેમ કે બઝ્ઝારની રિવાયતમાં છે.

## (દસમો તરીક઼ો)

## દફનવિધિ બાદ મૈયતને તલ્કીન કરવી

اتحاف الشادق المتقین (ઈતહાફુલ્ સાદાતુલ્ મુતક઼ીન) ભાગ : ૧૦ના હાશિયા પર, પેજ નં. ૩૬૮માં છે :–

" قال سعيد بن عبدالله الاودی شهدت ابامامة الباهلی وهوفی النزع فقال یاسعید!اذامت فاصنعوابی کماامرنارسول الله صلی الله عليه وسلم فقال اذامات احدكم فسر يتم عليه التراب فليقم احد كم علیٰ راس قبره ثم يقول يا فلان بن فلانة فانه يسمع ولا يجيب ثم ليقل يافلان بن فلانه الثانية فانه يستوی قاعد اثم ليقل يا فلان بن فلانة الثالثة فانه يقول ارشد نايرحمك الله ولكن لا تسمعون فيقول له اذكرما خرجت عليه من الدنيا شهادة ان لا اله الاالله وان محمدا رسول الله وانك رضيت باللهرباوبالاسلام ديناوبمحمد صلی الله عليه وسلم نبياوبالقران امامافان منكر او نكيرايتاخركل واحد منهما فيقول انطلق بناماقعد ناعند هذاو قدلقن حجته ويكون الله عزوجل حجيجه دونهما فقال رجل يارسول الله !فان لم يعرف اسم امه قال فلينبه الیٰ حواء.

**અર્થાત** : સઈદ બિન અબ્દુલ્લાહ અવદી કહે છે કે હું અબૂ ઉમામા બાહલી رضی اللہ عنہની પાસે પહોંચ્યો જે વખતે તે સકરાતની હાલતમાં હતા. તેમણે કહ્યું કે, હે સઈદ ! હું જ્યારે મૃત્યુ પામુ તો મારી સાથે તે કામ કરજો જેને રસૂલુલ્લાહ ﷺએ આપણને હુકમ આપ્યો છે કે જ્યારે તમારામાંથી કોઈ વ્યક્તિ મૃત્યુ પામે અને તમે દફન કર્યા બાદ તેને માટી બરાબર કરી

આપો તો એક વ્યક્તિ તેની કબ્રના સિરહાને ઊભો થાય અને કહે કે, હે ફલાણીના પુત્ર ફલાણા ! તો તે સાંભળશે પરંતુ જવાબ નહીં આપે. પછી બીજીવાર કહે કે, ફલાણીના પુત્ર ફલાણા ! આને સાંભળીને તે બેસી જશે. પછી ત્રીજીવાર કહે, હે ફલાણીના પુત્ર ફલાણા ! ત્યારે તે કહેશે કે, કહો અલ્લાહ તમારા પર રહમ કરે ! પરંતુ આ કહેવાને તમે નહીં સાંભળો. પછી તે વ્યક્તિ કહે, યાદ કરો તે અકીદાને જેના પર તમે દુનિયાથી નીકળ્યા. એ વાતની સાક્ષી આપજો કે ખુદાના સિવાય કોઈ બંદગીને પાત્ર નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે અને તું રાજી છે એ વાત પર કે અલ્લાહ તારો રબ છે, ઈસ્લામ તારો ધર્મ, મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ અને કુર્આન શરીફ તારો આગેવાન છે. આ સાંભળીને મુન્કર નકીર બંને પાછળ હટી જશે અને એક બીજાને કહેશે કે ચાલો આની પાસે શું બેસીએ જેને દલીલ તલ્કીન કરવામાં આવી. અને અલ્લાહ તબારક વ તઆલા તે વ્યક્તિ અને બંનેવ ફરિશ્તાઓની દરમ્યાન હશે. આના પર એક વ્યક્તિએ કહ્યું, યા રસૂલલ્લાહ ! જો મૈયતની માનુ નામ ખબર ન હોય તો ? ઈર્શાદ થયો, તો ફલાં બિન હવ્વા કહેજો.

અલ્લામા મુર્તુઝા, ઝુબૈદી શરહે અહ્યાઉલ ઉલૂમ, ભાગ : ૧, પેજ : ૩૬૮માં ફર્માવે છે :–

”رواه الطبرانی فی الکبیروفی کتاب الدعاء وابن مندة فی کتاب الروح وابن عسا کر والدیلمی ورواه ابن مندة من وجه اخر عن ابی امامة قالاذاانامتُّ فد فنتمونی فلیقم انسان عند راسی فلیقل یاصدی بن عجلان اذکر ماکنت علیه فی الدنیا شهادة ان لااله الاالله وان محمد ارسول الله رواه ابن عساکر من وجه اخر عن ابی امامة رفعه اذامات الرجل منکم فد فنتموه فلیقم احدکم عند

راسه فليقل يا فلان بن فلانة فانه يسمع فليقل يافلان بن فلانه
فانه يستوى قاعد افليقل يا فلان بن فلانة فانه سيقول له ارشدنى
يرحمك الله فليقل اذكرماخرجت عليه من الدنيا شهادة ان لااله
الا الله وان محمد اعبده و رسوله وان الساعة اتية لاريب فيها
وان الله باعث من فى القبور فان منكرا و نكيرا عند ذلك يا خذ
كل واحدبيد صاحبه ويقول قم ماتصنع عند رجل لقن حجته
فكيون الله حجيجهما دونه

**અર્થાત** : રિવાયત કરી એને તિબ્રાનીએ કબીરમાં અને કિતાબુદુઆમાં અને ઈબ્ને મુંદાએ કિતાબુર્રુહમાં અને ઈબ્ને અસાકિર અને દયલમીએ. અને રિવાયત કરી ઈબ્ને મુંદાએ તેને બીજા તરીક઼ાથી અબૂ ઉમામા رضی اللہ عنہથી તેમણે કહ્યું કે જ્યારે હું મૃત્યુ પામુ અને તમે લોકો દફન કરી ચૂકો તો જોઈએ કે એક માણસ મારી કબરના સિરહાને ઉભો રહે અને કહે : હે સદી બિન અજલાન ! યાદ કરો તે ચીજને જેના પર તમે દુનિયામાં હતા, એટલે શહાદત એ વાતની કે નથી કોઈ મઅબૂદ અલ્લાહ તઆલા સિવાય, અને બેશક ! મુહમ્મદ صلی اللہ علیہ وسلم અલ્લાહના રસૂલ છે. રિવાયત કરી એને ઈબ્ને આસાકિરે બીજા તરીક઼ાથી અબૂ ઉમામા رضی اللہ عنہથી, અને મરફૂઅ કરી એને. જ્યારે તમારામાંથી કોઈ માણસ મરી જાય અને તેને દફન કરી ચૂકો તો જોઈએ કે તમારામાંથી કોઈ તેના સિરહાને ઉભો થઈ જાય અને એવું કહે કે હે ફલાણાના પુત્ર ફલાણા ! બેશક ! તે મુડદુ સાંભળે છે. પછી કહે હે ફલાણા ઈબ્ને ફલાણા ! તો તે સીધુ બેસી જાય છે. ફરી કહે, હે ફલાણાના પુત્ર ફલાણા ! તો બેશક ! તે તેને કહે છે કે રહબરી કરો મારી, રહમ કરશે તમારા પર અલ્લાહ તઆલા. ત્યારબાદ તેણે કહેવું જોઈએ કે યાદ કરો જે ચીજ પર તમે નીકળ્યા છો દુનિયાથી. (એટલે) એ વાતની ગવાહી કે નથી કોઈ મઅબૂદ સિવાય અલ્લાહ તઆલાના અને બેશક !

મુહમ્મદ ﷺ તેના બંદા અને તેના રસૂલ છે. અને યક઼ીનન! ક઼યામત આવનારી છે એમાં કોઈ શક નથી, અને યક઼ીનન ! અલ્લાહ તઆલા ઉઠાવનાર છે એ લોકોને જેઓ કબરોમાં છે. તો બેશક ! તે વખતે મુન્કર નકીર પકડે છે દરેક પોતાના સાથીના હાથને અને કહે છે, ઉઠો ! શું કરશો આવા મર્દ પાસે જેને તલ્ક઼ીન કરવામાં આવી રહી છે પોતાની દલીલ કે થઈ જાય અલ્લાહ તઆલા એ બંનેવ તરફથી ઝઘડનાર એ વખતે.''

અને તેમાં જ (પેજ નં. ૩૬૯) છે :

”وروی سعید بن منصور عن راشد بن سعد وضمرة بن حسیب و حکیم بن عمیر قالو ااذا سوی علیٰ قبره وانصرف الناس عنه کان یستحب ان یقال للمیت عند قبره یا فلان قل لاله الا الله ثلاث مرات یا فلان قل ربی الله و دینی الاسلام و نبی محمد صلی الله علیه وسلم.

**અર્થાત** : સઈદ બિન મન્ષૂર, રાશિદ બિન સઅદ, ઝમરા બિન હસીબ અને હકીમ બિન ઉમેરથી રિવાયત કરે છે. તેમણે કહ્યું કે જ્યારે મુડદા પર માટી બરાબર કરી દો અને લોકો ત્યાંથી પરત ફરે તો મુસ્તહબ છે કે મૈયતની ક઼બ્રની પાસે આવું કહેવામાં આવે, હે ફલાણા ! કહે, لا اله الا الله ત્રણવાર. તેને કહે, હે ફલાણા ! કહે મારો રબ અલ્લાહ, મારો ધર્મ ઈસ્લામ અને મારા નબી મુહમ્મદ ﷺ છે.

અલ્લામા શામી રદ્દુલ મુહ્તાર, ભાગ : ૧, પેજ : ૬૯૬માં લખે છે :

”قوله ولا یلقن بعد تلحیده ذکر فی المعراج انه ظاهر الروایة ثم قال و فی الخبازیة والکافی من الشیخ الزاهد الصفاران هذاقول المعتزلة لان الاحیاء بعد الموت عندهم مستحیل اما عند اهل السنة فالحدیث ای لقنو امو تاکم لااله الا الله محمول علیٰ

حقیقته لان الله تعالی یحییه علی ماجاء ت به الأثار وقد روی عنه علیه الصلاة و السلام انه امربالتلقین بعد الدفن فیقول یافلان بن فلانة اذکردینك الذی کنت علیه من شهادة ان لااله الاالله وان محمدا رسول الله الخ.

મોઅ્તઝિલાનો ધર્મ એ છે કે દફન કર્યા બાદ તલ્ક઼ીન ન કરવામાં આવે. એટલા માટે કે મૃત્યુ બાદ જીવંત થવું તેઓની દષ્ટિએ અશક્ય છે અને અહલે સુન્નતની દષ્ટિએ لقنوا موتاکم لاالٰہ الا اللہ પોતાની વાસ્તવિક્તા પર બરાબર છે એટલા માટે કે અલ્લાહ તબારક વ તઆલા મુડદાને જીવતો કરશે. અને હદીષોમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ દફનવિધિ બાદ તલ્ક઼ીનનો હુકમ આપ્યો છે. તો કહે છે કે, ફલાણીના પુત્ર ! ફલાણા ! યાદ કરો તે મઝહબને જેના પર તમે દુનિયામાં હતા કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે, છેવટ સુધી.

***(અગ્યારમો તરીક઼ો)***

## ષાબિત ક઼દમી (અડગતા)ની દુઆ કરવી

(આને રિવાયત કરી અબૂ દાઊદે, ભાગ : ૨, પેજ ૧૦૨)

અબૂ દાઊદ હઝરત ઉષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہથી રિવાયત કરે છે. હુઝૂર અક઼દસ ﷺ જ્યારે મૈયતને દફન કરીને ફારિગ થતા તો ક઼બ્રની પાસે થોભતા અને ફર્માવતા કે અમારા ભાઈની મગફેરતની દુઆ અને સવાલ કરો કે અલ્લાહ તબારક વ તઆલા તેને સાબિત ક઼ૌલ પર અડગ રાખે. એટલા માટે કે આ સમયે તેને સવાલ કરવામાં આવશે. મુન્કર નકીર તેને પૂછવા માટે આવશે.

" عن عثمان بن عفان قال كان النبى صلى الله عليه وسلم اذا فرغ من دفن الميت وقف عليه فقال استغفروالاخيكم واساء لوا بالتثبيت فانه الان يسئال(رواه ابو داؤد جلد ٢ ص١٠٢)

**અર્થાત** : સઈદ બિન મન્સૂર, હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺ ક઼બ્ર બરાબર કર્યા બાદ થોભતા અને દુઆ કરતા.

ખુદાવંદ ! મારો સાથી તારી પાસે ઉતર્યો છે અને દુનિયાને પોતાની પીઠ પાછળ છોડી. હે અલ્લાહ ! સવાલના સમયે તેની ઝબાન અડગ તથા દુરુસ્ત રાખ અને ક઼બ્રમાં તેને આજમાઈશમાં ન નાખ જેની તેને તાક઼ત ન હોય.

"وروى ابن ماجة والبيهقى فى السنن عن ابن المسيب قال حضرت ابن عمر فى جنازة ابنة له فلما وضعها فى اللحد قال بسم الله و فى سبيل الله فلما اخذ فى تسوية اللحد قال اللهم اجرها من الشيطان و من عذاب القبر فلما سوى الكثيب عليها قام جانب القبر ثم قال اللهم جاف الارض عن جنبيهاوصعد روحها ولقها منك رضوانا ثم قال سمعته من رسول الله صلى الله عليه وسلم.

**અર્થાત** : ઈબ્ને માજા તથા બયહક઼ી સુનનમાં હઝરત ઈબ્ને મુસૈયબ رضی اللہ عنہથી રિવાયત કરે છે. હું હઝરત ઈબ્ને ઉમરની સાહબઝાદી (પુત્રી)ના જનાઝામાં હાજર થયો તો જ્યારે તેણીને લહદમાં રાખ્યાં તો بسم الله و فى سبيل الله કહ્યું. જ્યારે ક઼બ્ર બરાબર કરવા લાગ્યા તો اللّٰهم اجرها من الشيطان و من عذاب القبر કહ્યું. એટલે હે અલ્લાહ ! તેને શૈતાન અને ક઼બ્રના અઝાબથી બચાવ ! અને જ્યારે માટી બરાબર કરી

ચૂક્યા તો કબ્રની તરફ ઊભા થયા અને કહ્યું કે, હે અલ્લાહ ! કબ્રને બંનેવ તરફથી ફેલાવી આપ. અને તેની રૂહને બુલંદ ફર્માવ. અને તેની સાથે રાજીખુશીથી મુલાકાત કર. પછી કહ્યું, આને મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું.

"و روى ابن ابى شيبة عن قتاده ان انسا دفن ابنا له فقال اللهم جاف الارض عن جنبيه و افتح ابواب السماء لروحه ابد له دار اخيرامن داره.

**અર્થાત** : ઈબ્ને અબી શૈબા, હઝરત કતાદા رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હઝરત અનસ رضی اللہ عنہએ પોતાના પુત્રને દફન કર્યો. તો કહ્યું, હે અલ્લાહ ! જમીનને તેના બંનેવ કિનારાથી વિશાળ ફર્માવ. અને તેની રૂહ માટે આસમાનના દરવાજા ખોલી આપ અને તેનું ઘર બદલી દે જે દુનિયાના ઘરથી શ્રેષ્ઠ હોય.

હકીમ તિર્મિઝી નવાદિરુલ્ ઉસૂલમાં ફર્માવે છે :–

" الوقوف علىٰ القبر و سوال التثبيت فى وقت الدفن مدد للميت بعد الصلاة لان الصلاة بجماعة المؤمنين كالعسكر له وقد اجتمعوا بباب الملك يشفعون له والوقوف علىٰ القبرو سوال التثبيت فى وقت الدفن مدد للعسكر وذٰلك ساعة شغل الميت

(الكل من شرح الاحياء ج ۱/ص۳٦۸)

**અર્થાત** : કબ્ર પર થોભવું અને દફનવિધિના સમયે અડગતાની દુઆ કરવી આ જનાઝાની નમાઝ બાદ મૈયતની મદદ છે. એટલા માટે કે મો'મિનોની જમાઅત સાથે નમાઝ પઢવી લશ્કરની જેમ છે, જે બાદશાહના દરવાજા પર સિફારિશ માટે એકત્ર થયું છે. અને કબ્ર પાસે રોકાવું અને અડગ રહેવાની દુઆ કરવી તે લશ્કરની મદદ છે કેમ કે આ સમય મૈયતની વ્યસ્તતાનો સમય છે.

(બારમો તરીક઼ો)

## દફનવિધિ બાદ ક઼બ્ર પર અઝાન આપવી

ઈમામ અહમદ તથા તિબ્રાની તથા બૈહક઼ી, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہماથી રિવાયત કરે છે :–

"قال لما دفن سعد بن معاذ (زاد فی روایة) و سوی علیه سبح النبی صلی الله علیه وسلم و سبح الناس معه طویلاثم کبرو کبر الناس ثم قالوا یارسول الله لم سبحت (زاد فی روایة) ثم کبرت قال لقد تضایق علیٰ هذا الرجل الصالح قبرحتی فرجه الله تعالی عنه.

**અર્થાત :** જ્યારે સઅદ બિન મઆઝ رضی اللہ عنہ દફન થઈ ચૂક્યા અને ક઼બ્ર બરાબર કરી આપવામાં આવી. નબીએ કરીમ ﷺ મોડે સુધી સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ ફર્માવતા રહ્યા અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પણ હુઝૂર ﷺની સાથે કહેતા રહ્યા. પછી હુઝૂર علیہ الصلوٰۃ والسلام અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર કહેતા રહ્યા અને સહાબાએ કિરામ પણ હુઝૂર ﷺની સાથે કહેતા રહ્યા. પછી સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હુઝૂર પ્રથમ તસ્બીહ પછી તકબીર કેમ ફર્માવતા રહ્યા ?! ઈર્શાદ ફર્માવ્યો, આ નેક વ્યક્તિ પર તેની ક઼બ્ર સાંકડી થઈ હતી, અહીંયા સુધી કે અલ્લાહ તબારક વ તઆલાએ તે તકલીફ તેનાથી દૂર કરી આપી અને ક઼બ્ર પહોળી ફર્માવી આપી.

અલ્લામા તૈયબી શરહે મિશ્ક઼ાતમાં ફર્માવે છે :–

"ای مازلت اکبر و تکبرون واسبح و تسجون حتی فرجه الله.

હદીષનો ભાવાર્થ એ છે કે સતત હું અને તમે અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, સુબ્હાનલ્લાહ, સુબ્હાનલ્લાહ કહેતા રહ્યા ત્યાં સુધી કે અલ્લાહ તબારક વ તઆલાએ તે તંગીથી તેમને મુક્તિ આપી.

**હું કહું છું** : આ હદીષથી સાબિત થયું કે હુઝૂરે અક્દસ ﷺએ મૈયત પર આસાની માટે દફન કર્યા બાદ કૃબ્ર પર અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર વારંવાર ફર્માવ્યું છે. અને આ જ મુબારક કલમો અઝાનમાં છ વાર છે, તો સુન્નત મુજબ થયું. ખુલાસો એ છે કે અઝાનમાં તેની સાથે અન્ય કલ્મા વધુ છે તો તેની અધિકતા ન મઆઝલ્લાહ ! કાંઈ હાનિકારક છે, ન આ સુન્નત તરીકૃાની વિરુદ્ધ. બલ્કે વધુ લાભદાયક તથા હેતુનો સમર્થક છે કે અલ્લાહની રહ્મત ઉતારવા માટે અલ્લાહનું ઝિક્ર કરવું હતુ. આના સિવાય સૌની સંમત્તિથી સુન્નત અને હદીષોથી સાબિત તથા ફિક્હમાં માન્ય કે મૈયતની પાસે સકરાતની હાલતમાં કલમએ તૈયબા "લાઈલાહ ઈલ્લલ્લાહ" પઢતા રહો જેથી તેને સાંભળીને યાદ થાય.

હદીષમાં છે :–

لقنوا موتا کم الااله الا اله۔ اپنے مردوں کو لا اله الا اللّٰه (رواه

الامام احمد ومسلم وابو دؤد و الترمذی والنسائی وابن ماجة

عن ابی سعید المخدری وابن ماجة کمسلم عن ابی هريرة و

کالنسائی عن ام المومنین عائشت رضی الله عنهم)

**અર્થાત** : તમારા મુડદાંઓને 'لا اله الا اللّٰه' શિખવાડો. હવે જે સકરાતની હાલતમાં તે મજાઝન મુરાદ છે અને તેને ઈસ્લામનો કલમો શીખવાડવાની જરૂરત છે કે અલ્લાહની તાકૃતથી ખાતમો આ જ પવિત્ર કલમા પર થાય અને મરદૂદ શૈતાનના બહેકાવવામાં ન આવે. અને જે દફન થઈ ચૂક્યો તે વાસ્તવિક્તામાં મુડદો છે અને તેને પણ પાક કલમો શીખવાડવાની જરૂર છે કે અલ્લાહની મદદથી જવાબ યાદ થઈ જાય. અને શૈતાન રજીમના બહેકાવવામાં ન આવે અને નિઃશંક ! અઝાનમાં આ જ કલમો "લા ઈલાહ ઈલ્લલ્લાહ" ત્રણ જગ્યાએ મૌજૂદ છે. બલ્કે તેના બધા કલ્મા મુન્કર નકીરના જવાબ બતાવે છે.

તેમના સવાલ ત્રણ છે :–

(૧) من ربك ؟ તારો રબ કોણ છે ?

(૨) ما دينك ؟ તારો ધર્મ શું છે ?

(3) ما كنت تقول فى هٰذا الرجل ؟ તુ આ મર્દ (એટલે હુઝૂર ﷺ) વિશું શું અક઼ીદો ધરાવતો હતો ?

હવે અઝાનની શરૂઆતમાં :–

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اَشْهَدُ اَنْ لَآاِلٰهَ اِلَّا اللّٰهُ اَشْهَدُ اَنْ لَآاِلٰهُ اِلَّا اللّٰهُ

અને છેવટમાં اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَر، من ربك નો જવાબ શીખવાડશે.

તેના સાંભળવાથી યાદ આવશે કે મારો રબ અલ્લાહ છે. અને اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُولُ اللّٰهُ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ સવાલ ما كنت تقول فى هٰذا الرجل નો જવાબ શીખવાડશે કે હું તેમને અલ્લાહના રસૂલ જાણતો હતો. અને حَيَّ عَلَى الصَّلٰوةِ حَيَّ عَلَى الْفَلَاحُ જવાબમાં ما دينك ની તરફ ઈશારો કરશે કે મારો ધર્મ તે હતો જેમાં નમાઝ રુકન તથા પાયો છે કે الصلاة عما دالدين તો દફન કર્યા બાદ અઝાન આપવી બિલ્કુલ હુકમ પર અમલ કરવું છે જે નબીએ કરીમ ﷺએ સહીહ હદીષમાં વર્ણન ફર્માવ્યું.

અને ઈલ્મવાળો દરેક શખ્સ જાણે છે કે જ્યારે બંદો ક઼બ્રમાં રાખવામાં આવે છે અને મુન્કર નકીરના સવાલ થાય છે, મરદૂદ શૈતાન (અલ્લાહ عزّوجلّ પોતાના મહબૂબ કરીમ ﷺના સદક઼ામાં દરેક મુસલમાન મર્દ ઔરતને જિંદગી તથા મૃત્યુ બાદ તેની બુરાઈથી મહેફૂઝ રાખે) ત્યાં જ ખલેલ પહોંચાડે છે અને જવાબમાં બહેકાવે છે :–

والعياذ بو جه العزيز الكريم و لاحول ولا قوة الا بالله العلى العظيم

ઈમામ તિર્મિઝી મુહમ્મદ બિન અલી નવાદિરુલ ઉસૂલમાં ઈમામ અજલ સુફયાન ષૌરી رحمۃ اللہ علیہથી રિવાયત કરે છે :–

" ویوئده من الاخبار قول النبی صلی الله علیه وسلم عند دفن المیت اللّٰهم اجره من الشیطان فلولم یکن للشیطان هناك سبیل مادعا صلی اللّٰه علیه وسلم بذلك.

**અર્થાત** : જ્યારે મુડદાને સવાલ થાય છે કે તારો રબ કોણ છે ? શૈતાન તેના પર જાહેર થાય છે અને પોતાની તરફ ઈશારો કરે છે કે હું તારો રબ છું. એટલા માટે હુકમ આવ્યો કે મુડદા માટે જવાબમાં સાબિત કદમ (અડગ) રહેવાની દુઆ કરે.

ઈમામ તિર્મિઝી ફર્માવે છે : તે હદીષો એની સમર્થક છે જેમાં ઉલ્લેખ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم મૈયતને દફન કરતી વખતે દુઆ ફર્માવતા, ઈલાહી ! આને શૈતાનથી બચાવ ! જો ત્યાં શૈતાનનો કાંઈ દખલ ન હોત તો હુઝૂર અક્દસ صلی اللہ علیہ وسلم આ દુઆ કેમ કરતા ? અને સહી હદીષોથી સાબિત છે કે અઝાન શૈતાનને દફા (દૂર) કરે છે.

સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમ વગેરેમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે. હુઝૂર અક્દસ صلی اللہ علیہ وسلم ફર્માવે છે :–

"اذا اذن الموذن ادبر الشیطان وله حصاص જ્યારે મુઅઝ્ઝિન અઝાન કહે છે શૈતાન પીઠ ફેરવીને વા સેરવતો નાસે છે.

સહીહ મુસ્લિમની જાબિર رضی اللہ عنہની હદીષથી સ્પષ્ટ છે કે ૩૬ માઈલ સુધી નાસે છે અને ખુદ હદીષમાં હુકમ આવ્યો, જ્યારે શૈતાનનો વસવસો હોય તો તરત જ અઝાન કહો કે તે દૂર થઈ જશે.

**اخرجه الامام ابوالقاسم سلیمٰن بن احمد والطبرانی فی اوسط معاجیمه عن ابی هریره رضی اللّٰه عنه.**

મેં (લેખક) પોતાની કિતાબ 'નસીમુસ્સબા ફી અનિલ્અઝાનિ

યહવલ્વબા'માં આ મતલબ પર ઘણી હદીષો નક્લ કરી છે. અને જ્યારે સાબિત થઈ ગયું કે તે સમય અયાઝુ લિલ્લાહ શૈતાન મરદૂદના બહેકાવવાનો છે અને ઈર્શાદ થયો કે શૈતાન અઝાનથી નાસે છે અને આપણને હુકમ આવ્યો કે તેને દૂર કરવા માટે અઝાન કહો, તો આ અઝાન ખાસ હદીષોથી દલીલબદ્ધ છે, બલ્કે બિલ્કુલ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના હુકમ મુજબ. અને મુસલમાન ભાઈની ઉત્તમ મદદ થઈ જેની ખૂબીઓથી કુર્આન તથા હદીષ માલામાલ છે.

આ મસ્અલામાં આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત મુજદિદે મિઅતે હાઝરા જનાબ મૌલાના શાહ અહમદ રઝાખાન સાહબ ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ એક પૂરી કિતાબ ایذان الاجر فی اذان القبرના નામથી લખી જેમાં પંદર દલીલો થકી અને મસ્અલાને દલીલબદ્ધ ફર્માવ્યો. આ ત્રણે દલીલો તે જ કિતાબથી લીધેલ છે. આના સિવાય અમુક ઓલમાએ દીને મૈયતને ક્બ્રમાં ઉતારતી વખતે અમીન કહેવાને સુન્નત ફર્માવ્યું. ઈમામ ઈબ્ને હજર મક્કી પોતાના ફતાવા તથા અલ્લામા ખૈરુદીન રમલી ઉસ્તાઝ સાહબે દુર્રે મુખ્તારે બહરુર્રાઈકના હાશિયામાં તેમનો આ ક્ૌલ (કથન) નક્લ ફર્માવ્યો.

હઝરત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ સાહબ رحمۃ اللہ علیہના મલફૂઝાતે અઝીઝીમાં છે :

عمل مشائخ ست کہ اذان بر قبر بعد دفن می گویند

**અર્થાત** : "મશાઈખનો અમલ છે કે દફન બાદ ક્બ્ર પર અઝાન કહે છે."

આનાથી જણાયું કે દફન કર્યા બાદ ક્બ્ર પર અઝાન આપવું બુઝુર્ગોથી ચાલી આવી રહ્યું છે અને તે સર્વ હદીષો આ નેક અમલની અસલ (દલીલ) છે. (واللہ الہادی)

*(તેરમો તરીકો)*

## ક઼બ્ર પર ખજૂરની ડાળ અથવા કોઈ લાકડી અથવા કોઈ લીલી ચીજ વગેરે મૂકવું

"عـن ابن عباس رضی الله عنهماقال مرالنبی صلی الله علیه وسلم بحائط من حیطان المدینة او مکةفسمع صوت انسانین یعذبان فی قبورهما فقال النبی صلی الله علیهوسلم یعذ بان وما یعذبان فی کبیر ثم قال بلیٰ ٰکان احد هم لا یستتر من بوله و کان الاٰخر یـمشی بالنمیمة ثم دعا بجر یدة فکسرها کسر تین فوضع علیٰ کـل قبرهما کسرة فقیل له یارسول الله !الم فعلت هذا؟ قال لعله ان یـخـفف عنهما مالم تیبسا(رواه البخاری ومسلم وابوداؤد و الترمذی والنسائی وابم ناجة)

**અર્થાત :** હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ મક્કા અથવા મદીનાના બાગોમાંથી કોઈ બાગમાં પસાર થયા તો બે વ્યક્તિઓનો અવાજ સાંભળ્યો કે તેમના પર અઝાબ થઈ રહ્યો છે. અને કોઈ મોટી વાત પર ન હતો જેનાથી બચવું મુશ્કેલ હોય. પછી ફર્માવ્યું, તેમાં એક વ્યક્તિ તો પોતાના પેશાબથી બચતો ન હતો (છાંટાથી) અને બીજો ચુગલખોરી કરતો હતો. પછી ખજૂરની એક લીલી ડાળ મગાવી અને તેના બે ટુકડા કર્યા અને દરેક ક઼બ્ર પર એક એક ટુકડો મૂક્યો. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, હુઝૂર ﷺ એ આવુ શા માટે કર્યુ ?! ફર્માવ્યું, જેથી આ બંનેવ પર થતા અઝાબમાં કમી થાય, જ્યાં સુધી આ બંનેવ સૂકાય ન જાય.

(એને રિવાયત કરી બુખારી તથા મુસ્લિમ તથા અબૂ દાઊદ તથા તિર્મિઝી તથા નસાઈ તથા ઈબ્ને માજાએ)

અલ્લામા ઐની શરહે બુખારી, ભાગ : ૧, પેજ : ૮૭૪માં ફર્માવે છે :-

” قـولـه لـعـلـه ان يخفف عنهما اى لعله يخفف ذلك من ناحية التبـرك باثرالنبى عليه الصلاة والسلام و دعائه بالتخفيف عنهما فكان صلى الله عليه وسلم جعل مدة بقاء النداوة فيهما حداً لما وقـعت المسالة من تخفيف العذاب عنهما وليس ذلك من اجل ان فى الرطب معنى ليس فى اليابس قاله الخطا بى وقال النووى قـال الـعـلـماء وهو محمول علىٰ انه صلى الله عليه وسلم سائل الشـفاعة لهما فاجيبت شفاعته بالتخفيف عنهما الىٰ ان ييبساو قيـل يتحمل انه صلى الله عليه وسلم يد عولهماتلك المد ةوقيل لـكونهما يسبحان مادامتا رطبتين وليس لليابس تسبيح قالوافى قوله تعالىٰ وان من شئى الايسبح بحمده معناه وان شئى حى ثم حيـاة كل شئى بحسبه فحيا ة الخشبة مالم ييبس وحياة الحجر مالم يقطع.

**અર્થાત** : અઝાબમાં કમી થવાના કારણોમાં ઓલમાના વિવિધ કથનો છે. અલ્લામા ખત્તાબીએ કહ્યું કે અઝાબનું ઓછુ થવું નબીએ કરીમ عليه الصلوٰة والسلامની અસરની બરકત અને કમીની દુઆના કારણે છે. કેમ કે હુઝૂર عليه الصلوٰة والسلامએ લાકડીની ભીનાશનું બાકી રહેવું અઝાબ ઓછો થવાની હદ ઠરાવી અને તેનું કારણ એ નથી કે લીલી લાકડીમાં કોઈ એવો ગુણ છે જે સૂકીમાં નથી. અલ્લામા નવવીએ ફર્માવ્યું કે ઉલમાએ કિરામ ફર્માવે છે : આ એ વાત પર ગુમાન કરવામાં આવશે કે રસૂલુલ્લાહ ﷺએ જ્યાં સુધી તે બંનેવ લાકડીઓ સૂકાય ન જાય તે બંનેવનો અઝાબ ઓછો થવાની દુઆ તથા સિફારિશ ફર્માવી. તો તેના સુકાય જવા સુધી હુઝૂરની શફાઅત

અઝાબ ઓછો થવાની બાબત મક્બૂલ થઈ. અને એ પણ કહેવામાં આવ્યું કે શંકા છે કે રસૂલુલ્લાહ ﷺ એટલી મુદત સુધી તે બંનેવ માટે દુઆ કરતા હોય. અને એક કૌલ એ પણ છે કે અઝાબની કમી આ કારણથી હોય કે જ્યાં સુધી બંનેવ લીલી છે અલ્લાહ તબારક વ તઆલાની તસ્બીહ કરે છે અને તેનાથી અઝાબની કમી થાય છે અને સૂકી તસ્બીહ નથી કરતી. ઓલમાએ وان من شئ الا يسبح بحمده ના અર્થમાં કહ્યું કે કોઈ જીવંત વસ્તુ નથી જે ખુદાની તસ્બીહ ન કરતી હોય. પછી પ્રત્યેક વસ્તુની જિંદગી તેના મુજબ હોય છે. લાકડીની જિંદગી તે સમય સુધી છે જ્યાં સુધી સૂકાય ન જાય અને પથ્થરની જિંદગી તે સમય સુધી છે કે જ્યાં સુધી કાપવામાં ન આવે.

ફત્હુલ બારી શરહે બુખારી અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمة الله عليه ભાગ–૧માં પેજ નં. ૨૨૩માં છે :–

”وقد قيل ان المعنى فيه انه يسبح مادام رطبا فيحصل التخفيف ببركة التسبيح وعلىٰ هذا فيطرد في كل مافيه رطوبة من الاشجار وغيرها و كذلك فيما فيه بركة كالذكر وتلاوة القرآن من باب الاولىٰ وقد تاسى بريدة بن الخصيب الصحابى بذلك فاوصىٰ ان توضع علىٰ قبره جريدتان كماسياتى فى الجنائزمن هذالكتاب وهوا ولىٰ ان يتبع من غيره.

**અર્થાત** : અને કહેવામાં આવ્યું છે કે અઝાબ ઓછો થવાનું કારણ એ છે કે ખજૂરની ડાળ જ્યાં સુધી ભીની રહેશે, ખુદાની પાકી બયાન કરશે તો તસ્બીહની બરકતથી અઝાબમાં કમી થશે. આ કારણે આ બરકત વૃક્ષ વગેરે પ્રત્યેક વસ્તુને આમ થશે જેમાં ભીનાશ છે. એ જ રીતે દરેક ચીજમાં જે બરકતવંત છે, જેમ કે ઝિક્ર અને કુર્આનની તિલાવતમાં નિઃશંક ! આ બરકત થશે. અને હઝરત બુરૈદા ઈબ્ને ખસીબ સહાબી رضي الله عنه એ તેનું અનુકરણ કર્યું. વસીયત કરી કે તેમની કબ્ર પર બે ડાળી ખજૂરની મૂકવામાં

આવે. તેનું બયાન આ જ કિતાબના બાબુલ જનાઈઝમાં આવશે અને હઝરત બુરૈદા આ વાતમાં વધુ હક્કદાર છે કે અન્યોના લેહાઝથી તેમનું અનુકરણ કરવામાં આવે.

ઈર્શાદુસ્ સારી શરહે બુખારી અલ્લામા ખતીબ કસ્તલાની, ભાગ : ૨, પેજ નં. ૩૭૧માં છે :–

"او ان الـمـعنى فيه انه يسبح مادام رطبا فيحصل التخفيف ببركة التسبيح وحينئذ فيطردفى كل مافيه رطوبة من الرياحين والبقول وغيـرهـا وليـس لـليا بس تسبيح قال تعالىٰ ان من شئى الايسبح بـحـمـده اى شـى حى وحياة كل شئى بجنسه فالخشب مالم ييبس والحجر ماله يقطع من معدنه.

**અર્થાત** : તેનું કારણ એ છે કે જ્યાં સુધી તે ડાળ લીલી રહેશે. અલ્લાહ તબારક વ તઆલાની તસ્બીહ કરતી રહેશે. તો તસ્બીહની બરકતથી અઝાબમાં કમી થશે અને તે ક્ષણે દરેક તે ચીજ જેમાં ભીનાશ છે, આ આમ હુકમ થશે. ખૂશ્બુ હોય કે લીલોતરી વગેરે અને સૂકી વસ્તુ તસ્બીહ નથી કરતી. અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું, وان من شئى તેનો અર્થ એ છે કે નથી કોઈ જીવંત વસ્તુ પણ તે અલ્લાહ તઆલાની તસ્બીહ કરે છે. અને જિંદગી દરેક ચીજની તેના મુજબ હોય છે. તો લાકડીની જિંદગી ત્યાં સુધી છે કે સૂકાય ન જાય અને પથ્થરની ત્યાં સુધી છે કે ખાણથી કાપવામાં ન આવે.

ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ શરહુસ્સુદૂર ફી અહવાલિલ્ મૌતા વલ કુબૂરમાં ફર્માવે છે :–

"قـال الـخـطابى هذا عنداهل العلم محمول علىٰ ان الاشياء ما دامت علىٰ اصل خلقتها و خضرتها اوطراوتها فانها تسبح حتىٰ يـخفف رطوبتها او تحول خضرتهاو يقطع عن اصلها وقال غير

الـخطابی فاذا خفف عنها تسبیح الجرید فکیف بقراء ة المومن القـران قـال ھذاا لحدیث اصل فی غرس المومن الاشجار عند القبور و اخرج ابن عساکر من طریق حمادبن سلمة عن قتادة ان ابـابرزة الاسلمیؓ رضی اللہ عنه کان یحدث ان رسول اللہ صلی اللہ علیه و سلم مرعلیٰ قبر و صاحبه یعذب فاخذ جریدة فغرسها فـی الـقبر و قال عسیٰ ان یرفعه عنه مادامت رطبة فکان ابو برزة یوصی اذامت فضعوافی قبری می جریدتین قال فمات فی مفازة بیـن کرمان وقومس فقالو ایوصیئناان نضع فی قبره جرید تین و ھـذا مـوضـع لا نصیبها فیه فبینا ھم کذلك اذطلع علیھم رکب من قبل سجستان فاصابو امعھم سعفافاخذو اجریدتین فوضعوھما مـعه فی قبره و اخرج ابن سعد عن مسروق قال اوصیٰ بریدة ان یـجـعل فی قبره جرید تان.

અલ્લામા ખત્તાબીએ કહ્યું કે હુઝૂરે અક્દસ ﷺનું તે બંનેવ કૃબ્ર પર ડાળી મૂકવી આ વાત પર આધારિત છે કે ચીજો જ્યાં સુધી પોતાની અસલ પ્રકૃતિ અને ભીનાશ પર રહે છે તો તે અલ્લાહ તબારક વ તઆલાની તસ્બીહ કરે છે, ત્યાં સુધી કે તેનો રસ સૂકાય જાય અથવા તેની લીલાશ ખતમ થઈ જાય અથવા વાસ્તવિક્તાથી તે ચીજ તોડી કાઢવામાં આવે. અને ખત્તાબી સિવાય અન્ય ઓલમાએ ફર્માવ્યું કે જ્યારે ખજૂરની ડાળની તસ્બીહ પઢવાના કારણે તે બંનેવ મુડદાઓ પરથી અઝાબમાં કમી કરવામાં આવી તો મો'મિનના કુર્આન શરીફ પઢવાના કારણે કેટલી હદે કમી થશે ! અને આ હદીષ મુસલમાનોની કૃબ્રો પાસે વૃક્ષો ઉગાડવાની અસલ છે અને ઈબ્ને અસાકિરે હમ્માદ બિન સલમાના તરીકૃાથી હઝરત કતાદા رضی اللہ عنہથી રિવાયત કરી કે અબૂ બુરઝહ અસ્લમી رضی اللہ عنہ હદીષ શરીફ

બયાન કરતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એક કબ્ર પાસેથી પસાર થયા અને કબ્રવાળા શખ્સ પર અઝાબ કરવામાં આવી રહ્યો હતો તો હુઝૂરે ખજૂરની એક ડાળી લઈને તેને તે કબ્ર પર લગાડી આપી અને ફર્માવ્યું કે જ્યાં સુધી આ ડાળ ભીની રહેશે અલ્લાહ તબારક વ તઆલા આ મુડદા પરથી અઝાબ ઉઠાવી લેશે અને અબૂ બુરઝહ વસિયત કરતા હતા કે જ્યારે હું મૃત્યુ પામુ તો મારી કબ્રમાં ખજૂરની બે લીલી ડાળીએ મૂકજો. કતાદા કહે છે, સમયનું કરવું કે તેમનો ઈન્તેકાલ કરમાન અને કોમસની દરમિયાન એક મેદાનમાં થયો. લોકોએ કહ્યું તેમની વસિયત આ હતી કે તેમની કબ્રમાં ખજૂરની બે ડાળીઓ મૂકીએ અને આ એવી જગા છે જ્યાં ખજૂરની ડાળ નથી. બસ અમે લોકો આ જ કંકાસમાં હતા એટલામાં સજીસ્તાન તરફથી એક જમાઅત આવતી જણાઈ તેમની પાસે ખજૂરની ડાળીઓ હતી. લોકોએ તે તેમની પાસેથી બે ડાળીઓ લઈ લીધી અને તે બંનેવને હઝરત અબૂ બુરઝહની સાથે કબ્રમાં મૂકી.

અલ્લામા ઈબ્ને હજર મક્કી ફતાવા હદીષિયહ્, પેજ નં. ૨૦૦માં આ બુખારીની હદીષ અંગે સવાલના જવાબમાં સંશોધન તથા સ્પષ્ટતા બાદ લખે છે :–

”وبما قررته يعلم انه يسن لكل احداتباعاله صلى اللّٰه عليه وسلم
فان الاصل فى افعاله صلى اللّٰه تعالىٰ عليه وسلم التاسى الامادل
دليل علىٰ الخصوصية ولا دليل ههنا فند ب التاسى به صلى اللّٰه
عليه وسلم فى ذلك.

**અર્થાત** : અને જે કાંઈ મેં તકરીર કરી તેનાથી સ્પષ્ટ થયું કે દરેક વ્યક્તિ માટે સુન્નત છે કે હુઝૂર અક્દસ ﷺની પૈરવીમાં કબ્ર પર ખજૂરની લીલી ડાળ મૂકે. એટલા માટે મૂળ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના અફઆલ (કાર્યો)માં અનુસરણ કરવું છે. હા ! જ્યારે કોઈ દલીલ વિશિષ્ટતાની હોય તો બેશક ! મખ્સૂસ (ખાસ) થશે અને આ સ્થળે કોઈ દલીલ ખાસ નથી તો આ મસ્અલામાં હુઝૂર અક્દસ ﷺની પૈરવી કરવી મુસ્તહબ

તથા સારુ કામ છે.

ફક઼ીર (લેખક) ગુફિરલહૂ કહે છે કે આ હદીષથી ઓલમાએ કિરામએ ત્રણ મસ્અલા સાબિત કર્યા છે, પ્રથમ : એ કે ક઼બ્રની પાસે કુર્આન શરીફની તિલાવત મુસ્તહબ તથા બરકતવંત છે. મુલ્લા અલી ક઼ારી રહ્‌મતુલ્‌ બારી મિર્ક઼ાત શરહે મિશ્ક઼ાત, ભાગ : ૧, પેજ : ૨૮૬માં આ હદીષ હેઠળ ફર્માવે છે :–

”واستحب العلماء قراة القراٰن عند القبرلهٰذ الحديث اذتلاوة القراٰن اولىٰ بالتخفيف من تسبيح الجريد و قدْ ذكر البخارى ان بريدة بن الخصيب الصحابى اوصىٰ ان يجعل فى قبره جريد تان فكانه تبرك بفعل مثل فعل رسول اللّٰهصلى الله تعالىٰ عليهوسلم.

**અર્થાત** : ઓલમાએ આ હદીષથી ક઼બ્રની પાસે કુર્આન શરીફ પઢવું મુસ્તહબ બતાવ્યું છે. એટલા માટે કે **કુર્આન શરીફની તિલાવત અઝાબની કમીમાં ખજૂરની ડાળની તસ્બીહથી જરૂર ઉત્તમ છે.** અને બુખારીએ વર્ણન કર્યું કે બુરૈદા બિન ખસીબ સહાબીએ વસિયત કરી કે તેમની ક઼બ્રમાં ખજૂરની બે ડાળીઓ મૂકવામાં આવે તો જાણે તેમણે રસૂલુલ્લાહ ﷺના ફેલ (કામ)ની જેમ બરકત લેવા ઈચ્છયું.

ઐની શરહે બુખારી, ભાગ : ૧, પેજ : ૮૭૪માં છે :–

”واستحب العلماء قراءة القرآن عند القبر لهٰذ االحديث لانه اذا كان يرجى التخفيف بتسبيح الجريد فتلاوة القرآن اولىٰ.

આ હદીષથી ઓલમાએ ક઼બ્રની પાસે કુર્આન શરીફ પઢવું મુસ્તહબ ઠરાવ્યું. એટલા માટે કે જ્યારે ખજૂરની ડાળની તસ્બીહથી અઝાબની કમીની ઉમ્મીદ છે. તો કુર્આનની તિલાવતથી અઝાબની કમી નિઃશંક ! થશે.

શરહે અહ્‌યાઉલ્‌ ઉલૂમ અલ્લામા સૈયદ મુર્તુઝા ઝુબૈદી, ભાગ : ૧૦, પેજ : ૩૬૯માં છે :–

" قال السيوطی فی شرح الصدور واماقراء ته القرآن علیٰ القبر
فجزم بمشروعيتهااصحابناوغيرهم قال الزعفرانی سئالت الشافعی
عن القراء ة عندالقبرفقال لاباس به وقال النووی فی شرح المهذب
يستحب لزائر القبوران يقرء ماتيسرمن القران و يد عولهم عقبها
نص عليه الشافعی واتفق عليه الا صحاب زاد فی موضع آخر و
ان ختموا القران علیٰ القبر كان افضل وقد سئل الشمس محمد
بن علی بن محمد بن عيسیٰ العسقلانی الكنانی السمهودی
الشافعی عرف بابن القطان المتوفی۸۱۳/وهومن مشائخ الحافظ
ابن حجر عن مسائل فاجاب ومنها و هل يصل ثواب القراء ة
للميت ام لا؟فاجاب عنها فی رسالة سماها"القول بالاحسان
العميم فی انتفاع الميت بالقران العظيم"وا نااذكر منها مايليق
بالمقام الاختصارقال رحمه الله:اختلف العلماء فی ثواب القرائة
للميت فذهب الاكثرون الیٰ المنع وهوالمشهور من مذهب
الشافعی ومالك و نقل عن جماعة من الحنفية وقال كثيرمنهم
يصل وبه قال الامام احمد بعدان قال القراء ة علیٰ القبر بدعة
بل نقل عنه انه يصل الیٰ الميت كل شیء من صد قة وصلاة و
حج وصوم و اعتكاف وقرائة و ذكر وغير ذلك و نقل ذلك عن
جماعة من السلف و نقل عن الشافعی انتفاع الميت بالقراء ة
علیٰ قبره واختارشيخناشهاب الدين بن عقيل وتواتران الشافعی
زار الليث بن سعد واثنیٰ عليه خيرا وقرء عند ه ختمة وقال ارجو
ان تدوم فكان الامركذلك وقال القرطبی قد استدل بعض علمائنا

علیٰ قراء ة القراٰن علیٰ القبر بحدیث العسیب الرطب الذی شقه النبی صلی الله تعالیٰ علیه و سلم باثنین ثم غرس علیٰ قبرنصفاو علیٰ قبرنصفا وقال لعله یخفف عنهما مالم ییبسارواه الشیخان قال ویستفاد من هذاغرس الاشجاروقراء ة القراٰن علیٰ القبورو اذالخفف عنهم بالاشجارفکیف بقراءة الرجل المومن القرآن و قال النووی استحب العلماء قراء ة القرآن عند القبرو استانسوا لذلك بحدیث الجریدین وقالوااذا وصل النفع الیٰ المیت بتسبیحهم حال رطوبتهمافانتفا ع المیت بقراء ة القران عند قبره اولیٰ فان قراء ة القرآن من انسان اعظم وانفع من التسبیح من عود اھ.

**અર્થાત** : ઈમામ જલાલુદ્દીન સિયૂતિ શરહુસ્ સુદૂરમાં લખે છે કે, કુર્આન શરીફનું કબ્ર પાસે પઢવું તો આપણા અસ્હાબ તથા અન્યોએ તેના જાઈઝ હોવાનું યકીન કર્યું. ઈમામ જાફરાનીએ કહ્યું કે મેં ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને કબ્ર પાસે કુર્આન શરીફ પઢવાનો મસ્અલો પૂછયો. આપે ફર્માવ્યું, તેમાં વાંધો નથી. અલ્લામા નવવીએ શરહે મુહઝ્ઝબમાં ફર્માવ્યું કે, કબ્રોની ઝિયારત કરવાવાળા માટે મુસ્તહબ છે કે જેટલું સહેલાયથી કુર્આન શરીફ પઢી શકે એટલુ કુર્આન પઢે અને ત્યાર બાદ મુડદાઓ માટે દુઆ કરે. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہએ આના પર નસ (કુર્આનની આયતથી સાબિત) ફર્માવી અને બીજા સ્થળે આટલુ વધુ ફર્માવ્યું કે જો કુર્આનનો એક ખતમ પૂરો કરે તો વધુ બેહતર છે.

અને અલ્લામા શમ્સ મુહમ્મદ બિન અલી અસ્કલાની કનાઈ સમહૂદી શાફઈ ઉસ્તાદે અલ્લામાએ અસ્ર હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની ઉર્ફ ઈબ્નુલ્ કતાન (વ.સ. હિ. ૮૧૩)ને થોડા મસ્અલા પૂછવામાં આવ્યા તો આપે તેના જવાબ આપ્યા. તે મસ્અલામાં એક મસ્અલો એ છે કે શું કુર્આન શરીફ પઢીને મુડદાંઓને બખ્શવાથી સવાબ મળે છે કે નહીં ?

આપે તેના જવાબમાં એક પૂરી કિતાબ લખી જેનું નામ "અલ કૌલિ બિલ્એહસાનુલ અમીમ ફી ઈન્તેક઼ાઈલ મૈયતિ બિલ કુર્આનિલ અઝીમ" રાખ્યું અને અમે તેમાંથી થોડુ જરૂરત પ્રમાણે ટૂંકમાં આ જગાએ વર્ણન કર્યું. મુડદાને કુર્આન શરીફ પઢવાનો સવાબ પહોંચવામાં ઓલમાના વિવિધ ક઼ૌલ છે. ઘણા લોકો "નહી"ની તરફ ગયા છે, અને આ જ મશ્હૂર મઝહબ ઈમામ શાફઈનો છે. અને ઈમામ માલિક તથા હનફી જમાઅતથી મન્કૂલ છે. અને ઘણા હનફીઓ એવું કહે છે કે મૈયતને તિલાવતનો સવાબ પહોંચે છે, ઈમામ અહમદ બિન હંબલ પણ તેના જ ક઼ાઈલ (માનનાર) છે. અલ્બત્ત પહેલાં આમ કહેતા હતા કે ક઼બ્રની પાસે કુર્આન શરીફ પઢવું બિદઅત છે.★ બલ્કે તેમનાથી મન્કૂલ છે કે મુડદાને સર્વ કાંઈ પહોંચે છે, સદક઼ો હોય કે નમાઝ, હજ્જ, રોઝા, એ'તેકાફ, કુર્આનની તિલાવત, ઝિક્ર

---

*★ તેમના આ ક઼ૌલથી રુજૂઅ કરવાનો પ્રસંગ બાબતે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ અહયાઉલ્ ઉલૂમમાં લખ્યું છે કે અલી બિન મૂસા હદ્દાદ કહે છે કે હું ઈમામ અહમદ બિન હંબલની સાથે એક જનાઝામાં ગયો. અને મુહમ્મદ બિન કદામા જોહરી પણ અમારી સાથે હતા. જ્યારે મુડદાને દફન કરી ચૂક્યા તો એક અંધ શખ્સ આવ્યો અને ક઼બ્રની પાસે કુર્આન શરીફ પઢવા લાગ્યો. ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હે શખ્સ ! ક઼બ્રની પાસે કુર્આન શરીફ પઢવું બિદઅત છે. જ્યારે અમે લોકો ક઼બ્રસ્તાનથી નીકળ્યા ત્યારે મુહમ્મદ બિન કદામાએ ઈમામ અહમદ બિન હંબલને કહ્યું, હે અબૂ અબ્દુલ્લાહ ! મુબશ્શિર બિન ઈસ્માઈલ હલબી વિશે આપ શું કહો છો ? ફર્માવ્યું, ષિકહ છે. પૂછ્યું કે આપે તેમનાથી કાંઈ લખ્યું છે ? ફર્માવ્યું, હા ! બોલ્યા, મને મુબશ્શિબર બિન ઈસ્માઈલે અબ્દુર્રહ્માન બિન અલા બિન જિલાહથી ખબર આપી કે તે તેમના વાલિદથી રિવાયત કરે છે કે તેમણે વસિયત કરી કે દફન બાદ તેમના સિરહાને સૂરએ બક઼રહ્ની અવ્વલ આખિરની આયતોના ફાતિહા પઢવામાં આવે. અને તેમણે કહ્યું કે મેં ઈબ્ને ઉમરથી સાંભળ્યું કે આની વસિયત કરતા હતા. ઈમામ અહમદ બિન હંબલએ ફર્માવ્યું કે જાવ ! તે અંધ શખ્સને કહી દો કે કુર્આન શરીફ પઢે. (અહયાઉલ્ ઉલૂમ, શરહે મુતર્ઝા ઝુબૈદીતના હાશિયા પર, ભાગ : ૧૦, પેજ : ૩૭૦) منہ غفرلہ*

વગેરે અને તેને પૂર્વજ સાલેહીનની એક જમાઅતથી નક્લ કર્યું અને ક્બ્ર પાસે કુર્આન શરીફ પઢવાથી મૈયતને લાભ પહોંચવો ઈમામ શાફઈથી મન્કૂલ છે અને તેને જ આપણા ઉસ્તાદ શિહાબુદ્દીન ઔકૈલીએ પસંદ ફર્માવ્યું. અને ઈમામ શાફઈથી મુતવાતિર તરીક્ા પર સાબિત છે કે તેમણે લૈષ બિન સઅદની ક્બ્રની ઝિયારત કરી અને તેમની પ્રશંસા બયાન કરી અને ત્યાં એક ખતમ કુર્આન શરીફ પઢયું અને ફર્માવ્યું કે હું ઈચ્છા રાખુ છું કે આ તિલાવત ક્ાયમ જારી રહે, પછી આવું જ થયું.

અલ્લામા કુર્તબીએ કહ્યું કે અમુક ઓલમાએ કુર્આન શરીફ પઢવું જાઈઝ હોવા પર ખજૂરની ડાળવાળી હદીષથી દલીલ ક્ાયમ કરી છે. જેમાં વર્ણવેલ છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ ખજૂરની ડાળના બે ટુકડા કર્યા અને એક ટુકડો એક ક્બ્ર પર અને બીજો બીજી ક્બ્ર પર લગાડયો. અને ફર્માવ્યું કે જયાં સુધી આ બંનેવ લીલા રહેશે અલ્લાહ તબારક વ તઆલા મુડદાઓ પર અઝાબમાં કમી કરશે. આ હદીષને શૈખૈને રિવાયત કરી અને કહ્યું કે આ હદીષથી ક્બ્ર પર વૃક્ષ રોપવું અને કુર્આન શરીફ પઢવું લાભદાયક સાબિત થાય છે કે જ્યારે ઝાડની ડાળના કારણે અઝાબ ઓછો થાય તો કુર્આનની તિલાવતનું લાભદાયક હોવાનું શું કહેવું !! અલ્લામા નવવીએ ફર્માવ્યું કે ઓલમાએ ક્બ્રની પાસે કુર્આન શરીફ પઢવું મુસ્તહબ જાણ્યું અને ખજૂરની ડાળવાળી હદીષથી દલીલ ક્ાયમ કરી અને ફર્માવ્યું કે જ્યારે લીલી ડાળની તસ્બીહથી મુડદાને લાભ થવું નિઃશંક! એટલા માટે છે કે મનુષ્યનું કુર્આન શરીફ પઢવું લાકડીના તસ્બીહ પઢવાથી મર્તબામાં મહાન અને ફાયદામાં ઉત્તમ છે.

ફક્ીર (લેખક) عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કહે છે કે અલ્લામા ઈબ્ને કતાનનું فذهب الا كثرون الى المنع ફર્માવવું વિચારવા જેવું છે, એટલા માટે કે મજબૂત ઓલમાના સંશોધન તથા સ્પષ્ટિકરણની વિરુદ્ધ છે.

હઝરત મુલ્લા અલી ક્ારી رحمۃ اللہ علیہ અલ્બારી મિર્ક્ાત શરહે મિશ્ક્ાત, ભાગ : ૨, પેજ નં. ૩૮૨માં ફર્માવે છે :–

" اختلف فی وصول ثواب القرآن للمیت فجمهور السلف والا ئـمة الثلثة علیٰ الوصول و خالف فی ذلك امامنا الشافعی مستد لابـقـوله تعالیٰ :وان لیس للا نسان الا ماسعیٰ،واجاب الاولون عن الآیة بوجوه. **احد ها** انها منسوخة بقوله تعالیٰ:والذین اٰمنوا واتبعتهـم ذر یتهم بایمان الحقنا بهم ذریتهم ،الآیة ادخل الابناء الـجنة بصلاح الآباء. **الثانی** انهـا خاصة بقوم ابراهیم و موسیٰ علیهماالصلاة والسلام فاما هٰذه الامة فلهاماسعت وماسعیٰ بها قاله عکر مة. **الثالث** المراد بالانسان هٰهنا الکافر فاماالمومن فله ماسعیٰ لها قاله الربیع ابن انس. **الرابع** لیس للانسان.الا ماسعیٰ "وقـد قیل ان المعنی فیه انه یسبح مادام رطبا فیحصل التخفیف ببـرکة التسبیح وعلیٰ هذا فیطردفی کل مافیه رطوبة من الاشجار وغیـرها و کذلك فیما فیه برکة کالذکر وتلاوة القرآن من باب الاولـیٰ وقـد تاسی بریدة بن الخصیب الصحابی بذلك فاوصیٰ ان توضع علیٰ قبره جریدتان کماسیاتی فی الجنائزمن هذالکتاب وهـوا ولـیٰ ان یتبـع من غیره.

ઈમામ સિયૂતી ફર્માવે છે. મુડદાને કુર્આન શરીફ પહોંચવામાં વિવિધ ક઼ૌલ છે. જમહૂર સલફ અને અઈમ્માએ ષલાષાનો એ મઝહબ છે કે પહોંચે છે અને ઈમામ શાફઈએ આ મસ્અલામાં વિરોધ કર્યો અને આ આયતની સાથે દલીલ ક઼ાયમ કરી કે, لیش للانسان الاماسعی અને પહેલાં મઝહબવાળાએ તેના પાંચ જવાબ દીધા છે.

**પ્રથમ** : જવાબ એ છે કે આ આયત મન્સૂખ છે. તેને મન્સૂખ કરવાવાળી وَالَّذِیۡنَ اٰمَنُوۡا وَ اتَّبَعَتۡهُمۡ ذُرِّیَّتُهُمۡ بِاِیۡمَانٍ اَلۡحَقۡنَا بِهِمۡ ذُرِّیَّتَهُمۡ તો આ

આયતથી માલૂમ થાય છે કે બાપદાદાની નેકીના કારણે ઔલાદ જન્નતમાં જશે.

**બીજો** : જવાબ આ પ્રમાણે છે કે આ હુકમ હઝરત ઈબ્રાહીમ તથા મૂસા عليه السلامની ઉમ્મતનો છે. પરંતુ ઉમ્મતે મુહમ્મદિયહ્ માટે બંનેવ છે, જે તેણે કોશિશ કરી અને જે તેના માટે કોશિશ કરવામાં આવી. આ ક઼ૌલ ઈકરમાનો છે.

**ત્રીજો** : જવાબ એ છે કે આ સ્થળે મનુષ્યથી મુરાદ કાફિર છે. પરંતુ મો'મિન માટે જે તે કોશિશ કરે અને જે તેના માટે કોશિશ કરવામાં આવે. આ ક઼ૌલ રબીઅ બિન અનસનો છે.

**ચોથો** : જવાબ એ છે કે ઈન્સાન માટે ઈન્સાફની રૂએ તે જ છે જે તેણે કર્યું. અલ્બત્ત રહમ તથા મહેરબાનીની રીતે જાઈઝ છે કે અલ્લાહ તબારક વ તઆલા જેટલુ વધુ આપે. આ ક઼ૌલ હુસૈન બિન ફઝલનો છે.

**પાંચમો** : જવાબ એ છે કે ليس للانسانમાં لام આ'લાના અર્થમાં છે. અર્થાત ઈન્સાન પર પકડ નથી પરંતુ તેની જ જે તેણે કર્યું.

અને પહેલી જમાઅત પોતાના મઝહબ પર (એટલે સવાબ મુડદાને પહોંચે છે) આ દલીલો પેશ કરે છે :–

**પ્રથમ** : દુઆ, સદક઼ો, રોઝા, હજ્જ તથા આઝાદ કરવા પર કયાસ છે કે જ્યારે આ સર્વ ચીજોનો સવાબ પહોંચે છે તો તેમાં અને કુર્આની ક઼િર્અતમાં કોઈ ફરક નથી કે તે સર્વ ચીજોનો સવાબ પહોંચે અને કુર્આનની તિલાવતનો સવાબ ન પહોંચે ?!

**બીજો** : આ કયાસ સિવાય તે હદીષોથી દલીલ લાવ્યા છે જે બયાન થઈ અને આ હદીષો ભલે ઝઈફ (કમજોર) છે, પરંતુ આ સર્વથી એ વાત સાબિત થાય છે કે તેની અસલ છે અને નિઃશંક ! મુસલમાન દરેક યુગ અને દરેક શહેરમાં બરાબર વિના રોક થામ એકત્ર થાય અને પોતાના મુડદાંઓની ક઼બ્ર પર કુર્આન પઢયા કરે છે તો આ એ કામ પર ઈજમાઅ (એક વાત પર જમા થવું) થયો. આ સર્વ કાંઈ હાફિઝ શમ્સુદ્દીન બિન અબ્દુલ્ વાહિદ મુક઼્દસી હંબલીએ એક પૂરી કિતાબમાં લખ્યું છે જે ખાસ આ જ મસ્અલા વિશે લખ્યું.

ઈમામ જલાલુદ્દીન સિયૂતી ફર્માવે છે કે, કબ્ર પર કુર્આન શરીફ પઢવું જાઈઝ હોવા પર આપણા અસ્હાબ તથા તેમના સિવાયનાએ યકીન કર્યું. તો આ સૌ ઈબારતો તથા સ્પષ્ટિકરણોથી સ્પષ્ટ થયું કે મૈયત માટે કુર્આન શરીફ પઢવું જાઈઝ હોવું ન કેવળ અઈમ્મએ ષલાષા બલ્કે ચારેવ ઈમામોનો મઝહબ છે. તો અલ્લામા ઈબ્ને કત્તાનનું فذهب الا كثرون الى المنع કહેવું કઈ રીતે સ્વીકારવાને પાત્ર થઈ શકે છે ?

## ★ વનસ્પતિ જ્યાં સુધી લીલી રહે છે ખુદાની તસ્બીહ કર્યા કરે છે ★

બીજો મસ્અલો જે આ હદીષથી ઓલમાએ કાઢયો તે એ છે કે નબાતાત (વનસ્પતિ) જ્યાં સુધી લીલી રહે છે, ખુદાની તસ્બીહ કરે છે અને તેનાથી મૈયતને સહવાસ હાંસલ થાય છે એટલા માટે કબ્રસ્તાનમાંથી લીલી ઘાસ ઉખાડવી, કાપવી મના તથા મકરૂહ છે. ફતાવા કાઝીખાંમાં છે :–

"ويكره قطع الحشيش الرطب من المقبرة فان كان يابسالاباس

به لانه مادام رطبا يسبح فيونس الميت وعن هذاقالو الايستحب

قلع الحشيش الرطب من غير الحاجة.

**અર્થાત** : કબ્રસ્તાનમાંથી લીલી ઘાસનું કાપવું મકરૂહ છે એટલા માટે કે ખુદાની તસ્બીહ કરે છે અને તેના લીધે મુડદાથી અઝાબ હટી જાય છે. અને મુડદાને ખુશગવારીનો એહસાસ થાય છે. અને આ બુનિયાદ પર ફકીહોએ ફર્માવ્યું કે વિના કારણે લીલા ઘાસને કાપવી ન જોઈએ.''

ફતાવા બઝ્ઝિયહ કિતાબુલ કરાહિયહમાં છે :–

"قطع الحشيش من المقابر يكره لانه يسبح ويند فع به العذاب

من الميت وعلى هذالايكره من مقابر الكفار وقطع اليابس وبه

وردالحديث الصحيح.

**અર્થાત** : કબ્રસ્તાનથી લીલી ઘાસનું કાપવું મકરૂહ છે એટલા માટે

કે તે ખુદાની તસ્બીહ કરે છે અને તેના કારણે મુર્દાથી અઝાબ દૂર થાય છે, અને મુર્દાને હુંફ મળે છે. અને આ આધાર પર કાફિરોના સ્મશાનથી તેમજ સૂકા ઘાસને કાપવું મકરૂહ થશે નહીં. આ બારામાં સહીહ હદીષ આવી છે.

ફતાવા આલમગીરી કાઝીખાનથી નકલ થયેલ છે :–

" ويكره قطع الحطب والحشيش من المقبرة فان كان يابسالا

باس به كذافى فتاوى قاضى خاں.

**અર્થાત** : "લીલી ઘાસને કૃબ્રથી કાપવું મકરૂહ છે અને સૂકી છે તો વાંધો નથી."

અલ્લામા શામી રદ્દુલ્ મુહ્તાર, ભાગ : ૧, પેજ : ૮૪૬માં લખે છે :

" يكره ايضا قطع النبات الرطب و الحشيش من المقبرة دون

اليابس كما فى البحر والدر روشرح المنية وعلله فى الامد اديانه

مادام رطبا يسبح الله فيونس الميت و تتنزل بهذه الرحمة اه و

نحوه فى الخانية.

**અર્થાત** : લીલી ઘાસ તથા સબ્ઝીનું કૃબ્રસ્તાનમાંથી કાપવું મકરૂહ છે, ન સૂકીનુ. જેમ કે બહર્રુરાઈક અને દરર અને શરહે મુન્યહમાં છે. અને તેનું કારણ ઈમદાદુલ્ ફત્તાહમાં આ વર્ણન કરવામાં આવી કે ઘાસ જ્યાં સુધી લીલી રહે છે અલ્લાહ તબારક વ તઆલાની તસ્બીહ કરે છે અને તેનાથી મૈયતને હુંફ હાંસલ થાય છે, અને તેના ઝિક્રના કારણે અલ્લાહની રહ્મત નાઝિલ થાય છે. આવું જ ફતાવા ખાનિયામાં છે.

## ★ મઝારો પર ફૂલ ચઢાવવાં જાઈઝ છે ★

ત્રીજો મસ્અલો ઓલમાએ કિરામે આ હદીષથી એ કાઢયો છે ફૂલ વગેરે કૃબ્રો પર મૂકવાં જાઈઝ છે. મુલ્લા અલી કૃારી મિર્કૃાત શરહે મિશ્કૃાત, ભાગ : ૨, પેજ નં. ૩૮૨માં આ હદીષ હેઠળ ફર્માવે છે :–

"وقد انکر الخطابی مایفعله للناس علیٰ القبور من الاخواص و نحو ھا بهٰذا الحدیث و قال لا اصل له.

**અર્થાત** : "લોકો કબ્રો પર ખજૂરની ડાળ જે આ હદીષની રૂએ રાખી દે છે. ખત્તાબીએ તેનાથી ઈન્કાર કર્યો. કહ્યું, તેની કોઈ અસ્લ નથી."

અલ્લામા ખત્તાબીનો આ કૌલ વર્ણન કરીને આ રીતે રદ કરે છે :–

"واما انکار الخطابی وقوله لا اصل له ففیه بحث واضح اذ هذا الحدیث یصلح ان یکون اصلا له ثم رایت بن حجر صرح به و قال قوله لا اصل له ممنوع بل هذاالحدیث اصل اصیل له ومن ثم افتیٰ بعض الا ئمة من متاخری اصحابنا بان مااعتید من وضع الریحان و الجرید سنة لهٰذاالحدیث.

**અર્થાત** : અલ્લામા ખત્તાબીનું નકારવું અને એવું કહેવું કે તેની અસલ નથી, આના પર જાહેર વાંધો છે. એટલા માટે કે આ હદીષ તેની અસલ થઈ શકે છે, પછી મેં અલ્લામા ઈબ્ને હજરને જોયા કે તેમણે આની સ્પષ્ટતા ફર્માવી અને કહ્યું કે ખત્તાબીનું لااصل له કહેવું મના છે, બલ્કે આ હદીષ તેની જબરદસ્ત દલીલ છે. આના જ કારણે અમુક મુતઅખ્ખિરીન અઈમ્માએ ફતવો આપ્યો કે **લોકોમાં જે રિવાજ છે કે ખુશ્બુ, ફૂલ તથા ખજૂરની ડાળ વગેરે કબ્ર પર મૂક્યા કરે છે તે આ જ હદીષથી સુન્નત છે.**

ઈર્શાદુલ્ બારી શરહે બુખારીની ઈબારત ઉપર ગુજરી :–

" اوان المعنی فیه انه یسبح مادام رطبا فیحصل التخفیف ببرکة التسبیح وحینئذ فیطردفی کل مافیه رطوبة من الریاحین والبقول

**અર્થાત** : અથવા તેનું એ કારણ છે કે ડાળ જ્યાં સુધી લીલી રહેશે અલ્લાહ તબારક વ તઆલાની તસ્બીહ કરશે તો તસ્બીહની બરકતથી

મુડદા પર કમી (અઝાબમાં) થશે. એટલા માટે એ સમયે દરેક વસ્તુને જેમાં ભીનાશ છે, આમ થશે, ઘાસ હોય કે ફૂલ વગેરે.

ફતાવા આલમગીરીમાં છે : الریحان و الجرید سنة لهٰذاالحدیث.

**અર્થાત** : ગુલાબનું ફૂલ અથવા અન્ય કોઈ સુગંધિત ફૂલનું કબ્ર પર મૂકવું બેહતર છે.

તસ્હીહુલ મસાઈલ પેજ–૨૦માં છે :

"فی کنز العباد و فتاویٰ الغرائب وضع الوردو الریاحین علیٰ القبورحسن کانه مادام رطبایسبح ویکون للمیت بتسبیحه انس.

**અર્થાત** : કન્ઝુલ ઈબાદ અને ફતાવા ગરાઈબમાં છે કે : ગુલાબનું ફૂલ અને અન્ય ફૂલોનું કબ્રો પર મૂકવું સારું છે, એટલા માટે કે તે જ્યાં સુધી લીલુછમ રહે છે ખુદાની તસ્બીહ કરે છે અને તેનાથી મુડદાનો જીવ ખુશ થાય છે.

ફકીર ગુફિરલહૂ કહે છે કે ઓલમાએ કિરામના તે જ સ્પષ્ટિકરણોની બુનિયાદ પર મુસલમાનોમાં રિવાજ છે કે બુઝુર્ગોની મઝાર પર ફૂલની ચાદર ચઢાવે અને ફૂલોના હાર નાખે અથવા છૂટાં ફૂલ કબ્રો પર મૂકે છે. والله الموفق

આ સ્થળે એ શંકા થઈ શકે છે કે હદીષ શરીફમાં ખજૂરની ડાળ મૂકવાનું કારણ તે બંનેનું અઝાબમાં સપડાયેલ હોવું છે તો અઝાબની કમી માટે હુઝૂરે અકદસ ﷺએ આમ કર્યું અને આ જમાનામાં ગુનેહગારોની કબ્ર પર કોઈ હાર ફૂલ નથી નાખતુ બલ્કે ઉલ્ટુ બુઝુર્ગોના મઝાર પર આ ચઢાવો થાય છે. પરંતુ તેનો જવાબ એ છે કે અઝાબની કમી ખજૂરની ડાળની તસ્બીહના કારણે છે અને આ જ મઝહબ મુખ્તાર (પસંદીદા) છે અને તસ્બીહનો અસલ ફાયદો રહમતનું નાઝિલ થવું તથા મૈયતની ખુશી છે. અને દરેક શખ્સને દરેક સ્થિતિમાં તેની જરૂર છે. કોઈ ગમે તે દરજ્જા પર પહોંચી જાય પરંતુ અલ્લાહની રહમતથી બેપરવા નથી થઈ શકતો. દરેક વ્યક્તિને તેનો ફાયદો પહોંચે છે. ગુનેહગાર

અઝાબમાં સપડાયેલા માટે અઝાબમાં કમી અથવા અઝાબ દૂર થાય અને મર્હૂમ બખ્શાયેલ માટે મર્તબાની બુલંદી અને દરજ્જાની પ્રગતિ, અધિક સવાબ છે અને કોઈ શખ્સ તેને મશાઈખ માટે ખાસ નથી જાણતો.

**(ચૌદમો તરીક઼ો)**

**દફન બાદ માથા તરફ સૂરએ બક઼રહ્‌ની પ્રાથમિક આયતો અને પગો તરફ સૂરએ બક઼રહ્‌ની અંતિમ આયતો પઢવી**

” عـن عبد الرحمان بن العلاء ابن اللجلاج عن ابيه انه اوصىٰ اذا دفـن ان يـقرء عند راسه فاتحة البقر وخاتمتها وقال سمعت ابن عمر يوصى بذلك (كذااورده القرطبى فى التذكرة)

અબ્દુર્રહ્‌માન બિન અલા પોતાના વાલિદ થકી રિવાયત કરે છે કે તેમણે વસિયત કરી કે તેમના દફન બાદ તેમની ક઼બ્ર પર સૂરએ બક઼રહ્‌ની શરૂઆતની આયતો, એટલે الٓمٓથી المفلحون સુધી અને સૂરએ બક઼રહ્‌ની અંતિમ આયતો એટલે آمن الرسولથી સૂરત પૂરી થતા સુધી પઢવામાં આવે. અને કહ્યું કે મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી સાંભળ્યું કે આની વસિયત કરતા હતા.

શરહે અહયાઅ્, પેજ નં. ૩૭૦માં છે :–

”وعـنه قال قال لى ابى يا بنى! اذا وضعتنى فى لحد ى فقل بسم اللّٰه وفى سبيل اللّٰه وعلىٰ ملة رسول اللّٰه ثم شن علىٰ التراب شنا ثـم اقرء عند را سى بفاتحة البقرة وخاتمتها فانى سمعت رسول اللّٰه صـلى الله تعالىٰ عليه وسلم يقول ذلك.

**અર્થાત :** અબ્દુર્રહમાન બિન અલા કહે છે કે મને મારા વાલિદે

કહ્યું કે, હે મારા પુત્ર ! જ્યારે તમે મને કબ્રમાં ઉતારો તો بسم اللّٰہ و فی سبیل اللّٰہ و علیٰ ملۃ رسول اللّٰہ કહીને ઉતારજો. પછી ધીરે ધીરે મારા પર માટી નાખજો. પછી મારા માથા તરફ સૂરએ બક઼રહની શરૂઆતની તથા છેવટની આયતો પઢજો. કેમ કે રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે તે આમ જ કરતા હતા. (આને તિબ્રાનીએ રિવાયત કરી)

"وعن ابن عمر قال سمعت رسول اللّٰہ صلی الله تعالیٰ علیه و سلم یقول اذامات احد کم فلا تحبسوه و اسرعوا به الیٰ قبره و یقرء عند راسه بفاتحة البقرة و عند رجلیه بخاتمة سوره البقرة

**અર્થાત :** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે ફર્માવતા હતા, જ્યારે તમારામાં કોઈ શખ્સ મૃત્યુ પામે તો તેને ન રોકો અને જલ્દી તેને કબ્ર સુધી લઈ જાવ અને તેના માથા તરફ સૂરએ બક઼રહ્‌ની શરૂઆતની આયતો અને પગો તરફ સૂરએ બક઼રહની અંતિમ આયતો પઢે. *(મિશ્ક઼ાત શરીફ, પેજ નં. ૧૪૯)*

મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ મિર્ક઼ાત શરહે મિશ્ક઼ાત શરીફ, ભાગ : ૨, પેજ નં. ૩૮૧માં આ હદીષ હેઠળ ફર્માવે છે :–

"(عند راسه فاتحة البقرة) ای الیٰ المفلحون (وعند رجلیه بفاتحة) وفی نسخة خاتمة (البقرة) ای من آمن الرسول الخ قال الطیبی لعل تخصیص فاتحتها لاشتمالها علیٰ مدح کتاب اللّٰہ و انه هدی

ફાતિહા અલ્બક઼રહથી મુરાદ الٓمٓથી المفلحون સુધી અને ખાતિમાથી મુરાદ آمن الرسولથી સૂરહની છેવટ સુધી છે. અલ્લામા તૈયબી કહે છે કે સૂરએ બક઼રહની શરૂની આયતોની વિશિષ્ટતાનું એ કારણ છે કે તે અલ્લાહની કિતાબની પ્રશંસા પર સામેલ છે અને તેનું બયાન છે કે તે પરહેઝગાર માટે હિદાયત છે જે આ છે. એટલે ઉમદા સિફતોથી મૌસૂફ એટલે ગૈબ પર ઈમાન લાવવું, નમાઝ પઢયા કરવું, ઝકાત આપતા રહેવું.

અને સૂરએ બક઼રહની અંતિમ આયતોનું કારણ એ છે કે અલ્લાહ પર ઈમાન લાવવું, ફરિશ્તાઓ પર ઈમાન લાવવું, કિતાબો પર ઈમાન લાવવું, રસૂલો પર ઈમાન લાવવા પર સામેલ છે. અને પોતાની આજિઝી અને મગફેરત તથા રહ્‌મત તથા અલ્લાહની નિકટતાની તલબ તથા તેની દેખરેખમાં આવવાનું વર્ણન છે. એટલા માટે ફાતિહા તથા સૂરએ બક઼રહની છેવટની આયતો આ સર્વની યાદ અપાવશે.

### *(પંદરમો તરીક઼ો)*

**ક઼બ્રની પાસે એટલા સમય સુધી રોકાવું કે ઊંટ ઝુબહ કરીને તેનું માંસ વહેંચી આપવામાં આવે**

"عن عمر وبن العاص قال لابنه وهوفى سياق الموت اذانامت فـلا تصاحبنى نائحة ولانارفاذا دفنتمونى فشنواعلى التراب شنّا ثم اقيمواحول قبرى قدرماينحر جزورو تقسم لحمهاحتى استانس بـكم واعلم ماذاارجع رسل ربى(رواه مسلم ص ٧٦/ومشكوٰة شريف ص ١٤٩

**અર્થાત** : ઈમામ મુસ્લિમે હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہથી રિવાયત કરી કે તેમણે પોતાના પુત્ર હઝરત અબ્દુલ્લાહને પોતાના મૃત્યુના સમયે ફર્માવ્યું, જ્યારે હું મૃત્યુ પામું તો મારા જનાઝાની સાથે કોઈ રડવાવાળી સ્ત્રી ન જાય અને ન આગ હોય. જ્યારે મને દફન કરી ચૂકો તો ધીરે ધીરે મારા પર માટી નાખો. પછી મારી ક઼બ્રની પાસે એટલા સમય સુધી થોભ્ભો જેટલીવારમાં ઊંટ ઝુબહ કરવામાં આવે અને તેનો ગોશ્ત વહેંચી આપવામાં આવે. જેથી તમારા લોકોના રહેવાથી હુંફ હાંસલ કરું અને જાણુ કે રબના મોકલેલ ફરિશ્તાઓને શું જવાબ દઉં છું.

મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ શરહે મિશ્ક઼ાત, ભાગ : ૨, પેજ : ૩૮૧માં ફર્માવે છે :–

"(حتی استانس بکم) ای بد عائکم و اذ کار کم و قراء تکم و

استغفار کم

**અર્થાત** : તમારા લોકોથી સહવાસ (હુંફ પામવા)નો અર્થ તમારી દુઆ, તમારુ ઝિક્ર તથા તમારી તિલાવત, તમારા ઈસ્તિગફારથી હુંફ હાંસલ કરવું છે.

એટલે જોઈએ કે એટલીવાર સુધી ચૂપચાપ ન બેસી રહો, બલ્કે દુઆ કરો, અલ્લાહ તથા રસૂલનું ઝિક્ર કરો, કુર્આન શરીફની તિલાવત કરો, મગફેરતની દુઆ કરો.

અલ્લામા નવવી, પેજ નં. ૭૬, શરહે સહીહ મુસ્લિમમાં આ હદીષના ફાયદા વર્ણન કરતાં લખે છે :–

منها استحباب المكث عند القبر بعد الدفن الحظة نحو ماذ كر لماذ كرفيه ان

الميت حيئنذ يسمع من حول القبر

**અર્થાત** : આ હદીષથી સાબિત થાય છે કે દફન બાદ એટલીવાર સુધી જેનું બયાન હદીષ શરીફમાં છે મૈયતનું દિલ બહેલાવવા માટે અને વિચાર તથા દિમાગને ઠીક કરવા માટે કૃબ્ર પાસે થોભવું મુસ્તહબ છે. અને આ હદીષથી એ પણ સાબિત થાય છે કે તે સમયે મુડદુ આસપાસની વાતો સાંભળે છે.

અલ્લામા મુર્તઝા ઝુબેદી શરહે અહયાઉલ્ ઉલૂમ, ભાગ : ૧૦, પેજ : ૩૬૯માં ફર્માવે છે :–

"وقال ابوبكرالاجری يستحب الوقوف بعدالدفن قليلاو الدعاء

للميت مستقبلا و جهه بالثبات فيقال اللهم هذاعبدك و انت اعلم

بـه مـناو لا نعلم الا خير اوقد اجلسته لتسئا له اللهم فثبته بالقول

الثابت فی الآخرة كما ثبته فی الدنيا اللهم ارحمه و الحقه بنبيه و

لاتفتنا بعد ه و لا تحرمنا اجره.

**અર્થાત :** અબૂબક્ર અજરીએ કહ્યું કે દફન બાદ થોડીવાર સુધી થોભવું અને મૈયત માટે તેની તરફ ધ્યાનિત થઈ ઈસ્લામ ધર્મ પર સાબિત રહેવાની દુઆ કરવી મુસ્તહબ છે. અને દુઆમાં આ કહેવું જોઈએ કે હે અલ્લાહ આ તારો બંદો છે અને તું તેની હાલતને મારાથી અધિક જાણે છે. જ્યાં સુધી અમને ખબર છે અમે ભલાઈ સિવાય કાંઈ નથી જાણતા. અત્યારે તેં એને સવાલ માટે બેસાડયો છે કે, હે અલ્લાહ ! તું તેને આખિરતમાં કૌલ (કલમએ તૈયબા) પર અડગ રાખ, જે રીતે દુનિયામાં અડગ રાખ્યો હતો. મારા મૌલા ! તું તેના પર રહમ કર અને તેને તેના નબી અકરમ ﷺ સાથે મેળાવ અને તેના બાદ અમને ફિત્નામાં મુબ્તિલા ન કર, અને ન તેના સવાબથી વંચિત કર.

### *(સોળમો તરીક઼ો)*

## કબ્રની ઝિયારતથી કબરવાળાને હુંફ મળે છે

ક઼બ્રોની ઝિયારત કરવી, વિશેષતઃ પોતાનાં સગા વહાલાં તથા ઓળખીતા વ્યક્તિઓની ક઼બ્ર પર જવું કેમ કે તેનાંથી મુડદાને સહવાસ (હુંફ) પ્રાપ્ત થાય છે.

અલ્લામી તક઼ીયુદ્દીન સુબ્કી શિફાઉષ્ષિક઼ામ, પેજ નં. ૬૫ તથા ઈમામ જલાલુદ્દીન સિયૂતિ શરહુસ્સુદૂરમાં લખે છે કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું :–

الثابت فی الاٰخرۃ کما ثبته فی الدنیا اللهم ارحمه والحقه بنبیه و

لاتفتنا بعده ولا تحرمنا اجره.

**અર્થાત :** "ક઼બ્રમાં મુડદાનો વધારે જીવ બહેલાવાનો તે સમય હોય છે જ્યારે કે તે શખ્સ ઝિયારત માટે આવે જેની સાથે દુનિયામાં દોસ્તી હતી."

ઈબ્ને અબી દુન્યા કિતાબુલ્ ક઼ુબૂરમાં હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત કરે છે. હુઝૂર પુરનૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે :–

"انس مایکون المیت فی قبره اذازاره من کان یحبه فی دارالدنیا.
حتی یقوم

**અર્થાત** : "જે મુસલમાન પોતાના મુસલમાન ભાઈની કૃબ્રની ઝિયારત માટે જાય અને તેની પાસે બેસે તો તે મુડદુ તેનાંથી ઉન્સ (હુંફ) હાંસલ કરે છે. તેનું દિલ તેના બેસવાથી બહેલે છે અને જ્યાં સુધી તે શખ્સ તેની પાસેથી ઉઠે તેના જવાબ આપે છે."

હઝરત અબૂ શૈખ તથા દૈલમી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે :–

"مـامن رجل یزورقبراخیه فیسلم علیه ویقعد عنده لردعلیه السلام
وانس به حتی یقوم من عنده

**અર્થાત** :"જે મુસલમાન પોતાના મુસલમાન ભાઈની ઝિયારત માટે જાય અને તેને સલામ કરે અને તેની પાસે બેસે તો તે તેના સલામનો જવાબ આપે છે, અને તે મુડદાનું તેનાથી દિલ બહેલે છે જ્યાં સુધી કે તે શખ્સ તેની પાસેથી ઉઠીને આવે."

બૈહકી અબૂ દર્દા હાશિમ બિન મુહમ્મદથી રિવાયત કરે છે કે :–

"قـال سـمـعـت رجلا من اهل العلم یقول انه کان یزور قبرابیه
فـطـال عـلیه ذلك قال فقلت ازورالتراب فاریته فی منا می فقال
یابنی! مالك لاتفعل کما کنت تفعل فقلت انزور التراب فقال لا
تـقـل ذلك یـا بـنـی! فوالله لقد کنت تشرف علیٰ فیبشرنی بك
جیـرانی ولقد کنت تنصرف فما ا زال اراك حتی تدخل الكوفة
(شـرح احیاء العلوم ص ٣٦٧)

**અર્થાત** : "હાશિમ બિન મુહમ્મદ કહે છે કે મેં એક અહલે ઈલ્મને કહેતાં સાંભળ્યું કે તે પોતાના વાલિદની કૃબ્રની ઝિયારત માટે બરાબર જયા કરતા હતા. જ્યારે લાંબો અરસો થયો તો તેમણે કહ્યું કે માટીની

ઝિયારત માટે જઉં. તેમણે કહ્યું કે મેં પોતાના વાલિદને સ્વપ્નમાં જોયા. તે ફર્માવે છે, હે મારા પુત્ર ! તમે હવે ઝિયારત માટે કેમ નથી આવતા જે રીતે પહેલાં આવ્યા કરતા હતા ? મેં કહ્યું, શું માટીની ઝિયારત માટે આવું ?! વાલિદ સાહબે ફર્માવ્યું, ના બેટા ! આમ ન કહે ! અલ્લાહની કસમ ! તમે જે સમયે આવતા અને દેખાતા હતા તે જ સમયે મારો પડોશી તમારા આવવાની મને ખુશ ખબરી આપતો હતો. અને જ્યારે તમે પરત થતા હતા તો હું તમને બરાબર જોતો રહેતો હતો, ત્યાં સુધી કે તમે કૂફા શહેરમાં પ્રવેશી જતા હતા.'' *(શરહે અહયાઉલ ઉલૂમ, પેજ : ૩૬૭)*

શરહે અહયાઉલ ઉલૂમ, પેજ નં. ૩૬૭માં છે :–

''وروی ایضا عن الفضل ا بن الموفق ابن خال سفیان بن عینیه
قـال لـمـامات ابی جزعت جزعاشدیدا فکنت آتی قبره فی کل
یـوم ثم انی قصرت عن ذٰلك فرائیته فی النوم فقال یا بنی! ماابطا
بك عنی قلت وانك تعلم بمجیئی قال ما جئت مرة الاعلمتها و
قـد کنت تاتینی فاسریك ویسرمن حولی بد عائك قال فکنت اٰتیهٗ
بعد کثیرا

**અર્થાત** : ''ફઝલ બિન મવફક઼ સુફયાન બિન ઉમૈયાના મામાનો પુત્ર કહે છે કે, જ્યારે મારા વાલિદનો ઈન્તેક઼ાલ થયો તો હું ખૂબ જ ઉદાસ તથા પરેશાન થયો અને ખૂબ જ રડયો. પછી હું દરરોજ તેમની ક઼બ્રની ઝિયારત માટે જતો હતો. પછી મેં તેમાં થોડી કમી કરી તો તેમને સ્વપ્નમાં જોયા. તેમણે ફર્માવ્યું, હે મારા પુત્ર ! કેમ તને મારી સાથે મુલાકાતમાં વાર લાગવા લાગી ? મેં કહ્યું, શું આપને મારા આવવાની જાણ થાય છે ?! ફર્માવ્યું, તમે નથી આવ્યા કદી, પરંતુ મેં જાણી લીધું. એટલે જ્યારે તમે આવતા હતા તો હું તમારા આવવાના લીધે ખૂબ જ ખુશ થતો હતો. અને તમારી દુઆના કારણે મારી આસપાસના મુડદાં પણ ખૂબ જ ખુશ થતાં હતાં. ફઝલ બિન મવકફે કહ્યું, આ સાંભળી હું ખૂબ જ વધુ જવા લાગ્યો.''

એ જ પ્રમાણે અહયાઉલ ઉલૂમમાં બીજી જગ્યાએ મૌજૂદ છે :–

"قال الحافظ ابو طاهر السلفی سمعت ابا البرکات عبدالوحد بن عبدالرحمٰن ابن غلاب السوسی بالاسکندریة یقول سمعت والدتی تقول رایت امی فی المنام بعد موتهاوهی تقول یابنتی اذا جئتنی زائرة فاقعدی عندقبری ساعة اتملی من النظرالیك ثم ترحمی علیّ الخ.

**અર્થાત** : "હાફિઝ અબૂ તાહિર સલફી કહે છે કે, મેં અબુલ બરકાત અબ્દુલ વાહિદ સૂસીથી ઈસ્કંદરિયામાં સાંભળ્યું. તે કહેતા હતા, મેં પોતાની વાલિદાથી સાંભળ્યું કે મેં મારી વાલિદાને સ્વપ્નમાં જોયાં. તે કહેતાં હતાં કે મારી પુત્રી ! જ્યારે તું મારી ઝિયારત માટે મારી પાસે આવે તો એક કલાક મારી કૃબ્રની પાસે બેસી રહે. જેથી હું તને જીવ ભરીને જોવું પછી મારા માટે રહ્મતની દુઆ કર." (واللہ الموفق)

### (સત્તરમો તરીકો)

## પાછલા પહોરે કૃબ્રસ્તાન જઈને મુડદાંઓ માટે દુઆ કરવી

"عن عائشه قالت کان رسول الله صلی الله علیه وسلم کلما کان لیلتها من رسول الله صلی الله صلیه الله علیٰ واله وسلم یخرج من آخر اللیل الیٰ البقیع فیقول السلام علیکم دار قوم مومنین واتاکم ماتوعدون غداموجلون واناانشاء الله بکم لاحقون اللهم اغفر لاهل البقیع الغرقد(رواه مسلم ص۳۱۳)

**અર્થાત** : "મુસ્લિમ હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરે છે કે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મારી વારીમાં તશરીફ લાવતા. પાછલા પહોરે મદીના તૈયબાના કૃબ્રસ્તાન જન્નતુલ બકીઅ તશરીફ લઈ જતા અને

ફર્માવતા, તમારા પર સલામતી થજો હે મુસલમાનોનાં ઘર ! અને જેનો તમારી સાથે વાયદો કરવામાં આવ્યો, કાલે તમારી પાસે તે વસ્તુ આવશે અને ઈન્શાઅલ્લાહ ! અમે તમારી સાથે મળવાના છીએ. હે ખુદા ! બક઼ીઉલ્ ગરક઼દવાળાઓના ગુનોહોને બખ્શી આપ."

હઝરત અલ્લામા નવવી આ હદીષ હેઠળ ફર્માવે છે:–

"فيه فضيلة الدعاء آخر الليل وفضيلة زيارة قبور البقيع .

**અર્થાત** : "આ હદીષથી પાછલા પહોરમાં દુઆ કરવાની શ્રેષ્ઠતા, બક઼ીઅવાળાઓની ક઼બ્રોની ઝિયારતની ફઝીલત માલૂમ થાય છે."

"وعن عائشة قالت الاحد ثكم عنى و عن رسول الله صلى الله عليه وسلم قلنا بلى قالت لما كا نت ليلتى التى كان النبى صلى الله عليه وسلم فيها عندى انقلب فوضع رداء ه وخلع نعليه فوضعها عند رجليه و بسط طرف ازراه علىٰ فراشه فاضطجع فلم يلبث الاريث ماظن ان قدرقدت فاخذردائه رويد او انتعل رويد اوفتح الباب رويد افخر ج ثم اجانه رويد افجعلت درعى فى راسى و اختمرت وتقسفت ازارى ثم انطلقت علىٰ اثره حتى جاء البقيع فقام القيام ثمه رفع يد يه ثلاث مرا ت ثم انحرف فانحرفت فاسرع فاسرعت فهرول فهرولت فاحضرفاحضرت فسبقته فد خلت فليس الاان اضطجعت فدخل فقال يالك ماعائشة حشيار ا بيه قالت قلت لاشئى قال لتخبرينى اوليخبرينى اللطيف الخبير، قالت قلت يارسول الله!بابى انت وامى فاخبرته قال فانت السواد الذى رائت امامى قالت نعم فلهد نى فى صدرى لهدة اوجعتنى ثمه قال اظننت ا ن يحيف الله عليك ورسوله قالت مهمايكتم

الناس يعلمه الله نعم قال فان جبرئيل اتانى حين رائت فنادانى فاخفاه منك فاجبته فاخفيته منك ولم يكن يدخل عليك وقد وضعت ثيابك وظننت ان قدرقدت فكرهت ان اوقظك و خشيت ان تستو حشى فقال ان ربك يا مرك ان تاتى اهل البقيع فتستغفرلهم قالت قلت كيف اقول لهم يا رسول الله! قال قولى السلام علىٰ اهل الديارمن المومنين والمسلمين و يرحم الله المستقدمين مناو المستاخرين وانا انشاء الله بكم للاحقون

(رواه مسلم جلد اوّل ص۳۱۳)

**અર્થાત** : હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે. તેમણે કહ્યું છે કે શું હું ખબર ન આપું તે જ વાતની જે મારી અને રસૂલુલ્લાહ ﷺ વચ્ચે થઈ. અમે લોકોએ કહ્યું, કેમ નહીં ! એટલે તમે અમને જરૂર ખબર આપો. કહ્યું કે જ્યારે તે રાત્રી થઈ જેમાં રસૂલુલ્લાહ ﷺ મારી ત્યાં તશરીફ ફર્મા હતા. આપ મર્દોની બેઠકથી અહીયાં આવ્યા તો પોતાની ચાદર મૂકી અને ચંપલ ઉતાર્યા અને તે બંનેને પગો પાસે મૂક્યા અને તેમના તેહબદનો એક ભાગ પોતાની પથારી પર પાથર્યો અને સૂઈ ગયા. પછી નથી થોભ્યા, પરંતુ એટલીવાર કે હુઝૂર ﷺએ વિચાર્યું કે હું સૂઈ ગઈ. પછી પોતાની ચાદર ધીરે ધીરે લીધી અને ધીરે ધીરે ચંપલ પહેર્યા અને ધીમેથી દરવાજો ખોલ્યો. પછી બહાર તશરીફ લઈ ગયા અને ધીરેથી દરવાજો બંધ કરી દીધો. તો મેં પોતાની ચાદર માથા પર મૂકી અને ઓઢણી ઓઢી અને તેહબંદ બાંધ્યું. અને હુઝૂર ﷺની પાછળ થઈ ગઈ, ત્યાં સુધી કે હુઝૂર બક઼ીઅ તશરીફ લાવ્યા. મોડે સુધી ત્યાં રોકાયા પછી બંને હાથોને ત્રણવાર દુઆ માટે ઉઠાવ્યા. પછી હુઝૂર ﷺ રસ્તાથી અલગ થયા તો હું પણ રસ્તાથી અલગ થઈ. હુઝૂર ﷺ ઝડપથી ચાલ્યા તો હું પણ ઝડપથી ચાલી, હુઝૂર ﷺ દોડયા તો હું પણ દોડી. પછી ઘરે તશરીફ લાવ્યા તો હું પણ ઘરે આવી. હું થોડી વહેલી પહોંચી અને ઘરમાં દાખલ થઈ તો

કેવળ એટલી જ વાર લાગી કે હું સૂતી એટલામાં રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા તો મારો શ્વાસ ચઢી રહ્યો હતો. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે આઈશા ! કેમ છો ? તમારો શ્વાસ ચઢયો છે અને પેટ ફૂલેલું છે ?! હઝરત આઈશા رضی اللہ عنہاએ કહ્યું કે મેં અર્ઝ કરી, કાંઈ નહીં ! ઈર્શાદ થયો, ક્યાં તો તમે ખબર આપો, નહિતર અલ્લાહ અલીમો ખબીર મને ખબર આપશે. હઝરત આઈશા رضی اللہ عنہاએ કહ્યું. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા મા બાપ આપ પર કુર્બાન ! આ કહીને મેં સર્વ પ્રસંગ બયાન કરી આપ્યો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તું જ મારી આગળ આગળ આવી રહી હતી ! મેં કહ્યું, હા ! પછી મારા સીનામાં એક બે હાથ હુઝૂર ﷺએ માર્યા જેનાથી મને તકલીફ થઈ. પછી ઈર્શાદ થયો કે શું તમારો આ વહેમ છે કે અલ્લાહ અને તેના રસૂલ તારા પર જુલમ કરશે ?! (જ્યારે પછીની વાત રસૂલુલ્લાહ ﷺએ બતાવી આપી.) તો હઝરત આઈશા رضی اللہ عنہاએ સ્વીકાર કર્યો અને કહ્યું કે મનુષ્ય જે વસ્તુને છુપાવે અલ્લાહ તેને જાણે છે. હા ! મારો આ જ વહેમ હતો કે હુઝૂર અન્ય કોઈ પત્નીને ત્યાં તશરીફ લઈ જવા ઈચ્છે છે. ઈર્શાદ થયો કે જિબ્રઈલ (علیہ السلام) આવ્યા તે સમયે તમે મને જોયો. તો જિબ્રઈલે મને પુકાર્યો અને તેને તમારાથી છૂપુ રાખ્યું. તો મેં જવાબ આપ્યો અને તમારાથી છુપાવ્યો. અને જ્યારે તમે સૂવા માટે આડા પડયા છો તે સમયે અંદર નથી આવતા અને મારો ખયાલ થયો કે તમે સૂઈ ગયા એટલા માટે મેં તમને જગાડવું નાપસંદ કર્યું, મને ડર થયો કે એકાંતના લીધે તમને પરેશાની થશે. જિબ્રઈલએ કહ્યું, અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે તમો જન્નતુલ બકીઅ તશરીફ લઈ જાવ અને તેઓની મગફેરતની દુઆ કરો. હઝરત આઈશા رضی اللہ عنہا કહે છે કે મેં પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ જો અમે ઝિયારત માટે જઈએ તો શું કહીએ ? ઈર્શાદ થયો, તમો આ મુજબ કહો કે :–

السلام علیٰ اهل الدیار من المومنین و المسلمین ویرحم اللہ المستقدمین والمستاخرین وانشاء اللہ بکم للاحقون

હઝરત અલ્લામા નવવી શરહે મુસ્લિમમાં આના ફવાઈદમાં લખે છે :

''فيـه دليل لمن جوز للنساء زيارة القبور وفيها خلاف للعلماء .

**અર્થાત** : જે લોકો ઔરતો માટે ક઼બ્રોની ઝિયારત જાઈઝ જાણે છે. આ હદીષ તેમની દલીલ છે અને આ મસ્અલામાં ઓલમાના વિવિધ કથનો છે.

### (અઢારમો તરીક઼ો)

## જુમ્આ, જુમેરાતના દિવસે ખાસ કરીને મા બાપની ક઼બ્રોની ઝિયારત કરવી

ઈબ્ને અબી દુન્યા તથા બૈહકી શોઅ્બુલ ઈમાનમાં મુહમ્મદ બિન વાસેઅથી રિવાયત કરે છે કે તે જુમ્આના દિવસે ક઼બ્રોની ઝિયારત માટે તશરીફ લઈ જતા હતા. કોઈએ તેમને કહ્યું, જો સોમવાર સુધી મોડુ કરતા તો સારું થાત. આપે કહ્યું,

''بـلـغـنـى ان الموتىٰ يعلمون بزوارهم يوم الجمعة ويوما قبله و يوما بعده.

**અર્થાત** : ''મને હદીષ પહોંચી છે કે મુડદાં તેમની ઝિયારત કરનારાઓને ઓળખે છે. જુમ્આના દિવસે અને એક દિવસ પહેલાં અને એક દિવસ પછી.''

શરહે અહયાઉલ ઉલૂમ, પેજ નં. ૩૬૬માં ઓલમાએ કિરામ ફર્માવે છે, આમ ઓળખવું તો દરેક દિવસ તથા દરેક ક્ષણે હોય છે, પરંતુ જુમ્આની ફઝીલતથી આ ત્રણ દિવસોમાં ઈલ્મ અધિક તથા વિશાળ થાય છે.

તિબ્રાની મોઅજમે અવસત તથા સગીરમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ અને ઈબ્ને અબી દુન્યા કિતાબુલ્ કુબૂર તથા બૈહકી શોઅ્બુલ્ ઈમાનમાં મુહમ્મદ બિન નોઅ્માનથી મુરસલ રીતે રિવાયત કરે છે. હુઝૂર صلی اللہ علیہ وسلم અક઼દસ صلی اللہ علیہ وسلم ફર્માવે છે :–

''من زرا قبور ابویه اواحد همافی کل جمعة غفراله و کتب برّا.

**અર્થાત** : જે શખ્સ પોતાના મા બાપ અથવા બેમાંથી એકની કબ્રની ઝિયારત માટે જુમ્આના દિવસે કર્યા કરે તેના ગુનાહ બખ્શી આપવામાં આવશે અને ખુદાને ત્યાં તે નેક લખવામાં આવશે.

અને જાહેર છે કે નેક અને બખ્શાયેલની દુઆ કબૂલ થાય છે. તો **જે વ્યક્તિ જુમ્આના દિવસે વાલિદૈનની કબ્રની ઝિયારત માટે જાય અને તેમના માટે દુઆ અને ઈસ્તિગફાર કરે તે દુઆ તે શખ્સના મગ્ફૂર (બખ્શાયેલ) હોવાના કારણે કબૂલ થઈ જાય છે.**

''قال رجل من آل عاصم الجحدری رائت عاصمافی منامی بعد موته لسنتین و فی روایة لستین فقلت لیس قد مت قال بلی فقلت باین انت قال اناوالله فی روضة من ریاض الجنة اناونفرمن اصحابی یجتمع کل لیلة جمعة و صبیحتها الیٰ ابی بکربن عبد الله المزنی فلا تی اخبارکم قلت اجسامکم ا م ارواحکم قال هیهات بلیت الاجسام وانما فلآ تی الا رواح قال قلت فهل تعلمون بزیارتنا ایاکم؟ قال نعم تعلم بها عشیة الجمعة ویوم الجمعة کله و یوم السبت الیٰ طلوع الشمس قلت و کیف ذلك دون الایام کلها قال بفضل یوم الجمعة و عظمه (رواه ابن ا بی الدنیا فی کتاب القبور والبیهقی شعب الایمان)

**અર્થાત** : આલે આસિમ જહદરીને એક વ્યક્તિએ બયાન કર્યું કે મેં આસિમને તેમના ઈન્તેકાલના બે વર્ષ અથવા ઘણા વર્ષો બાદ સ્વપ્નમાં જોયા. પૂછયું કે શું આપનો ઈન્તેકાલ નથી થયો ?! કહ્યું, કેમ નહીં ! પૂછયું, તમે કયાં છો ? કહ્યું, અલ્લાહની કસમ ! અમે જન્નતની કયારીઓમાંથી એક કયારીમાં છીએ. હું અને મારા અમુક મિત્રો અમે

સૌ દર જુમેરાત તથા જુમ્આની સવારે અબૂબક્ર બિન અબ્દુલ્લાહ મુઝનીની પાસે એકત્ર થઈએ છીએ તો તમારી ખબરો મળે છે. આ સ્વપ્ન જોનારાએ કહ્યું, અમો લોકોની ઝિયારત કરનારાઓને આપ જાણો છો ?! કહ્યું, હા ! જુમ્આની રાત્રે તથા જુમ્આનો આખો દિવસ અને શનિવારનો સૂર્ય ઉગતા સુધી. મેં કહ્યું, અન્ય દિવસોથી આ દિવસોનું શું મહત્વ છે ? બોલ્યા, જુમ્આની ફઝીલત તથા બુઝુર્ગીના કારણે.

"وقال الضحاك من زار قبر ايوم السبت قبل طلوع الشمس علم الـميت بزيارته قيل له كيف ذاك قال لمكان يوم الجمعة(رواه ابن ابـى الـدنيا فى كتاب القبور والبيهقى شعب الايمان)

**અર્થાત** : ઝેહાકે કહ્યું, જે શખ્સ શનિવારના દિવસે સૂર્યોદય પહેલાં કોઈ કબ્રની ઝિયારત માટે જાય તો મુડદો તેને જાણી લે છે. કોઈએ કહ્યું, આવું શા માટે ? કહ્યું, જુમ્આના દિવસની બરકતથી.

"عن عثمان بن سودة وكانت امة من العابدات وكان يقال لها راهبة قال لماماتت كنت آتيها فى كل جمعة فادعولهاواستغفر لهاولاهل القبور فراء يتها ليلة فى منامى فقلت يا امه! كيف انت فـقـالـت يـابنى ان الموت لشديد كربة وانا بحمد الله فى برزخ مـحـمـود افترش فيه الريحان و اتوسد فيه السندس والا ستبرق فقلت الك حاجة؟قالت نعم،فقلت ماهى؟ قالت لاتدع ماتصنع من زيارتنا والدعاء لنا فانى انس بمجيئك يوم الجمعة اذااقبلت من اهلك زائرا فابشر و يبشربذلك من حولي من الاموات (رواه ابـن ابى الدنيا و البيهقى شرح احياء العلوم ص٣٦٧/جلد ١٠)

**અર્થાત** : ઉષ્માન બિન સવદાથી રિવાયત છે. અને તેમની મા ઈબાદતગુઝાર હતાં. જેને લોકો રાહેબા કહ્યા કરતા હતા. ઉષ્માને કહ્યું કે

જ્યારે તેમનો ઈન્તેકાલ થયો તો હું દર જુમ્આએ તેમની ઝિયારત માટે જતો હતો અને તેમના તથા કબ્રસ્તાનવાળાઓ માટે દુઆ તથા ઈસ્તિગફાર કરતો હતો. એક દિવસ મેં તેમને સ્વપ્નમાં જોયાં તો કહ્યું, હે મા ! તમે કેમ છો ?! કહ્યું, હે મારા પુત્ર ! મૌતની તકલીફ સખ્ત છે. અને ખુદાના ફઝલથી હું પસંદીદા સ્થળે છું, ત્યાં ફૂલોનો બિસ્તર છે, સુન્દુસ તથા ઈસ્તબરક (એક પ્રકારનું રેશમ)ના તકીયા છે. મેં પૂછયું, તમને કોઈ વાતની ઈચ્છા છે ? બોલી, હા ! પૂછયું, શું ? કહ્યું, તમે જે મારી ઝિયારત અને દુઆ માટે આવ્યા કરો છો તેને કદી પણ ન છોડશો. તમારા જુમ્આના દિવસે આવવાથી મને ખૂબ જ ખુશી થાય છે અને દિલ બહેલે છે. જ્યારે તમે પોતાના ઘરેથી મારી ઝિયારત માટે આવો છો મને ખૂબ જ ખુશી થાય છે અને મારી આસપાસ જે મુડદાં છે સર્વે મને તેની ખુશખબરી સંભળાવે છે.

## *(ઓગણીસમો તરીકો)*

## દર વરસે કબ્રોની ઝિયારત માટે જવું

''عن عبادبن ابی صالح ان رسول الله صلی الله علیه وسلم کان یاتی قبورالشہداء باحد علیٰ راس کل حول فیقول سلام علیکم بماصبرتم فنعم عقبیٰ الدارقال وجاء هاابوبکرثم عمرثم عثمان رضی الله عنهم فلما قدم معاویة بن ابی سفیان حاجاًجاء هم قال وکان النبی صلی الله علیه وسلم اذاواجه الشعب قال سلام علیکم بماصبرتم فنعم اجرالعاملین(رواه ابن ابی شیبه وفاء الوفا جلد ۲ ص۱۳۳)

**અર્થાત :** ઈબ્ને અબી શૈબાએ ઉબાદ બિન અબી સાલેહથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ દર બેસતા વર્ષે શોહદાએ ઓહદ (જંગે ઓહદમાં શહીદ થનાર)ની કબ્રોની ઝિયારત માટે તશરીફ લાવ્યા કરતા અને

سلام علیکم بما صبرتم فنعم عقبی الدار કહેતા : રાવીએ કહ્યું, હુઝૂર ﷺ પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ, પછી હઝરત ઉમર رضی اللہ عنہ, પછી હઝરત ઉષ્માન رضی اللہ عنہ આવ્યા કરતા હતા. જ્યારે હઝરત અમીરે મુઆવિયા رضی اللہ عنہ હજ્જ માટે આવ્યા અને મદીના તૈયબા પહોંચ્યા તો તેમની પાસે આવ્યા. રાવીએ કહ્યું, હુઝૂરે અક્દસ ﷺ જ્યારે ઘાટી (બે પહાડોની વચ્ચેનો રસ્તો) સમક્ષ આવતા તો سلام علیکم بما صبرتم فنعم اجر العاملین ફર્માવતા."

*(વફાઉલ્ વફા, ભાગ : ૨, પેજ : ૧૧૨)*

"و عن انس رضی الله عنه ان رسول الله صلی الله علیه وسلم کان یاتی احدا کل عام فاذاتفوه الشعب سلم علیٰ قبورالشهداء فقال سلام علیکم بماصبرتم فنعم عقبی الدار(رواه ابن المنذرو ابن مردویه)

**અર્થાત** : ઈબ્ને મુન્ઝર તથા ઈબ્ને મરદૂયા હઝરત અનસથી રિવાયત કરે છે કે, હુઝૂર અક્દસ ﷺ દર વર્ષે ઓહદ પહાડ પર તશરીફ લાવ્યા કરતા. જ્યારે ઘાટીઓ સામે આવતા તો શોહદાએ ઓહદની કબ્રોને સલામ કરતા અને رضی اللہ عنہ ફર્માવ્યા કરતા : سلام علیکم بما صبرتم فنعم عقبی الدار

"وعن محمد بن ابراهیم قال کان النبی صلی الله علیه وسلم یاتی قبور الشهداء علیٰ راس کل حول فیقول سلام علیکم بما صبرتم فنعم عقبی الدارو ابوبکروعمروعثمان (رواه ابن جریر)

**અર્થાત** : ઈબ્ને જરીર મુહમ્મદ ઈબ્ને ઈબ્રાહીમથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺ દર બેસતા વર્ષે શોહદાએ ઓહદની કબ્રોએ તશરીફ લાવ્યા કરતા અને તેમને સલામ કરતા. અને આ પ્રમાણે હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન પણ કરતા. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)

આ હદીષોમાં ભલે ત્રણ ખલીફાઓનું رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ દર વર્ષે શોહદાએ ઓહદની ઝિયારત માટે જવું સાબિત છે. પરંતુ આ તરીકો ચારેવ ખુલફાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ નો હતો. હઝરત અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم પણ દર વર્ષે શોહદાએ ઓહદની ઝિયારત માટે આવ્યા કરતા હતા.

ઈમામ ફખ્રુદ્દીન રાઝી તફસીરે કબીર, ભાગ : ૫, પેજ : ૨૯૫માં ફર્માવે છે :–

"وعن رسول الله صلی الله علیه و سلم انه کان یاتی قبورالشهداء راس کل حول فیقول السلام علیکم بماصبرتم فنعم عقبی الدار الخلفاء الاربعة هکذا کانوا یفعلون.

**અર્થાત** : "હુઝૂરે અક્દસ ﷺ દર બેસતા વર્ષે શોહદાએ ઓહદની કબ્રોએ તશરીફ લાવતા અને સલામ અર્ઝ કરતા કે, سلام علیکم بما صبرتم فنعم عقبی الدار અને ચારેવ ખલીફાઓ પણ આ જ પ્રમાણે કર્યા કરતા હતા."

"وروی ابن ابی شیبة ان النبی صلی الله علیه و سلم کان یاتی قبورالشهداء باحد علیٰ راس کل حول فیقول السلام علیکم بما صبرتم فنعم عقبی الدار.

**અર્થાત** : "ઈબ્ને અબી શૈબાએ રિવાયત કરી કે નબીએ કરીમ ﷺ દર બેસતા વર્ષે શોહદાએ ઓહદની કબ્રો પર તશરીફ લઈ જતા અને સલામ કર્યા કરતા." *(રદ્દુલ મુહ્તાર, ભાગ : ૧, પેજ : ૮૩)*

લેખક ગુફિરલહૂ કહે છે કે આ હદીષોમાં હુઝૂર ﷺ અને ખુલફાએ રાશેદીનનો તરીકો કે દર બેસતા વર્ષે શોહદાએ ઓહદની કબ્રો પર તશરીફ લઈ જતા અને તેમના પર સલામ કરતા. મુસલમાનોના આ બરકતવંત અમલની દલીલ અને અસલ (જડ) છે કે દર વર્ષે બુઝુર્ગાને દીનનો ઉર્સ કરે છે અને લોકો દર વર્ષે બુઝુર્ગોના મઝારો પર હાજરી આપતા રહે છે.

સલામ અને દુઆ, ઈસ્તિગફાર અને કુર્આન શરીફની તિલાવત, સદક઼ો અને મીઠી વસ્તુ વહેંચવી અને ન્યાઝ ખવડાવવાનો સવાબ તે લોકોને પહોંચાડે છે.

જેથી મોલ્વી અબ્દુલ હકીમ સાહબ પંજાબીનો આ વાંધો :–

"પોતાના બુઝુર્ગોના ઉર્સમાં ખુદ પર ફર્ઝ સમજીને દર વર્ષે મઝાર પર ભેગા થઈને ત્યાં ખાવા તથા શીરીની વહેંચીને ક઼બ્રોને મૂર્તિઓ જેમ પૂજે છે." ના જવાબમાં મૌલાના શાહ અબ્દુલ અઝીઝ સાહબ દહેલ્વી લખે છે :–

"પોતાના બુઝુર્ગોના ઉર્સને ફર્ઝ ....છેવટ સુધી". (આ વાંધો), વાંધો કરવામાં આવેલ મસ્અલાના હાલાત ન જાણવાના કારણે છે. હા ! સાલેહોના મઝારોથી કેવળ હાજરી તથા ઝિયારત અને તેમની ઈમદાદ (તેમને તિલાવતે કુર્આન, દુઆએ ખૈર, ખાવા વહેંચી તથા શીરીની વહેંચીને સવાબ) હાંસલ કરવો મુસ્તહસન (સારુ કામ) અને ભલુ કામ છે. જેમકે ઉલમાના ઈજમાઅથી સાબિત છે. અલ્બત્ત ઉર્સનો દિવસ નિશ્ચિત કરવો એટલા માટે હોય છે કે તે દિવસ ફક્ત તેમના દુનિયાથી આખેરતના ઘર તરફ તબદીલ થવાના દિવસ તરીકે યાદ રાખવામાં આવે, નહીં તો જે દિવસે પણ આ અમલ કરવામાં આવે ભલાઈ તથા નજાતનો સબબ છે. અને ખલફ (પાછલાઓ) પર વાજિબ છે કે પોતાના સલફ (પૂર્વજ બુઝુર્ગો)ના માટે આ રીતે નેકી કરે જેવું કે હદીષોમાં વર્ણવવામાં આવ્યું છે. નેક ઔલાદ તે છે જે પોતાના સલફના માટે દુઆ કરે."

ત્યાર બાદ ઈમામ જલાલુદ્દીન સિયૂતિની તફસીર દુર્રે મન્યૂરની ઈબ્ને મુન્ઝર અને ઈબ્ને મરદુવિયાની હદીષ, હઝરત અનસ رضی اللہ عنہ અને ઈબ્ને જરીરની હદીષ મુહમ્મદ બિન ઈબ્રાહીમની રિવાયત થકી જે ઉપર વર્ણન થઈ, સનદ રીતે રજૂ કરી છે. જુઓ કિતાબ 'ઝુબ્દતુન્નસાએહ ફી મસાઈલુઝ્ઝબાયહ' પેજ નં. ૪૨ પર જુઓ.

### (વીસમો તરીક઼ો)

## સિત્તેર હજારવાર, પ્રથમ કલમો પઢીને તેનો સવાબ મુડદાને બખ્શવો જેનાથી મગફેરતની ઉમ્મીદ છે

મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ મિર્ક઼ાત શરહે મિશ્ક઼ાત, ભાગ : ૨, પેજ : ૧૪૨માં ફર્માવે છે :–

" قال الشيخ محى الدين بن العربى انه بلغنى عن النبى صلى الله عليه وسلم انه قال من قال لااله الله سبعين الفاغفرالله تعالىٰ له ومن قيل له غفرله ايضا فكنت ذكرت التهليلة بالعددالمروى من غيران انوى لاحد بالخصوص فحضرت طعاما مع بعض الاصحاب وفيهم شاب مشهوربالكشف فاذا هوفى اثناء الاكل اظهرالبكاء فسألته عن السبب فقال ارىٰ امى فى العذاب فوهبت فى باطنى ثواب التهليلة المذكورة لهافضحك فقال انى اراها الآن فى حسن المآب فقال الشيخ فعرفت صحة الحديث بصحة كشفه و صحة كشفه بصحة الحديث.

**અર્થાત** : સૈયદી શૈખ અકબર મોહયુદ્દીન બિન અરબીએ ફર્માવ્યું, મને હુઝૂર અક઼દસ ﷺથી હદીષ પહોંચી હતી કે જે શખ્સ સિત્તેર હજાર વખત "લા ઈલાહ ઈલ્લલ્લાહ" પઢે તેની બખ્શિશ થશે અને જેના માટે આટલા પ્રમાણમાં પઢવામાં આવે તેની પણ બખ્શિશ થશે. મેં "લાઈલાહ ઈલ્લલ્લાહ" આટલી વખત (સિત્તેર હજાર વખત) પઢયું હતું અને તેમાં કોઈના માટે ખાસ નિય્યત ન કરી હતી. હું મારા અમુક દોસ્તો સાથે એક દા'વતમાં ગયો. તેમાં એક નવયુવાનમાં કશ્ફ (છુપી વાત જાણવી)ની પ્રસિધ્ધિ હતી. ભોજન ખાતાં ખાતાં રડવા લાગ્યો. મેં કારણ પૂછયું, કહ્યું કે મારી માને અઝાબમાં જોઈ રહ્યો છું. મેં મારા દિલમાં કલમાનો સવાબ

તેની માને બખ્શી દીધો. તુરંત તે યુવાન હસવા લાગ્યો અને કહ્યું કે હવે હું મારી માને સારા ઠેકાણે જોઉં છું. ઈમામ મોહયુદ્દીન બિન અરબી قدس سرہٗ ફર્માવે છે. તો મેં હદીષનું સહીહ હોવું તે યુવાનના કશ્ફની સત્યતાથી ઓળખ્યું અને તેનાં કશ્ફનું સહીહ હોવું હદીષની સત્યતાથી જાણ્યું.

હઝરત શેખ મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ મક્તૂબાત, ભાગ : ૨, પેજ : ૨૭, પત્ર–૧૪માં ફર્માવે છે :–

**(ફારસીનો અનુવાદ)** : મિત્રો અને દોસ્તોને જણાવો કે સિત્તેર સિત્તેર હજારવાર કલમાએ તૈયબા "લા ઈલાહ ઈલ્લલ્લાહ" પઢીને ખ્વાજા મુહમ્મદ સાદિક઼ના બંને ભાઈઓને બખ્શે અને તેની બહેન મર્હૂમા ઉમ્મે કુલ્ષૂમની રૂહને બખ્શે. સિત્તેર હજારવારનો સવાબ એકની રૂહને બખ્શે અને સિત્તેર હજાર ફરી પઢીને બીજાની રૂહને બખ્શે. કેમ દોસ્તોથી જ દુઆ અને ફાતિહાની અર્ઝ છે.

એટલે મલ્ફૂઝાતે હઝરત સૈયદ જલાલુદ્દીન મખ્દૂમ જહાંનિયા رحمۃ اللہ علیہ ભાગ : ૧, પેજ : ૧૬૭માં છે : ذکر اموات એટલે મુડદાંઓનો ઉલ્લેખ ફર્માવ્યો.

હદીષે સિહાહમાં છે :–

من قال لا اله الا الله مائة الف مرة وجعل الثواب
للميت غفر الله لذلك للميت وانكان موجبا للعقوبة

**અર્થાત** : જે વ્યક્તિ "લા ઈલાહ ઈલ્લલ્લાહ" એક લાખ વાર પઢે અને તેનો સવાબ મુડદાને બખ્શી આપે તો અલ્લાહ તબારક વ તઆલા તે મુડદાને બખ્શી આપશે, ભલે તે સજાનો હક્ક઼દાર હોય.

તેમાં જ ફર્માવ્યું કે, મૈયતવાળાઓ પર વાજિબ છે કે એક લાખવાર કલમો પઢે અને આ વિસ્તારોમાં રિવાજ છે કે જે કોઈ મૃત્યુ પામે છે તેના માટે પઢે છે. તેમાં જ છે, પેજ નં. ૧૬૮ પર છે : ત્યાર બાદ ફર્માવ્યું કે દુઆ કરનાર મારા ભાઈ હાજી દીન મુહમ્મદ માટે એક લાખવાર

"લાઈલાહ ઈલ્લલ્લાહ" પઢયું. મારો એક મિત્ર છે જે ઓછથી વારંવાર આવે છે અને મારી સાથે સંબંધ છે અને બૈત ધરાવે છે અને શૈખે કબીરની વાતોને ધ્યાનમાં રાખે છે. તેણે દુઆ કરનારને કહ્યું કે મેં મુહમ્મદ હાજીની ક઼બ્રને જોઈ કે તેને રોશન તથા પહોળી કરી દીધી.

તેમાં જ ભાગ : ૨, પેજ નં. ૨૬૩ છે. એક અમલ હદીષે સિહાહનો છે :

"قـولـه عـليه الصلاة والسلام من قال لااله الاالله ما ئة الف مرة

وجعل الثواب للميت غفرله وان كان موجباللعقوبة.

**અર્થાત** : જે કોઈ "લા ઈલાહ ઈલ્લલ્લાહ"ને સો હજાર એટલે એક લાખવાર પઢે અને તેનો સવાબ મૈયતને બખ્શે તો તે મુડદો બખ્શવામાં આવશે, ભલે સજાનો હક્ક઼દાર પણ કેમ ન હોય.

ફર્માવ્યું કે મદીના મુનવ્વરામાં સો તસ્બીહ હજાર હજાર દાણાની બનાવીને પેટીમાં મૂકી છે. એકસો વ્યક્તિઓને આપે છે અને તે લોકો પ્રથમ કલમો પઢે છે, અને મૈયતને તેનો સવાબ બખ્શી આપવામાં આવે છે. થોડા સમયમાં જ પૂરી થઈ જાય છે. દુઆ કરનારે (લેખકે) પણ હજાર દાણાની તસ્બીહ એકત્ર કરી છે. આ સ્થળે હું જે અમુક ઝિયારતોમાં ગયો તેના પર અમલ કર્યો. અસરકારક છે. ઈન્શા અલ્લાહ ! આ સ્થળે પણ મા'મૂલ થઈ જશે.

બાની મદ્રસા દેવબંદ મોલ્વી મુહમ્મદ ક઼ાસિમ નાનોત્વીથી કોણ અજાણ છે ?! પોતાની પ્રખ્યાત કિતાબ તહઝીરુન્નાસ, પેજ નં. ૩૮માં લખે છે :–

હઝરત જુનૈદના કોઈ મુરીદનો ચહેરો અચાનક બદલાય ગયો. આપે કારણ પૂછયું તો કશ્ફ દ્વારા તેણે આ પ્રમાણે કહ્યું, મારી માને હું દોઝખમાં જોઉં છું. હઝરત જુનૈદે એક લાખ અથવા પંચોતેર હજારવાર ક્યારેક કલમો પઢયો હતો, આમ સમજીને કે અમુક રિવાયતોમાં આટલીવાર કલમાનો સવાબ પર બખ્શિશનો વાયદો છે. પોતાના મનમાં ને મનમાં જ તે મુરીદની

માને બખ્શી આપ્યો અને તેને જાણ ન કરી. પરંતુ બખ્શતાં જ શું જુએ છે કે તે જવાન ખૂબ જ ખુશ છે. આપે ફરી કારણ પૂછયું. તેણે અર્ઝ કરી, હવે હું મારી માને જન્નમાં જોઉં છું. ત્યારે આપે આ વાત પર આ ફર્માવ્યું કે આ યુવાનના કશ્ફની સત્યતા તો મને હદીષથી માલૂમ થઈ અને હદીષની સત્યતા તેના મુકાશેફાથી થઈ ગઈ.

ફક઼ીર (લેખક) ગુફિરલહૂ કહે છે કે આ હદીષ અને ઓલમાનું લખાણ મુસલમાનોના આ નેક કાર્યની જડ છે કે મૈયત માટે ત્રીજા અથવા ચોથા દિવસે એકત્ર થઈને કુર્આન શરીફ સિવાય ''લા ઈલાહ ઈલ્લલ્લાહ'' સિત્તેર હજારવાર અથવા એક લાખવાર પઢે અને મૈયતને તેનો સવાબ બખ્શે છે જેથી من قيل له તેની બખ્શિશ થાય અને એ કે સિત્તેર હજાર વખત પઢવા માટે ઘણી તસ્બીહોની જરૂરત પડશે જેનું દરેક સ્થળે મળવું મુશ્કેલ છે. એટલા માટે આસાનીના વિચારથી ચણાથી ગણત્રી કરે છે જેને પછી ક્યાં તો પઢવાવાળાઓમાં વહેંચી દેવામાં આવે છે અથવા ફક઼ીરો પર સદક઼ો કરી દે છે જેથી સાથે સાથે સદક઼ાનો સવાબ પણ મૈયતને પહોંચે.

*(એકવીસમો તરીક઼ો)*

## કુર્આન શરીફ પઢીને બખ્શવું

હવે રહ્યું એ કે તેના માટે કોઈ સૂરતનું પઢવું પણ ખાસ કરીને આવ્યું છે અથવા જે સૂરત, જે આયત પઢીને તેનો સવાબ બખ્શો તે પૂરતુ છે. તો પૂરતુ હોવા માટે તો બધુ પૂરતુ છે.

''عن ابن مسعود رضی الله عنه قال قال رسول الله صلی الله علیه وسلم من قرء حر فامن کتاب الله فله به حسنة والحسنة بعشر امثالها لااقول لکم الم حرف ولکن الف حرف ولام حرف و میم حرف(رواه التر مذی والحاکم والبخاری فی

التاريخ) كما هو مصرح فى الرواية الاخرىٰ :اقرء وا القرآن فانكم توجرون عليه اما انى لااقول الم حرف ولكن الف حرف عشرو لام حرف عشر و ميم حرف عشر فتلك ثلاثون رواه ابو جعفر النحاس فى الوقف الابتداء والسنجرى فى الابانة والخطيب فى التاريخ عن ابن مسعود رضى الله عنه.

**અર્થાત** : ઈમામ તિર્મિઝી તથા હાકિમ તારીખમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જે શખ્સ કુર્આન શરીફનો એક અક્ષર પઢે તેને એક નેકી મળશે અને એક નેકીનો સવાબ દસ ઘણો છે. હું નથી કહેતો કે الم (અલિફ લામ મીમ) એક હર્ફ છે. બલ્કે الف (અલિફ) એક હર્ફ છે, لام (લામ) એક હર્ફ છે, میم (મીમ) એક હર્ફ છે. તો જે શખ્સ કેવળ الم પઢશે. તેને ત્રીસ નેકીઓ મળશે. અબૂ જાફર નુહાસ કિતાબ "અલ્વક્ફ વકફ વલ ઈબ્તિદા" તથા સંજરી કિતાબ "અલ્અબાના" તથા ખતીબે બગદાદી "તારીખ"માં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તમે કુર્આન શરીફ પઢયા કરો કેમ કે તમને તેનો સવાબ આપવામાં આવશે. હું એવું નથી કહેતો કે الم (અલિફલામમીમ) એક હર્ફ છે, બલ્કે **અલિફ** એક હર્ફ છે અને તેનો સવાબ દસ છે, **લામ** એક હર્ફ છે, સવાબ દસ છે. **મીમ** એક હર્ફ છે, સવાબ દસ છે. તો આ ત્રીસ સવાબ થયા. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ : ૧, પેજ : ૧૩૦)*

સર્વ શ્રેષ્ઠ તો એ છે કે ક઼બ્ર પાસે જઈને એક પૂરુ ખતમ કરો જેમ કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ જ્યારે લૈષ બિન સઅદની ક઼બ્રની ઝિયારત માટે ગયા તો તેમની પ્રશંસા કરી અને એક કુર્આન શરીફ ખતમ કર્યું અને ફર્માવ્યું કે હું ઈચ્છું છું કે આ નેક કાર્ય હમેશાં ચાલુ રહે અને તેમના ફર્માવ્યા મુજબ થયું.

كما مر عن شرح الاحياء نقلا عن القول بالاحسان العميم فى انتفاع الميت بالقرآن العظيم للعلامة شمش الدين المعروف بابن القطان

અને ભારતમાં પણ અમુક અમુક શહેરોમાં રિવાજ છે. જેમ કે બરેલી શરીફમાં ત્રીસથી બત્રીસ વર્ષથી દર જુમ્આના દિવસે આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના ખાનદાનના મઝારો પર જઈને મદ્રસા ઈસ્લામના વિદ્યાર્થીઓ અને શહેરવાસીઓ બે કુર્આન શરીફ ખતમ કરીને સવાબ પહોંચાડે છે અને તેનાથી ઘણા પહેલાં આશરે સો વર્ષોથી બદાયુમાં જનાબ તાજુલ્ ફુહૂલ મૌલાના શાહ અબ્દુલ કાદિર મુહિબ્બે રસૂલ صلی اللہ علیہ وسلمના ખાનદાનનાં મઝારો પર શહેરવાસીઓ તથા મદ્રસા કાદરિયહ્ના તાલિબે ઈલ્મો જઈને દર જુમ્આના દિવસે કુર્આન શરીફનાં બે ખતમ કર્યા કરે છે અને તેનો સવાબ તે બુઝુર્ગોને બખ્શે છે અને અન્સારે કિરામનો મામૂલ પણ હદીષથી સાબિત થાય છે.

"اخـرج الخلال فى الجامع عن الشعبى قال اكانت الانصاراذا مـات لهم الميت اختلفوا الىٰ قبره يقرء ون القرآن.

**અર્થાત** : અન્સારને ત્યાં જ્યારે કોઈ મૃત્યુ પામતું તો લોકો તેની કબ્ર પર જતા અને કુર્આન શરીફ પઢતા.

*(મિર્કાત શરહે મિશ્કાત, ભાગ : ૨, પેજ : ૩૮૨)*

પરંતુ જો આટલું ન થઈ શકે તો જેટલું આસાનીથી પઢી શકે.

"وفى شرح اللباب ويقرء من القرآن ماتيسرله من الفاتحة واوّل البـقرة الىٰ المفلحون وآية الكرسى وآمن الرسول و سوره يٰس وتبـارك الـملك وسـورـة التكاثروالاخلاص اثنى عشرة مرة او احدى عشراوسبعا اوثلاثاثم يقول اللّٰهم او صل ثواب ماقرء ناه الىٰ فلان اواليهم (ردالمحتارجلد اوّل ص٨٨٤)

શરહે લુબાબમાં છે : અને કુર્આનથી જે આસન હોય પઢે. દા.ત.

સૂરએ ફાતિહા, સૂરએ બક઼રહ્‌ની શરૂઆતની આયતોથી મુફ્‌લિહૂન સુધી, આયતુલ કુર્સી, આમર્નરસૂલ, સૂરએ યાસીન, તબારક, સૂરએ તકાષૂર, સૂરએ ઈખ્લાસ ૧૨ વખત અથવા ૧૧ વખત અથવા ૭ વખત અથવા ૩ વખત પઢી કહો, હે અલ્લાહ ! જે કાંઈ મેં પઢયું તેનો સવાબ ફલાણા શખ્સ અથવા આ લોકોને પહોંચાડ. *(રદ્દુલ મુહ્‌તાર, ભાગ : ૧, પેજ : ૮૮૪)*

અને અમુક અમુક સૂરતો કે ખાસ રીતે હદીષ શરીફમાં જેનો પઢવાનો સવાબ વર્ણવેલ છે, તે સૂરતો પઢવું. હુઝૂરે અક઼દસ ﷺના હુકમ પર અમલ કરવાના કારણે ખૂબ વધુ પ્રમાણમાં સવાબ તથા બદલાનો સબબ છે અને તે પણ ઘણી છે, જેમાંથી અમુક અમુક આ સ્થળે લખવામાં આવે છે.

**(૧)**

’’عـن علیٰ بن ابی طالب رضی الله عنه ان النبی صلی الله تعالیٰ علیه وآله وسلم قال من مرعلیٰ المقابرفقرء قل هوالله احد، احد عشرمرۃ ثم وهب اجرهاللاموات اعطیٰ الاجربعده الاموات (رواه الدار قطنی عینی شرح هدایه جلد۲/ص۱٦۱۱/وشامی جلد ۲/ص۲٤۳)

**અર્થાત :** દારકુત્‌ની હઝરત અલી મુર્તુઝા کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરે છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, **જે શખ્સ ક઼બ્રસ્તાનમાં પસાર થાય અને અગ્યાર વખત "કુલહુવલ્લાહુ અહ઼દ" પઢીને તેનો સવાબ મુડદાંઓને બખ્શે તેને તે મુડદાઓનાં બરાબર સવાબ મળશે.** *(ઐની શરહ હિદાયા, ૨/૧૬૧૧ અને શામી, ૨/૨૪૩)*

**(૨)**

’’عـن عبـدالـله ابن عمر قال سمعت النبی صلی الله علیه وسلم یـقول اذامات احد کم فلا تحبسوه واسر عوابه الیٰ قبره ولیقرء

عـنـد راسـه فاتحة البقرة و عندرجليه خاتمة البقرة،رواه البيهقى فى شعب الايمان وقال والصحيح انه موقوف عليه.

**અર્થાત** : બૈહક઼ી શોઅબુલ્ ઈમાનમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરે છે. તેમણે કહ્યું મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું કે ફર્માવતા હતા જ્યારે તમારામાંથી કોઈ મૃત્યુ પામે તો તેને ન રોકો અને તેને જલ્દી ક઼બ્ર સુધી પહોંચાડો. અને તેના માથા પાસે સૂરએ બક઼રહ મુફલિહૂન સુધી અને પગો તરફ સૂરએ બક઼રહ્‌ની છેલ્લી આયતો એટલે આમનર્રસૂલથી છેવટ સુધી પઢયા કરો. આ હદીષ ભલે બૈહક઼ીએ મરફૂઅન રિવાયત કરી, પરંતુ સહીહ એ છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર પર મૌક઼ૂફ છે.

**(3)**

”عن ابى هريرة قال قال رسول الله صلى الله عليه وسلم من دخل الـمقابرثم قرء فاتحة الكتاب وقل هوالله احد والهٰكم التكاثرثم قـال انـى جـعلت ثواب ما قرئت من كلامك لا هل المقابر من المومنين كانوا شفعاء له الىٰ الله تعالىٰ رواه ا بوالقاسم سعد بن علىٰ الزنجانى فى فوائد(مرقات جلد٢/ ص٣٨٢)

**અર્થાત** : અબુલ ક઼ાસિમ સઅદ બિન અલી ઝન્જાની પોતાની ફવાઈદમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે, જે શખ્સ ક઼બ્રસ્તાનમાં જાય પછી સૂરએ ફાતિહા, કુલ હુવલ્લાહુ અહદ, અલ્હા કુમુત્તકાષૂર પઢે પછી કહે કે, હે અલ્લાહ ! જે કાંઈ મેં તારું કલામ પઢયું તેનો સવાબ ક઼બ્રસ્તાનવાળા મુસલમાન મર્દ તથા મુસલમાન સ્ત્રીઓને બખ્શી આપ, તો તે લોકો અલ્લાહની બારગાહમાં તેની સિફારિશી બનશે. *(મિર્ક઼ાત, ભાગ : ૨, પેજ : ૩૮૨)*

(૪)

''عن انس رضی الله عنه ان رسول الله صلی الله علیه وسلم قال من دخل المقابر فقرء سوره یٰس خفف الله عنهم وکان له بعدد من فیها حسنات رواه عبدالعزیز صاحب الخلال بسنده.

**અર્થાત** : અબ્દુલ અઝીઝ સાહબ ખલ્લાલે પોતાની સનદ થકી હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે શખ્સ ક઼બ્રસ્તાનમાં જાય અને સૂરએ યાસીન પઢે, અલ્લાહ તબારક વ તઆલા તે મુડદાંઓની પકડ હલકી ફર્માવશે અને જેટલી માત્રામાં મુડદાં તે ક઼બ્રસ્તાનમાં છે તેમની સંખ્યા પ્રમાણે તે શખ્સને નેકીઓ મળશે.** *(મિર્ક઼ાત, ભાગ : ૨, પેજ : ૩૮૨)*

(૫)

''عن سلمة بن عبید قال قال حماد المکی خرجت لیلة الیٰ مقابر مکة فوضعت راسی علیٰ قبر فنمت فرائیت اهل المقابر حلقة حلقة فقلت قامت القیامة قالو الا ولکن رجل من اخواننا قرء قل هو الله احد وجعل ثوابها لنا فنحن نقتسمه منذ سنة، رواه القاضی ابوبکر بن عبد الباقی الانصاری فی مشیخته.

**અર્થાત** : ક઼ાઝી અબૂબક્ર બિન અબ્દુલ બાકી અન્સારી પોતાની ''મશીખત''માં સલમા બિન ઉબૈદથી રિવાયત કરે છે. કહ્યું કે હમ્માદ મક્કીએ કહ્યું કે હું એક રાત્રે મક્કાના ક઼બ્રસ્તાનમાં ગયો અને સૂઈ ગયો. તો મેં ક઼બ્રસ્તાનવાળાઓના ટોળે ટોળાં જોયા. મેં કહ્યું કે શું ક઼યામત આવી ગઈ ? કહ્યું, ના ! પરંતુ અમારા ભાઈઓમાંથી **એક શખ્સે કુલ હુવલ્લાહુ અહદ પઢીને તેનો સવાબ અમો લોકોને બખ્શ્યો છે તો અમે વર્ષથી તેને વહેંચી રહ્યા છીએ.** *(મિર્ક઼ાત, ભાગ : ૨, પેજ : ૩૮૨)*

(૬)

"عـن ابـی بـکر الصدیق رضی الله عنه قال قال رسول الله علیه وسـلـم من زار قبر والد یه اواحد هما فقرء عنده اوعندهما یٰس غـفـرله رواه ابوبکر بن البخاری فی کتاب السنن(عمدة القاری شرح بخاری جلد۱ ص۸۷۵)

**અર્થાત :** અબૂબક્ર બિન નઝ્ઝાર કિતાબુસ્ સુનનમાં હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે શખ્સ પોતાનાં મા, બાપ અથવા તેમાંથી કોઈ એકની ક઼બ્રની ઝિયારત કરે અને તેની પાસે સૂરએ યાસીન પઢે તેના ગુનાહ બખ્શી આપવામાં આવશે.** *(ઉમ્દતુલ્ ક઼ારી, શરહે બુખારી, ભાગ : ૧, પેજ : ૮૭૫)*

### *(બાવીસમો તરીક઼ો)*

## મૈયતના માટે નમાઝ પઢવી તથા રોઝા રાખવા

મુડદા માટે નમાઝ પઢવી, રોઝા રાખવા અથવા નમાઝ પઢીને, રોઝા રાખીને તેનો સવાબ મુડદાને બખ્શવો. અલ્લામા શામી رحمۃ اللہ علیہ રદ્દુલ મુહ્તાર, ભાગ : ૨, પેજ : ૨૪૩માં ફર્માવે છે :–

"وروی الـدار قـطـنی ان رجلا سأله علیه الصلاة والسلام فقال لـی ابـوان ابـرهـما حال حیاتهما فکیف لی بیرهما بعد موتهما فـقال صلی الله علیٰ وسلم ان من البربعد الموت ان تصلی لهما مـع صـلاتك و ان تصوم لهما مع صومك.

**અર્થાત :** દારકુત્નીએ રિવાયત કરી કે એક વ્યક્તિએ રસૂલુલ્લાહ ﷺને પ્રશ્ન કર્યો અને કહ્યું કે મારા મા, બાપ છે. એમની હયાતમાં તો હું તેમની સાથે ભલાઈ કરું છું પણ તેમના મૃત્યુ બાદ તેમની સાથે કઈ રીતે ભલાઈ કરી શકું છું. ઈર્શાદ થયો કે મૃત્યુ બાદ તેમની સાથે નેકી

કરવાનો એ તરીક઼ો છે કે પોતાની નમાઝ સાથે તે બંને માટે પણ નમાઝ પઢો અને પોતાની સાથે તે બંનેવ માટે પણ રોઝા રાખો.

ક઼ાઝી ષનાઉલ્લાહ સાહબ પાનીપતી પોતાની કિતાબ ''તઝકિરતુલ્ મૌત્તા વલ્ કુબૂર''માં લખે છે :–

ઈબ્ને અબી શયબાએ હજ્જાજ ઈબ્ને દીનારથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે માબાપની સાથે નેકી કરવામાંથી એક નેકી એ પણ છે કે નમાઝ પઢો તેમના માટે પોતાની નમાઝની સાથે અને રોઝા રાખો એમના માટે પોતાના રોઝા સાથે, અને સદક઼ો આપો તેમના તરફથી પોતાના સદક઼ાની સાથે.

''و عن مالك بن دينار قال دخلت المقبره ليلة الجمعة فاذا انا بنورمشرق فيها فقلت لااله الاالله نرىٰ ان الله عزوجل قد غفر لاهل المقابر فاذاانابها تف يهتف من البعد و هو يقول يامالك بن دينار هٰذه هدية المومنين الىٰ اخوانهم من اهل المقابرقلت بالذى انطقك الاخبرتنى ماهو قال رجل من المومنين قام هٰذه الليلة فاسبغ الوضوء وصلىٰ ركعتين وقرء فيهما فاتحة الكتاب وقل ياايهاالكفرون وقل هوالله احد وقال اللّٰهم انى قد وهبت ثوابها لاهل المقابر من المومنين فادخل الله علينا الضياء والنور والفتح والسرور فى المشرق و المغرب قاله مالك فلم ازل اقرء هافى كل جمعة فرائيت النبى صلى الله عليه وسلم فى منامى يقول لى يا مالك قد غفرا الله لك بعد دالنور الذى اهديته الىٰ امتى ولك ثواب ذلك ثم قال لى و بنى الله لك بيتا فى الجنة فى قصر يقال له المنيف قلت وما المنيف قال المظل علىٰ اهل الجنة رواه ابن النجار فى تاريخه.

**અર્થાત** : ઈબ્નુન્નજ્જાર પોતાની તારીખમાં માલિક બિન દીનારથી રિવાયત કરે છે. તેમણે કહ્યું કે હું જુમ્આની રાત્રે કબ્રસ્તાનમાં ગયો તો જોઉં છું કે ત્યાં એક નૂર ચમકે છે. મેં કહ્યું, લા ઈલાહ ઈલ્લલ્લાહ ! નિઃશંક ! અલ્લાહ તબારક વ તઆલાએ આ કબ્રસ્તાનવાળાઓની મગફેરત ફર્માવી દીધી. એટલામાં સાંભળ્યું કે દૂરથી એક ગેબી પોકારનારા કહે છે કે આ મુસલમાનોનો હદિયો છે જે આપણા ભાઈએ આ કબ્રસ્તાનવાળાઓ પાસે મોકલ્યો. મેં કહ્યું, તને તે જાતની કસમ ! જેણે તને બોલવાની શક્તિ આપી, મને ખબર આપ કે આ પ્રસંગ શું છે ? તેણે કહ્યું કે **એક મુસલમાન શખ્સ રાત્રે ઊભો થયો અને સારી રીતે વુઝૂ કરીને બે રકાત નમાઝ પઢી અને તે બંનેવમાં "સૂરએ ફાતિહા" પછી "કુલ યા અય્યુહલ્ કાફિરુન" અને "કુલ હુવલ્લાહુ અહદ" પઢી અને કહ્યું કે, હે અલ્લાહ ! મેં આનો સવાબ કબ્રસ્તાનવાળા મર્દો તથા સ્ત્રીઓને બખ્શ્યો.** તો અલ્લાહ તબારક વ તઆલાએ અમારા પર રોશની તથા નૂર, વિશાળતા તથા ખુશી પૂર્વ તથા પશ્ચિમમાં દાખલ કરી.

માલિક કહે છે કે આ પ્રસંગ બાદ હું દરેક જુમ્આએ આ પઢવા લાગ્યો. પછી મેં હુઝૂર પૂરનૂર ﷺને સ્વપ્નમાં જોયા કે ફર્માવે છે, હે માલિક ! અલ્લાહ તબારક વ તઆલાએ તમને બખ્શી દીધા. તે નૂરની સંખ્યા બરાબર જે તેં મારી ઉમ્મત તરફ હદિયો કર્યો અને તારા માટે તેનો સવાબ છે. પછી મને ફર્માવ્યું, અલ્લાહ તબારક વ તઆલાએ તારા માટે કસ્રે મુનીફમાં ઘર બનાવ્યું છે. મેં પૂછ્યું, કે કસ્રે મુનીફ શું છે ? ફર્માવ્યું, જન્નતીઓ પર છાયો કરનારો. *(શરહે અહયાઉલ્ ઉલૂમ, ભાગ : ૨, પેજ : ૩૭૨)*

### *(ત્રેવીસમો તરીકો)*

## કૂવો ખોદીને મુડદા તરફથી વકફ કરી દેવું

"عـن سعد بن عبادة قال يارسوالله ان أم سعد ماتت فاى الصدقة افضل قال الماء فحفربيراًوقال هذه لام سعد رواه ابوداؤدوالنسائى.

**અર્થાત** : અબૂ દાઊદ તથા નિસાઈ હઝરત સઅદ બિન ઉબાદાથી રિવાયત કરે છે. તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ ઉમ્મે સઅદનો ઈન્તેક઼ાલ થઈ ગયો તો કયો સદક઼ો તેમના માટે શ્રેષ્ઠ ગણાશે ? ઈર્શાદ થયો, પાણી ! તો તેમણે કૂવો ખોદાવ્યો અને કહ્યું, આ ઉમ્મે સઅદ માટે છે.

મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ મિર્ક઼ાત, ભાગ : ૨, પેજ : ૪૭૭માં આ હદીષ હેઠળ ફર્માવે છે :–

"(فای الصدقة افضل) أی لروحها (قال الماء) انما كان الماء افضل لانه اعم نفعا فی الامور الدينية والدينوية خصوصافی تلك البلاد الحارة ولذلك منّ الله تعالىٰ بقوله وانزلنا من السماء ماء طهورا كذاذكره الطيبی.

**અર્થાત** : કયો સદકો ઉમ્મે સઅદની રૂહ માટે શ્રેષ્ઠ છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, પાણી ! અને પાણીને એટલા માટે શ્રેષ્ઠ સદક઼ો ફર્માવ્યો કે તેનો ફાયદો દીની અને દુનિયવી સર્વ કામોમાં આમ છે. વિશેષતઃ તે ગરમ પ્રદેશોમાં અને એટલા માટે જ અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના ક઼ૌલ اَنْزَلْنَا مِنَ السَّمَآءِ مَآءً طَهُوْرًاમાં પાણી ઉતારવા પર એહસાન કર્યું. આ જ પ્રમાણે અલ્લામા તૈયબીએ વર્ણન કર્યું.

ફક઼ીર (લેખક) غفرلہ المولی القدیر કહે છે કે આ હદીષ તે રિવાજની અસલ છે જે મુસલમાનોમાં રિવાજ ચાલે છે કે મસ્જિદોમાં નમાઝીઓ માટે ગુસ્લ તથા વુઝૂ કરવા માટે ઘડો, લોટો વગેરે મોકલે છે કે જો કૂવો ન ખોદાવ્યો તો અમારો ભરેલો ઘડો મસ્જિદમાં રહેશે. કોઈ તરસ્યું પાણી પીશે, કોઈ વુઝૂ અને ગુસ્લ કરશે, તો તેનો સવાબ મોકલનારને અથવા જેની તરફથી મોકલવામાં આવ્યો છે તેને મળશે. ખાસ કરીને જે ઘડો, લોટાથી મૈયતને ગુસ્લ આપે છે તેને તો ગુસલ આપ્યા બાદ મૈયતના ઈસાલે સવાબ માટે મસ્જિદોમાં મોકલી આપવાનો આમ રિવાજ છે.

અલ્બત્ત ! અમુક સ્થળે તે ઘડા અને લોટાને જેનાથી મૈયતને ગુસ્લ

આપે છે. મૈયત સાથે કબ્ર તો લઈ જાય છે અને કબ્રની માટી બરાબર કરીને ઘડામાં કાણુ કરીને, મૈયતના માથા તરફ અને લોટામાં કાણુ કરીને મૈયતના પગો તરફ મૂકી દે છે આ માલનું બરબાદ કરવું તથા ગુનોહ છે. આનાથી બચવું ખૂબ જ જરૂરી છે.

## (ચોવીસમો તરીકો)

## મુડદા તરફથી સદકો કરવો

”عن عائشة رضى الله عنها ان رجلا قال للنبى صلى الله عليه و سلم ان امى افتلتت نفسها و اظنها لو تکلمت لتصدقت فهل لها اجران تصدقت عنها قال نعم (رواه البخاری ص ١٥٤/و مسلم

**અર્થાત** : તિર્મિઝીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે એક શખ્સે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારી માનો ઈન્તેકાલ થઈ ગયો તો હું તેમના તરફથી સદકો કરી આપું તો શું તેમને ફાયદો પહોંચશે ? ઈર્શાદ થયો, હા ! તે શખ્સે કહ્યું, મારો એક બગીચો છે, હું હુઝૂર صلی اللہ علیہ وسلمને ગવાહ કરું છું કે મેં તે બગીચાને મારી મા તરફથી સદકો કર્યો. ઈમામ તિર્મિઝીએ કહ્યું કે આ હદીષ હસન છે અને ઓલમાનો પણ આ જ કૌલ (કથન) છે.

”عن عائشة رضى الله عنها ان رجلا قال للنبى صلى الله عليه و سلم ان امى افتلتت نفسها و اظنها لو تکلمت لتصدقت فهل لها اجران تصدقت عنها قال نعم (رواه البخاری ص ١٥٤/و مسلم

**અર્થાત** : ઈમામ બુખારી તથા મુસ્લિમ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત કરે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને કહ્યું કે મારી માનો અચાનક ઈન્તેકાલ થઈ ગયો અને મારી ધારણા એ છે કે જો તે વાતચીત કરત તો જરૂર સદકો કરત. તો શું તેમને સવાબ

મળશે જો હું તેમની તરફથી સદકો કરું ? હુઝૂર અકદસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હા !

અલ્લામા નવવી શરહે મુસ્લિમ, પેજ નં. ૩૨૪માં લખે છે :–

"و فی هذاالحدیث ان الصدقة عن المیت تنفع المیت ویصل ثـوابهـا وهـو کذلك باجماع العلماء و کذا اجمعواعلی وصول الدعاء و قضاء الدین بالنصوص الوار دة فی الجمیع.

**અર્થાત** : આ હદીષથી એ વાત સાબિત થાય છે કે મુડદાની તરફથી સદકો આપવું મુડદા માટે લાભદાયક છે અને તેનો સવાબ મુડદાને મળે છે, તેને પહોંચે છે. આના પર ઉલમાએ કિરામની એકમતિ છે, અને તે જ પ્રમાણે એકમતિ છે, દુઆ પહોંચવા, કર્ઝ અદા થવા પર તે નસો (કુર્આનની આયતો) થકી જે તે સર્વમાં વર્ણન થઈ.

અલ્લામા ઐની શરહે બુખારી, ભાગ : ૪, પેજ : ૨૪૬માં આ હદીષ હેઠળ ફર્માવે છે : "و یستفاد منه ان الصدقة عن المیت تجوزوانه ینتفع بها.

**અર્થાત** : આ હદીષથી જણાય છે કે મુડદા તરફથી સદકો કરવો જાઈઝ છે અને તેનાથી મુડદાને લાભ પહોંચે છે. તેમાં જ છે. *(પેજ : ૨૪૬)*

"وروی احمد عن عبدالله بن عمروان العاص بن وائل نذر فی الجاهلیة ان ینحرمائة بد نة وان هشام ابن العاص نحرعنه خمسین و ان عمرواً سأل رسول الله صلی الله علیه وسلم عن ذٰلك فقال امابوك فلواقربالتوحید فصمت و تصدقت عنه نفعه ذٰلك(عینی شرح بخاری جلد ۲/ص۲٤٦)

**અર્થાત** : ઈમામ અહમદ ઈબ્ને હંબલે અબ્દુલ્લાહ બિન અમ્રથી રિવાયત કરી કે તેમના પિતા આસ બિન વાઈલે જાહિલિયતના જમાનામાં (હુઝૂર ﷺની તશરીફ આવરી પહેલાંના જમાના)માં મન્નત માની હતી કે સો ઊંટની કુર્બાની કરીશું અને હિશામ બિન આસે તેમના તરફથી પચાસ

ઊંટ કુર્બાન કર્યાં. અને અમ્રે રસૂલુલ્લાહ ﷺને આ વિશે પ્રશ્ન કર્યો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમારા પિતા તૌહીદ (અલ્લાહને એક મઅબૂદ માનવું)નો સ્વીકાર કરતો તો તમે રોઝા રાખતા અને તેમની તરફથી સદકો કરતા તો લાભ થાત. તેમાં જ પેજ ૨૪૬માં છે :

"وعن ابن ماكولا من حديث ابراهيم ابن حيان عن ابيه عن جده عن انس رضى الله عنه انه قال سئالت رسول الله صلى الله عليه وسلم فقلت انالندعوا لموتانا ونتصدق عنهم ونحج فهويصل ذلك اليهم فقال انه ليصل اليهم ويفرحون به كما يفرح احد كم بالهدية.

**અર્થાત** : ઈબ્ને માકૂલાએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી. તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને પૂછયું, અમે અમારા મુડદાંઓ માટે દુઆ કરીએ છીએ, અને તેમના તરફથી સદકો આપીએ છીએ તથા હજ્જ કરીએ છીએ, તો શું તેનો સવાબ તેઓને પહોંચે છે ? હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, નિ:શંક ! તે જરૂર તેમને પહોંચે છે અને તે લોકો તેનાથી ખુશ થાય છે જે રીતે તમારામાંથી કોઈ તોહફો મોકલવાથી ખુશ થાય છે. સુબ્હાનલ્લાહ ! આ હદીષ પણ નિરાળી સવાબના પ્રકારોને એકત્ર કરનારી છે ! એટલા માટે કે ઈસાલે સવાબ ત્રણ રીતે થઈ શકે છે : (૧) બદની (૨) માલી (૩) બંનેનો સમૂહ. આ હદીષે ત્રણેવને એકત્ર કરી દીધા. ندعو لموتانا બદની ઈબાદત છે. نتصدق عنهم માલી ઈબાદત તથા نحج عنهم માલી તથા બદની બંનેવ ઈબાદતનો સમૂહ. સાબિત થયું કે મુડદાને દરેક પ્રકારના સવાબ પહોંચે છે, બદની હોય કે માલી હોય કે બંનેવનો સમૂહ.

શૈખે મુહક્કિક મૌલાના અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી અશિઅતુલ્ લમ્આત શરહે મિશ્કાત, બાબે ઝિયારતુલ્ કુબૂર, ભાગ : ૧, પેજ : ૭૬૩માં ફર્માવે છે :

મુસ્તહબ છે કે મૈયત તરફથી સદકો કરવામાં આવે તેના દુનિયાથી ગુજરી ગયા બાદ સાત દિવસ સુધી. મૈયતની તરફથી સદકો કરવો મૈયતને નફો પહોંચે છે. આ બારામાં અહલે ઈલ્મનો કોઈ મતભેદ નથી. આ બારામાં સહીહ હદીષો આવેલી છે. ખાસ કરીને અમુક ઉલમાએ ફર્માવ્યું છે કે નથી પહોંચતો મૈયતને પણ સદકો તથા દુઆ. અમુક રિવાયતોમાં આવ્યું છે કે મૈયતની રૂહ જુમ્આની રાતે પોતાના ઘરે આવે છે અને જુએ છે કે તેની તરફથી લોકો સદક઼ા કરે છે કે નહીં. અલ્લાહ બેહતર જાણનાર છે.

આ સ્થળે એક શંકા થઈ શકે છે કે મૈયતના ઈસાલે સવાબ માટે જે લોકો ખાવા વગેરે રાંધીને લોકોને ખવડાવે છે તો આ મૈયત તરફથી સદક઼ો છે, તો જોઈએ કે કેવળ ફક઼ીરોને આપવામાં આવે. પરંતુ એવું છે કે સગા, વહાલા, દોસ્તો, મિત્રો, માલદારો વગેરે સર્વે ખાય છે અને સૌને ખવડાવે છે. એનો જવાબ એ છે કે **આ સદક઼ો વાજિબ નથી જે ફક઼ીરો માટે ખાસ હોય અને માલદારો માટે નાજાઈઝ, બલ્કે નફ્લ છે અને એક હદીષ મિશ્કાત શરીફ, બાબુલ મોજિઝાતમાં છે જેના થકી માલૂમ થાય છે કે પોતે રસૂલુલ્લાહ ﷺ પણ મૈયતના ખાણામાં હાજર થયા હતા. તો જો આ નાજાઈઝ હોત અથવા પરહેઝના પાત્ર હોત તો ખુદ હુઝૂરે અક઼્દસ ﷺ કદાપિ શરીક ન થાત.**

"عن عاصم بن كليب عن ابيه عن رجل من الانصارقال خرجنا مـع رسول الله صلى الله عليه وسلم فى جنازة فرايت رسول الله صلى الله عليه وسلم وهوعلىٰ القبريوصى الحافريقول اوسع من قبـل رجـليـه اوسـع مـن قبل راسه فلمارجع استقبله داعى امرأته فـاجـاب ونحن معه فجئى بالطعام فوضع يده ثمه ووضع القومُ فاكلوا فنظر ناالىٰ رسول الله صلى عليه وسلم يلوك لقمة فى فيه ثـم قـال اجد لحم شاةاخذت بغيراذن اهلهافارسلت المرءة تقول

يـارسـول الله !انى ارسلت الىٰ النقيع و هو موضع يباع فيه الغنم ليشتـرى لـى شاة فلم توجد فارسلت الىٰ جارلى قد اشترى شاة ان يرسل بها الىٰ ثمنها فلم يوجد فارسلت الى امراء ته فارسلت الى بها فقال رسول الله صلى الله عليه وسلم اطعمى هٰذا الطعام الا سـرىٰ.رواه ابـو داؤد البيهقى فى دلائل النبوة .

**અર્થાત :** અમે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمની સાથે એક જનાઝામાં નીકળ્યા તો મેં રસૂલુલ્લાહ صلى الله عليه وسلمને જોયા કે કૃબ્ર ખોદનારને ફર્માવે છે : પગો તરફથી કૃબ્રને પહોળી કરો, માથા તરફથી પહોળી કરો. જ્યારે દફનવિધિ બાદ પરત થયા. તે મૈયતની પત્નીએ એક વ્યક્તિને મોકલ્યો કે ખાણુ તૈયાર છે, ખાઈ લો ! આપે કૃબૂલ ફર્માવ્યું. અને આપની સાથે હતા તેઓ ત્યાં ગયા. ખાણુ સામે આવ્યું અને આપે હાથ મુબારક તરફ લંબાવ્યો. પછી સર્વેએ લંબાવ્યો, તો અમે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمને જોયા કે આપ મોઢામાં કોળીયો ચાવી રહ્યા છે પણ ઉતારતા નથી. પછી ઈર્શાદ ફર્માવ્યો, આ તે બકરીનું માંસ છે જે માલિકની ઈજાઝત વગર લેવામાં આવી છે. સ્ત્રીએ આ કહેવડાવ્યું કે, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم મેં માણસને નકીઅમાં મોકલ્યો જ્યાં બકરીઓ વેચાય છે જેથી બકરી ખરીદવામાં આવે, તો ત્યાં ન મળી, ત્યારે મેં મારા પડોશીની પાસે માણસને મોકલ્યો કે જે બકરી તેણે ખરીદી છે તે મને કિંમતથી આપે. બન્યું એવું કે તે પડોશી ઘરમાં ન હતો તો મેં તેની પત્નીની પાસે માણસ મોકલ્યો તો તેણે પતિની ઈજાઝત વિના બકરી મારી પાસે મોકલી આપી. ત્યારે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે આ ખાણુ કેદીઓને ખવડાવી દો. આ હદીષ પોતે અબૂ દાઊદ તથા બૈહક઼ીએ દલાઈલુલ્ નુબુવ્વતમાં વર્ણન કરી.

મુલ્લા અલી ક઼ારી મિર્ક઼ાત શરહે મિશ્ક઼ાત, ભાગ : ૫, પેજ : ૪૮૨માં ફર્માવે છે :–

"هـذاالحديث بظاهره يرد علىٰ ماقر ره اصحاب مذهبنا من انه يـكـره اتـخـاذ الـطعام فی اليوم الاوّل والثالث وبعد الا سبوع.

**અર્થાત** : આસિમ બિન કુલૈબની આ હદીષ ખુલ્લે આમ રદ કરે છે તે મસ્અલાને જે આપણા મઝહબવાળાઓએ ઠરાવી દીધો છે કે પ્રથમ દિવસે અને ત્રીજા દિવસે તથા અઠવાડિયા પછી ખાણુ તૈયાર કરવું મકરૂહ છે. પછી મુલ્લા અલી કારી رحمۃاللہعلیہ પોતાના મઝહબવાળાઓના કૌલ તથા હદીષમાં આ રીતે વર્ગીકરણ કરે છે.

"فـلیـنبـغـی ان نـقید کلامهم بنوع خاص من اجتماع یوجب استـحياء اهل الميت فيطعمونهم کرها اويحمل علىٰ کون بعض الور ثة صغیر اواغائبا اولـم یعرف رضاه اولـم یکن الطعام من عند احد معین من مال نفسه.

**અર્થાત** : હનફી મઝહબવાળા જે મૈયતના ખાણાને મકરૂહ બતાવે છે તે એ સ્થિતિ પર આધારિત છે કે મજમો એક વિશિષ્ટ પ્રકારનો હોય જેનાથી મૈયતવાળા શરમાય અને શરમાયને તે લોકોને ખવડાવે અથવા જ્યારે કે અમુક વારસદારો નાબાલિગ હોય, અથવા હાજર ન હોય અથવા તેના પર રાજી ન હોય અથવા કમસે કમ રઝામંદીની ખબર ન હોય અથવા કોઈ ખાસ વ્યક્તિ તરફથી ખુદ તેના માલથી તે ખાણુ તૈયાર કરવામાં ન આવ્યું હોય.

હિદાયા સદકાના વિભાગ *(૩/૪૯૦)* માં છે :–

"قـد يقصد بالصد قة علىٰ الغنى الثواب.

**અર્થાત** : એટલે કે માલદારોને ખવડાવવું જે રીતે તેમની ખુશી માટે હોય છે, ક્યારેક તેનાથી હેતુ સવાબ હાંસલ કરવાનો પણ હોય છે.

મજમઉલ્ બહાર, ભાગ : ૨, પેજ : ૨૩૮માં છે :–

"الـصـدقة ماتصدقت به علىٰ الفقراء ای غالب انواعها كذلك فانها عـلىٰ الغنى جائز ة عندنايثاب به بلاخلاف.

**અર્થાત :** સદકો તેને કહે છે જે ફકીરોને આપવામાં આવે એટલે ગાલિબ મોટાભાગે ફકીરો માટે હોય છે, નહિતર માલદારને આપવો પણ આપણી નઝદીક જાઈઝ છે. તેના પર વિના વિરોધે સવાબ મળશે.

ખુદ હદીષ શરીફમાં છે : ''كل معروف صدقة.'' દરેક મઅરૂફ કામ કરવામાં સદકાનો સવાબ છે અને જાહેર છે કે માલદારોને ખાવા ખવડાવવું મુન્કિર નથી બલ્કે મઅરૂફ છે.

ફકીર (લેખક) ગુફિરલહૂ કહે છે કે આ જ કારણે મુસલમાનોમાં રિવાજ ચાલે છે કે મુડદા તરફથી ઈસાલે સવાબ માટે ખાણુ રાંધીને ફકીરોને ખવડાવે અથવા વહેંચે છે અને તેમાં કદી કદી માલદારોને પણ શરીક કરી લે છે.

***(પચીસમો તરીકો)***

## મૈયત તરફથી કુર્બાની કરવી

''عـن عائشة رضى الله عنها ان رسول الله صلى الله عليه وسلم امربكبش اقرن يطاء فى سوادو يبرك فى سواد فاتى به ليضحى به قـال يا عائشة! هلمى المدية ثم قال اشحذيها بحجر ففعلت ثم اخذ ها وا خذ الكبش فاضجعه ثمه ذبحه ثم قال بسم الله اللّٰهم تـقبـل من محمد و من امة محمد ثم ضحىٰ به( رواه مسلم ج٢ ص١٥٦)

**અર્થાત :** મુસ્લિમે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત કરી કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمએ હુકમ આપ્યો કે કુર્બાની માટે એક બકરો શિંગડાવાળો લાવવામાં આવે જેના બંનેવ પગ કાળા હોય, પેટ કાળુ હોય, આંખો કાળી હોય. સારાંશ કે તે બકરો માથાથી પગ સુધી કાળો હોય, તો એવો બકરો લાવવામાં આવ્યો. ઈર્શાદ થયો, હે આઈશા ! છરી લાવો ! અને તેને પથ્થર પર તેજ કરી લો. હઝરત આઈશા رضی اللہ عنہاએ એવુ કર્યું.

પછી હુઝૂર ﷺએ તે છરી લીધી અને તે બકરાને પકડયો અને સૂવડાવ્યો અને પછી ઝબહ કર્યો. અને ફર્માવ્યું, બિસ્મિલ્લાહ ! હે અલ્લાહ ! આને કૂબૂલ ફર્માવ ! મુહમ્મદ અને મુહમ્મદના ઉમ્મતીઓ તરફથી, પછી કુર્બાની કરી.

મુલ્લા અલી કારી મિર્કાત શરહે મિશ્કાત, ભાગ : ૨, પેજ : ૨૬૧માં લખે છે :–

” قال الطيبى المراد المشاركة فى الثواب مع الا مة لان الغنم الواحد لا يكفى عن اثينن فصاعدا.

**અર્થાત** : અલ્લામા તૈયબીએ ફર્માવ્યું કે તેનાથી મુરાદ મુડદાને સવાબમાં શરીક કરવું છે, કેમ કે એક બકરી બે વ્યક્તિ અથવા વધુ તરફથી પૂરતી નથી થતી.

”وعن جابر قال ذبح النبى صلى الله عليه وسلم يوم الذبح بكبشين اقرنين المحين موجوئين فلماوجههما قال انى وجهت وجهى للذى فطرالسموت والارض علىٰ ملة ابراهيم حنيفا وما انامن المشركين،ان صلاتى ونسكى ومحيائى ومماتى لله رب العالمين لا شريك له وبذلك امرت و انا من المسلمين اللهم منك ولك عن محمد وامته بسم الله الله اكبر ثمه ذبح رواه احمد و ابو داؤد وا بن ماجة والدارمى.

**અર્થાત** : આ મુહદ્દિષો હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺએ કુર્બાની માટે બે બકરા શિંગડાવાળા, સુંદર ખસ્સી ઝુબહ ફર્માવ્યા. જ્યારે તેમને સૂવડાવ્યા તો આ પઢી اللّٰهم انی وجهت وجهی الخ છેવટ સુધી. અને ફર્માવ્યું, હે અલ્લાહ ! આ તારો તોહફો છે અને તારા માટે ઝુબહ કરવામાં આવ્યો. મુહમ્મદ અને મુહમ્મદની ઉમ્મત તરફથી બિસ્મિલ્લાહે અલ્લાહુ અકબર કહ્યું અને ઝુબહ કર્યા.

મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ મિર્ક઼ાત શરહે મિશ્ક઼ાત, ભાગ–૨, પેજ : ૩૬૫માં લખે છે :–

"(عـن محمد) اى صادرة عنه (وامته) اى العاجزين عن متابعته فـى سـنة اضـحيته وهو يحتمل التخصيص باهل زمانه والتعميم المناسب لشمول احسانه والاول يحتمل الاحياء والا موات او الاخيـر مـنهـما ثم المشاركة امامحمولة علىٰ الثواب واما علىٰ الحقيقة فيكون من خصوصية ذلك ا لجناب والاظهر ان يكون احد هما عن ذاته الشريفة والثانى عن امته لضعيفة.

**અર્થાત** : આ કુર્બાની સાદિર (લાગુ થનાર) છે મુહમ્મદ તથા તેમના તે ઉમ્મતી તરફથી જે સુન્નતે અઝહિય્યહ (કુર્બાનીના દિવસ) માં આપના અનુસરણથી આજિઝ છે અને શક્ય છે કે આ માત્ર તે લોકો તરફથી હોય જેઓ હુઝૂર ﷺના જમાનામાં હતા અથવા સૌને માટે આમ હોય. અને આ સામેલ કરવું એહસાનના એતબારથી યોગ્ય છે. અને પ્રથમ સંભાવના ધરાવે છે જીવંત તથા મુડદાં સર્વને અથવા ફકત મુડદાંઓને. વળી શરીક કરવું ક્યાં તો માત્ર સવાબમાં છે ક્યાં તો હક઼ીક઼તમાં કુર્બાનીમાં મુરાદ છે, તો આ હુઝૂરે અક઼દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી થશે. અને જાહેર એ છે કે એક હુઝૂર ﷺની તરફથી હોય અને બીજી કુર્બાની આપની કમજોર ઉમ્મત તરફથી.

"و فـى رواية لاحـمد وابى داؤد والترمذى ذبح بيده وقال بسم الـلـه الـلـه اكبر اللهم هٰذا عنى وعمن لم يضح من امتى.

**અર્થાત** : ઈમામ અહમદ તથા અબૂ દાઊદ તથા તિર્મિઝીની રિવાયતમાં છે કે હુઝૂર ﷺએ ખુદ પોતાના હાથ મુબારકથી ઝબહ કર્યુ અને કહ્યું, બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર ! હે અલ્લાહ ! આ કુર્બાની મારી તરફથી અને મારી તે ઉમ્મત તરફથી જેમણે કુર્બાની નથી કરી.

"و عن حنش قال رايت عليا يضحى بكبشين فقلت له ماهذا
فقال ان رسول الله صلى الله عليه وسلم اوصانى ان اضحى عنه
فانا اضحى عنه رواه ابو داؤد والترمذى نحوه.

**અર્થાત** : અબૂ દાઊદ તથા તિર્મિઝીએ હઝરત હિન્શ બિન અબ્દુલ્લાહ સબાઈથી રિવાયત કરી. તેમણે કહ્યું, મેં હઝરત અલી کرم الله وجهه الكريم ને જોયા કે બે બકરાની કુર્બાની કરી. મેં કહ્યું, આ શું છે ? હઝરત અલી کرم الله وجهه الكريم એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ મને હુકમ આપ્યો છે કે હું તેમના તરફથી કુર્બાની કર્યા કરું માટે હું એક જાનવરની તેમના તરફથી કુર્બાની કરું છું.

મુલ્લા અલી કારી رحمة الله عليه મિર્કાત, ભાગ : ૨, પેજ : ૨૬૫માં ફર્માવે છે :

"و عن حنش قال رايت عليا يضحى بكبشين فقلت له ماهذا
فقال ان رسول الله صلى الله عليه وسلم اوصانى ان اضحى عنه
فانا اضحى عنه رواه ابو داؤد والترمذى نحوه.

**અર્થાત** : હઝરત અલી کرم الله وجهه الكريم એ જે ફર્માવ્યું કે હું તેમની તરફથી કુર્બાની કરું છું, હુઝૂર ﷺના વિસાલ પછી જે પ્રમાણે આપ આપની હયાતમાં બે જાનવરની કુર્બાની કર્યા કરતા હતા એ પ્રમાણે હું પણ હુઝૂરની તરફથી બે જાનવરની કુર્બાની કર્યા કરું છું અથવા બે માંથી એક હુઝૂરની તરફથી અને એક પોતાની તરફથી કુર્બાની કરું છું. ઈબ્ને માલિકે કહ્યું કે આ હદીષ આ હુકમ પર દલીલ કરે છે કે મુડદાની તરફથી કુર્બાની કરવી જાઈઝ છે. રદ્દુલ મુહ્તાર, ભાગ : ૫, પેજ : ૨૨૦માં છે :

"و ان تبرع بها عنه له الاكل لأنه يقع علىٰ تلك الذابح و الثواب للميت

**અર્થાત** : જો કોઈએ મુડદા તરફથી તબર્રઅન્ કુર્બાની કરી તો તેનુ ખાવું જાઈઝ છે. કેમ કે આ કુર્બાની ઝુબહ કરનારની માલિકીમાં છે અને મુડદાને કુર્બાનીનો સવાબ મળશે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## ત્રીજા સવાલનો જવાબ

ઈસાલે સવાબના વિવિધ તરીક઼ા સવાલ નં. ૧ અને સવાલ નં. ૨ના ઉત્તરમાં લખવામાં આવ્યા, તેમાં અમુક અમુક તરીક઼ા તો સર્વ સહાબાએ કિરામ તથા સહાબિયાત, હઝરત ઉમ્મુલ મો'મિનન ખદીજતુલ કુબ્રા તથા પવિત્ર સાહબઝાદીઓ હઝરત રુકૈયા તથા હઝરત ઉમ્મે કુલ્સૂમ તથા હઝરત ખુબૈબ તથા હઝરત હમ્ઝા તથા હઝરત જાફર તૈયાર તથા અન્ય જંગે બદ્ર તથા જંગે ખૈબર તથા જંગે ઓહદ તથા જંગે હુનૈન તથા જંગે તબૂક વગેરેના શહીદોના ઈસાલે સવાબ માટે ખુદ રસૂલુલ્લાહ ﷺ તથા હુઝૂરની સાથે સહાબા તથા અહલે બૈતે કર્યા, જેની સવિસ્તાર તફસીલ પાછલા જવાબથી જાહેર છે અને વધુ તફસીલ સિયર તથા તારીખથી છુપી નથી. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

અને ન કેવળ એક જ વખત બલ્કે તેમાં અમુક અમુક (તરીક઼ા)તો વારંવાર અમલમાં આવ્યા. દા.ત. હુઝૂરે અક઼દસ ﷺ સૈયદુશ્શોહદા હઝરત હમ્ઝા رضی اللہ عنہની ક઼બ્ર મુબારકની ઝિયારત દર વર્ષે કર્યા કરતા હતા. ખુલફાએ રાશિદીન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَએ પણ આ સુન્નતને જારી રાખી. હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا પણ ઝિયારત માટે જયા કરતાં, ત્યાં નમાઝ પઢતાં અને રડયા કરતાં અને દુઆ કરતાં હતા.

ઈમામ મુહમ્મદ બિન મુહમ્મદ ગિઝાલી અહ્યાઉલ્ ઉલૂમમાં લખે છે :

"وعن جعفر بن محمد عن ابيه ان فاطمة بنت النبي صلى الله عليه وسلم كانت تزورعمهاحمزة فى الايام فتصلى وتبكى عنده.

**અર્થાત** : હઝરત ઈમામ જા'ફર સાદિક઼ પોતાના વાલિદ માજિદ ઈમામ મુહમ્મદ બાકર رضی اللہ عنہماથી રિવાયત કરે છે કે તેમનાં પરદાદી હઝરત ફાતિમા બિન્તે રસૂલ ﷺ પોતાના (વાલિદાના) કાકા હઝરત હમ્ઝા બિન અબ્દલ મુત્તલિબ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَની ક઼બ્રની ઝિયારત માટે જયા કરતા તો ત્યાં જઈને નમાઝ પઢતાં અને તેમની પાસે રડતાં હતાં.

અલ્લામા સૈયદ મુર્તઝા ઝુબૈદી શરહમાં ફર્માવે છે :–

"وروی البیہقی فی الشعب عن الواقدی قال کان النبی صلی اللہ علیہ وسلم یزورالشھداء باحد فی کل حول واذابلغ رفع صوتہ فیقول سلام علیکم بما صبرتم فنعم عقبیٰ الدارثم ابوبکر کل حول یفعل مثل ذلك ثم عمرثم عثمان وکانت فاطمة رضی اللہ عنہاتاتیہ وتدعواوکان سعد بن وقاص یسلم علیھم ثم یقبل علیٰ اصحابہ فیقول الاتسلمون علیٰ قوم یردون علیکم السلام.

**અર્થાત** : બૈહકી શોઅબુલ ઈમાનમાં વાકેદી થકી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ દર વર્ષે જંગે ઓહદના શહીદોની ઝિયારત માટે તશરીફ લઈ જયા કરતા હતા અને જયારે ત્યાં પહોંચતા તો બુલંદ અવાજથી ફર્માવતા અને سلام علیکم بما صبرتم فنعم عقبی الدار કહેતા. પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ દર વર્ષે આમ કર્યા કરતા. પછી હઝરત ઉમર رضی اللہ عنہ પછી હઝરત ઉષ્માન رضی اللہ عنہ પણ આમ જ કર્યા કરતા હતા. અને હઝરત ફાતિમા ઝોહ્‌રા رضی اللہ عنہا હઝરત હમ્ઝા رضی اللہ عنہની ઝિયારત માટે આવતા અને દુઆ કરતા. અને હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہ પણ ઓહદના શહીદોને સલામ કર્યા કરતા હતા, અને પછી પોતાના સાથીદારો તરફ ધ્યાનિત થઈ ફર્માવતા, તમે આ કૌમ (વસ્તી)ને કેમ સલામ નથી કરતા જે તમારા સલામનો જવાબ આપે છે.

શરહે અહ્‌યાઉલ્ ઉલૂમ, ભાગ : ૧૦, પેજ : ૩૬૩ માં છે :

"وروی ابن ابی شیبة عن ابی جعفران فاطمة بنت رسول اللہ صلی اللہ علیہ وسلم کانت تزور قبرحمزة رضی اللہ عنھما ترمہ وتصلحہ وقد تعلمتہ بحجر،ورواہ یحیٰ نحوہ عن ابی جعفرعن ابیہ علی بن الحسین و زاد فتصلی ھناك وتدعوو تبکی حتی ماتت.

**અર્થાત :** ઈબ્ને અબી શયબા હઝરત અબૂ જા'ફર رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની કૂબ્રની ઝિયારત કર્યા કરતા અને તેને બરાબર કરતા, ઠીક ઠાક કરતા અને પથ્થર વડે નિશાની બનાવી દીધી હતી. અને યહ્યાએ ઉપરોક્ત રિવાયત મુજબ અબૂ જા'ફરથી, તેમણે તેમના વાલિદ અબી બિન હુસૈન ઈમામ ઝૈનુલ આબિદીન رضی اللہ عنہ થી રિવાયત કરી. અને તેમાં આટલુ વધુ છે કે ત્યાં નમાઝ પઢતા અને દુઆ કરતા, રડતા. આ તરીક઼ો હમેશાં જારી રહ્યો, ત્યાં સુધી કે આપનો ઈન્તેક઼ાલ થયો.

જણાયું કે બે ચાર વખત કોણ પૂછે છે ? હમેશાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم, ખુલફાએ રાશિદીન, હઝરત અમીરે મુઆવિયહ્, હઝરત સઅદ બિન વક્ક઼ાસ પોતાના સાથીઓની જમાઅત સાથે તથા આખી ઉંમર હઝરત ફાતિમા ઓહદના શહીદોની ઝિયારત માટે આવ્યા કરતાં અને સલામ કરતાં, દુઆ કરતાં રહ્યાં. (رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ)

ફક઼ીરે (લેખક) કહે છે કે હઝરત સઅદ બિન વક્ક઼ાસ رضی اللہ عنہ નું પોતાના દોસ્તો તથા સાથીઓને આ કહેવું الا تسلمون علیٰ قوم یردون علیکم السلام તે હદીષનું સમર્થન છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઓહદના શહીદોની ક઼બ્રોની ઝિયારત કરી અને ફર્માવ્યું :–

"ان عبدك و نبيك يشهدان هـٰولاء شهداء وانهم من زارهم او

سلم عليهم الىٰ يوم القيمة ردوا عليه.

**અર્થાત** : હે અલ્લાહ ! તારો બંદો અને તારો નબી સાક્ષી આપે છે કે આ લોકો શહીદ છે, ક઼યામત સુધી જે શખ્સ તેમની ઝિયારત કરશે અને તેમના પર સલામ મોકલશે આ લોકો તેના સલામનો જવાબ આપશે.

"رواه البيهقى فى الدلائل وقال العطاف وحدثتنى خالتى انها

زارت الشهداء فسلمت عليهم فسمعت ردالسلام فقالو والله اذا

نعرفكم كما يعرف بعضنا بعضنا قالت فشعرت.

**અર્થાત :** અતાફ બિન ખાલિદ હદીષના રાવી કહે છે કે મારી માસીએ મને બયાન કર્યું કે તેમણે શહીદોની ઝિયારત કરી તો તેમના પર સલામ કરી પછી તેમણે સલામનો જવાબ સાંભળ્યો અને તે લોકોએ કહ્યું કે ખુદાની કસમ ! અમે તેમને એવી રીતે ઓળખીએ છીએ જેવી રીતે અમે એકબીજાને ઓળખીએ છીએ. પછી તે કહે છે કે આ સાંભળી મારા રૂંવાટા ઉભા થઈ ગયાં.

"وعن هاشمَ بن محمد العمرى من ولد عمر بن علیٰ قال اخذنی ابی بالمدینة الیٰ زیارة قبور الشهداء فی یو م جمعة بین الفجر و الشمس فکنت امشی خلفه فلما انتهیٰ الیٰ المقا بر رفع صوته فقال سلام علیکم بما صبر تم فنعم عقبیٰ الدار قال اجیب و علیك السلام یااباعبدالله !فالتفت ابی الیّ فقال انت المجیب ؟ فقلت لا فجعلنی عن یمینه ثمه اعاد السلام ثم جعل کلما سلم یرد علیه حتی فعل ذلك ثلاث مرات فخر ساجدا(رواه البیهقی)

**અર્થાત :** બૈહકી હાશિમ બિન મુહમ્મદ ઉમરીથી રિવાયત કરે છે કે કહ્યું કે મારા પિતા મદીના તૈયબામાં મને જુમ્આના દિવસે ફજર અને સૂર્યોદય દરમ્યાન એટલે સુબ્હ સાદિકના સમયના સમયે ઓહદના શહીદોની ઝિયારત માટે તશરીફ લઈ ગયા. હું તેમની પાછળ પાછળ ચાલી રહ્યો હતો. જયારે તે કબ્રસ્તાન પહોંચ્યા તો ઊંચા અવાજે سلام علیکم بما صبرتم فنعم عقبی الدار કહ્યું. રાવીએ કહ્યું, તો કોઈએ આપના સલામનો જવાબ આપ્યો, وعلیکم السلام یا اباعبد الله આ જવાબ સાંભળીને મારા પિતા મારી તરફ ધ્યાનિત થયા અને ફર્માવ્યું કે શું તમે જવાબ આપ્યો ? મેં કહ્યું, ના ! પછી મને પોતાની જમણી બાજુ કરી લીધો પછી સલામ કરી તો જ્યારે જ્યારે સલામ કરતા જવાબ પામતા હતા, ત્યાં સુધી કે ત્રણવાર સલામ કરી તો આપ સજદામાં પડી ગયા.

''وعن فاطمة الخزاعية تقول لقدراء بتنى وغابت الشمس بقبور الشهداء ومعى اخت لى فقلت لها تعالى نسلم علىٰ قبر حمزة فوقفنا علىٰ قبره فقلنا السلام عليك يا عم رسول الله صلى الله عليه وسلم فسمعنا كلامارد علينا و عليكم السلام و رحمة الله قالت وما قربنا احد من الناس(رواه البيهقى)

**અર્થાત :** ફાતિમા ખુઝાઈયા કહે છે કે એક દિવસ સૂર્ય ડૂબવાના સમયે ઓહદના શહીદોની કૃબ્રો પાસેથી મારો ગુજર થયો અને મારી સાથે મારી બહેન પણ હતી. મેં કહ્યું, આવો ! હઝરત હમ્ઝા رضی اللہ عنہ ને સલામ કરતા જઈએ. અમે બંનેવ બહેનો તેમની કૃબ્રો પાસે ઉભી રહી અને અમે કહ્યું, હે રસૂલુલ્લાહ ﷺના કાકા ! આપ પર સલામ હજો ! તો અમે સાંભળ્યું કે કોઈએ અમારા સલામનો જવાબ આપ્યો અને عليكم السلام કહ્યું. ફાતિમા ખુઝાઈયા કહે છે અને અમારી આસપાસ કોઈ શખ્સ ન હતો. *(વફાઉલ વફા, ૨/૧૧૨)*

આ સર્વે હદીષોથી માલૂમ થયું કે રસૂલુલ્લાહ ﷺ તથા ખુલફાએ રાશિદીન, અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن, હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا અને બાદના મુસલમાન, તાબઈન, તબ્એ તાબઈન મર્દો તથા સ્ત્રીઓ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن લગાતાર દર વર્ષે હઝરત હમ્ઝા رضی اللہ عنہ તથા અન્ય ઓહદના શહીદોની મઝારો પર જઈને ઈસાલે સવાબ કર્યા કરતા હતા.

અને અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن જેમના પાકીઝા નામો સવાલમાં લખેલ છે અને તેમના સિવાય તે હઝરાત સહાબાએ કિરામ જેમનાં મુબારક નામો લખેલ છે તેમની હાલતો પણ ભલે સ્પષ્ટતા સાથે સિયર તથા ઈતિહાસની કિતાબોમાં જોવામાં આવે તો દરેક માટે ઈસાલે સવાબમાં વર્ણવેલ તરીકૃાઓમાંથી ન કેવળ એક બે બલ્કે અનેક તરીકૃા અને તે પણ ન કેવળ એકવાર બલ્કે વારંવાર કરવું

સાબિત થશે. અને કદાચ ન પણ હોય તો ઉલ્લેખ ન હોવું પ્રસંગનું ન હોવું નથી. સેંકડો શું ? હજારો, લાખો પ્રસંગ રોજિંદા થયા કરે છે અને ઈતિહાસમાં તેનો ઉલ્લેખ નથી તો શું તે સૌ વાતો થઈ ન થઈ, થઈ જશે ? હા ! માનવા અને અમલ કરવા માટે મુત્લક સબૂત પૂરતુ છે, ભલે એક શખ્સ કે એક વ્યક્તિ માટે હોય.

در خانہ کس ست یک حرف بس ست

અને કૃબ્ર પર ખુજૂરની ડાળનું મૂકવું તો વારંવાર સાબિત થાય છે. જે જે હદીષોથી કૃબ્ર પર ખજૂરની ડાળ મૂકવું સાબિત થાય છે ઈમામ નવવીનો ખયાલ છે કે તે સૌ એક જ પ્રસંગનું વર્ણન છે. શારેહે બુખારી તેનો રદ કરે છે અને દલીલોથી સાબિત કરે છે કે આ પ્રસંગો અસંખ્ય છે.

અલ્લામા કસ્તલાની ઈર્શાદુસ્સારી શરહે સહીહ બુખારી, ભાગ : ૧, પેજ : ૨૩૫માં ફર્માવે છે :–

"وفيـه نظر لمافى حديث ابى بكرة عند الامام احمد والطبرانى انـه الـذى اتىٰ بالجريدة الىٰ النبى صلى الله عليه وسلم وانه قطع الـغـصـنيـن فـدل ذٰلك علىٰ المغائرة ويويد ذٰلك ان قصة الباب كـانـت بالمدينة وكان معه صلى الله عليه وسلم جماعة وقصة جـابر كانت فى السفروكان خرج لحاجته فتبعه جابروحده فظهر التـغايربين حديث ابن عباس وجابربل فى حديث ابى هريرة رضى الـله عنه المروى فى صحيح ابن حبان مايد ل علىٰ الثالثة ولفظه انـه صـلـى الله عليه وسلم مربقبر فوقف فقال ايتونى بجريد تين فجعل احد هما عند راسه والا خرى عند رجليه.

**અર્થાત** : ઈમામ નવવીનું આ કહેવું કે આ પ્રસંગ એક જ છે. તેમાં નઝર છે. એટલા માટે કે અબૂ બકરહની હદીષમાં જેને ઈમામ અહમદ તથા તિબ્રાનીએ રિવાયત કરી તે આ છે કે, અબૂ બકરહ નબી ﷺની

પાસે લીલી ડાળ લાવ્યા હતા અને તેમણે જ તેના બે ભાગ કર્યા હતા તો આ ભિન્નતાની દલીલ છે. અને તેનું સમર્થન આનાથી પણ થાય છે કે આ બયાનનો પ્રસંગ મદીના તૈયબામાં બન્યો. તે સમયે હુઝૂરે અક્દસ ﷺની સાથે એક જમાઅત સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَની હતી, અને હઝરત જાબિર رضی اللہ عنہનો પ્રસંગ સફરમાં બન્યો. તે સમયે હુઝૂર ﷺ કુદરતી હાજત માટે બહાર તશરીફ લઈ ગયા હતા. અને હઝરત જાબિર رضی اللہ عنہ એકલા સાથે થઈ ગયા. જેથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما અને હઝરત જાબિર رضی اللہ عنہની હદીષમાં સાફ અલગતા જાહેર થઈ ગયો. બલ્કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષ જે સહીહ ઈબ્ને હબ્બાનમાં મરવી છે તે તો આ વાત પર દલાલત કરે છે કે તે ત્રીજો પ્રસંગ છે. તેના શબ્દો આ છે કે, રસૂલુલ્લાહ ﷺ એક કબ્ર પાસે પસાર થયા તો થોભ્યા અને ફર્માવ્યું કે ખજૂરની બે ડાળીઓ લાવો, પછી એકને મૈયતના માથા પાસે મૂકી અને બીજીને પગો પાસે.

આ જ પ્રમાણે ફત્હુલ બારી શરહે બુખારી, ભાગ : ૧, પેજ : ૨૨૩માં છે :

”وفی حدیث ابی بکرۃ عنداحمد والطبرانی انه الذی اتیٰ بهاالیٰ النبی صلی الله علیه وسلم امامارواه مسلم فی حدیث جابرالطویل المذکور فی اواخر الکتاب انه الذی قطع الغصین فهو فی قصة اخریٰ غیرهٰذه فان تغایرحدیث ابن عباس وحدیث جابر وانهما کانافی فضیتین مختلفین ولایبعد تعد دذلك وقدروی ابن حبان فی صحیفة من حدیث ابی هریرة انه صلی الله علیه وسلم مربقبر فوقف علیه فقال ایتونی بجرید تین فجعل احد هما عند راسه والاخریٰ عند رجلیه فتحتمل ان تکون هٰذه قصة ثالثة.

**અર્થાત** : અબૂબકરહ્ની હદીષમાં ઈમામ અહમદ અને તિબ્રાનીની નજીક એ છે કે અબૂબકરહ્ પણ નબી ﷺની પાસે ડાળી લાવ્યા હતા.

પરંતુ તે જેને ઈમામ મુસ્લિમે રિવાયત કરી છે એટલે જનાબ જાબિર رضی اللہ عنہની હદીષ જે લાંબી છે અને કિતાબની આખરમાં લખેલ છે કે તેમણે બે ટુકડા કર્યા હતા, આ બીજા કિસ્સામાં છે જે આના સિવાય છે. કેમ કે સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની હદીષ અને હઝરત જાબિર رضی اللہ عنہની હદીષમાં અલગ છે. અને એ કે આ બંનેવ બે વિવિધ કિસ્સાઓમાં બનેલ છે. અને કિસ્સાઓનું અલગ અલગ હોવું કયાસની બહાર નથી. જ્યારે કે ઈબ્ને હબ્બાને અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષના એક સહીફામાં રિવાયત કર્યું છે કે, હુઝૂર ﷺ એક કબ્રની પાસેથી પસાર થયા તો હુઝૂર ﷺ તેના પર રોકાયા. પછી ફર્માવ્યું, લાવો ! બે ડાળીઓ, પછી હુઝૂર ﷺએ એમાંથી એકને સિરહાને અને બીજીને પગો તરફ કરી આપી. તો સંભાવના એ વાતની છે કે આ કિસ્સો ખુદ એક ત્રીજો કિસ્સો હોય.

અલ્લામા ઐની ઉમ્દતુલ્ કારી શરહે સહીહ બુખારી, ભાગ : ૧, પેજ : ૮૭૭માં આ વિશે ખૂબ જ સ્પષ્ટતા સાથે કલામ ફર્માવે છે :–

"منهاان فی متن هذا الحدیث ثم دعابجریدة فکسرها کسرتین یعنی اتیٰ بهاو کسرهاوفی حدیث جابر رضی الله عنه رواه مسلم انه الذی قطع الغصنین فهل هذه قضیة واحدةاوقضیتان الجواب انهما قضیتان والمغائرة بینهمابوجوه، **الاوّل** ان هذه کانت فی المدینة وکان مع النبی صلی الله علیه وسلم جماعة وقضیة جابر کانت فی السفروکان خرج لحاجة فتبع جابر وحده ، **الثانی** ان هذه القفیة انه علیه الصلاة والسلام غرس الجرید ة بعد ان شقها نصفین کمافی روایة الاعمش الآتیة فی الباب الذی بعد ه وفی حدیث جابر امرعلیه الصلوٰة والسلام جابرا قطع غصنین من شجرتین کان النبی صلی الله علیه وسلم استتر بها عند قضاء

حاجة فالقیٰ غصنین عن یمینیه و عن یساره جیث کان النبی صلی الله علیه وسلم جالساوان جابر اساله ذلك فقال انی مررت بقبرین یعذبان فاحببت بشفاعتی ان یرفع عنها مادام الغصنان رطبین، **الثالث** لم یذکرفی قصة جابرماکان السبب فی عذابها، **الرابع** یذکرفیه کلمة الترجی فدل ذلك کلها علیٰ انها قضیتان مختلفتان بل روی ابن حبان فی صحیحه عن ابی هریرة انه صلی الله علیه وسلم مربقبرفقال ایتونی بجرید تین فجعل احد هماعند راسه والاخریٰ عند رجلیه فهٰذ الظاهر یدل علیٰ ان هٰذه قضیة ثالثة فسقط بهٰذا کلام من ادعیٰ ان القضیة واحدة کما مال الیه النووی والقرطبی.

**અર્થાત** : અલ્લામા ઐનીએ ખજૂરની ડાળીવાળી હદીષની સ્પષ્ટતા અને તેના લાભ વર્ણન કરીને (પ્રશ્ન તથા ઉત્તર) વિષયથી અમુક પ્રશ્નો કરીને તેના ઉત્તર આપ્યા છે. તે સર્વ પ્રશ્નમાંથી એક પ્રશ્ન એ છે કે તે હદીષના મતનમાં ثم دعا بجریدة فکسرها کسرتین છે. એટલે ખજૂરની એક લીલી ડાળ લાવ્યા અને તેના બે ભાગ કર્યા. અને હઝરત જાબિર رضی اللہ عنہની હદીષ જેને મુસ્લિમે રિવાયત કરી એ છે કે પોતે જાબિર رضی اللہ عنہએ જ તેના બે ભાગ કર્યા. તો આ એક પ્રસંગ છે કે બે પ્રસંગ છે ? તેનો ઉત્તર એ છે કે આ બે પ્રસંગ છે અને બે પ્રસંગ હોવાની ચાર દલીલો છે. **પ્રથમ દલીલ** : એ છે કે આ હદીષનો વાક્યો મદીના તૈયબાનો છે અને તે સમયે હુઝૂર અક્દસ ﷺની સાથે સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیهم اجمعینની એક જમાઅત હતી અને હઝરત જાબિર رضی اللہ عنہનો વાક્યો મુસાફરીનો છે. હુઝૂરે અક્દસ ﷺ કુદરતી હાજત માટે બહાર તશરીફ લઈ ગયા હતા અને કેવળ હઝરત જાબિર સાથે થઈ ગયા હતા. **બીજી દલીલ** : આ પ્રમાણે છે કે મતનવાળા કિસ્સામાં હુઝૂરે

અક્દસ ﷺએ તે ડાળને બે ભાગ કરીને બંનેવ ક્બ્રો પર ખોસી દીધી. જેમ કે આવતા બયાનમાં અઅ્મશની રિવાયત થકી સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે. અને હઝરત જાબિરવાળી હદીષમાં છે કે નબી અકરમ ﷺએ હઝરત જાબિરને હુકમ આપ્યો. તેમણે તે બે વૃક્ષોથી બે ડાળીઓ લીધી જેનાથી પર્દો કરીને રસૂલુલ્લાહ ﷺએ કુદરતી હાજત પૂરી હતી. પછી જાબિર رضی اللہ عنہને ઉદ્દેશ આપ્યો તો તેમણે તે બંનેવ ડાળીઓને જમણી બાજુ, ડાબી બાજુ ખોસી દીધી. અને હુઝૂરે અક્દસ ﷺ તશરીફ ફર્મા હતા અને હઝરત જાબિર رضی اللہ عنہએ હુઝૂર ﷺને સવાલ કર્યો ત્યારે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે બે ક્બ્રો પાસેથી પસાર થયો, જોયું કે તેમના પર અઝાબ થઈ રહ્યો છે તો મેં પ્રિય રાખ્યું કે મારી સિફારશથી તે બંને શખ્સો પરથી અઝાબ ઉઠાવી લેવામાં આવે જ્યાં સુધી તે બંનેવ લીલી રહે. **ત્રીજી દલીલ** : અલગ હોવા અને તેના બે પ્રસંગ હોવાની એ છે કે હઝરત જાબિરના બનાવમાં અઝાબનું કારણ નથી બયાન ફર્માવ્યું. **ચોથી દલીલ** : એ છે કે એક હદીષમાં કલમએ તરજી (ઈચ્છા કરવી) વર્ણવેલ નથી તો આ બધી વાતો એ વાતની દલીલ છે કે બે પ્રસંગ અલગ અલગ છે. બલ્કે ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થકી રિવાયત કરી કે નબી ﷺ એક ક્બ્ર પાસે પસાર થયા તો ફર્માવ્યું કે ખજૂરની બે ડાળો લાવો. જ્યારે આવી તો એકને હુઝૂરે માથા પાસે મૂકી અને બીજી પગોમાં મૂકી. તો આ બંનેવ હદીષ પોતાના જાહેર શબ્દોથી સંકેત કરે છે કે આ ત્રીજો પ્રસંગ છે. તો આનાથી તે શખ્સની વાત કપાઈ ગઈ જેણે એ દાવો કર્યો કે પ્રસંગ એક જ છે. જેમ કે તે તરફ અલ્લામા નવવી તથા અલ્લામા કુર્તબી આકર્ષાયા છે.

તો આનાથી જાણવા મળ્યું કે જે રીતે ઓહદના શહીદોની ક્બ્રોની ઝિયારત અને ત્યાં જઈને સલામ કરવી, દુઆ કરવી, નમાઝ પઢવી વગેરે વારંવાર બલ્કે સવાર સાંજ સાબિત છે. એ જ પ્રમાણે ક્બ્ર પર ખજૂરની લીલી ડાળ મૂકવાનો પ્રસંગ પણ એક જ વાર નથી બન્યો, બલ્કે વારંવાર, બે બે ત્રણ ત્રણવાર બન્યો. ખુદ આપે કર્યું, આપના હુકમથી સહાબાએ

કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَએ કર્યું.

રહ્યું એ કે ખુદ રસૂલુલ્લાહ ﷺના ઈસાલે સવાબ માટે કયો તરીક઼ો વર્તવામાં આવ્યો અને કયા તરીક઼ાથી હુઝૂર ﷺને ઈસાલે સવાબ કરવામાં આવ્યો.

હઝરત મખ્દૂમુલ્ માલિક શાહ શરફુદીન અહમદ યહ્યા મુનીરી قدس سرہٗ (જેમનું જાહેરી તથા બાતિની ઈલ્મોનો ખજાનો હોવું તેમની કિતાબો શરહે આદાબુલ્ મુરીદીન, મક્તૂબાતે સદી, તથા મક્તૂબાતે દો સદી, મક્તૂબાતે બિસ્તો હશ્ત તથા મલ્ફૂઝાતે મઅદનુલ્ મઆની વ મખ્ખુલ્ મઆની તથા ખ્વાન પર નેઅમત વગેરેથી જાહેર તથા પ્રખ્યાત છે)ના મલફૂઝાત મખ્ખુલ્ મઆની નામી સર્વને લાભદાયક આગ્રાથી પ્રકાશિત થયેલ સ.હિ. ૧૩૨૧ મજલિસે સીવનહમ, પેજ નં. ૧૧૧, ઝિક્રા દર નક઼લ વ ઉર્સે હઝરત રિસાલત ﷺમાં તફસીરે ઝાહિદીના હવાલા થકી વાકેઆને દફનના બયાન પછી લખેલ છે :–

الیوم عرس رسول اللہ صلی اللہ علیہ و سلم، الیوم عرس رسول صلی اللہ علیہ و سلم

"હુઝૂરના પર્દો ફર્માવ્યા બાદ સહાબાની વચ્ચે ખિલાફતના બારામાં મતભેદ પડી ગયો, એટલે એ કે રસૂલે ખુદા ﷺના ખલીફા કોણ બને ? મુહાજિરો કહેતા હતા કે મુહાજિરોમાંથી હોવો જોઈએ અને અન્સાર કહેતા હતા કે અન્સારોમાંથી હોવો જોઈએ, અને અમુક સુલેહ પેદા કરવા ચાહતા હતા અને કહેતા હતા કે એક મુહાજિર તથા બીજો અન્સાર હોવો જોઈએ. આ મતભેદમાં નવ દિવસ પસાર થઈ ગયા. એ નવ દિવસોમાં હુઝૂરની નવ બીવીઓ હતી જેમાંથી દરેક દરરોજ જે કાંઈ કે મૌજૂદ હતું એમાંથી એક ખાણુ રસૂલુલ્લાહ ﷺના નામથી કરતી હતી. હરમે રસૂલમાં એટલા સબબો ક્યાં હતા કે એટલું ખાવા કરતાં જે સૌના સુધી પહોંચી શકતુ. ટૂંકમાં એ કે નવમા દિવસ પછી સહાબામાંથી દરેક તે એક ચીજ પર દલીલ કરી કે જે ચીજમાં હુઝૂર ﷺ પર ઝેહમત ગાલિબ થતી તેના બારામાં રંજ તથા દુઃખના કારણે એટલી ઝેહમત કરી શક્યા કે મસ્જિદમાં

હાજર થાય અને હુઝૂર ﷺની મૌજૂદગીમાં કોની મજાલ હતી કે ઈમામત કરતો. અને જ્યારે નમાઝનો સમય આવી ગયો. જનાબ બિલાલ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો કે હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہને કહો કે તે ઈમામત કરે. હઝરત બિલાલે એ ફર્માન અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ સુધી પહોંચાડયું. તેમણે ઈમામત કરી. એ જ આધાર પર સહાબાએ દલીલ કરી કે પયગંબરે ખુદાએ દીનના રુકનમાંથી એક રુકન એટલે નમાઝમાં ખાસ કરીને અબૂબક્રને ઈમામ બનાવ્યા છે અને અને એ કામના અમાનતદાર ગણ્યા, અને પોતાના ખલીફા નિયુક્ત કર્યા, ત્યાં સુધી કે જનાબ સિદ્દીકે નમાઝની ઈમામત કરી. જેથી જ્યારે કે દીનના કામમાં તેમને ઈમામ નિયુક્ત કર્યા અને અમીન બનાવ્યા, દુનિયાના કામમાં બેહતર તરીકાથી અમારો ઈમામ થશે. એના આધારે એ વાત નિશ્ચિત થઈ ગઈ અને અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہની ખિલાફત પર સહાબાનો ઈજમાઅ થઈ ગયો જેના બાદ ખિલાફત તેમના હવાલે કરી દેવામાં આવી. પછી બે દિવસ ખિલાફતનો મતભેદ ઉઠી ગયા બાદ દફન કરવામાં ગુજરી અને નવ દિવસ ખિલાફતના મતભેદમાં પસાર થયા. કુલ ૧૧ દિવસ પસાર થયા અને ૧૨મા દિવસે એ વાત પછી કે ખિલાફતનો મતભેદ ઉઠી ચૂક્યો હતો અને અબૂબક્ર સિદ્દીક્ ખલીફા નિયુક્ત થઈ ચૂક્યા હતા, જનાબ અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہએ હુઝૂરની પાકીઝા રૂહના માટે એટલુ ખાવા તૈયાર કર્યું જે સર્વ મદીનાવાસીઓને પૂરતુ થાય. મદીનામાં એ શોર ઉઠયો કે આજે શું છે ? લોકોએ કહેવાનું શરૂ કર્યું કે આજે હુઝૂર ﷺનો ઉર્સ છે, આજે રસૂલ. ખુદાનો ઉર્સ છે અને ૧૨ દિવસનો ઉર્સ મશહૂર થઈ ગયો.

હઝરત મખ્દૂમુલ્ મુલ્ક قدس سرہની આ ઈબારત (લખાણ) અને સાહિબે તફસીરે ઝાહેદીની સ્પષ્ટતાથી જણાયું કે હુઝૂરે અક્દસ ﷺ માટે પવિત્ર પત્નીઓએ ઈસાલે સવાબ કર્યો, અને ન કેવળ એકવાર બલ્કે નવ પત્નીઓએ નવ વાર કર્યો. પછી હુઝૂરે અક્દસ ﷺના ખલીફા તથા નાયબ હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہએ ઈસાલે સવાબ તથા ઉર્સ

કર્યો અને એટલી માત્રામાં ખાણુ પકાવ્યું કે તમામ મદીનાવાળા માટે પૂરતુ થયું, અને ન કેવળ તે જ જમાનામાં થઈને રહી ગયું બલ્કે ત્યાર બાદ પણ મહાન સહાબા તથા મશાઈએ કિરામ તથા ઓલમાએ કિરામ બલ્કે સર્વે મુસલમાન બરાબર પોતપોતાની રીતે હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં ઈસાલે સવાબ કરતા રહ્યા અને હજી સુધી કરે છે.

અલ્લામા શામી રદ્દુલ મુહ્તાર, ભાગ : ૧, પેજ : ૮૪૫માં અલ્લામા ઈબ્ને તૈમિયહના આ દષ્ટિકોણનો (કે રસૂલુલ્લાહ ﷺ માટે સવાબના હદિયા નાજાઈઝ છે) રદ કરતાં ફર્માવે છે :–

"وقد بالغ السبكی وغيره فی الرد عليه فان مثل ذٰلك لا يحتاج لاذن خاص الاترىٰ ان ابن عمر كان يعتمرعنه صلی الله عليه و سلم عمرا بعد موته من غير وصيته و حج ابن الموقف و هوفی طبقة الجنيد عنه سبعين حجة و ختم ابن السراج عنه صلی الله عليه وسلم اكثر من عشرة آلاف ختمة وضحیٰ عنه مثل ذٰلك.

**અર્થાત** : અલ્લામા તક્રીયુદ્દીન સુબ્કી વગેરેએ ઈબ્ને તૈમિયાના રદમાં ખૂબ અતિશયોક્તિ કરી કે આ પ્રકારની વાતમાં ખાસ ઈજાઝતની જરૂરત નથી. શું નથી જોતા કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર હુઝૂર ﷺના વિસાલ બાદ પૂરી જિંદગી વસિયત વિના ઉમરા કરતા રહ્યા હતા. હઝરત ઈબ્ને મૌફકે જે હઝરત જુનૈદની જમાઅતમાં છે, હુઝૂરની તરફથી સિત્તેર હજ્જ કર્યા. ઈબ્ને સિરાજે હુઝૂર ﷺની તરફથી દસ હજારવારથી અધિક કુર્આન શરીફ ખતમ કર્યા અને એટલી જ માત્રામાં હુઝૂરની તરફથી કુર્બાની કરી.

બલ્કે આજ સુધી રિવાજ છે કે જ્યારે કોઈ શખ્સ કોઈ બુઝુર્ગ માટે ફાતિહા કરે છે તો પ્રથમ હુઝૂરે અક્દસ ﷺની નિય્યતથી અલગ ફાતિહા કરે છે, પછી તે મૈયતને હુઝૂર ﷺ ના તુફેલી બનાવીને હુઝૂરે અક્દસ ﷺના વસીલાથી પહોંચાડે છે. તો હુઝૂર માટે દરરોજ કેટલા ફાતિહા

થયા કરે છે તેની ગણત્રી તથા સંખ્યા કોઈ નથી બતાવી શકતું. અને આ જ તરીકો બુઝુર્ગાને દીન પોતાની કિતાબોમાં લખે છે. હઝરત શેખ મુજદ્દિદના મક્તૂબાત, ભાગ : ૨, મક્તૂબાત–૨૮, પેજ નં. ૫૫માં છે :–

"જોઈએ કે જ્યારે મૈયતના માટે સદકાની નિય્યત કરે તો પ્રથમ આં હુઝૂર ﷺની નિય્યત કરીને હદિયો કરે. ત્યાર બાદ મૈયતના સદકાની નિય્યત કરે. કેમ કે સરવરે દો આલમ ﷺના હક્કો અન્યોના હક્કો કરતાં અધિક ઉચ્ચ છે. અને એ પણ ફાયદો છે કે આ રીતે હુઝૂર ﷺના તુફૈલમાં સદકો કુબૂલ થઈ જવાની ઉમ્મીદ છે. આ ફકીર મુડદાંના અમુક સદકાઓમાં જ્યારે પોતાની નિય્યતને સહીહ કરવામાં પોતાને આજિઝ પામે છે તો એનાથી બેહતર કોઈ તદબીર નથી પામતો કે એ સદકાને આં હુઝૂર ﷺના માટે ખાસ કરી દે અને જે મુડદાના માટે નિય્યત કરવી હતી તેને તેમનો તુફૈલી બનાવી દે. કેમ કે તવસ્સુત (વસીલા)ની બરકતથી કબૂલ થઈ જવાની ઉમ્મીદ છે."

અને મુસલમાનોમાં હુઝૂરે અકદસ ﷺ પર દુરૂદ શરીફ પઢવાનો રિવાજ શું છે એ શું છે ? ઈસાલે સવાબ જ તો છે. તદ્ઉપરાંત અઝાન સાંભળીને اللّٰهم رب هٰذه الدعوة التامه..الخ છેવટ સુધી પઢવું તો આમ મુસલમાનોમાં એટલી હદે ચાલે છે કે ભાગ્યે જ કોઈ નમાઝી મુસલમાન તેનાથી ગફલત કરતો હશે. આ તો દિવસ રાત્રીમાં પાંચવાર દરેક મુસલમાનની તરફથી રસૂલુલ્લાહ ﷺ માટે ઈસાલે સવાબ છે, જે હુઝૂર અકદસ ﷺના યુગથી الیٰ یوم منا هذا આપણા યુગ સુધી ચાલુ છે અને ઈન્શા અલ્લાહ ! કયામત કાયમ થવા સુધી ચાલુ રહેશે.

اللّٰهم صلی علیٰ سیدنا و مولانا محمد کلما ذکرہ الذا کرون و کلما غفل عن ذکرہ الغافلون و صل علیٰ جمیع الانبیاء و المرسلین ولمائکة المقربین و العباد الصالحین وعلینا معهم اجمعین الیٰ یوم الدین

### (ચોથા સવાલનો જવાબ)

## ઈમામે આ'ઝમ رضی اللہ عنہની વસિય્યત

**ઈસાલે સવાબનો તરીક઼ો** : પોતે ઈમામુલ્ અઈમ્મા, સિરાજુલ્ ઉમ્મતએ પોતાના પુત્રને બતાવ્યો, પોતાના શાગિર્દને બતાવ્યો. તે એવી શ્રેષ્ઠ પદ્ધતિ છે કે તેના પર જો સર્વ હનફી હઝરાત અમલ કર્યા કરે તો પૂરતુ છે. હઝરત ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہએ પોતાના પુત્રને વીસ વાતોની વસિયત કરી હતી, જેમાં દરેક સોનાના પાણીથી લખવાને પાત્ર તથા દરેક હનફીને અમલ કરવા પાત્ર છે.

આ વસિયતનામાને શૈખ અહમદ ઝિયાઉદ્દીન મુસ્તફા કમશખાનવી નક઼શબંદી મુજદ્દિદ ખાલિદીએ પોતાની કિતાબ "જામિઉલ ઉસૂલ ફિલ્અવલિયાઈ વઅન્વાઅહુમ"માં લખી છે. (પેજ નં.૧૫૩ પર જુઓ) આ કિતાબ મત્બઅ દારુલ કુતુબ અરબિય્યતુલ કુબ્રામાં સ.હિ. ૧૩૩૧માં છપાઈ છે.

આ તે વસિયતો છે જેના વિશે ઈમામ સાહબ લખે છે :–

"یابنی ارشدك الله تعالى وايدك اوصيك بوصاياان حفظتهاو

حافظت عليها رجوت لك السعادة فى دينك انشاء الله تعالى.

**અર્થાત** : હે મારા પુત્ર ! ખુદા તને હિદાયત આપે અને તારી મદદ કરે. હું તને આ વાતોની વસિયત કરું છું. જો તું તેને યાદ રાખશે અને તેના પર હમેશાં અમલ કરશે તો અલ્લાહ તબારક વ તઆલા પાસે તારા માટે દીની સઆદતની આશા રાખુ છું. ઈન્શા અલ્લાહ !

તે જ વસિયતનામામાં છે :

"والثالث عشران تو اظب علىٰ قراء ة القرآن كل يوم وتهدى

ثوابها الىٰ الرسول صلى الله عليه وسلم ووالديك واستاذك و

سائرالمسلمين .

**અર્થાત** : તેરમી વાત એ છે કે દરરોજ કુર્આન શરીફની તિલાવત પર પાબંદી કર અને તેનો સવાબ રસૂલલ્લાહ ﷺ અને પોતાના મા, બાપ તથા પોતાના ઉસ્તાદ તથા સર્વે મુસલમાનોને હદિયો કર.

અને જે વસિયતનામુ પોતાના શાર્ગિદ ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہને લખ્યું તેને અલ્લામા ઝયન ઈબ્ને નજીમ સાહિબે બહર્રુરાઈકે પોતાની કિતાબ الاشباہ والنظائرના છેવટમાં લખ્યું છે. આ વસિયતનામુ ખૂબ જ લાંબુ છે તે કિતાબના પેજ નં. ૬૫૪માં છે :–

"واذکر الموت واستغفر الاستاذ من اخذت عنهم العلم و داوم

علیٰ التلاوة واكثر من زيارة القبور والمشايخ والمواضع المباركة"

(الاشباہ والنظائر ص ٦٥٤)

**અર્થાત** : હમેશાં મૌતને યાદ કર્યા કરો અને પોતાના ઉસ્તાદ અને જેનાથી તમે ઈલ્મ પ્રાપ્ત કર્યું છે તેમની બખ્શિશની દુઆ કરો અને હમેશાં કુર્આન શરીફની તિલાવત કર્યા કરો અને ખૂબ કબ્રની ઝિયારત કર્યા કરો અને બુઝુર્ગોની ઝિયારત કરો અને પવિત્ર, બરકતવંત સ્થળોની ઝિયારત માટે જયા કરો.

ફિક્હની કિતાબો તો ઈસાલે સવાબના તરીકાઓથી ભરેલ છે. જેમાંથી અમુક અમુક વાતો ઉપર વર્ણન થઈ અને લાંબી થઈ જવાના ડરથી વધુ લખવાની જરૂરત ન જોઈ. અને જ્યારે ખુદ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની ન કેવળ સ્પષ્ટતા બલ્કે પોતાના પુત્રને ભારપૂર્વકનો આદેશ, પ્રિય શાગિર્દને કરેલ હિદાયત મૌજૂદ છે તો જો માની લો કે ફિક્હની કિતાબોમાં તેનો કોઈ ઉલ્લેખ ન હોય તો પણ વાંધો નથી. કેમ કે لا عطر بعد عروس

ખુદાવંદે આલમનો હજાર હજાર શુક્ર છે કે ઈસાલે સવાબ સંબંધી ચારેવ પ્રશ્નોના જવાબથી ફરાગત થઈ અને **કુર્આનની આયતોના ફર્માન, હદીષની નસો (દલીલો)ના ફાયદા, ઓલમાએ કિરામના સ્પષ્ટિકરણોએ આ મસ્અલાને સારી રીતે સ્પષ્ટ કરી આપ્યો કે મૈયત માટે ઈસાલે સવાબના તરીકા ખુદ કુર્આન શરીફથી**

**સાબિત, હદીષોથી સાબિત, ઓલમાએ કિરામનાં લખાણોથી સાબિત, ખુદ હુઝૂરે અક્દસ ﷺના મુબારક કાર્ય (અમલ)થી સાબિત, ખુલફાએ રાશેદીનના અમલથી સાબિત, અન્ય સહાબાએ કિરામ (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)ના મા'મૂલ (આદતો)થી સાબિત, મહાન ઓલમાના તરીક઼ા તથા અમલથી સાબિત, આમ મુસલમાનોની રસમો તથા રિવાજથી સાબિત, સર્વ અહલે સુન્નતની આના પર સંમતિ છે.**

### ★ ઈસાલે સવાબનો ઈન્કાર મોઅતઝિલા કરે છે ★

ઈસાલે સવાબનો ઈન્કાર મોઅતઝલાનો ધર્મ છે. ઓલમાએ કિરામે પોતાની કિતાબોમાં આ મસ્અલા પર ખૂબ જ સ્પષ્ટતા કરી છે. મોઅતઝલાની દલીલોનો ઉલ્લેખ કરીને તેની સ્પષ્ટતા સાથે જવાબો આપ્યા છે.

શરહે અક઼ાઈદે નસફી, પેજ નં. ૧૦૭માં છે :–

”وفی دعاء الاحیاء للا موات وصدقتهم ای صدقة الاحیاء عنهم ای عن الاموات نفع لهم ای للا موات خلافا للمعتزلة تمسکا بان القضاء لایتبد ل و کل نفس مرهونة بما کسبت و المرء مجز ی بعمله لابعمل غیرها ولنا ماروی فی الاحادیث الصحاح من الدعاء للاموات خصوصافی صلاة الجنازة وقد توارثه السلف فلولم یکن للا موات نفع فیه لما کان له معنی و قال علیه السلام مامن میت تصلی علیه امة من المسلمین یبلغون مائة کلهم یشفعون له الا شفعو افیه وعن سعدبن عبادة انه قال یا رسول الله !ان ام سعد ماتت فای الصدقة افضل؟قال الماء فحفربیراوقال هذه لام سعد وقال علیه السلام الدعاء یردالبلاء

والصدقة تطفى غضب الرب وقال علیه السلام ان العالم والمتعلم اذامراعلیٰ قریة فان الله یرفع العذاب عن مقبرةتلك القریة اربعین یوماوالاحادیث والآثارفی هذاالباب اكثرمن ان یحصیٰ.

**અર્થાત** : મુડદાંઓ માટે ઝિંદાઓનું દુઆ કરવું, અને મુડદાંઓ માટે ઝિંદાઓનું સદક઼ો આપવામાં મુડદાંઓનો લાભ છે. **આ મસ્અલામાં મોઅતઝલા અહલે સુન્નતની વિરુદ્ધ છે,** તેમની દષ્ટિએ ઝિંદાઓનો અમલ મુડદાંઓના માટે બિલ્કુલ અસરરહિત, ગેરલાભદાયી છે. તેમની દલીલ એ છે કે કિ઼સ્મત બદલવામાં નથી આવતી અને દરેક જાન પોતાની કમાઈ (કરેલ અમલ) સાથે જોડાયેલ છે અને દરેક વ્યક્તિ તેના અમલનો બદલો મળશે, ન અન્યના અમલનો.

અને આપણી દલીલો તે સહીહ હદીષોમાં છે જેમાં મુડદાંઓ માટે દુઆ કરવાનો હુકમ છે. વિશેષતઃ જનાઝાની નમાઝમાં કે તેને પૂર્વજોથી લઈને પાછલાઓ સુધી લોકો બરાબર કરતા ચાલ્યા આવે છે. તો જો તેમાં મુડદાંઓનો કોઈ નફો ન હોત તો જનાઝાની નમાઝ પઢવાનો કોઈ અર્થ ન હતો. અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે જે મુડદા પર મુસલમાનોની એક જમાઅત જેની સંખ્યા એકસો હોય, નમાઝ પઢે અને દરેક તે મુડદાની શફાઅત કરે તો તેમની શફાઅત જરૂર ક઼બૂલ થશે. અને હઝરત સઅદ બિન ઉબાદા رضی اللہ عنہથી મરવી છે કે તે હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! સઅદની માનો ઈન્તેક઼ાલ થઈ ગયો તો કયો સદક઼ો તેમના માટે શ્રેષ્ઠ છે ? આપે ફર્માવ્યું, પાણી ! બસ તેમણે કૂવો ખોદાવ્યો અને કહ્યું, આ સઅદની મા તરફથી સદક઼ો છે. અને **રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, દુઆ બલાને ટાળે છે અને સદક઼ો ખુદાના જલાલને બુઝાવે છે.** અને રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, **આલિમ અને તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) જ્યારે કોઈ વસ્તીમાંથી પસાર થાય છે તો અલ્લાહ તબારક વ તઆલા તેમની**

**બરકતથી તે વસ્તીના કબ્રસ્તાન પરથી ચાલીસ દિવસ અઝાબ ઉઠાવી લે છે.** અને આ વિશે આષાર તથા હદીષો ગણત્રીની બહાર છે.

આ સ્થળે કોઈ ખાસ રીતે એ શંકા આમ ખયાલોમાં ગુજરી શકે છે કે જો આ નેક કાર્ય સવાબનો ઝરીયો હોત તો રસૂલુલ્લાહ ﷺ તથા સહાબાએ કિરામ તથા અન્યોએ તમારાથી પ્રથમ કર્યુ હોત એટલા માટે કે તે તમારાથી વધુ દીનદાર હતા. જેની થોડી ઝલક આ પ્રશ્નોમાં પણ જોવામાં આવે છે. પરંતુ સત્ય એ છે કે હવે આ પ્રકારની શંકા તથા વહેમોની ગુંજાઈશ જ નથી. એટલા માટે કે આ શંકા ન કેવળ પ્રથમ યુગ બલ્કે ખુલફાએ રાશિદીન બલ્કે હઝરાત શૈખૈન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના સમયમાં જ પૈદા થઈને સાફ સ્પષ્ટ જવાબથી દૂર થઈ ચૂકી છે. જે ન કેવળ હાઈકોર્ટની જેમ બલ્કે સુપ્રિમના ઉદાહરણની જેમ છે, જે કોઈના ઉઠાવવાથી નથી ઉઠી શકતી.

ઈમામ બુખારી સહીહ બુખારી, ભાગ : ૨, બાબ જમઈલ કુર્આનમાં ફર્માવે છે :–

''عن زيد بن ثابت قال ارسل الىٰ ابو بكر مقتل اهل يمامة واذا عمر بن الخطاب عنده فقال ابو بكر ان عمراتانى فقال ان القتل قد استحر بقراء القرآن وانى اخشىٰ ان يستحر القتل بالقراء فى المواطن فيذهب كثير من القرآن وانى ارىٰ ان تامربجمع القرآن فقلت لعمر كيف تفعل شيئالم يفعله رسول الله صلى الله تعالى عليه وسلم فقال عمر هٰذاوالله خيرفلم يزل يراجعنى حتى شرح الله صدرى لذٰلك ورايت فى ذٰلك الذى راىٰ عمر فقال زيد قال ابوبكرانك شاب عاقل لانتهمك وقدكنت تكتب الوحى لرسول الله صلى الله عليه وسلم فتتبع القرآن فاجمعه فوالله لو كلفونى نقل جبل من الجبال ماكان اثقل على مماامرنى به من جمع

القرآن قلت كيف تفعلان شياء لم يفعله رسول الله صلى الله

عليه وسلم قال والله هو خير فلم يزل ابوبكر يرافعنى حتىٰ شرح

الله صدرى للذى شرح له صدر ابى بكر و عمر فتتبعت القرآن

اجمعه من العصيب واللخاف وصدرالرجال ووجدت اخرسورة

التوبة مع ابى خزيمة الانصارى لم اجد ها مع غيره لقد جاء كم

رسول من انفسكم حتىٰ خاتمة برأة فكانت الصحف مع ابى

بكر حتى تو فاه الله ثم عند عمر حياته ثم عند حفصة بنت عمر

(رواه ابو داؤد الطيالسى وابن سعد والامام احمدفى مسنده و

المدينى والترمذى والنسائى وابن جرير وابن ابى داؤد فى

المصاحف وابن المنذروابن حبان والطبرانى فى الكبيروالبيهقى

فى شعب الايمان ،كنز العمال جلد اوّل ص ٢٧٩)

**અર્થાત :** જંગે યમામામાં ઘણા કુર્આનના હાફિઝ સહાબાએ કિરામ શહીદ થયા. અમીરુલ મુ'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જનાબ અમીરુલ મુ'મિનીન સૈયદિના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની પાસે હાજર થયા અને અર્ઝ કરી, યમામામાં ઘણા હાફિઝે કુર્આન શહીદ થયા અને હું ડરું છું કે જો આમ જ લડાઈઓમાં હાફેઝ શહીદ થતા ગયા તો કુર્આન શરીફનો ઘણો ભાગ જતો રહેશે. મારું મંતવ્ય એ છે કે આપ કુર્આન મજીદને જમા કરવા અને એક જગાએ લખવાનો હુકમ આપો. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ તો આ કામ કર્યું જ નથી, તમે કેવી રીતે કરશો ?! હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ જવાબ આપ્યો, ભલે હુઝૂર અક્દસ ﷺએ નથી કર્યું, પરંતુ અલ્લાહની કસમ ! કામ તો નેક છે. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ફર્માવે છે, પછી હઝરત ઉમર رضی اللہ عنہ મારી સાથે એ વિશે વાતચીત કરતા રહ્યા ત્યાં સુધી કે અલ્લાહ તબારક વ તઆલાએ મારો સીનો તેના માટે ખોલી આપ્યો અને મારો વિચાર હઝરત

ઉમર رضی اللہ عنہના મંતવ્યથી સંમત થઈ ગયો. પછી હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ હઝરત ઝૈદ رضی اللہ عنہને બોલાવીને કુર્આન શરીફ જમા કરવાનો આદેશ આપ્યો. અને ફર્માવ્યું, તમે યુવાન બુદ્ધિવાન વ્યક્તિ છો, અમો તમને મુત્હમ (જેના પર આક્ષેપ થયેલ હોય) નથી જાણતા અને તમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના યુગમાં કુર્આન શરીફ લખ્યા કરતા હતા. તમે કુર્આન શરીફને શોધો અને એકત્ર કરો. હઝરત ઝૈદ رضی اللہ عنہ કહે છે કે, ખુદાની ક઼સમ ! તેઓ જો પહાડોમાંથી કોઈ પહાડને એક સ્થળેથી હટાવીને બીજા સ્થળે લઈ જવાનો હુકમ આપતા તો મારા પર એટલુ મુશ્કેલ ન હોત જેટલુ કે તેમનો આ હુકમ કુર્આન શરીફને જમા કરવાનો મારા પર મુશ્કેલ ગુજર્યો. મેં કહ્યું, તમો બંનેવ કઈ રીતે તે કામ કરો છો, જે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ નથી કર્યું ?! હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ ફર્માવ્યું, ખુદાની ક઼સમ ! તે કામ શ્રેષ્ઠ છે. પછી હઝરત અબૂબક્ર رضی اللہ عنہ મારી સાથે વાતચીત કરતા રહ્યા, ત્યાં સુધી કે અલ્લાહ તબારક વ તઆલાએ મારો સીનો તેના માટે ખોલી આપ્યો જેના માટે અબૂબક્ર સિદ્દીક઼ તથા ઉમર رضی اللہ عنہماનો સીનો ખોલ્યો હતો. પછી મેં કુર્આન શરીફ શોધવાનું શરૂ કર્યું અને તેને એકત્ર કરવા લાગ્યો. ખજૂરોની ડાળીઓ અને બારીક સફેદ પથ્થરો અને લોકોના સીનાથી અને છેવટે સૂરએ તૌબા એટલે :–

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿۱۲۸﴾

છેવટ સુધી માત્ર અબૂ ખુઝૈમા અન્સારીની પાસે મળી, તેમના સિવાય ક્યાંય ન મળી. તો આ કુર્આન શરીફ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની પાસે રહ્યું, ત્યાં સુધી કે અલ્લાહ તબારક વ તઆલાએ તેમને વફાત આપી. પછી હયાત સુધી હઝરત ઉમર رضی اللہ عنہની પાસે રહ્યું. તેમના વિસાલ બાદ હઝરત હફ્સા બિન્તે હઝરત ઉમર رضی اللہ عنہماની પાસે રહ્યું. *(ભાગ : ૧, પેજ નં. ૨૭૯)*

આ પ્રસંગ તથા **આ હદીષે મુસલમાનો માટે એક આમ માર્ગ ખોલી દીધો કે કોઈ કામ કરવા માટે એ વાતને ન જોવી જોઈએ**

**કે રસૂલુલ્લાહ ﷺએ કર્યું છે કે નહીં ?! પરંતુ એ જોવાનું છે કે તે કામ કેવું છે ? નેક કામ છે કે બુરું ? જો નેક કામ હોય છે તો ભલે રસૂલુલ્લાહ ﷺ અને સહાબાએ કિરામ તથા તાબેઈને એઝામે ન કર્યું હોય તો પણ કરવું જોઈએ. તેને કરવામાં વાંધો નથી. જેમ કે કુર્આન શરીફનું જમા કરવું તેનું પ્રથમ ઉદાહરણ છે.** ઘણા લોકો આવા સંજોગોમાં એ જુએ છે કે કુરૂને ષલાષા (હુઝૂર ﷺના જમાના તથા સહાબાએ કિરામ તથા તાબેઈન رضوان الله تعالیٰ علیهم اجمعینનો યુગ)માં થયું કે નહીં ? પરંતુ હઝરત ઝૈદ બિન ષાબિત رضی الله عنهએ હઝરત સિદ્દીકે અકબર અને હઝરત સિદ્દીકે અકબર رضی الله عنهએ હઝરત ફારૂકે આ'ઝમ رضی الله عنه પર વાંધો ઉઠાવ્યો તો તે હઝરાતે આ જવાબ ન આપ્યો કે નવી વાત કાઢવાની ઈજાઝત ન હોવું તો પાછલા જમાનામાં હશે, આપણે સહાબાએ કિરામ છીએ, આપણો યુગ શ્રેષ્ઠ યુગ છે. પરંતુ આ જ જવાબ આપ્યો કે ભલે હુઝૂર ﷺએ નથી કર્યું, પરંતુ તે કામ તો ભલાઈનું છે. તો કેવી રીતે નાજાઈઝ થઈ શકે છે. અને એના પર જ સહાબાએ કિરામનો મશ્વેરો એકમત થયો અને કુર્આન શરીફ સર્વ સહાબાએ કિરામની સંમત્તિથી જમા થયું.

વિરોધીઓ જ્યારે સૈયદિના સિદ્દીકે અકબર رضی الله عنهમાં કોઈ શરીઅત વિરુદ્ધ વાત સાબિત ન કરી શક્યા તો કુર્આન જમા કરવાની બિદઅતનો આક્ષેપ કર્યો. અફસોસ ! કે વાંધો વિરોધીઓ સિદ્દીકે અકબર رضی الله عنه પર કરતા હતા આજે તે વાંધો સુન્ની હઝરાત પોતાના જ મઝહબવાળા અને હમખયાલ સુન્નીઓ પર કરે છે.

અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની ફતહુલ્ બારી શરહે બુખારી, ભાગ : ૯, પેજ : ૯, બાબ જમઉલ્ કુર્આનમાં આ હદીષ હેઠળ ફર્માવે છે :–

”وقدتسول بعض الرافضةان یتوجه الاعتراض علیٰ ابی بکربما فعله من جمع القرآن فی المصحف فقال کیف جازان یفعل شیئا لـم یـفعله رسول الله صلی علیه وسلم والجواب انه لم یفعل ذلك

الا بطريق الاجتهاد السائغ الناشى عن النصح منه لله ولرسوله و لكتابه و لامة المسلمين ولعامتهم.

**અર્થાત :** રાફઝીઓને (શીઆ) શૈતાને બેહકાવ્યા કે હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہ પર કુર્આન જમા કરવાના કારણે વાંધો ઉઠાવે છે. કેવી રીતે તેમને જાઈઝ લાગ્યું કે તે એવું કામ કરે જે રસૂલુલ્લાહ ﷺએ નથી કર્યુ? અને તેનો ઉત્તર એ છે કે તેમણે આ કાર્ય પોતાના ઈજતેહાદ થી કર્યુ જેનો હેતુ અલ્લાહ તથા રસૂલ, કિતાબ, ઉમ્મત તથા આમ મુસલમાનોની ભલાઈ ચાહવું છે.

અને તેમાં જ છે :

''واذا تامل المنصف مافعله ابوبكرمن ذٰلك جزم بانه يعد فى فضائله و نبوة بعظيم منقبته لثبوت قوله صلى الله عليه وسلهم من سن سنة حسنة فله اجرهاواجرمن عمل بهافماجمع القرآن احد بعده الافكان لهمثل اجره الىٰ يوم القيمة.

**અર્થાત :** અને જયારે ન્યાયપ્રિય વ્યક્તિ હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہના કાર્યમાં મનન કરશે તો યક઼ીન કરશે કે આ તેમનું કાર્ય તેમના ફઝાઈલ તથા કમાલાતમાં ગણવાને પાત્ર છે. અને તેમની મહાન મન્કૂબત તથા પ્રશંસાની ખબર આપે છે, એટલા માટે કે રસૂલુલ્લાહ ﷺથી સાબિત છે કે જે શખ્સ કોઈ સદ્કાર્ય શરૂ કરશે તો તે શખ્સ માટે તે કામનો સવાબ છે અને તે લોકોનો સવાબ જે તે કામ કરશે. તો આપના બાદ જેટલા લોકો કુર્આન શરીફ જમા કરશે, લખશે તેનો બદલો તથા સવાબ હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہના નામાએ આમાલમાં લખવામાં આવશે, અને તે લોકોના સવાબમાં કોઈ કમી નહીં થાય.

અને આ પ્રકારની શંકા તરીક઼ત, શરીઅત, અક઼ાઈદ, ઉસૂલ સર્વમાં થઈ શકે છે. એટલા માટે દરેક હુનરવાળાઓએ આ શંકાને દૂર કરવા તરફ ધ્યાન આપ્યું અને પોતાની કિતાબમાં આ શંકાનો જવાબ લખ્યો.

હઝરત મૌલાના શાહ વલીયુલ્લાહ દહેલ્વી સાહબ رحمۃ اللہ علیہએ القول الجمیل ''અલ કૌલુલ જમીલ''માં તરીક઼ા ક઼ાદરિયહ્ ચિશ્તિયહ્ વગેરેના વિર્દો તથા અમલો વર્ણન કરીને ફર્માવે છે :–

''ولا تظنن ان النسبة لا تحصل الا بهٰذه الاشغال بل هٰذه طرق لتحصيلها من غير حصر فيها و غالب الراى عندى ان الصحابة والتابعين كا نوا يحصلون السكينة بطرق اخرىٰ (الىٰ قوله) و هٰذا المعنى هوالمتوار ث عن رسول الله صلى الله عليه وسلم من طريق مشائخنالاشك فى ذٰلك وان اختلف الالوان واختلفت طرق تحصيلها۔"

મોલ્વી ખુર્રમ અલી સાહબ બલહરી તેના તર્જુમા مولوی خرم علیમાં આ સંપૂર્ણ લખાણનો ભાવાર્થ અને મૌલાના શાહ અબ્દુલ અઝીઝ સાહબનો ફાયદો વર્ણન કરીને લખે છે :–

**અર્થાત** : તર્જુમો કરનાર કહે છે કે હઝરત લેખક મુહક્કિકે પસંદીદા કલામ અને અજોડ સંશોધન થકી શંકાઓ, ખામીઓને મૂળથી ઉખાડી નાખી. અમુક નાસમજ લોકો કહે છે કે ક઼ાદરિયહ તથા ચિશ્તિયહ્ તથા નક્શબંદિયાના ખાસ વઝીફા સહાબાએ કિરામ તથા તાબઈનમાં જમાનામાં ન હતા માટે બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત) થયા. ખુલાસાવાર જવાબ આ પ્રમાણે છે કે જે કામના કારણે ઔલિયાએ તરીક઼ત رحمۃ اللہ علیہم اجمعینએ આ વઝીફા નિયુક્ત કર્યા છે તે કામ રિસાલતના યુગથી હમણા સુધી સતત ચાલી આવ્યુ છે, ભલે તેની પ્રાપ્તિના તરીક઼ા અલગ અલગ છે. માટે વાસ્તવમાં ઔલિયાએ તરીક઼ત મુજતહિદીને શરીઅતની જેમ થયા. મુજતહિદીને શરીઅતે એહકામ દલીલબદ્ધ કરી જાહેર શરીઅતના ઉસૂલ બનાવ્યા અને ઔલિયાએ તરીક઼તે બાતિન (આંત્રિક) શરીઅતની પ્રાપ્તિના, જેને તરીક઼ત કહે છે તે ક઼ાયદા નિયુક્ત કર્યા. તો અહીંયા બિદઅતે સૈયેઅહનો વહેમ તદન ખોટો છે. હા ! એ નિઃશંક ! છે

કે હઝરાત સહાબાને દિલની સફાઈ માટે તથા હુઝૂર ખુર્શિદે રિસાલત ﷺની નિસ્બત પ્રાપ્ત કરવામાં આવા મશ્ગલાની જરૂરત ન હતી. મુતઅખ્ખિરીન (પાછળનાઓ) ઉલ્ટુ કે તેઓને રિસાલતના યુગથી દૂર હોવાના કારણે વર્ણવેલ વઝીફાની જરૂરત પડી. જેમ કે સહાબાએ કિરામને કુર્આન તથા હદીષને સમજવા માટે સર્ફ તથા નહ્વના ક઼ાઈદા શીખવાની જરૂરત ન હતી અને હિંદુસ્તાની તથા અમુક અરબવાસીઓ તેના આજિઝ બન્યા છે. *(વલ્લાહુ તઆલા અઅ્લમ)*

*(અલ્ કવલુલ્ જમીલ મઅ તર્જુમા શિફાઉલ્ અલીલ, પેજ : ૯૦)*

તર્જુમો કરનાર સાહબ હુઝૂર ખુર્શિદે રિસાલત ﷺ પર હાશ્યો લખે છે :–

તેનું ઉદાહરણ આ પ્રમાણે છે કે જ્યાં સુધી સૂર્ય નીકળેલો છે, આદમી દરેક વસ્તુ વાંચી શકે છે અને જ્યારે સૂર્ય ડૂબી ગયો તો પઢવા માટે ઉજાસની જરૂરત પડી, તો સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَના સમયમાં રિસાલતનો સૂરજ નીકળેલો હતો. અલ્લાહની હુઝૂરી માટે કોઈ વઝીફાની જરૂરત ન હતી, માત્ર એક દષ્ટિ નાખવાવાળી જમાલે બાકમાલથી, સર્વ કાંઈ હાંસલ થતુ હતું જે હમણા ચિલ્લાઓમાં પણ પ્રાપ્ત નથી થતું. અને હવે જ્યારે કે તે આફતાબ ડૂબી ગયો એટલા માટે હુઝૂર ﷺની નિસ્બત હાંસલ કરવા માટે તે વઝીફાઓની જરૂરત પડી.

તેમાં જ છે : પેજ નં. ૪૧ મૌલાના હાશિયામાં ફર્માવે છે, અને એ જ પ્રમાણે તરીક઼તના પેશ્વાઓએ ખાસ ખાસ વઝીફાઓ માટે જલ્સાઓ તથા તરીકાઓનું સંશોધન કર્યું છે, છુપી નિસ્બતોના કારણે જેને સાફ દિલ આદમી અને ઉલૂમનો જાણકાર શીખે છે. (الیٰ قولہٖ) તો તેણે યાદ રાખવું જોઈએ એટલે આવા કામોને શરીઅત વિરુદ્ધ તથા બિદઅતે સૈયેઅહ ન સમજવાં જોઈએ, જેમ કે અમુક જાહિલ સમજે છે.

જનાબ શાહ વલીયુલ્લાહ સાહબ તથા શાહ અબ્દુલ અઝીઝ સાહબ તથા તર્જુમો કરનાર સાહબનાં આ સર્વ લખાણોને દષ્ટિ સમક્ષ રાખનાર

આસાનીથી એ નિર્ણય પર પહોંચી શકે છે કે જ્યાં સુધી આફતાબે રિસાલત બુલંદ હતો ઈસાલે સવાબના કોઈ વિશિષ્ટ તરીક઼ાની જરૂરત ન હતી. હુઝૂરે અક઼્દસ ﷺનું કેવળ નમાઝ પઢાવી આપવું જ ગુનેહગારનું ગુનાહોથી મુક્તિ માટે પૂરતુ હતું. کما یدل علیہ حدیث

”ان ھٰذہ القبور مملوۃ ظلمۃ وا ناانور ھا بصلاتی علیھا

આ ક઼બ્રો અંધકારથી ભરેલ છે, અને હું નમાઝ પઢીને તેને રોશન કરું છું.

પરંતુ જ્યારે આફતાબે રિસાલત ડૂબી ગયો તો વિવિધ પદ્ધતિઓ કરવાની જરૂરત પડી. એટલા માટે ઉલમા તથા મશાઈખે, કુર્આન તથા હદીષથી ઈસાલે સવાબના તરીક઼ાઓ કાઢયા, જેના થકી બુરાઈઓ દૂર થાય અને દરજજા બુલંદ થાય. એના પર વાંધો ઉઠાવવો પોતાની બુદ્ધિના કમાલનું સબૂત આપવું છે ! અને મહાન ઔલિયાએ કિરામ વિશેષતઃ જનાબ શાહ વલીયુલ્લાહ સાહબ વગેરેને વાંધા તથા બુરાઈનું નિશાન બનાવવું છે.

આ પ્રકારના વાંધાનો રદ ન કેવળ સૂફિયાએ કિરામએ જ કર્યો, બલ્કે જે ઉલમાએ કિરામે અક઼ાઈદના વિષય પર કિતાબો લખી તેમણે પણ આ વાંધાનો રદ કર્યો.

અલ્લામા સઅદુદ્દીન તફતાઝાનીની શરહે અક઼ાઈદે નસ્ફીયહ, પેજ નં. ૩માં ફર્માવે છે :–

”وقد کانت الاوائل من الصحابۃ والتابعین رضوان اللہ علیھم اجمعین لصفاء عقائد ھم ببرکۃ صحبۃ النبی صلی اللہ علیہ وسلم و قرب العھد بزمانہ وقلۃ الوقائع و الاختلافات و تمکنھم من المراجعۃ الیٰ الثقات مستغنین عن تد وین العلمین و ترتیبھما ابوابا و فصولا وتقریر مقاصد ھمافرو عاواصولاالیٰ ان حدثت الفتن بین المسلمین الخ (شرح عقائد ص۳)

પૂર્વજ બુઝુર્ગોએ સહાબાએ તથા તાબઈન رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ પછી નબીએ અકરમ ﷺની સોહબત તથા હુઝૂર ﷺના જમાનાની નિકટતાની બરકતથી અને પ્રસંગો તથા વિવાદો ઓછા હોવા અને વિશ્વાસપાત્ર લોકો તરફ રુજૂઅ કરવાનો મોક઼ો હોવાના કારણે આ બંનેવ જ્ઞાનોને એકત્ર કરવા અને તેને પ્રકરણ તથા વિભાગમાં ગોઠવવા અને હેતુઓને ફુરૂઅ તથા ઉસૂલમાં નિયુક્ત કરવાથી બેનિયાઝ હતા. ત્યાં સુધી કે મુસલમાનોમાં ફિત્ના પૈદા થયા અને અઈમ્માએ દીન સાથે બગાવત અને રાવીઓમાં વિવાદ અને બિદઅત તથા નફ્સપરસ્તીની તરફ ધ્યાન જાહેર થયું અને ફતવાઓ તથા પ્રસંગો વધુ થયા અને વ્યર્થ તથા મુશ્કિલ વાતોમાં ઉલમાની તરફ રુજૂઅ કરવા લાગ્યા, ત્યારે ઉલમા સંશોધન તથા દલીલ કાયમ કરવા અને ઈજતેહાદ તથા મસ્અલા કાઢવાની તરફ ધ્યાનિત થયા.

અલ્લામા સઅદુદ્દીન તફતાઝાનીનો હેતુ આ લખાણથી તે જ શંકાને ઝડપી ઉખાડવાનો છે. જેમ કે તેના હાશિયા લેખકોએ સ્પષ્ટતા કરી. અલ્લામા હસન શહીદ શરહે અક઼ાઈદના હાશિયા, પેજ નં. ૬માં લખે છે :

"قوله قد كانت الخ دفع لمايوهم كون ذٰلك العلم مردودا وحرا مـالئلايحجم الشارع عن شروعه وكان ماسبق تمهيد اله. حاصله ان الابـحاث الكلامية بدعة لعدم اشتغال الاوائل بهاو الانقل الينا لتوفردواعيه كمانقل اشتغا لهم بالمسائل الفقهية وكل بدعة رد بـخبره عليه الصلاة والسلام وحاصل الدفع ان اريد عدم اشتغالهم بهـا مـطلقا فهو باطل لان الآ يات علىٰ اثبات الصانع وصفاته و

**અર્થાત** : શારેહ (સ્પષ્ટિકરણ કરનાર)નો ક઼ૌલ قد كانت الخ જવાબ તે વહેમનો છે જે શંકાસ્પદ હોય છે કે આ ઈલ્મ ધુતકારેલ છે, હરામ છે. આ (વહેમ) એટલા માટે દૂર કરવાનો છે કે શરૂ કરનાર શરૂ કરવાથી બચતો ન રહે અને ઉપર જણાવેલ વિષયની જ પ્રસ્તાવના છે.

વાંધા તથા વહેમનો ખુલાસો એ છે કે અબ્હાષે કલામિયહ (ઈલ્મે કલામની બહષો) બિદઅત છે. એટલા માટે કે પૂર્વજ બુઝુર્ગો તેની તરફ ધ્યાનિત ન થયા, નહિતર આપણા સુધી અવશ્ય રિવાયત પહોંચતી. કેમ કે તે નક઼લ તથા રિવાયતના ઘણા સબબો જે રીતે તેમનું ફિક઼હમાં મશ્ગૂલ થવું મનકૂલ થયું અને જ્યારે તેઓ મશ્ગૂલ ન થયા તો બિદઅત થયું અને દરેક બિદઅત હદીષે નબવી ﷺના હુકમ મુજબ મરદૂદ છે.

અને જવાબનો ખુલાસો એ છે કે આ મશ્ગૂલ ન થવાથી મુરાદ મુત્લકન્ (બિલ્કુલ) મશ્ગૂલ ન થવું છે તો આ તદ્દન જૂઠાણુ છે. એટલા માટે કે અલ્લાહ તબારક વ તઆલા અને તેની સિફાત (ગુણો) અને નબુવ્વતના સબૂતો અને મુન્કિરોના રદિયાની આયતો ગણત્રીની હદથી બહાર છે. તો કેમ કરીને શક્ય છે કે એવું કહેવામાં આવે કે પૂર્વજ બુઝુર્ગોએ આ આયતોમાં ધ્યાન કેન્દ્રિત ન કર્યું અને સંશોધન ન કર્યું ? અને જો હેતુ એ છે કે ઈલ્મ તથા હુનરનું સંપાદન કર્યું, ઉસૂલ તથા ફુરૂઅ નિયુક્ત ન કર્યું જે રીતે આપણે મશ્ગૂલ છીએ તો નિઃશંક ! આ સ્વીકાર્ય છે, પરંતુ આ મશ્ગૂલ ન થવું એ કારણથી નથી કે આ ઈલ્મ મરદૂદ છે, બલ્કે તેનું કારણ એ જ છે જે શારેહ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ વર્ણન કર્યું કે સ્વચ્છ અક઼ીદાના કારણથી તેની જરૂર જ ન હતી, તો આપણુ આ ઈલ્મ સાથે મશ્ગૂલ થવું સારી બિદઅત છે જે પ્રમાણે ફિક઼હ સાથે મશ્ગૂલ થવું.

અલ્લામા ખિયાલી એ જ વિષયને ખૂબ જ ઉમદા રીતે વર્ણન કરે છે :–

"وقد كانت الاوائل تمهيد لبيان الشرف وغاية مع الاشارة الىٰ
دفع مايقال من ان تدوين هٰذا العلم لم يكنْ فى عهدا لنبى عليه
السلام و لافى عهد الصحابة والتابعين ولو كان له شرف وعاقبة
حميده لما اهملوه.

લેખકનો ક઼ૌલ (وقد كانت الاوائل الخ) આ ઈલ્મની મહાનતા તથા ફઝીલતની શરૂઆત અને તેના અંતનું વર્ણન, અને આ વાંધાને દૂર કરવા

તરફ સંકેત છે કે ઈલ્મે કલામનું સંપાદન ન ઝમાનાએ રિસાલતમાં થયું ન સહાબા તથા તાબઈનના જમાનામાં. જો આ ઈલ્મમાં કોઈ ભલાઈ હોત અને તેનો અંજામ આપવું પ્રશંસાને પાત્ર હોત તો પૂર્વજ બુઝુર્ગો કદાપિ તેને છોડી ન દેતા. *(ખયાલી, પેજ–૯)*

એ જ પ્રમાણે મૌલાના અબ્દુલ હક્ક઼ સાહબ ખૈરાબાદી શરહે મુસલ્લમુષ્ષુબૂતમાં મન્તિક સંબંધે આ શંકાને દૂર ફર્માવે છે. *(જુઓ પેજ નં. ૩૧)*

"ويعلم ان النظر قديقع فيه الخطاء من جهة الصورة وقد يقع من جهة المادة فلابد من عاصمه عن الخطاء والعقل الكامل عاصم عن الخطاء بحسب الفطرةالسليمة ولايحتاج فى العصمة الىٰ المنطق اصلاكما هوللصحابة و من تبعهم اذببركة صحبة النبى صلى الله عليه وسلم وقرب نزول الوحى كانت عقولهم كاملة غير مشوبة بالوهم واذهانهم كانت قوية وقرائحهم جيدة واما امثالنا فلبعد زماننا عن زمان النبى صلى الله عليه وسلم وظهور الفسق والفساد و كثرة المشاجرات والاختلافات محتاجون فى العصمة عن الخطاء من جهة الصورة الىٰ المنطق و من جهة المادة الىٰ مباحث الامور العامة والجواهر والاعراض فوجب لنا هٰذه العلوم بعد وجوب النظر ايضا اه.

જાણવું જોઈએ કે દષ્ટિમાં કોઈવાર ભૂલ સૂરત (શકલ)ની દીશા કારણે થાય છે અને કદી અસલિયતના કારણસર. તો એવા ઈલ્મની જરૂરત ઉપસ્થિત થઈ જે ભૂલથી બચાવે અને સારી ફિત્રતના એતબારથી પરિપૂર્ણ બુદ્ધિ ભૂલથી બચાવનારી છે અને આવી વ્યક્તિને મન્તિકની બિલ્કુલ જરૂરત નથી. જેમ કે સહાબા તથા તાબઈન હતા. એટલા માટે કે હુઝૂરે અક઼દસ ﷺની સોહબત તથા વહી નાઝિલ થવાથી, નિકટ જમાનાની

બરકતથી તેમની અક્કલો સંપૂર્ણ હતી, વહેમની ભેળસેળથી પાક હતા અને તેમના દિમાગ કવી (મજબૂત) હતાં અને તેમની પ્રકૃતિ શ્રેષ્ઠ હતી. પરંતુ આપણા જેવા લોકો માટે તો નબી ﷺના જમાનાથી દૂર હોવું, ફિત્ના તથા લડાઈ ઝગડાનું જાહેર થવું, વિવાદો તથા વિરોધોની અધિક્તાના કારણે ભૂલથી બચાવવા માટે સ્થિતિના લેહાજથી ખતાથી બચવાના માટે સ્થિતિને અનુરૂપ, મંન્તિક તથા માદ્દાના એતબારથી આમ બાબતોની બહષો જવાહિર (જે ચીજ પોતે કાયમ હોય) તથા અઅરાઝ (તે ચીજ જે અન્ય પર આધારિત હોય)ના મોહતાજ છીએ. જેથી આપણા માટે ચિંતન મનનના બાદ પણ એ ઈલ્મોની જરૂરત છે અને એ ઈલ્મોને જાણવું વાજિબ છે.

સારાંશ કે દરેક ઈલ્મો ફનવાળા ઉલમા માને છે કે રિસાલતના જમાના અને સહાબા તથા તાબઈનના માટે આફતાબે રિસાલતના કારણે તથા બાબરકત સમયની નિકટતાને શરફ તથા ઉચ્ચતા માને છે, અને જાણે છે કે જે વાતો તેમને કોશિશ તથા મહેનત વિના હાંસલ થતી હતી તેના માટે અમારે લોકોએ મુજાહિદા તથા રિયાઝત, કોશિશ તથા મહેનત કરવી પડશે.

એ ફોગટનો ખયાલ છે કે જ્યારે તેમણે ન કર્યું તો આપણે કરવું નાજાઈઝ થશે. બલ્કે રિસાલતના (જાહેરી) ખૈરો બરકતવાળા જમાનાના બાદ હવે રિયાઝત તથા મહેનત અને તૌર તરીક઼ામાં શરીઅતની હદમાં રહીને કોશિશ કરવી પડશે. અને એ સૌ જાઈઝ તથા નેક કામ શરીઅતના મુજબ જ છે. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી "સિરાતે મુસ્તક઼ીમ" પેજ નં. ૭ પર લખે છે :

اشغال مناسبہ ہر وقت و ریاضت ملائمہ ہر قرن جدا جدا می با شند ولہذا محققان ہر وقت ازا کابر ہر طرق ودرتجدیداشغال کو ششہا کردہاند، بناء علیہ مصلحت دیدوقت چناں اقتضا کردکہ یک باب‌ازیں کتاب برائے بیان اشغال‌جدیدہ کہ مناسب ایں وقت ست، تعیین‌کردہ شود

**અર્થાત** : "દરેક સમયના યોગ્ય અશ્ગાલ અને દરેક દરેક યુગના રિયાઝતના હાલ જુદા જુદા હોય છે અને એ જ કારણ છે કે તરીક઼તના પેશવાઓમાંથી સંશોધકો અશ્ગાલની તજદીદ (નવીનીકરણ)માં મહાન મહાન કોશિશો કરી ગયા છે. આ આધાર પર સમયની મસ્લેહતના કારણે

એ બાબતનો તકાઝો થયો કે આ કિતાબનું એક પ્રકરણ એવા નવીન અશ્ગાલના વર્ણનના માટે જે આ સમયને યોગ્ય છે નિશ્ચિત કરવામાં આવે."

જુઓ ! જે લોકો બિદઅત પર સખત હંગામો કરે છે તેઓ પણ નવા નવા તરીક઼ા અને અશ્ગાલ (કામ)ને કાઢવા તથા તે નવાં કામોને કિતાબમાં લખીને અન્યોને તે નવા તરીક઼ાઓ પર ચાલવાની હિદાયત કરે છે. એ નવી નવી વાતો પર એ શંકા નથી થઈ શકતી કે, "જો એ તરીક઼ા શરીઅતની રૂએ જાઈઝ હોત તો તમારાથી પહેલાં સહાબા જરૂર કરત, રસૂલુલ્લાહ ﷺ એ સૌ વાતોનો જરૂર હુકમ આપત." એ સૌ વહેમો તથા ખયાલો છે. શૈતાનની એક જબરદસ્ત ચાલ એ છે કે *નહી અનિલ મુન્કર* (બુરી વાતોથી રોકવું)ના પર્દા હેઠળ *અમ્ર બિલ મઅરુફ* (સારી વાતોનો હુકમ આપવો)થી રોકે છે. ولا یغرنکم باللّٰہ الغرور

ખુદાવંદા ! તારા હબીબે પાક સાહિબે લૌલાક ﷺના સદક઼ામાં શરીઅત પ્રમાણેનાં જાઈઝ કામોની તૌફીક઼ આપ. અને શરીઅતમાં મના કરેલી બાબતોથી બચાવ. આમીન ષુમ્મ આમીન.

ઈરાદો હતો કે આ ચારેવ સવાલોના ટૂંકમાં જવાબો લખીને રવાના કરી દેવામાં આવે પણ જવાબે એક કિતાબનું સ્વરૂપ ધારણ કર્યું તો યોગ્ય જણાયું કે તેનું તારીખી નામ نصرۃ الاصحاب باقسام ایصال الثواب (હિ. ૧૩૫૪) રાખવામાં આવે. ખુદાવંદ ! આ કિતાબને મારી અન્ય કિતાબો કૃતિઓની જેમ ક઼બૂલ ફર્માવ અને મને મારા સર્વ દીની ભાઈઓને એનાથી ફાયદો પહોંચાડ.

وما ذٰلك علیٰ اللّٰہ بعزیز وھو حسبی ونعم الوکیل و صلی اللّٰہ تعالی علیٰ خیر خلقه سیدنا محمد وآله وصحبه و ابنه و حزبه اجمعین وآخر دعوانا ان الحمد للّٰہ رب العلمین

قاله بفمه ورقمه بقلمه

**ફકીર ઝફરુદ્દીન ક઼ાદરી રઝવી**

غفرله و حقق امله لثمان خلون من جمادی الاخریٰ

٥ ١ ٣ ٥ ٤

**અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી** رضی اللہ عنہ

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ
મેહરે ચર્ખે નુબુવ્વત પે રોશન દુરૂદ ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ
શહરે યારે ઈરમ તાજદારે હરમ નૌ બહારે શફાઅત પે લાખોં સલામ
ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ
જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલીં ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ
દૂરો નઝદીક કે સુનને વાલે વો કાન કાને લાલે કરામત પે લાખોં સલામ
શબે અસ્રા કે દુલ્હા પે દાયમ દુરૂદ નૌશએ બઝ્મે જન્નત પે લાખોં સલામ
મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ
હમ ગ઼રીબોં કે આક઼ા પે બેહદ દુરૂદ હમ ફક઼ીરોંકી સરવત પે લાખોં સલામ
જિસકે માથે શફાઅતકા સહરા રહા ઉસ જબીને સઆદત પે લાખોં સલામ
જિસકે આગે સરે સરવરાં ખમ રહે ઉસ સરે તાજે રિફઅ઼ત પે લાખોં સલામ
જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ
જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ
ઉન્કે મૌલાકી ઉન પર કરોળોં દુરૂદ ઉન્કે અસ્હાબો ઈતરતપે લાખોં સલામ
પારહાએ સહ્ફ ગુન્ચહાએ કુદ્સ અહ્લે બયતે નબુવ્વતપે લાખોં સલામ
આબે તત્હીરસે જિસમેં પૌદે જમે ઉસ રિયાઝે નજાબતપે લાખોં સલામ
ખૂને ખૈરુર્રોસુલસે હૈ જિનકા ખમીર ઉન્કી બેલૌષ તીનતપે લાખોં સલામ
ઉસ બતૂલે જિગર પારાએ મુસ્તફા હજલહ્ આરાએ ઈફ્ફતપે લાખોં સલામ
જિસ્કા આંચલ ન દેખા મહો મહરને ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ
સૈયદા ઝાહિરા તૈયબા તાહિરા જાને અહ્મદ કી રાહતપે લાખોં સલામ
હસને મુજતબા સૈયદુલ અસ્ખિયા રાકિબે દોશે ઈઝ્ઝતપે લાખોં સલામ
શહદખ્વારે લુઆબે ઝબાને નબી ચાશનીગીર ઈસ્મતપે લાખોં સલામ
ઉસ શહીદે બલા શાહ ગુલગૂં કબા બેકસ દસ્તે ગુર્બતપે લાખોં સલામ
દુર્રે દર્જે નજફ મહરે બુર્જે શરફ રંગ રૂએ શહાદતપે લાખોં સલામ
કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ
મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં **'રઝા'** મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ